# સત્પદાદિ પ્રરૂપણા



ણમોત્થુ ણં સમણસ્ય ભગવઓ મહાવીરસ્સ

# અભ્યદાદિ પ્રરુપણા

- પરૂપક -

સિદ્ધાન્તદિવાકર-સુવિશાળગચ્છાધિપતિ

પૂજ્યપાદ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય

**જયઘોષસૂરીશ્વરજી** મ.સા.

લેખક - સંપાદક

શ્રી પ્રેમ-ભુવનભાનુ-ધર્મજિત્-જયશેખરસૂરીશ્વર શિષ્ય

**મુનિ અભયશેખરવિજય** ગણી

-પ્રકાશક-

**દિવ્યદર્શન ટ્રસ્ટ**

૩૬, કલિકુંડ સોસાયટી

ધોળકા

મૂલ્ય : રૂા.

પ્રથમાવૃત્તિ : ૭૦૦ નકલ

કા. વ. ૬ વિ. સં. ૨૦૫૩

સ્વ. પૂ. આ. શ્રી ભુવનભાનુ સૂ.મ.સા

ગુરુમૂર્તિ પ્રતિષ્ઠા સમારોહ

મુદ્રક :

**એન. કે. પ્રિન્ટર્સ,** અમદાવાદ.

ફોન : ૫૫૦૬૧૦૪

ટાઈટલ પેજ :

**શાર્પ ઓફસેટ,** રાજકોટ.

નોંધ : આ પુસ્તક જ્ઞાનનિધિમાંથી પ્રકાશિત થયું છે.
ગૃહસ્થે એની માલિકી કરવી હોય તો એનું મૂલ્ય જ્ઞાનખાતે ચૂકવવું.

# પ્રકાશકીય

વર્ધમાન તપોનિધિ, ન્યાયવિશારદ, સકલસંઘ હિતૈષી સ્વ૰ પૂજ્યપાદ ગુરુદેવ શ્રીમદ્વિજય **ભુવનભાનુસૂરીશ્વરજી** મ.સા.ના પંચાચારના અપ્રમત્ત પાલનમય ભવ્ય સાધનાજીવનનું એક મહત્ત્વનું અંગ હતું. — અધ્યયન-અધ્યાપનની ધુણી ધખાવવી... સ્વ-પર સમુદાયના અનેક મહાત્માઓને તેઓશ્રીએ ભણાવી-ગણાવીને તૈયાર કર્યા - કરાવ્યા. એટલું જ નહીં, પણ શ્રાવક સમુદાયમાં પણ જ્ઞાનનો અદ્ભૂત પ્રકાશ ફેલાય એ માટે નવતર પ્રયોગરૂપ શિબિરોનું આયોજન કર્યું. લોકભોગ્ય ભાષામાં પરમતેજ, ઉચ્ચપ્રકાશના પંથે, યોગદૃષ્ટિ સમુચ્ચયના વ્યાખ્યાનો... વગેરે તેમજ અમીચંદની અમીદૃષ્ટિ-સીતાજીના પગલે પગલે... વગેરે જીવનને સાચો રાહ દર્શાવનાર શતાધિક પુસ્તકો...અને દિવ્યદર્શન સાપ્તાહિક...આ બધા દ્વારા તેઓ શ્રીમદે જૈન સાહિત્યને ખૂબ સમૃદ્ધ કર્યું.

તેઓશ્રીના સમાધિસ્થળે તેઓની ગુરુમૂર્તિની પ્રતિષ્ઠાના ઐતિહાસિક ભવ્યાતિભવ્ય અનુપમ સમારોહ પ્રસંગે લોકોપકારક અનેક પુસ્તકો પ્રકાશિત થાય એ પણ તેઓશ્રી પ્રત્યેની એક વિશિષ્ટ શ્રદ્ધાંજલિ છે...

આ ગણતરીએ પ્રકાશિત થઈ રહેલાં દશાધિક પુસ્તકોમાંના આ એક અદ્ભુત પદાર્થબોધક પુસ્તક ~~'સત્પદાદિ પ્રરૂપણા' પ્રકાશિત કર~~તાં અમે હર્ષ અનુભવીએ છીએ.

આ સત્પદાદિ પ્રરૂપણાના પ્રરૂપક સિદ્ધાન્તદિવાકર ગચ્છાધિપતિ પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય **જયઘોષસૂ.મ.સા.**ના તથા આ પ્રરૂપણાની સરળ-સ્પષ્ટ ભાષામાં રજુઆત કરનાર પૂજ્યપાદ મુનિરાજ શ્રી **અભયશેખરવિજય ગણિવર**ના ચરણોમાં વન્દના...

પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપનારા **એન. કે. પ્રિન્ટર્સ**ના શ્રી **પરાગભાઈ** વગેરેને ધન્યવાદ.

પ્રસ્તુત ગ્રંથનું ખૂબ અધ્યયન-અધ્યાપન શ્રીસંઘમાં થાય એવી પ્રાર્થના સાથે.

**દિવ્યદર્શન ટ્રસ્ટવતી**

**કુમારપાળ વિ. શાહ**

# પ્રસ્તાવના

બુદ્ધિપ્રધાન વર્તમાનકાળમાં બુદ્ધિમાનોને પણ ચમત્કૃત કરી દે એવા અદ્‌ભુત ખજાનાઓ આપણા ગ્રન્થોમાં ભરેલા પડયા છે. જીવદ્રવ્યના નિરૂપણની જે સૂક્ષ્મતા ને ઊંડાઈ આપણાં શાસ્ત્રોમાં આજે પણ ઉપલબ્ધ થાય છે એ 'આ શાસન સર્વજ્ઞનું છે, સર્વજ્ઞ સિવાય કોઈની હેસિયત નથી કે આવું ગહન અને છતાં સચોટ નિરૂપણ કરી શકે.' આવાં એક અંતરના અંતસ્તલમાંથી ઊઠતા નાદને સતત ગુંજતો રાખવા માટે સમર્થ છે. શ્રી તીર્થંકર પરમાત્માનું પ્રવચન ખરેખર અદ્‌ભુત છે, અજોડ છે ને અનુપમ છે... શ્રીતીર્થંકર-ગણધર સન્દૃબ્ધ દ્વાદશાંગ પ્રવચનરૂપ સાગરમાંથી અત્યારે માત્ર એક બુંદ ઉપલબ્ધ છે.. પણ આ એક બિન્દુ પણ અમૃતનું બિન્દુ છે. એ, અમૃતના ખજાનાનો અણસાર આપવા માટે તો અત્યન્ત સક્ષમ છે જ. વર્તમાનમાં મળતાં શાસ્ત્ર-ગ્રન્થો પણ જ્ઞાનરસિયાઓને જીવનભર જ્ઞાનરસનો અદ્‌ભુત આસ્વાદ માણ્યા જ કરે એટલી પ્રચુર સામગ્રી પૂરી પાડવા માટેની પર્યાપ્ત વિશાળતા ધરાવે છે જ. ને મહોપાધ્યાય શ્રી **યશોવિજયજી** મહારાજે જ્ઞાનસારમાં જે કહ્યું છે કે -

ज्ञानमग्नस्य यच्छर्म तद्वक्तुं नोपशक्यते ।

नोपमेयं प्रियाऽऽश्लेषैर्नापि तच्चन्दनद्रवैः ॥

તે ઉક્તિનો અનુભવ-સ્વસંવેદનસિદ્ધ કરાવી આપે એવો એમાંનો આ એક અદ્‌ભુત ગ્રન્થ છે - **સત્પદાદિ પ્રરૂપણા...**

શ્રી નવતત્ત્વ પ્રકરણની સંતપયપરુવણયા...ગાથામાં કહેલ સત્પદાદિ નવ દ્વારો જૈનસંઘમાં અત્યન્ત પ્રસિદ્ધ છે. ગઇ ઇન્દિએ કાયે...ઇત્યાદિ દ્વારા જીવની તે તે અવસ્થાઓ સ્વરૂપ ૧૪ મૂળ માર્ગણાઓ પણ અપરિચિત નથી. વધારે સૂક્ષ્મ અને વિશદબોધ માટે આ ૧૪ મૂળમાર્ગણાઓની કર્મગ્રન્થોમાં ૬૨ પેટા માર્ગણા કરવામાં આવી છે... એના કરતાં વધુ ઝીણવટભર્યું નિરૂપણ થઈ શકે એ માટે પ્રસ્તુતમાં ૧૪ મૂળમાર્ગણાઓની કુલ ૧૭૪ પેટા માર્ગણાઓ કરવામાં આવી છે. આ ૧૭૪ માર્ગણાઓ શ્રીષટ્‌ખંડાગમ, બંધવિહાણ વગેરે વિશાળગ્રન્થોમાં કરવામાં આવેલી છે.

આ ૧૭૪ માર્ગણાઓનું સત્પદપ્રરૂપણા વગેરે નવ દ્વારોથી પ્રસ્તુતગ્રન્થમાં પ્રરૂપણ કરવામાં આવ્યું છે. શ્રી ભગવતીજીસૂત્ર, જીવાભિગમ વગેરે ગ્રન્થોના આધારે કરવામાં આવેલા આ નિરૂપણમાં ઠેર ઠેર ઉપલબ્ધ મતાન્તરોનો ઉલ્લેખ

પણ કરવામાં આવ્યો છે. તેમજ આવશ્યકતા લાગી ત્યાં એમાં યુક્તિઓ પણ દર્શાવવામાં આવી છે. આધારભૂત ગ્રન્થોની યાદી આ પુસ્તકમાં અન્યત્ર આપવામાં આવી છે. અધ્યેતાને જરૂર આશ્ચર્ય થશે કે જુદા જુદા ગ્રન્થોમાં વેરવિખેર પડેલી આ વિવિધ સામગ્રીનું સંકલન શી રીતે થઈ શક્યું ? પણ એનો જવાબ છે - વર્તમાનકાળમાં પ્રથમ હરોળના મહાન્ ગીતાર્થ.. શાસ્ત્રોની અદ્ભુત ઉપસ્થિતિ ધરાવનારા, હરતી ફરતી લાઈબ્રેરી સમાન સિદ્ધાન્તદિવાકર પૂજ્યપાદ ગચ્છાધિપતિ આ. ભગવંત શ્રીમદ્વિજય **જયઘોષસૂરીશ્વરજી** મ.સા...

કોઈપણ ગહન પદાર્થ અંગે કાંઈ પણ પ્રશ્ન હોય..ઉત્તર... તેઓશ્રી માટે કહી શકાય કે ઓન ધ ટીપ ઓફ ધ ટન્ગ.. તેઓશ્રીની હાજરજવાબી પ્રતિભા. "આ ગ્રન્થમાં અહીં આ વાત કહી છે ને અહીં આ... ફલાણા ગ્રન્થમાં આમ કહ્યું છે તે પેલા ગ્રન્થમાં આમ.." હું તો ડગલે ને પગલે ખૂબ પ્રભાવિત થયો છું. આશ્ચર્યમુગ્ધ બન્યો છું... ને દિલથી ઓવારી ગયો છું.

પ્રસ્તુત પુસ્તકમાં કરેલી બધી જ પ્રરૂપણા તેઓ શ્રીમદ્ની પ્રતિભા છે. મેં માત્ર એને એ રીતે લખીને તૈયાર કરી છે કે જેથી જિજ્ઞાસુઓને આ પદાર્થો સમજવામાં સરળ પડે અને તેઓનો બોધ વિશદ થાય. જ્યાં કંઈક પ્રશ્નો ઉપસ્થિત થયા ત્યાં તેઓ શ્રીમદ્ની સાથે ચર્ચા-વિચારણા કરીને તત્ત્વનિર્ણય કરી એ રીતે રજુઆત કરી છે.

આ અવસરે

સુવિશાળગચ્છનિર્માતા સચ્ચારિત્ર ચૂડામણી કર્મસાહિત્યનિષ્ણાત સ્વ૦ પૂ૦ આચાર્યભગવંત શ્રીમદ્વિજય **પ્રેમસૂરીશ્વરજી** મ૦સા૦,

હજારો ગુમરાહ યુવાનોને જ્ઞાન-ક્રિયાના માર્ગે ચઢાવવામાં અત્યંત સફળ રહેલ અભિનવ પ્રયોગરૂપ શિબિરોના આદ્ય પ્રેરણાદાતા - વાચનાદાતા, ગુરુદેવ સ્વ૦ પૂ૦ આચાર્યદેવેશ શ્રીમદ્વિજય **ભુવનભાનુ** સૂ૦મ૦સા૦,

પ્રસ્તુત ગ્રન્થના પ્રરૂપક, અનુપમ આંતરિક પરિણતિના ધારક ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ શ્રીમદ્વિજય **જયઘોષ સૂ૦મ૦સા૦** કર્મસાહિત્યમર્મજ્ઞ અધ્યાત્મરસનિમગ્ન, ગીતાર્થ બહુશ્રુત દાદાગુરુદેવ સ્વ૦ પૂજ્યપાદ આચાર્ય શ્રીમદ્વિજય **ધર્મજિત સૂ૦મ૦સા૦**, શ્રી સૂરિમન્ત્રની પાંચ પીઠિકાના પાંચ વાર આરાધક, પ્રભુભક્તિરસિક, પ્રમોદભાવનિર્ઝર પૂજયપાદ ગુરુદેવ આ૦ શ્રી **વિજયજયશેખર સૂ૦મ૦સા૦**

આ સુવિહિત સ્વ- પરહિતેચ્છુ પરંપરાના અગણિત અપરંપાર ઉપકારોને યાદ કરીને હું ધન્યતા અનુભવું છું.

જિજ્ઞાસુઓ આ પુસ્તકનો ઉપયોગ કરી પોતાનો બોધ વિશદ બનાવે... આ અતીન્દ્રિય પદાર્થોને ઉપસ્થિત કરી એને અનુપ્રેક્ષા-ચિંતન-પુનરાવર્તન વગેરે દ્વારા સ્વાધ્યાયની અમૂલ્ય ક્ષણોમાં વિપુલ નિર્જરા સાધે... ને એ રીતે મારા પરિશ્રમને સફળતા બક્ષે એવી વિનંતી સાથે..

પરમપવિત્ર ત્રિકાળઅબાધિત શ્રી જિનાજ્ઞાથી વિપરીત કાંઈ પણ નિરૂપણ થયું હોય તો એનું મિચ્છામિ દુક્કડમ્ દઈને વિરમું છું.

**- મુનિ અભયશેખર વિ૦ ગણી**

## પ્રાપ્તિસ્થાન

દિવ્યદર્શન કાર્યાલય, ધોળકા

દિવ્યદર્શન કાર્યાલય, કાળુશીની પોળ, કાળુપુર, અમદાવાદ.

મોક્ષરુચિ મોહનલાલ ઝવેરી, ૬/૧૦૯૯, ગોળશેરી, ગલેમંડી, સુરત.

## આધારભૂત ગ્રંથો

| | | |
|---|---|---|
| જીવસમાસ | ભગવતીજી | ધવલા |
| તત્ત્વાર્થસૂત્ર | વીર પ્રશ્નોત્તર | શતકગ્રંથ |
| પંચસંગ્રહ | વૃદ્ધપરંપરા | યોનિપ્રાભૃત |
| જીવાભિગમ | અનુયોગદ્વાર | વિચારામૃતસારસંગ્રહ |
| કાર્મગ્રંથિકમત | બૃહત્કલ્પ | ગુણમાલા |
| સપ્તતિકાભાષ્ય | પ્રકરણો | કષાયપ્રાભૃત |
| કર્મપ્રકૃતિ | લોકપ્રકાશ | સપ્તતિકા ષષ્ઠ કર્મગ્રન્થ |
| વિશેષાવશ્યક | દેવેન્દ્રસ્તવ | ધર્મ પરીક્ષા |
| કર્મગ્રન્થ | ઠાણાંગ | સિદ્ધપ્રાભૃતિકા |
| ષટ્ખંડાગમ | વિશેષણવતિ | સંક્રમકરણ |
| પ્રજ્ઞાપના | આચારાંગચૂર્ણિ | માર્ગણાદ્વારવિવરણ |

## સ્વ. પૂજ્યપાદ આ.દેવ શ્રીમદ્વિજય ભુવનભાનુસૂરીશ્વરજી મ૰સા૰

*ભુવનભાનુનાં અજવાળા ગ્રન્થમાં પ્રકાશિત થયેલા વિવિધ ભાવુકોના પૂજ્યશ્રી માટેના કેટલાક હૃદયોદ્ગારો*

★ ભારતના ખૂણે ખૂણે પૂજ્યશ્રીએ ધર્મપ્રભાવ પાથર્યો તેનું કારણ તેઓશ્રીના ઉપદેશની વેધકતા અને જીવનની સાધકતા.

★ કલિકાળમાં જો કોઈ અપ્રમાદની અપ્રતિમ પ્રતિભા શોધી કાઢવી હોય તો એ સ્વ.પૂ. ભુવનભાનુ સૂ.મ.સા.નું જીવન હતું. અનેક ગુણોથી ભરપૂર એ સૂરીશ્વરના જીવનમાં અપ્રમાદ તરતો હતો, ઊભરાતો હતો, છલકાયે જતો હતો.

★ એમ કહીએ તો ચાલે કે પૂજ્યશ્રીએ એક વિરાગી સાધુ-સેના તૈયાર કરી છે.

★ સાધનાનો કોઈપણ યોગ યંત્રવત્ ન બની જાય અને ચેતનાથી ધબકતો રહે તે પૂજ્યશ્રી હંમેશા ઇચ્છતા.

★ પૂજ્ય ગુરુદેવશ્રીની સાથે દેરાસરમાં ચૈત્યવંદન કરવું એ એક રોમાંચક અનુભવ હતો. એ વખતે પૂજ્યશ્રી પરમાત્માની વિરાટ અનંતગુણમય સૃષ્ટિમાં ખોવાઈ જતાં અને સહુને એમાં ખેંચી જતા.

★ મેં પૂજ્યશ્રીના જે પુસ્તકો વાંચ્યા છે તેમાં એકી સાથે મનોવૈજ્ઞાનિકતા, દાર્શનિકતા, ચિંતનશીલતા, વાસ્તવિકતા આદિ ગુણોના દર્શન થયા છે.

★ જિનશાસનનાં રહસ્યોનો સાગર પૂજ્યશ્રીના શબ્દોની એ ગાગરોમાં છલક છલક છલકાતો જોવા મળે...

★ અષ્ટપ્રવચનમાતાની ઉત્તમ આચરણા કરનારા પરમ માતૃભક્ત એટલે પૂજ્યપાદશ્રી.

★ વિધિ, મુદ્રા અને ભાવના ત્રિવેણી સંગમ પર શોભતું તેઓશ્રીનું પ્રતિક્રમણ ભવ્ય ભાવચેતનાથી ધબકતું હતું.

★ પૂજ્યશ્રીના વિચાર, વચન ને વ્યક્તિત્વમાં પ્રભાવકતા હતી.

★ પંચમકાળનો અને છટ્ઠા સંઘયણનો એક માનવી સાધનાના પંથ ઉપર કેવી હરણફાળ ભરી શકે છે, કેવું પ્રચંડ સત્ત્વ ફોરવી શકે છે, કેવી મહાન ગુણસિદ્ધિઓને આંબી શકે છે અને કેવા મહાન વિસ્મયો સર્જી શકે છે... એનું વાસ્તવિક દર્શન એટલે પૂજ્યપાદશ્રીનું જીવન...

શ્રી શંખેશ્વરપાર્શ્વનાથાય નમઃ

શ્રી મહાવીર પરમાત્મને નમઃ

શ્રી પ્રેમ-ભુવનભાનુ-જયઘોષ-ધર્મજિત્-જયશેખરસૂરીશ્વરેભ્યો નમઃ

ऐँ नमः

# સત્પદાદિપ્રરૂપણા

संतपयपरूवणया दव्वपमाणं च खित्त फुसणा य।

कालो अ अंतरं भाग भावे अप्पाबहुं चेव ॥ नवतत्त्व ४३ ॥

કોઈ પણ પદાર્થનું નિરૂપણ કરવા માટેના મુદ્દા એ શાસ્ત્રીય પરિભાષામાં દ્વાર કહેવાય છે. સામાન્યથી સત્પદપ્રરૂપણા, દ્રવ્યપ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાગ, ભાવ અને અલ્પબહુત્વ આ નવ દ્વારોથી વિચારણા કરવામાં આવતી હોય છે. છએ દ્રવ્યોનો આ નવ દ્વારોથી વિચાર કરી શકાય છે. પ્રસ્તુતમાં સંસારી જીવોનો આ નવ દ્વારોથી વિચાર કરીશું.

સૌ પ્રથમ આ દ્વારોનો પરિચય મેળવી લઈએ.

(૧) **સત્પદપ્રરૂપણા :** વસ્તુના અસ્તિત્વનો નિર્દેશ કે જેના પર શેષ નિરૂપણ શ્રદ્ધેય બને છે. વિવક્ષિત પદ (શબ્દ)નો વાચ્યાર્થ સત્ છે (અસ્તિત્વયુક્ત છે, અસ્તિત્વહીન નથી) એ સાબિત કરી આપે એવી પ્રરૂપણા કરવી એ સત્પદપ્રરૂપણા... આમાં અસ્તિત્વની જ વિચારણા હોવાથી એક જીવ-અનેક જીવનો ભેદ પડતો નથી.

(૨) **દ્રવ્યપ્રમાણ :** વિવક્ષિત અવસ્થામાં રહેલા જીવોની સંખ્યા એ દ્રવ્યપ્રમાણ. આ અનેકજીવોની અપેક્ષાએ જ વિચારવાનું હોય એ સ્પષ્ટ છે. આની વિચારણા બે રીતે થાય છે. પૂર્વપ્રતિપન્ન અને પ્રતિપદ્યમાન.. વિવક્ષિત અવસ્થા પામેલા જીવો પૂર્વપ્રતિપન્ન કહેવાય. સામાન્યથી એની સંખ્યા દ્રવ્યપ્રમાણ તરીકે કહેવાતી હોય છે. વિવક્ષિત સમયે વિવક્ષિત અવસ્થા (માર્ગણા) પામતા જીવો પ્રતિપદ્યમાન કહેવાય છે. વિશેષ રીતે, દ્રવ્યપ્રમાણમાં પ્રતિપદ્યમાન જીવોની સંખ્યાનો પણ વિચાર કરાતો હોય છે.

(૩) **ક્ષેત્ર :** વિવક્ષિત અવસ્થામાં (માર્ગણામાં) રહેલા જીવે અવગાહેલું ક્ષેત્ર. આનો વિચાર એક જીવ કે અનેક જીવની અપેક્ષાએ કરવામાં આવે છે. વળી, એ બંને વિચાર સૂચિરાજ-ઘનરાજની અપેક્ષાએ થાય છે.

અવગાહિત ક્ષેત્રની લંબાઈ-પહોળાઈનો વિચાર કર્યા વિના માત્ર ઊંચાઈનો વિચાર કરવામાં આવે એ સૂચિરાજથી ક્ષેત્ર કહેવાય.. અને લંબાઈ-પહોળાઈ પણ નજરમાં લઈને જીવ વ્યાપ્ત આકાશનો વિચાર એ ઘનરાજથી ક્ષેત્ર કહેવાય છે.

વળી આ બધો વિચાર ૩ પ્રકારે થાય છે.

**ઉપપાતથી :** ભવના પ્રથમ સમયનું ક્ષેત્ર. (આ ક્ષેત્ર, જ્યાં ઉત્પન્ન થયો છે તે ભવની જે માર્ગણા હોય તેનું ગણાય એ જાણવું.)

**સમુદ્ઘાતથી :** મરણસમુદ્ઘાત વગેરે સમુદ્ઘાતથી વ્યાપ્ત થતું ક્ષેત્ર. (આ ક્ષેત્ર પૂર્વના ભવની જે માર્ગણા હોય તેનું ગણાય એ જાણવું.)

**સ્વસ્થાનથી :** ઉપરોક્ત બે થી ભિન્ન — રહેઠાણ તથા ગમનાગમનનું ક્ષેત્ર.

ત્રસનાડીનો ૧૪મો ભાગ કે જે ૧ રાજ લાંબો-પહોળો-જાડો હોય છે તે એક ઘનરાજ કહેવાય એ જાણવું.

(૪) **સ્પર્શના :** ક્ષેત્રમાં, જીવથી અવગાહિત ક્ષેત્રનો વિચાર હોય છે જ્યારે સ્પર્શનામાં એ ક્ષેત્ર ઉપરાંત એને સ્પર્શીને રહેલા આકાશપ્રદેશોનો પણ સમાવેશ હોય છે. તેથી સ્પર્શના ક્ષેત્ર કરતાં કંઈક અધિક હોય છે.

જીવસમાસ ગ્રન્થમાં ક્ષેત્ર અને સ્પર્શનાનો આવો ભેદ બતાવ્યો છે કે વિવક્ષિતકાળે એક કે અનેક જીવથી અવગાહિત આકાશને ક્ષેત્ર કહેવાય અને સંપૂર્ણ અતીતકાળમાં વિવક્ષિત અવસ્થાવાળા જીવથી અવગાહિત જેટલું આકાશ હોય તે સ્પર્શના કહેવાય. પ્રસ્તુત ગ્રન્થમાં આ અપેક્ષાથી સ્પર્શનાની વિચારણા કરવામાં આવશે એ જાણવું.

સ્પર્શના પણ ક્ષેત્રની જેમ એક જીવ - અનેક જીવ, સૂચિરાજ-ઘનરાજ વગેરે અપેક્ષાએ વિચારવી.

(૫) **કાળ :** તે તે અવસ્થામાં રહેવાનો કાળ. આની વિચારણા પણ એક-અનેક જીવાપેક્ષયા જાણવી.

(૬) **અંતર :** તે તે અવસ્થા છૂટયા પછી પુનઃ પ્રાપ્ત થાય, એ બેની વચમાં પસાર થતો કાળ એ અંતર કહેવાય. આની વિચારણા પણ એક-અનેક જીવાપેક્ષયા કરવામાં આવે છે.

(૭) **ભાગ :** વિવક્ષિત અવસ્થામાં (માર્ગણામાં) રહેલા જીવો સર્વજીવોની અપેક્ષાએ કેટલામા ભાગે છે તેની વિચારણા અથવા તે તે પેટામાર્ગણામાં રહેલા જીવો માર્ગણાગત જીવોની અપેક્ષાએ કેટલામા ભાગે છે એની વિચારણા. આ અનેકજીવાપેક્ષયા જ હોય છે એ સ્પષ્ટ છે. આ દ્વાર સ્પષ્ટ બોધ માટે જુદું પાડેલું છે. અન્યથા, અલ્પબહુત્વદ્વારથી એ સમજાઈ જાય છે. માટે જ તત્ત્વાર્થસૂત્ર વગેરેમાં એના વિના માત્ર ૮ દ્વારો જ દર્શાવેલા છે.

સત્સઙ્ખ્યાક્ષેત્રસ્પર્શનકાલાન્તરભાવાલ્પબહુત્વૈશ્ચ (તત્ત્વા૦ ૧/૮)

**(૮) ભાવ :** વિવક્ષિત અવસ્થામાં ઔદયિક વગેરે કયા ભાવો હોય છે એની વિચારણા. આ પણ એકાનેક જીવાપેક્ષયા જાણવી.

**(૯) અલ્પબહુત્વ :** બધી પેટા માર્ગણાઓનું પરસ્પર ન્યૂનાધિકપણું.

## જીવદ્રવ્યનું નિરૂપણ

જીવ (આત્મા)ના અસ્તિત્વની સિદ્ધિ માટેની બધી વાતો સત્પદપ્રરૂપણામાં વિચારવી. દ્રવ્યાસ્તિક મતે નિત્ય અને પર્યાયાસ્તિક મતે અનિત્ય એવું નિત્યાનિત્યત્વ સ્વરૂપવાળું જીવદ્રવ્ય સત્ છે. નરકગતિ વગેરે તે તે અવસ્થા અનિત્ય હોવા છતાં જીવાત્મારૂપે તો એ નિત્ય જ છે. માટે નિત્યાનિત્ય જાણવો. અવસ્થાથી જીવના મુખ્ય બે ભેદ પડે છે.

**(૧) સંસારી :** કર્મની અસરવાળી અવસ્થા. ૧૪માં ગુણાઠાણાના ચરમ સમય સુધી જીવ સંસારી હોય છે.

**(૨) સિદ્ધ :** કર્મની અસરથી મુક્ત અવસ્થા.

વર્તમાન અવસ્થારૂપે સિદ્ધ જીવોના ભેદ હોતા નથી. પણ અતીત અવસ્થાના ઉપચારથી જિનસિદ્ધાદિ ૧૫ ભેદ જાણવા.

સંસારી જીવોના અનેક અપેક્ષાએ અનેક ભેદ પડે છે. અહીં ૧૪ ગુણ સ્થાનકની અપેક્ષાએ તેના ૧૪ ભેદ જાણવા. આમાંના પ્રથમ ૧૨ ભેદ મોહનીય કર્મના ઉદય-ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષય જન્ય છે. ૧૩મું ને ૧૪મું ગુણઠાણું અન્ય કર્મની અપેક્ષાએ છે.

## ગુણસ્થાનકની અપેક્ષાએ જીવોના ૧૪ ભેદનું સ્વરૂપ :

**(૧) મિથ્યાત્વ ગુણસ્થાનક :** જીવ ગુણોનું સ્થાન છે. પણ મિથ્યાત્વના ઉદયથી એમાં વિપરીત અવસ્થા આવે છે અને તેથી એને ગુણો દોષરૂપે અને દોષો ગુણસ્વરૂપે ભાસે છે. તેમ છતાં, આ મિથ્યાત્વના ઉદયવાળી અવસ્થાને પણ બે કારણસર ગુણસ્થાનક કહેવાય છે. એક તો એના ગુણોનો નિર્મૂળ નાશ નથી થતો અને બીજું - જ્યારે ઉપરના ગુણો પ્રગટ થવા માંડે છે ત્યારે એની આંશિક ભૂમિકા આ ગુણસ્થાનકથી શરૂ થાય છે.

**(૨) સાસ્વાદન ગુણસ્થાનક :** ઉપશમ સમ્યક્ત્વથી પડતા જીવને અનંતાનુબંધી કષાયોનો ઉદય થવાથી આ ગુણઠાણું આવે છે. અહીં મિથ્યાત્વનો ઉદય ન હોવાથી સમ્યક્ત્વ આવરાયું હોતું નથી, છતાં, મિથ્યાત્વના બીજભૂત અનંતાનુબંધી કષાયોનો ઉદય હોવાથી સમ્યક્ત્વનો પર્યાપ્ત આસ્વાદ હોતો નથી, કંઈક આસ્વાદ જ હોય છે. માટે આને સાસ્વાદન કહે છે. અનંતાનુબંધીનો ઉદય મિથ્યાત્વના ઉદયને ખેંચી લાવનારો હોવાથી જીવ અહીંથી અવશ્ય મિથ્યાત્વે જાય છે.

**(૩) મિશ્રદૃષ્ટિ ગુણસ્થાનક :** મિથ્યાત્વ અને અનંતાનુબંધીનો ઉદય ન હોવા છતાં શુદ્ધ સમ્યક્ત્વમાં વિઘ્ન કરનાર મિથ્યાત્વનાં દલિકોના મંદરૂપે કરેલા મિશ્રમોહનીયનાં દલિકોનો ઉદય થવાથી આ અવસ્થા આવે છે. તેથી જૈન ધર્મ અને મિથ્યાદર્શન પર માધ્યસ્થ્યભાવ જેવું હોય છે. આ અવસ્થા અન્તર્મુહૂર્ત કાળ વાળી છે. તેથી જો અન્તર્મુ૦ કરતાં વધારે કાળ સુધી આવી અવસ્થા ટકે તો તેને અનાભિગ્રહિક મિથ્યાત્વ જાણવું. જ્યાં સુધી મિશ્રદૃષ્ટિ હોય ત્યાં સુધી તેને અનાભિગ્રહિક મિથ્યાત્વ ન કહેવાય, કારણ કે મિથ્યાત્વ હોય અને સ્વીકૃત મિથ્યાપક્ષમાં અનાગ્રહ હોય તો અનાભિગ્રહિક મિથ્યાત્વ કહેવાય. પણ આ જીવને કોઈ સ્વીકૃત પક્ષ જ હોતો નથી.

**(૪) અવિરતસમ્યગ્દૃષ્ટિ :** અહીં દર્શનમોહનીયનો ક્ષય, ઉપશમ કે ક્ષયોપશમ હોવાથી શ્રદ્ધાગુણ પ્રગટ થાય છે. છતાં ચારિત્ર મોહનીયનો સંપૂર્ણ ઉદય હોવાથી આંશિક ચારિત્ર પણ પ્રગટ થતું નથી. તેથી આ ગુણસ્થાનક અવિરતિ સહિત શ્રદ્ધાવાળું છે.

આમ આદ્ય ચાર ગુણસ્થાનકોમાં [૧]દર્શન મોહનીયના ભેદે ભેદ પડે છે એ જાણવું.

૧. પ્રથમ ઉપશમસમ્યક્ત્વમાં તેમજ ક્ષાયોપ૦ સમ્યક્ત્વમાં અનંતાનુબંધીનો ક્ષયોપ૦ હોય છે. શ્રેણિના ઉપશમ સમ્યક્ત્વમાં અનંતાનુબંધીનો ઉપશમ કે વિસંયોજના હોય છે. ક્ષાયિક સમ્યક્ત્વમાં અનંતા૦નો ક્ષય હોય છે. એટલે દર્શન મોહનીયનો ઉપશમ, ક્ષયોપ૦ કે ક્ષય અનંતાનુબંધીનો ઉપશમ, ક્ષયોપ૦ કે ક્ષય વિના સંભવિત ન હોવાથી, અનંતાનુબંધી કષાયો ચારિત્રમોહનીય હોવા છતાં દર્શનમોહનીય કહેવાય છે.

**(૫) દેશવિરતિ ગુણસ્થાનક :** અપ્રત્યાખ્યાનાવરણ કષાયોના ક્ષયોપશમથી આ ગુણઠાણું પ્રગટ થાય છે. અહીં શ્રદ્ધા સહિત આંશિક વિરતિ હોય છે. વિરતિ ૫ ઈન્દ્રિય + મન + ષટ્કાયની... એમ બાર પ્રકારે હોય છે. પણ આ અવસ્થામાં માત્ર ત્રસકાયની આંશિક વિરતિ હોય છે. ૫ ઈન્દ્રિય + મનની જો કે અહીં વિરતિ હોતી નથી, છતાં, બારે વિરતિઓ પરસ્પર સાપેક્ષ હોવાથી ઈન્દ્રિય કે મન દ્વારા જો અમુક અંશ કરતાં અધિક રાગ-દ્વેષની પરિણતિ થાય તો આ ગુણઠાણું નાશ પામે છે. અહીં ૯ નોકષાયોના દેશઘાતી સ્પર્ધકોનો ઉદય તથા સર્વઘાતી સ્પર્ધકોનો ક્ષયોપશમ હોય છે. અર્થાત્ નોકષાયોનો ઉદયાનુવિદ્ધ ક્ષયોપશમ હોય છે. જઘન્ય તરફના અનંતમાં કે અસંખ્યાતમા ભાગના સ્પર્ધકોને છોડીને ઉપરના અધિક માત્રાવાળા નોકષાયોનો અહીં ઉદય હોતો નથી.

**(૬) પ્રમત્તસંયત ગુણસ્થાનક :** બારે બાર અવિરતિઓ સંપૂર્ણતયા નિવૃત્ત થવાથી આ ગણઠાણું પ્રગટ થાય છે. પ્રત્યાખ્યાનાવરણ કષાયોનો ક્ષયોપશમ થવાથી સંયતાવસ્થા પ્રાપ્ત થાય છે. છતાં રાગાદિ પરિણતિ અહીં પણ હોવાથી ઈન્દ્રિય-મનની કંઈક રાગાદિ પ્રવૃત્તિ અહીં થઈ જાય છે. પણ સાવધાની સાથે પુનરાવૃત્તિ (રાગાદિથી પાછા ફરવાનું) હોવાથી એ રાગાદિ સંયમના ઘાતક બનતા નથી, માત્ર સંયમને કંઈક મલિન કરનારા બને છે. જો સાવધાની-પુનરાવૃત્તિ ન હોય તો સંયમનો ઘાત થઈ અવિરતિ રૂપે એ રાગાદિ પરિણમે છે.

**(૭) અપ્રમત્તસંયત ગુણસ્થાનક :** અહીં ચિત્તની જાગૃતિ વિશેષ પ્રકારની હોવાથી પ્રમત્તતા આવતી નથી. છઠ્ઠું અને સાતમું આ બન્ને ગુણઠાણા અંતર્મુહૂર્તે પરાવૃત્તિશીલ હોય છે. સાવધાની હોવાથી પ્રમત્તદશા અન્તર્મુહૂર્તથી અધિક રહી શકતી નથી. અને છદ્મસ્થતા હોવાથી સાવધાની નિરંતર રહી શકતી નથી[૧].

**(૮) અપૂર્વકરણ ગુણસ્થાનક : (૯) અનિવૃત્તિકરણ ગુણસ્થાનક અને (૧૦) સૂક્ષ્મસંપરાય ગુણસ્થાનક :** આ ત્રણ ગુણઠાણા વિશિષ્ટ અપ્રમત્તદશા સહિત મોહનીયનો સંપૂર્ણ ઉપશમ કે ક્ષય કરવામાં ઉદ્યમશીલ બનેલા જીવોને હોય છે. આ ત્રણ ગુણઠાણામાં ચડતાને ૯-૧૦ મે ગુણઠાણે ક્ષય કે ઉપશમ થાય છે. ૮મે ગુણઠાણે કોઈપણ પ્રકૃતિનો ક્ષય કે ઉપશમ થતો નથી, છતાં તેને પામવાની યોગ્યતા ક્રમશઃ પ્રાપ્ત થાય છે. તેથી અત્રે યોગ્યતા રૂપે મોહનીયનો ક્ષય-ઉપશમ કહેવાય છે જે આગળ ક્ષય-ઉપશમમાં કારણ બને છે. શ્રેણિથી પડતાને ભૂતપૂર્વ ન્યાયે ક્ષય-ઉપશમ કહેવાય છે.

---

૧. ઈષ્ટ-અનિષ્ટ વિષયનો સંપર્ક થવા પર અપ્રમત્તને ગમા-અણગમા રૂપ રાગ-દ્વેષ થતા નથી, પ્રમત્તને એ રાગ-દ્વેષ થાય છે. પણ યથાક્ષયોપશમ એ શીઘ્ર સાવધાન થાય છે કે મારે આ રાગ-દ્વેષ કરાય નહીં. ને તેથી શક્ય હોય તો એ પ્રવૃત્તિથી અટકે છે, પ્રવૃત્તિ અશક્ય પરિહારવાળી હોય તો રાગ-દ્વેષથી અટકે છે. જો આ રીતે પ્રવૃત્તિથી કે રાગ-દ્વેષથી ન અટકે, ખ્યાલ આવવા છતાં ચાલુ રાખે તો સર્વવિરતિ ઊભી રહી શકતી નથી. દેશવિરતે કે અવિરતે જાય. અને આ રાગ-દ્વેષ ખટકે પણ નહીં - ઉપરથી ગમે... તો મિથ્યાત્વે જાય. સંયતને છદ્મસ્થતાના કારણે સાવધાની લાંબી ટકતી ન હોવાથી ઉક્ત રાગ-દ્વેષ થાય છે ને તેથી એ છઠ્ઠે જાય છે. ને પછી સાવધાની આવવાથી એ રાગ-દ્વેષાત્મક પ્રમાદથી એ અટકે એટલે સાતમે આવી જાય છે. છદ્મસ્થતા હોવાથી પાછી સાવધાની ગુમાવે છે, કંઈક રાગ-દ્વેષની પરિણતિ થાય છે ને પાછો છઠ્ઠે આવે છે. અન્તર્મુ.માં જ પાછો સાવધાન બની રાગ-દ્વેષને અટકાવી સાતમે આવે છે. આમ છઠ્ઠે-સાતમે પરાવૃત્તિ થયા કરે છે.

**(૧૧) ઉપશાંતમોહ છદ્મસ્થવીતરાગ :** અહીં મોહનીય કર્મ સર્વથા ઉપશાંત થયું હોવાથી વીતરાગતા હોય છે. છતાં કેવલજ્ઞાન પ્રગટ થયું ન હોવાથી છદ્મસ્થતા હોય છે.

**(૧૨) ક્ષીણમોહ છદ્મસ્થવીતરાગ :** અહીં મોહનીય કર્મ સર્વથા ક્ષીણ થયું હોવાથી વીતરાગતા હોય છે. અહીં પણ કેવલજ્ઞાન પ્રગટ્યું ન હોવાથી છદ્મસ્થતા હોય છે.

**(૧૩) સયોગી કેવલી ગુણસ્થાનક :** જ્ઞાનાવરણીયાદિ ચાર ઘાતી કર્મોના ક્ષયથી કેવલજ્ઞાન પ્રગટ થાય છે. શેષ ૪ ભવોપગ્રાહી કર્મોનો ઉદય હોય છે. શરીરાદિયોગ યુક્ત આ અવસ્થા હોય છે. કેવલજ્ઞાન સહિત કેવલી ભગવંતો પૃથ્વીતલ પર વિચરતાં પ્રવૃત્તિશીલ હોય છે.

**(૧૪) અયોગીકેવલી ગુણસ્થાનક :** ૧૩મા ગુણઠાણાના અંતે યોગ નિરોધ કરી આ ગુણઠાણું પ્રાપ્ત થાય છે. અહીંયા ઔદારિકાદિ કોઈ જ યોગ ન હોવાથી અયોગી કહેવાય છે. ત્યારબાદ સિદ્ધાવસ્થા પ્રાપ્ત થાય છે.

**દ્રવ્યપ્રમાણ** - તે તે ગુણઠાણામાં રહેલા જીવોની સંખ્યા...

| | |
|---|---|
| ૧ લે — અનંતા | ૬/૭ — ક્રોડસહસ્રપૃથક્ત્વ |
| ૨/૩/૪/૫ — ૧ક્ષેત્ર P/a | ૮/૯/૧૦/૧૧/૧૨/૧૪ — શત પૃથક્ત્વ |
| (દિગંબરમતે અદ્ધા P/a) | ૧૩ — ક્રોડ પૃથક્ત્વ |

**પ્રતિપદ્યમાન** - તે તે ગુણઠાણું પામતા જીવોની સંખ્યા.

ચૌદે ગુણઠાણે જઘ૰ ૧ જીવ.

| | |
|---|---|
| ઉત્કૃષ્ટ થી ૧ થી ૫ — P/a | ૬/૭ — સહસ્રપૃથક્ત્વ |
| ૮/૯/૧૦ — શતપૃથક્ત્વ | ૧૧—૫૪ |
| | ૧૨/૧૩/૧૪ —૧૦૮ |

(૮, ૯, ૧૦ ગુણઠાણાને પામતા જીવો વધુમાં વધુ ૧૬૨ (૧૦૮ + ૫૪) મળે, પણ ગુણઠાણાનો કાળ અન્તર્મુ૰ છે. તેથી જુદા જુદા સમયે ચડેલા - સંચિત થયેલા મળે તો શતપૃથક્ત્વ મળે, તેનાથી વધુ નહીં - પંચસંગ્રહ બીજું દ્વાર.)

**ક્ષેત્ર :** મરણ સમુદ્ઘાત વગેરેમાં શરીર પ્રમાણ જાડો અને પોતે જ્યાં હોય (સ્વસ્થાન) ત્યાંથી ઉત્પત્તિસ્થાન (પરસ્થાન) સુધી લાંબો દંડ થાય ત્યારે તેની અપેક્ષાએ ક્ષેત્ર ગણવામાં આવે છે.

**એક જીવ-સૂચિરાજ**

★ ૧ લે - ૧૪ રાજ. (અધોલોકના છેડેથી ઉર્ધ્વલોકના છેડે ઉત્પન્ન થનારને.)

★ ૨ જે - ૯ રાજ. [ઈશાનાન્ત દેવ (ભવન, વ્યંતર, જ્યો૰કે ૧-૨ દેવલોકનો દેવ) ત્રીજી નરકમાં ગયો હોય અને ત્યાં બીજે ગુણઠાણે કાળ કરી સિદ્ધશિલામાં ઉત્પન્ન થાય ત્યારે] (નરકમાં ગયેલો દેવ નરકમાં જ ચ્યવી જાય તો તેના શરીરમાંથી

આત્મપ્રદેશો નીકળી જાય છે અને ત્યારબાદ અન્તર્મુ.માં શરીરના પુદ્ગલો વિખરાઈ જાય છે. "દેવ, નરક ઉત્તરવૈક્રિય, આહારક, સૂક્ષ્મ પૃથ્વ્યાદિ અને અપર્યાપ્ત જીવોના શરીરો, જીવ નીકળી ગયા બાદ અન્તર્મું૦ માં વિખરાઈ જાય છે." એમ **જીવાભિગમના** મૂળમાં છે.) (બીજે ગુણઠાણે કાળ કરીને પૃથ્વીકાયાદિમાં જનારા રત્નપ્રભાની નીચે જતા નથી. માટે અધોલોકમાં ક્ષેત્ર-સ્પર્શના મળે નહીં.)

★ ૩/૪ — ૮ રાજ. (દેવતાના ગમના ગમનની અપેક્ષાએ. દેવ એક શરીરથી ૧૨મા દેવલોકમાં હોય ને અન્ય શરીરથી ત્રીજી નરકમાં હોય ત્યારે આત્મપ્રદેશો સંલગ્ન હોવાથી ૬ + ૨ = ૮ રાજ જેટલો દંડ મળે.)

★ ૫ મે — ૬ રાજ (૧૨ મા દેવલોકમાં ઉત્પન્ન થનારને)

★ ૬ થી ૧૧ — ૭ રાજ. (અનુત્તરમાં ઉત્પન્ન થનારને)

★ ૧૨/૧૪ —L/a

૧. P = પલ્યોપમ. L = લોક. a = અસંખ્ય, s = સંખ્યાત, A = અનંત, V = વિશેષાધિક, P/a = પલ્યો૦નો અસં૦મો ભાગ, L/a = લોકનો અસં૦મો ભાગ. આ પ્રમાણે સંજ્ઞાઓ જાણવી.

★ ૧૩ મે - કેવલિસમુદ્ઘાતવત્ (૧ થી ૭ સમયમાં ૧૪ રાજ ક્ષેત્ર હોય)

**એક જીવ - ઘનરાજ** ★ ૧ થી ૧૨ અને ૧૪ મે — L/a

★ ૧૩ મે - કેવલિસમુદ્ઘાતવત્ (૪ થા સમયે સર્વ લોક, ૩-૫ મા સમયે દેશોન લોક. ૧-૨-૬-૭-૮ સમયે L/a... શેષકાળમાં પણ L/a)

**અનેકજીવ - સૂચિરાજ**

★ ૧ લે — સર્વલોક

★ ૨ જે — ૧૨ રાજ (એક જીવ છઠ્ઠી નરકથી મનુષ્યલોકમાં આવનાર હોય, અન્ય જીવ મનુ૦ તિર્યંચમાંથી ૨ જું લઈને સિદ્ધશિલામાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે ૫ + ૭ = ૧૨ રાજ ક્ષેત્ર મળે.)

★ ૩ જે — L/a, દેવના ગમનાગમનની અપેક્ષાએ ૮ રાજ મળી શકે.

★ ૪ થે —૧૨ રાજ. (છઠ્ઠી નરકથી મનુ૦માં આવનારને ૫ રાજ + અનુત્તરમાંથી મનુ૦માં આવનારને ૭ રાજ = ૧૨ રાજ.)

★ ૫ મે —૬ રાજ. (મનુ૦માંથી ૧૨ મા દેવલોકમાં જનારને... મતાંતરે ૫ રાજ.)

★ ૬ થી ૧૧ — ૭ રાજ (મનુ૦માંથી અનુત્તરમાં જનારને.)

★ ૧૨/૧૪ મે — L/a

★ ૧૩ — કેવલિસમુદ્ઘાતથી (૧ થી ૭ સમય ૧૪ રાજ, ૮ મો સમય — L/a)

**અનેકજીવ - ઘનરાજ**

★ ૧ લે - સર્વ લોક.

★ ૨ થી ૧૨/ ૧૪ મે — L/a [વિવક્ષિત સમયે જે અસંખ્ય જીવો મરણસમુદ્ઘાત કરતા હોય... તેમના બધાના દંડનું ભેગું ક્ષેત્ર પણ ત્રસનાડીની પહોળાઈ-જાડાઈની અપેક્ષાએ (૧ રાજની અપેક્ષાએ) અસંખ્યાતમા ભાગનું જ હોવાથી કુલ ક્ષેત્ર L/a]

★ ૧૩ મે — કેવલિસમુદ્ઘાતના ૪થા સમયે સર્વલોક... ૩/૫ સમયે દેશોનલોક... શેષકાળમાં L/a

**સ્પર્શના** - ઘનરાજથી સ્પર્શનાની વિચારણામાં નીચેના નિયમો લાગુ પડે છે -

(૧) સ્વસ્થાન કે પરસ્થાનનું ક્ષેત્ર તિર્ચ્છાઈમાં ૧ રાજ હોય તો સ્વસ્થાનથી પરસ્થાન વચ્ચેનું જેટલું અંતર હોય એટલી સ્પર્શના ઘનરાજથી આવે. દા.ત. છઠ્ઠી નરકમાંથી સાસ્વાદન લઈને જીવ તિર્યંચમાં ઉત્પન્ન થનાર હોય ત્યારે બીજા ગુણાઠાણાની સ્પર્શના ૫ રાજ આવે.

આમાં સ્વસ્થાન (છઠ્ઠી નરક) L/a ક્ષેત્રમાં છે. પણ પરસ્થાન તિર્ચ્છાલોક ૧ રાજ છે, અને બન્ને વચ્ચે ૫ રાજ અંતર છે. તેથી સ્પર્શના ૫ રાજ આવે.

(૨) સ્વસ્થાન-પરસ્થાન વચ્ચેનું અંતર ઘણું હોવા છતાં તે બન્ને તિર્ચ્છાઈમાં ૧ રાજનો અસંખ્યાતમો ભાગ હોય તો સ્પર્શના L/a આવે. દા.ત. છઠ્ઠી નરકમાંથી સમ્યક્ત્વ લઈને મનુષ્યમાં ઉત્પન્ન થનારને L/a સ્પર્શના આવે.

નરકગતિમાં સાતેય નરકમાં રહેઠાણનું ક્ષેત્ર લંબાઈ-પહોળાઈની અપેક્ષાએ એક તિર્યક્ પ્રતર રાજનો અસંખ્યાતમો ભાગ જ છે. સાતે ય પૃથ્વીમાં અસંખ્ય બહુભાગમાં નરકાવાસો નથી. એક અસંખ્યાતમો ભાગ જ નરકાવાસોથી રોકાયેલો છે.

નરકમાંથી ઉપર આવનારા જીવો બે રીતે આવે છે. (૧) પહેલાં ઉપર આવી પછી તિર્ચ્છા જાય. (૨) પહેલાં તિર્ચ્છા જઈ પછી ઉપર આવે.

પ્રથમ રીતમાં જેટલા નરકાવાસો હોય એટલા પ્રમાણવાળા ઊભા દંડ થાય છે. કારણ કે તે તે નરકાવાસના દરેક ભાગમાંથી ભિન્ન ભિન્ન કાળે જીવોએ દંડ બહાર કાઢ્યો છે. છતાં આ બધા ઊભા દંડોનું તિર્ચ્છું ક્ષેત્ર રાજ/a જ હોય છે. એની ઊંચાઈ (છઠ્ઠી નરકથી મનુષ્યક્ષેત્ર) ૫ રાજ હોય છે. ત્યારબાદ તિર્ચ્છાલોકમાં આડા જવામાં લંબાઈ-પહોળાઈ વધવા છતાં ઊંચાઈ L/a જ રહેવાથી સ્પર્શના L/a જ આવે છે.

બીજા પ્રકારે પહેલાં તિર્ચ્છા જવાથી લંબાઈ-પહોળાઈ વધારે હોવા છતાં ઊંચાઈ L/a (સ્વશરીર પ્રમાણ) હોવાથી ત્યાં સુધીની સ્પર્શના L/a આવે છે. ને પછી મનુષ્યલોક સુધી આવવામાં એક ઊભો ૪૫ લાખ યોજન પ્રમાણ દંડ થાય છે જે L/a સ્પર્શના રોકે છે. માટે કુલ સ્પર્શના પણ L/a (ઘનરાજનો અસં.મો ભાગ) જ આવે છે.

એટલે છઠ્ઠી નરકમાંથી મનુષ્યમાં આવનારા અનંતા નારકીઓની અનંતકાળની સ્પર્શના પણ L/a જ આવે છે.

**અનેકજીવો - ઘનરાજ**

★ ૧ લે — સર્વલોક.

★ ૨ જે — ૫ +૭ = ૧૨ ઘનરાજ . (છઠ્ઠી નરકથી તિર્યંચમાં ૫ રાજ, તિ૰માંથી સિદ્ધશિલાએ ૭ રાજ.)

★ ૩/૪ — દેશોન ૮ રાજ. (દેવ મૂળ શરીરે ૧૨ મા દેવલોકમાં હોય, અન્ય શરીરે ત્રીજી નરકમાં ગયો હોય ત્યારે આ સ્પર્શના આવે, આની ઉપર કે નીચે પ્રાયઃ ગમનાગમનનું ક્ષેત્ર હોતું નથી.)

★ ૫ મે — ૫ રાજ. (તિર્ચ્છાલોકથી ૮મા દેવલોકમાં ઉત્પન્ન થનારા તિર્યંચોને આશ્રીને. દિગંબર મતે તિર્યંચો ૧૨ દેવલોક સુધી જતા હોવાથી એ મતે ૬ રાજ સ્પર્શના આવે. દેશવિરત મનુષ્યો ૧૨ મા દેવલોક સુધી જાય છે. પણ એમની અપેક્ષાએ સ્વસ્થાન - પરસ્થાન બન્ને ક્ષેત્ર તિર્ચ્છાઈમાં L/a હોવાથી સ્પર્શના પણ L/a જ આવે. સૂચિરાજથી ૬ રાજ આવે.)

★ ૬ થી ૧૨/૧૪ મે — L/a

★ ૧૩ મે — કેવલિસમુદ્ઘાતવત્

**એકજીવ - ઘનરાજ**

★ ૧ લે — સર્વલોક.

★ ૨ થી ૧૨/૧૪ મે — L/a (એક જીવ ભવચક્રમાં ૨ જું ગુણ૰ P/a વાર પામી શકે છે. એટલે એ અવસ્થામાં મરણસમુદ્ઘાત પણ એથી વધુ ન મળે. માટે એ બધાના દંડોનું કુલ તિર્ચ્છું ક્ષેત્ર પણ L/a થવાથી સ્પર્શના L/a જ આવે છે એ જાણવું.)

★ ૧૩ મે - કેવલિસમુદ્ઘાતવત્

**અનેકજીવ-સૂચિરાજ**

★ ૧ લે — સર્વલોક.

★ ૨ જે — ૫ + ૭ = ૧૨ રાજ.

★ ૩ જે — ૮ રાજ (ગમનાગમનાપેક્ષયા)

★ ૪ થે — ૮ રાજ (ગમનાગમનાપેક્ષયા)

— ૧૨ રાજ (મરણસમુદ્ઘાતાપેક્ષયા) છઠ્ઠી નરકથી મનુ૦ ૫ રાજ + અનુત્તરમાંથી મનુ૦ ૭ રાજ = ૧૨ રાજ.

★ ૫ મે — ૬ રાજ (૧૨ મા દેવલોક સુધી)

★ ૬ થી ૧૧ — ૭ રાજ (અનુત્તર સુધી)

★ ૧૨/૧૪ મે — L/a

★ ૧૩ મે — કેવલિસમુદ્ઘાતવત્

**એકજીવ સૂચિરાજ** — અનેકજીવ સૂચિરાજ મુજબ જાણવું.

**સ્વસ્થાનાપેક્ષયા સ્પર્શના — અનેકજીવ ઘનરાજ** —

★ ૧ લે — સર્વલોક.

★ ૨ થી ૧૪ — L/a ★ ૨/૩/૪ — ૮ રાજ (ગમનાગમનાપેક્ષયા)

**આખા ભવચક્રમાં**

★ ૧/૨/૩/૪/૫ ગુણઠાણા અદ્ધા P/a વાર પામી શકાય છે. આટલા ભવમાં પણ પામી શકાય છે.

★ ૬/૭ ગુણઠાણા ૮ ભવમાં પામી શકાય છે. એમાં, નીચેના ગુણઠાણેથી આ ગુણઠાણા એક ભવમાં શતપૃથક્ત્વ વાર અને ભવચક્રમાં સહસ્રપૃથક્ત્વવાર પામી શકાય છે. પરાવર્તમાનભાવે આ બે ગુણાઠાણા એકભવમાં હજારો ક્રોડવાર પામી શકાય છે. આઠ વર્ષ ન્યૂન પૂર્વક્રોડને અન્તર્મુ૦ થી ભાગતા જે આવે એટલી વાર પામી શકાય છે. તેને આઠ વડે ગુણવાથી જે આવે એટલી વાર આખા ભવચક્રમાં પામી શકાય છે.

★ ૮/૯/૧૦ ગુણઠાણા ૫ ભવમાં અને પાંચ વાર પામી શકાય છે. ઉપશમશ્રેણિથી પડનારના જુદા ગણીએ તો ૯ વાર પામી શકાય છે.

★ ૧૧મું ગુણઠાણું - ૪ ભવમાં (કુલ પણ ૪ વાર) પામી શકાય છે. (આખા ભવચક્રમાં ઉપશમસમ્યક્ત્વ ૫ વાર પામવાની વાત આવે છે. તેમાં ૪ વાર ઉપશમશ્રેણિનું અને ૧ વાર પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ એમ સમજવું. એમાં પણ સિદ્ધાંતના મતે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ એક જ વાર પામવાનું માનવામાં કોઈ પ્રશ્ન ન પણ સંભવે, કારણ કે એ મતે ૨૮ની સત્તા ન હોય તો પણ સીધું ક્ષયોપશમ સમ્યક્ત્વ પામી શકાય છે. જ્યારે કાર્મગ્રન્થિક મતે સમ્યક્ત્વ મોહનીય ઉવેલ્યા પછી ઉપશમ સમ્યક્ત્વ જ પામવું પડતું હોવાથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ પણ P/a વાર પામી શકાય છે. છતાં એ બધું જાતિથી એક ગણી ઉપશમ સમ્યક્ત્વ ૫ વાર પામવાની વાતની સંગતિ થઈ શકે છે.)

★ ૧૨/૧૩/૧૪ ગુણઠાણા એક જ વાર પામી શકાય છે.

**કિંચિદ્જ્ઞાતવ્ય**

★ ૩/૧૨/૧૩ મા ગુણઠાણે મૃત્યુ થતું નથી, શેષ ગુણઠાણે થાય છે.

★ પરલોકમાં જતી વખતે પહેલું, બીજું કે ચોથું ગુણઠાણું જ હોય.

★ ત્રીજું કે પાંચથી ચૌદમું ગુણઠાણું લઈને કોઈ ઉત્પન્ન થતું નથી. અને તેથી એ ગુણઠાણે ઉપપાત ક્ષેત્ર હોતું નથી.

★ ૧/૬/૭/૮/૯/૧૦/૧૨/૧૩/૧૪ ગુણઠાણાને સ્પર્શ્યા વિના કોઈ મોક્ષમાં જઈ શકતું નથી.

★ ૨/૩/૪/૫/૧૧ ગુણઠાણાને સ્પર્શ્યા વિના મોક્ષે જઈ શકાય છે.

**કાળ**

**અનેક જીવાપેક્ષયા :**

૧/૪/૫/૬/૭/૧૩ — આ નિરંતર ગુણઠાણા છે. હંમેશા હોય જ.

૨/૩/૮/૯/૧૦/૧૧/૧૨/૧૪. આ સાન્તર છે. ક્યારેક હોય ક્યારેક એક પણ જીવ આ આ ગુણઠાણાવાળો ન હોય એમ સંભવિત છે.

સાન્તર ગુણઠાણામાંના કોઈ પણ એક જ ગુણઠાણે એક કે અનેક જીવ ક્યારેક હોય શકે છે. ક્યારેક એમાંના કોઈપણ બે ગુણઠાણાઓ પર એક કે અનેક જીવો હોય શકે છે. એમ ક્યારેક ત્રણ વગેરે ગુણઠાણાઓ પર એક કે અનેક જીવો હોય શકે છે. આ બધા ભાંગાની વિચારણા કરવી.

જેટલા સાંતર ગુણઠાણાની વિચારણા કરવી હોય એટલા ત્રગડા સ્થાપી પરસ્પર ગુણી એક ઓછો કરીએ એટલા ભાંગા મળે.

દા.ત. દ્વિકસંયોગી ભાંગા કાઢવા હોય તો ૩ × ૩ - ૧ = ૮ ભાંગા આવે.

| ભાંગા નંબર | બીજું | ત્રીજું | ભાંગા નંબર | બીજું | ત્રીજું |
|---|---|---|---|---|---|
| ૧ | એક | ૦ | ૫ | એક | એક |
| ૨ | ૦ | એક | ૬ | એક | અનેક |
| ૩ | અનેક | ૦ | ૭ | અનેક | એક |
| ૪ | ૦ | અનેક | ૮ | અનેક | અનેક |

**સાન્તરગુણઠાણાઓનો અનેકજીવાપેક્ષયા નિરંતરકાળ**

★ ૨ જું — જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ P/a

★ ૩ જું — જઘ૦અન્તર્મુ૦ ઉત્કૃ૦ P/a

★ ૮/૯/૧૦/૧૧ — જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ અન્તર્મુ૦

★ ૧૨/૧૪ — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ અન્તર્મુ૦

(शैलेश्यवस्थायां च जघन्यत उत्कर्षतश्चान्तर्मुहूर्तं, नवरं जघन्यपदादुत्कृष्टं अधिकमवसेयं, अन्यथोभयपदोपन्यासायोगात् - **જીવાભિગમ**)

તેથી, ૧૪મા ગુણઠાણે એકી સાથે પ્રવેશેલા ૧૦૮ જીવો એકી સાથે મોક્ષે જાય કે જુદા-જુદા પણ જઈ શકે. એમ જુદા-જુદા સમયે પ્રવેશેલા ૧૦૮ જીવો એકી સાથે પણ મોક્ષે જઈ શકે.

**એક જીવાપેક્ષયા ગુણઠાણાઓનો કાળ -**

★ ૧ લું — અનાદિ - અનંત - અભવ્ય - જાતિભવ્યને
અનાદિ - સાન્ત - ભવ્યને
સાદિ - સાન્ત - સમ્યક્ત્વપતિતને

જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ દેશોન અર્ધ પુદ્‌ગલ પરાવર્ત.

(ક્ષેત્ર પુદ્‌ગલ પરા૦ કે કાળ પુદ્‌ગલપરાવર્ત સમજવો. ક્વચિત દ્રવ્ય પુદ્‌ગલ પરાવર્તનો પણ નિર્દેશ આવે છે.)

★ ૨ જું — જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ ૬ આવલિકા.

★ ૩ જું — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ અન્તર્મુ૦

★ ૪ થું — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ સાધિક ૩૩ સાગરો૦ પંચસંગ્રહ બીજું દ્વાર.
સાધિક ૬૬ સાગરો૦ — સપ્તતિકાભાષ્યવૃત્તિ.

(અનુત્તરમાં જનાર ૬/૭ ગુણઠાણેથી જાય છે. ૪ થે થી નહીં. વળી, એક ભવમાં શુદ્ધ સમ્યક્ત્વને આરાધનારાને પછીના દેવભવ બાદ ત્રીજા ભવે પ્રાયઃ કરીને વિરતિ પ્રાપ્ત થાય જ છે. તેથી સમ્યક્ત્વનો જે સાધિક ૬૬ સાગરો૦ કાળ છે તેમાં ૪/૫/૬/૭ ગુણઠાણા આવી જ જાય છે. એટલે માત્ર ૪ થા ગુણઠાણાનો કાળ સાધિક ૩૩ સાગરો૦ (અનુત્તરમાં ૩૩ +પછીના મનુષ્યભવમાં વિરતિ ન પામે ત્યાં સુધીનો કાળ) જાણવો. સાધિક ૬૬ સાગરોપમ વાળો મત ગૌણ જાણવો.)

★ ૫ મું — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ દેશોનપૂર્વક્રોડ

★ ૬/૭ — જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ અન્તર્મુ૦ (સમુદિત દેશોન પૂર્વ ક્રોડ)

★ ૮ થી ૧૧ — જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ અન્તર્મુ૦

★ ૧૨/૧૪ — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ અન્તર્મુ૦

★ ૧૩ - જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ દેશોનપૂર્વક્રોડ

(આમાં બીજા ગુણઠાણા સિવાયનો જઘન્ય એક સમયનો કાળ મરણ વ્યાઘાતે મળે છે એ જાણવું.)

**એકજીવાપેક્ષયા ગુણસ્થાનકપરાવૃત્તિ કાળ** - જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ ૨ સમય

ઉપશમસમ્યક્ત્વથી પડીને બીજે આવે, બીજા જ સમયે પહેલે જાય. ત્યારે બે સમય આવે. ઉત્તરોત્તર ત્રણ સમય સુધી ગુણસ્થાનક પરાવૃત્તિ થયા કરે આવું ક્યારેય બનતું નથી.

**તે તે ગુણઠાણાને નિરંતર પામવાનો અનેકજીવાપેક્ષયા કાળ-**

★ ૧ થી ૫ ગુણ — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ આવલિકા/a

★ ૬/૭ ગુણ — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ પરાવૃત્તિ અપેક્ષાએ સંખ્યાતા સમય.
નીચેથી પામનારા — ૮ સમય

[જે ભાવ અન્તર્મુ૦ કે અસંખ્ય સમય રહેતો હોય ને જેને સ્વીકારનારા તથા તે ભાવમાં રહેલા (પ્રતિપદ્યમાન અને પૂર્વપ્રતિપન્ન) જીવો સંખ્યાતા હોય તેવા બધા ભાવોને પામવાનો નિરંતરકાળ નાનાજીવાપેક્ષયા સંખ્યાતા સમય જ હોય. એમ જે ભાવને પામનારા જીવો P/a હોય એને નિરંતર પામવાનો કાળ આવલિકા /a હોય અને જે ભાવને પામનારા જીવો અસં૦ લોકપ્રમાણ હોય એને નિરંતર પામવાનો કાળ અનાદિ-અનંત હોય. અર્થાત્ એ ભાવના પ્રતિપદ્યમાનજીવો પણ હંમેશા મળે જ.]

★ ૮/૯/૧૦/૧૧ — સમયપૃથક્ત્વ.

★ ૮/૯/૧૦/૧૨/૧૩/૧૪ — ક્ષપકાપેક્ષયા ૮ સમય.

**અંતર**

**એકજીવ**

★ ૧ લું — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ સાધિક ૧૩૨ સાગરો૦ - **કર્મપ્રકૃતિચૂર્ણિ**
પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૧૩૨ સાગરો૦ - **વિશેષા૦ભા૦**

(આટલા કાળ બાદ કાં મિથ્યાત્વે આવે કાં અવશ્ય ક્ષાયિક સમ્ય૦ પામે.)

★ ૨ જું — જઘ૦ P/a ઉત્કૃ૦ દેશોન અર્ધપુદ્ગલપરા૦

(ઉપશમસમ્યક્ત્વથી પડતાં બીજે આવે. ત્યારબાદ સમ્ય૦ મિશ્રની ઉવેલના કરતાં P/a કાળ લાગે. પછી જ પુનઃ ઉપશમસમ્ય૦ પામે ને પડતાં બીજે આવી શકે. તેથી જઘ૦ P/a થી ઓછો કાળ ન આવે.)

પણ, શ્રેણિની અપેક્ષાએ જઘ૦ કાળ અન્તર્મુ. પણ આવે.

(બીજેથી ૧ લે આવી અન્તર્મુ૦માં ક્ષાયોપ૦ સમ્ય૦ પામે. પછી શ્રેણિ માટે

ઉપશમ સમ્ય૦ પામે - પડીને બીજે આવે. તો જઘ૦ કાળ અન્તર્મુ૦ મળે.)

[એક મતે ઉપશમશ્રેણિ પામવા માટે અનંતાનુબંધીની વિસંયોજના જ કરવી પડે છે. એટલે એ મતે શ્રેણિથી પડતા બીજું આવે નહીં. કારણ કે બીજા ગુણઠાણે આવવા માટે અનંતાનુબંધીનો ઉદય અવશ્ય જોઈએ છે. (એટલે જ સપ્તતિકામાં બીજે ગુણઠાણે મોહનીયના ૭/૮/૯ એમ ઉદયસ્થાન બતાવ્યા છે, પણ ૬ નું ઉદયસ્થાન બતાવ્યું નથી.) પણ શ્રેણિ માટે અનંતાનુબંધીની વિસંયોજના જ માનનારામાં આ એક મત એવો છે કે અન્ય કષાયોના તીવ્ર ઉદયથી પણ વિસંયોજક જીવ બીજે ગુણઠાણે આવી શકે છે. આનો ઉલ્લેખ કમ્મપયડીમાં છે. એટલે એ મતે પણ અનંતાનુબંધીની ઉપશમના માનનારના મતની જેમ શ્રેણીથી પડતા બીજું ગુણઠાણું આવી શકે છે. ને તેથી જઘ૦ અંતર અન્તર્મુ૦ મળી શકે છે એ જાણવું.]

★ ત્રીજું — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ દેશોન અર્ધ પુદ્૦ પરા૦

★ ચોથું — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ દેશોન અર્ધ પુદ્૦ પરા૦

મતાંતરે જઘ૦ ૧ સમય. (૪ થે થી સંયમ પામી બીજે સમયે કાળ કરી દેવલોકમાં ૪ થે ગુણઠાણે જાય ત્યાં અંતર ૧ સમય મળે.)

★ ૫ થી ૧૧ — જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ દેશોન અર્ધ પુદ્૦ પરા૦

★ ૧૨/૧૩/૧૪ — અંતર નથી.

**અનેક જીવાપેક્ષયા અંતર -**

★ ૧/૪/૫/૬/૭/૧૩ — અંતર નથી.

★ ૨/૩ — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ P/a

★ ૮/૯/૧૦/૧૨/૧૪ — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ ૬ મહિના.

★ ૧૧ — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ વર્ષ પૃથક્ત્વ

**ભાગ** ★ ૧ લે અનંતબહુભાગ ★ ૨ થી ૧૪ — અનંતમાભાગે...

**ભાવ** ★ ૧ લે — ઔદયિક... મિથ્યાત્વના ઉદયની પ્રધાનતાએ...

★ ૨જે — ઔદયિક... અનંતાનુ૦ના ઉદયની પ્રધાનતાએ.

(દર્શન મોહની સત્તા હોવા છતાં ઉદયમાં નથી એવા પ્રકારનો આત્મ પરિણામ હોવાથી કેટલાક પારિણામિક ભાવ પણ કહે છે. મુખ્યતયા ઔદયિક ભાવ જાણવો.)

★ ૩જે — ઔદયિક.. મિશ્રમોહનીયનો ઉદય હોવાથી... (મિથ્યાત્વમોહનીયની મંદતારૂપ પ્રકૃત્યન્તર થવાથી ને એ પ્રકૃતિનો તો ઉદય જ હોવાથી, તેમજ

સર્વઘાતી સ્પર્ધકો ઉદયમાં હોવાથી ઔદયિક છે. છતાં, મૂળમાં મિથ્યા૦ની મંદતા હોવાથી કથંચિત્ ક્ષાયોપશમિક કહી શકાય છે.)

★ ૪ થે — ઔદયિક.. (દર્શનમોહનીયના ઉપશમાદિ ૩ હોવા છતાં અપ્રત્યાખ્યાનાવરણનો ઉદય હોવાના કારણે અવિરતિ હોવાથી ઔદ૦ ભાવ કહેવાય છે. અહીં ઔદયિક ભાવ સમ્ય૦ મોહનીયના ઉદયના કારણે કહેવાની અપેક્ષા ન હોવાથી ક્ષાયિક૦ ઔપ૦ સમ્યક્ત્વીને પણ ઔદયિક ભાવ કહેવામાં કોઈ દોષ નથી. સમ્ય૦ મોહનીયના ઉદયથી નથી સમ્યક્ત્વ કે નથી અવિરતિ. માત્ર સમ્ય૦ના અતિચાર લાગે છે. તેથી એના ઉદયની વિવક્ષા નથી. ટૂંકમાં, અવિરતિને નજરમાં લઈએ તો અપ્રત્યા૦નો ઉદય હોવાથી ઔદયિકભાવ.. સમ્યક્ત્વને નજરમાં લઈએ તો દર્શનમોહનીયના ઉપશમાદિ હોવાથી ઔપશમિકાદિભાવ જાણવા જોઈએ.)

★ ૫ થી ૧૦ — ક્ષાયોપશમિક... ૮/૯/૧૦ ગુણઠાણાઓમાં મોહનીયનો સર્વથા ક્ષય કે ઉપશમ ન હોવાથી અને તેથી કષાયનો ઉદય ચાલુ હોવાથી ક્ષાયોપશમિક ભાવ જ જાણવો, ક્ષાયિક કે ઔપશમિક નહીં... પણ ભાવિનો ઉપચાર કરીએ તો ૮/૯/૧૦માં ક્ષાયિક કે ઔપશમિક ભાવ કહી શકાય.

★ ૧૧ મે — ઔપશમિક. ★ ૧૨/૧૩/૧૪ મે — ક્ષાયિક.

(જો કે ૫ થી ૧૪ ગુણઠાણે કર્મનો ઉદય ચાલુ જ હોવાથી ઔદયિકભાવ કહી શકાય છે. છતાં તે તે દરેક ગુણઠાણાના વ્યપદેશમાં ઔદયિકભાવ કારણરૂપ ન હોવાથી ઔદયિકભાવ કહેવાતો નથી.)

**અન્ય રીતે ભાવ** - ભાવ એટલે વસ્તુનો પરિણામ. દરેક ભાવો તે તે દ્રવ્યના પરિણામ સ્વરૂપ હોવાથી પારિણામિકભાવમાં જ સમાવેશ પામી જાય છે. છતાં કર્મની ઉપાધિના કારણે ઔદયિકાદિ ૪ ભાવો કહેવાય છે. કર્મના ઉદય, ક્ષયોપશમ, ઉપશમ અને ક્ષયથી થતાં આત્મપરિણામો ક્રમશઃ ઔદયિક, ક્ષાયોપશમિક, ઔપશમિક અને ક્ષાયિકભાવ કહેવાય છે. કર્મોદયથી પુદ્ગલમાં થતા પરિણામને પણ ઔદયિક ભાવ કહેવાય છે. જે ભાવો કર્મના ઉદયાદિ ૪ ના કારણે થયા ન હોય તેવા છએ દ્રવ્યના સર્વ પરિણામોનો પારિણામિક ભાવમાં સમાવેશ થાય છે. માટે પારિણામિક ભાવના પણ સાદિ-અનાદિ એમ બે પ્રકાર જાણવા.

**અલ્પબહુત્વ**

| | | |
|---|---|---|
| ૧૧ મે | - અલ્પ. (૫૪) | |
| ૧૨/૧૪ | - s (દ્વિગુણ) (૧૦૮) | |
| ૮/૯/૧૦ | - V | |
| ૧૩ | - s | |
| ૭ | - s | |
| ૬ | - s | |
| ૫ | - a | |
| ૨ | - a | |
| ૩ | - s | |
| ૪ | - a | |
| સિદ્ધ | - A | |
| ૧ | - A | |

(અલ્પબહુત્વમાં જે કહેવાય તે ઉત્કૃષ્ટપદે સમજવું. એટલે જે કાળે ૧૧ મે ૫૪ હોય એ સમયે ૧૨ મે ૧૦૮ હોય જ એવો નિયમ ન બાંધવો. પણ જ્યારે ૧૨મે ઉત્કૃષ્ટ સંખ્યા પ્રવેશ પામે ત્યારે એ ૧૦૮ જાણવા. એમ "જે સમયે જેટલા મોક્ષે જાય એ સમયે એટલા કેવલી થાય જ ને તેથી અલ્પબહુત્વમાં કહેલી કેવલીની સંખ્યા જળવાઈ જ રહે" એવો નિયમ ન બાંધવો. આ કહેલી સંખ્યા ઉત્કૃષ્ટ હોય છે એટલું જ સમજવું. મધ્યમ સંખ્યામાં ફેરફાર થયા કરે..૧૨/૧૪ મે સંચિત થયેલા જીવોની ઉત્કૃષ્ટ સંખ્યા શતપૃથક્ત્વ જાણવી.)

(બીજા કરતા ત્રીજાવાળા a, ને ત્રીજાવાળા કરતાં ચોથાવાળા a એમ પ્રાચીન કર્મગ્રન્થમાં સ્પષ્ટ છે. નવ્યકર્મગ્રન્થમાં પણ તેમજ છે. પણ અન્યત્ર માર્ગણાઓના અલ્પબહુત્વમાં, સાસ્વાદન કરતાં ઉપશમસમ્યક્ત્વી s, તેના કરતાં મિશ્રદૃષ્ટિ s, અને તેના કરતાં ક્ષાયોપ૦ સમ્યક્ત્વી a કહ્યા છે. ત્યાં પ્રાચીન ચોથા કર્મગ્રન્થની ૬૩મી ગાથાની શ્રી **રામદેવગણીની વૃત્તિમાં** જણાવ્યું છે કે - जं पुण उवरि सासायणाहिंतो मिस्सा असंखगुणिया भणिया तं गंथंतरमएण संभाविज्जइ। ષટ્ખંડાગમમાં s નો પાઠ છે. માટે આમાં બે મત જાણવા. શાસ્ત્રોમાં લગભગ બધે પૂર્વપદથી ઉત્તરપદમાં વચ્ચે s ના અનેક પદ આવે તો છેલ્લું પદ પ્રથમ પદની અપેક્ષાએ પણ s જ હોય, a ન થાય. તેથી શ્રી રામદેવ-ગણીએ સાસ્વાદન કરતાં મિશ્રવાળા s કહ્યા છે, a નહીં. આ બન્ને મતમાંથી હેતુથી કોઈ નિર્ણય થઈ શકતો નથી. કારણ કે બીજાના કાળ કરતાં ત્રીજાનો કાળ s છે. જ્યારે બીજું પામવાની યોગ્યતાવાળા કરતાં ત્રીજું પામવાની યોગ્યતાવાળા a છે. તેથી કાળની પ્રધાનતાએ s ને સંક્રામક જીવોની અપેક્ષાએ a હોય શકે. એટલે ત્રણ ગતિમાં બીજાવાળા કરતાં ત્રીજાવાળા માટે s ને a એમ બે મત જાણવા. મનુષ્યમાં તો અસંખ્યાતગુણ સંભવતા જ નથી.)

સંસારી જીવોના અનેક અપેક્ષાઓથી અનેક ભેદ પડે છે. પરંતુ અહીં સૂક્ષ્મ રીતે સમજવા માટે ગત્યાદિ માર્ગણાની અપેક્ષાએ ૧૭૪ ભેદ પાડવામાં આવે છે.

## મૂળ માર્ગણા ૧૪

ગતિ-ઇન્દ્રિય-કાય-યોગ-વેદ-કષાય-જ્ઞાન-
સંયમ-દર્શન-લેશ્યા-ભવ્ય-સમ્યક્ત્વ-સંજ્ઞી-આહારી

**(૧) ગતિ માર્ગણા : નરક ગતિ** ૧ નરક સામાન્ય + ૭ નરકની ૭ = ૮

| **તિર્યંચગતિ** | **મનુષ્યગતિ.** | **દેવગતિ** |
|---|---|---|
| તિર્યંચ સામાન્ય — એકે૦થી પંચે૦ | મનુષ્ય સામાન્ય. | ભવનપતિ. |
| પંચે૦ તિર્યંચ સામાન્ય. | પર્યાપ્ત મનુષ્ય. | વ્યંતર. |
| અપર્યા૦ પંચે૦ તિર્યંચ | મનુષ્ય સ્ત્રી. | જ્યોતિષ. |
| પર્યા૦ પંચે૦ તિર્યંચ. | અપર્યા૦ મનુષ્ય. | ૧૨ દેવલોક. |
| પંચે૦ તિર્યંચ સ્ત્રી. | = ૪ | ૯ ગ્રૈવેયક |
| = ૫ | | ૫ અનુત્તર. |
| | | દેવ સામાન્ય. |
| | | = ૩૦ |

આમ, ગતિમાર્ગણાની કુલ **૪૭** પેટા માર્ગણા જાણવી.

**(૨) ઇન્દ્રિય માર્ગણા.**

| | | |
|---|---|---|
| એકે૦ સામાન્ય. | બેઇ૦ સામાન્ય. | આ જ રીતે |
| સૂક્ષ્મ એકે૦ સામાન્ય. | બેઇ૦ પર્યાપ્ત. | તેઈ૦ ચઉ૦ પંચે૦ના |
| સૂક્ષ્મ એકે૦ પર્યાપ્તા. | બેઇ૦ અપર્યા૦ | ૩/૩ ભેદ. |
| સૂક્ષ્મ એકે૦ અપર્યા. | = ૩ | |
| બાદર એકે૦ સામાન્ય. | | |
| બાદર એકે૦ પર્યા. | આમ, ઇન્દ્રિય માર્ગણાની | |
| બાદર એકે૦ અપર્યા. | કુલ **૧૯** પેટા માર્ગણા જાણવી. | |

તેથી એકેન્દ્રિયની કુલ ૭ માર્ગણા થઈ.

**(૩) કાય માર્ગણા**

| | |
|---|---|
| પૃથ્વીકાય | પ્રત્યેક વન૦ સામાન્ય. |
| અપ્કાય | પ્રત્યેક વન૦ પર્યાપ્ત. |
| તેઉકાય | પ્રત્યેક વન૦ અપર્યાપ્ત. |
| વાઉકાય | વન૦ સામાન્ય. |
| સાધારણ વનસ્પતિકાય. | ત્રસકાય સામાન્ય |
| | ત્રસકાય પર્યાપ્ત. |
| | ત્રસકાય અપર્યાપ્ત. |

આમ કાય માર્ગણાની કુલ **૪૨** પેટા માર્ગણા થઈ.

### (૪) યોગ માર્ગણા

| | | |
|---|---|---|
| મનોયોગ સામાન્ય. | વચનયોગ સામાન્ય | કાયયોગ સામાન્ય |
| સત્ય૦ અસત્ય૦ | સત્ય૦ અસત્ય૦ | ઔદારિકાદિ૩ કાયયોગ |
| મિશ્ર૦ વ્યવહાર | મિશ્ર૦ વ્યવહાર. | ઔદારિકાદિ મિશ્ર૩ કાયયોગ. |
| તેથી મનોયોગની | એમ વચનયોગની ૫ | કાર્મણ કાયયોગ. |
| ૫ માર્ગણાઓ | માર્ગણાઓ | તેથી કાયયોગની ૮ માર્ગણાઓ. |

આમ યોગમાર્ગણાની કુલ **૧૮** પેટા માર્ગણા થઈ.

| **(૫) વેદ માર્ગણા** | **(૬) કષાય માર્ગણા** | **(૭) જ્ઞાન માર્ગણા** | **(૮) સંયમ માર્ગણા** |
|---|---|---|---|
| પુંવેદ. | ક્રોધ. | મતિ૦ શ્રુત૦ | સંયમ સામાન્ય. |
| સ્ત્રીવેદ. | માન. | અવધિ૦ | સામાયિક. |
| નપું૦ વેદ | માયા. | મનઃ પર્યવ૦ | છેદો૦ પરિહાર૦ |
| અવેદ. | લોભ. | કેવળજ્ઞાન. | સૂક્ષ્મ સંપરાય. |
| = **૪** પેટા માર્ગણા | અકષાય. | મત્યાદિ **૩** | યથાખ્યાત. |
| | = **૫** પેટા માર્ગણા | અજ્ઞાન | દેશવિરતિ. |
| | | = **૮** પેટા માર્ગણા | અવિરતિ. |
| | | | = **૮** પેટા માર્ગણા |

| **(૯) દર્શન માર્ગણા** | **(૧૦) લેશ્યા માર્ગણા.** | **(૧૧) ભવ્ય માર્ગણા** |
|---|---|---|
| ચક્ષુ૦ અચક્ષુ૦ | કૃષ્ણ૦ નીલ૦ કાપોત૦ | ભવ્ય. |
| અવધિ૦ કેવલદર્શન. | તેજો૦ પદ્મ૦ શુક્લ. | અભવ્ય. |
| = **૪** પેટા માર્ગણા | = **૬** પેટા માર્ગણા | = **૨** પેટા માર્ગણા |

| **(૧૨) સમ્યક્ત્વ માર્ગણા.** | **(૧૩) સંજ્ઞી માર્ગણા** | **(૧૪) આહારી માર્ગણા.** |
|---|---|---|
| સમ્યક્ત્વ સામાન્ય, ક્ષાયિક, | સંજ્ઞી. | આહારી. |
| ક્ષાયોપશમિક, ઔપશમિક, | અસંજ્ઞી. | અણાહારી. |
| મિશ્ર, સાસ્વાદન, મિથ્યાત્વ. | = **૨** પેટા માર્ગણા | = **૨** પેટા માર્ગણા. |
| = **૭** પેટા માર્ગણા | | |

એટલે ૧૪ મૂળ માર્ગણાઓની કુલ **૧૭૪** પેટા માર્ગણા થઈ.

[illegible]

★ ગતિ : ગતિ નામકર્મના ઉદયથી.

★ ઇન્દ્રિય : એકેન્દ્રિયાદિ નામકર્મના ઉદયથી.

★ કાયઃ પૃથ્વ્યાદિકાય નામકર્મના ઉદયથી

(પૃથ્વીકાયનામકર્મ વગેરે ઇન્દ્રિય નામ કર્મના અવાન્તર ભેદરૂપ છે.)

★ યોગ : શરીર નામકર્મના ઉદયથી.

★ વેદ : આકૃતિ રૂપવેદ — નામકર્મના ઉદયથી.

વાસનાજન્ય વેદ — મોહનીયના ઉદયથી

★ કષાય : કષાય મોહનીયના ઉદયથી.

★ જ્ઞાન : જ્ઞાનાવરણના ક્ષય-ક્ષયોપશમથી.

★ સંયમ : ચારિત્રમોહ૦ના ક્ષય-ક્ષયોપશમ-ઉપશમથી

અસંયમ-ચારિત્રમોહ૦ના ઉદયથી.

★ દર્શન : દર્શનાવરણના ક્ષય-ક્ષયોપશમથી

★ લેશ્યા : અષ્ટકર્મના ઉદયથી.

★ ભવ્ય : પારિણામિક ભાવથી.

★ સમ્યક્ત્વ : દર્શનમોહ૦ના ઉપશમ-ક્ષયોપશમ કે ક્ષયથી.

★ મિશ્ર : મિશ્રની અપેક્ષાએ ઔદયિક ભાવ. મિથ્યા૦ની અપેક્ષાએ ક્ષાયોપશમિક ભાવ.

★ સાસ્વાદન : અનંતાનુ૦ ના ઉદયથી.

★ મિથ્યાત્વ : મિથ્યાત્વ મોહ૦ના ઉદયથી.

★ સંજ્ઞી : ક્ષાયોપશમિક ભાવથી. ★ અસંજ્ઞી : કર્મના ઉદયથી.

(સંજ્ઞી માર્ગણા મનના અવગ્રહ-ઈહા-અપાય-ધારણારૂપ મતિજ્ઞાનના ક્ષયોપશમ રૂપ જાણવી.)

★ આહારી : ઔદયિક ભાવથી. અણાહારી - સિદ્ધાપેક્ષયા ક્ષાયિક ભાવથી. વિગ્રહગત્યપેક્ષયા આનુપૂર્વીના ઉદયથી.

## નરકગતિ માર્ગણા

### [illegible]

નરકગતિ છે. આ રત્નપ્રભાપૃથ્વીમાં પ્રથમ નરકના નરકાવાસો છે. એની નીચે એક રાજ બાદ બીજી પૃથ્વી આવે છે. એમાં બીજી નરકના નરકાવાસો છે. એમ એક-એક રાજના આંતરે કુલ સાત પૃથ્વીઓમાં સાત નરકના જીવો રહેલા છે. સાતમી પૃથ્વી તિર્ચ્છાલોકથી ૬ રાજના અંતરે અને નીચેના લોકાન્તથી એક

રાજ ઉપર આવેલી છે. આ પ્રસિદ્ધ મત છે.

અન્ય મતે સાતમી પૃથ્વી નીચેના લોકાન્તથી માત્ર ૧૬ યોજન ઉપર છે. પહેલી અને સાતમી પૃથ્વીના વચલા ભાગમાં બીજી વગેરે પૃથ્વીઓ છે. આ મત શ્રી તત્ત્વાર્થસૂત્રમાં બતાવેલો છે.

સાતે પૃથ્વીઓ જ્યાં રહી છે ત્યાં ત્રણ વલયો સહિત લોકાન્તને સ્પર્શે છે. તેથી પૃથ્વીઓ જ્યાં રહી હોય ત્યાં લોકનો જેટલો વ્યાસ હોય એટલો તે તે પૃથ્વીનો (વલયો સહિતનો) વ્યાસ જાણવો. પણ એ પૃથ્વીમાં નરકાવાસો માત્ર ત્રસનાડીની અંદર જાણવા. બધા નરકાવાસોનું ભેગું ક્ષેત્ર પણ તિર્યક્ પ્રતરરાજનો અસં૦મો ભાગ છે.

* સાતે નરકમાં ૧ થી ૪ ગુણઠાણા હોય છે.

## દ્રવ્યપ્રમાણ

| માર્ગણા | દ્રવ્યપ્રમાણ |
|---|---|
| નરક સામાન્ય | અંગુલનું પહેલું × બીજું વર્ગમૂળ જેટલી શ્રેણિઓ |
| ૧લી નરક | અંગુલનું પહેલું × બીજું વર્ગમૂળ જેટલી શ્રેણિઓ |
| બીજી નરક | સૂચિશ્રેણિ ÷ એનું ૧૨મું વર્ગમૂળ |
| ત્રીજી નરક | સૂચિશ્રેણિ ÷ એનું ૧૦મું વર્ગમૂળ |
| ચોથી નરક | સૂચિશ્રેણિ ÷ એનું ૮મું વર્ગમૂળ |
| પાંચમી નરક | સૂચિશ્રેણિ ÷ એનું ૬ઠ્ઠું વર્ગમૂળ |
| છઠ્ઠી નરક | સૂચિશ્રેણિ ÷ એનું ત્રીજું વર્ગમૂળ |
| સાતમી નરક | સૂચિશ્રેણિ ÷ એનું બીજું વર્ગમૂળ |

સાતે નરકમાં તથા ૫-૬-૭-૮મા દેવલોકમાં પૂર્વ-પશ્ચિમ-ઉત્તર દિશાના દેવો કરતાં દક્ષિણ દિશામાં અસંખ્યગુણા દેવો જાણવા. ભવન૦, વ્યંતર, જ્યોતિષ તથા ૯મા દેવલોકની ઉપર ચારે દિશામાં લગભગ સરખા દેવો હોય છે. ૧ થી ૪ દેવલોકમાં ૧લા, ત્રીજા દેવલોકવાળા મુખ્યતયા દક્ષિણમાં અને બીજા, ચોથા દેવલોકવાળા દેવો મુખ્યતયા ઉત્તરમાં હોય છે. તેથી ઉત્તરદિશાના દેવો કરતાં દક્ષિણમાં સંખ્યાતગુણા દેવો જાણવા.

| | |
|---|---|
| ★ નરક સામાન્ય<br>★ ૧લી નરક | અંગુલનું પ્રથમ વર્ગમૂળ × બીજું વર્ગમૂળ = જેટલા આકાશપ્રદેશ થાય એટલી સૂચિશ્રેણિના આકાશપ્રદેશ જેટલા. (પન્નવણા, અનુયોગદ્વાર તથા જીવસમાસ) |

આ જ વાતને બીજી રીતે કહેવી હોય તો સૂચિઅંગુલના બીજા વર્ગમૂળનો ઘન કરવાથી જે જવાબ આવે એટલી સૂચિશ્રેણિના આકાશપ્રદેશ જેટલા. **અથવા**

અંગુલ × અંગુલનું પ્રથમ વર્ગમૂળ = જેટલા આકાશપ્રદેશ આવે એટલી સૂચિશ્રેણિના આકાશપ્રદેશ જેટલા. (આ **પંચસંગ્રહનો** મત છે.)

**લોકપ્રકાશમાં** ૧લું વર્ગમૂળ × ૩જું વર્ગમૂળ કરવાનું કહ્યું છે પણ એ અશુદ્ધિ જાણવી. ત્યાં પણ પન્નવણાનુસાર ૧લું વર્ગમૂળ × ૨જું વર્ગમૂળ જોઈએ.

(જીવની ગણતરીમાં જ્યાં સૂચિઅંગુલ આવે ત્યાં એ ઉત્સેધાંગુલ જાણવું. ૧ આકાશ પ્રદેશ પહોળાઈ-જાડાઈવાળી ને ૭ રાજ ઊંચી શ્રેણિ એ સૂચિશ્રેણિ છે.)

ધારો કે સૂચિઅંગુલ = ૨૫૬, તો

**પન્નવણાના મતે** - ૨૫૬નું પ્રથમ વર્ગમૂળ = ૧૬ ને બીજું વર્ગમૂળ = ૪.

તેથી ૧૬ × ૪ = ૬૪ સૂચિશ્રેણિના આકાશ પ્રદેશ જેટલા નારકી જાણવા.

**પંચસંગ્રહના મતે** - ૨૫૬ × ૧૬ = ૪૦૯૬ સૂચિશ્રેણિના આકાશપ્રદેશ જેટલા નારકી જાણવા.

વળી, પંચસંગ્રહના મતે ભવનપતિના દેવો અંગુલનું પ્રથમ વર્ગમૂળ × બીજું વર્ગમૂળ જેટલી શ્રેણિના એટલે કે ૧૬ × ૪ = ૬૪ સૂચિ શ્રેણિના પ્રદેશો જેટલા છે. અર્થાત્ પ્રથમ નારકી કરતાં અસંખ્યાતમાં ભાગે છે. તેથી બધા પરમાધામીઓ અસંખ્ય-અસંખ્યરૂપ કરીને નારકીઓને પીડા આપે તો પણ અસંખ્યબહુભાગ નારકીઓ પીડા વિનાના રહી જાય. વળી પરમાધામી દેવો અસંખ્યરૂપ કરવા સમર્થ પણ નથી.

★ બીજી નારક : સૂચિશ્રેણિને પોતાના બારમા વર્ગમૂળથી ભાગતા જે જવાબ આવે એટલા બીજી નરકના જીવો જાણવા **અથવા** આ જ વાત બીજી રીતે કહીએ તો સૂચિશ્રેણિના પ્રથમ, દ્વિતીય, તૃતીય, એમ યાવત્ બારમા વર્ગમૂળને પરસ્પર ગુણવાથી જે જવાબ આવે તેટલા જાણવા.

ધારોકે સૂચિશ્રેણિ = સૂ = એકડા પર ૪૦૯૬ મીંડા જેટલી રકમ છે.

એટલે કે સૂ = $૧૦^{૪૦૯૬}$. તેથી એનું પ્રથમ વર્ગમૂળ = $૧૦^{૨૦૪૮}$

બીજું વર્ગમૂળ = $૧૦^{૧૦૨૪}$

ત્રીજું વર્ગમૂળ = $૧૦^{૫૧૨}$ એમ ચોથા વગેરે વર્ગમૂળ ક્રમશઃ $૧૦^{૨૫૬}$, $૧૦^{૧૨૮}$, $૧૦^{૬૪}$, $૧૦^{૩૨}$, $૧૦^{૧૬}$, $૧૦^{૮}$, $૧૦^{૪}$, $૧૦^{૨}$, $૧૦^{૧}$. એમ થશે. એટલે કે ૧૦ એ બારમું વર્ગમૂળ છે.

આ બધાનો પરસ્પર ગુણાકાર કરવાથી, $૧૦^{૨૦૪૮}$ × $૧૦^{૧૦૨૪}$ × $૧૦^{૫૧૨}$ × $૧૦^{૨૫૬}$ × $૧૦^{૧૨૮}$ × $૧૦^{૬૪}$ × $૧૦^{૩૨}$ × $૧૦^{૧૬}$ × $૧૦^{૮}$ × $૧૦^{૪}$ × $૧૦^{૨}$ , $૧૦^{૧}$ = $૧૦^{૪૦૯૫}$ જવાબ આવશે.

સૂ $૧૦^{૪૦૯૬}$ ને એનું બારમું વર્ગમૂળ = ૧૦ વડે ભાગવાથી પણ આ જ

જવાબ આવે છે. તેથી $૧૦^{૪૦૯૫}$ જેટલા બીજી નારકીના જીવો જાણવા જો સૂ = $૧૦^{૪૦૯૬}$ હોય તો.

**★ ૩ થી ૭ નરકના જીવો -**

સૂચિશ્રેણિને પોતાના ૧૦મા, ૮મા, છઠ્ઠા, ત્રીજા અને બીજા વર્ગમૂળે ભાગવાથી જે જવાબો આવે એટલા ક્રમશઃ ત્રીજી વગેરે નારકીના જીવો જાણવા.

**અથવા** આને જ બીજી રીતે કહીએ તો સૂચિશ્રેણિના પ્રથમ, દ્વિતીય, યાવત્ દશમાં વર્ગમૂળને પરસ્પર ગુણવાથી ત્રીજી નારકીના, એમ યાવત્ ૮માં, છઠ્ઠા, ત્રીજા અને બીજા વર્ગમૂળને ગુણવાથી ચારથી ૭ નારકીના જીવો આવે.

એટલે કે જો સૂ = $૧૦^{૪૦૯૬}$ હોય તો,

ત્રીજી નારક = સૂ ÷ સૂનું ૧૦મું વર્ગમૂળ

= $૧૦^{૪૦૯૬} \div ૧૦$

= $૧૦^{૪૦૯૨}$

અથવા $સૂ^{૧/૨} \times સૂ^{૧/૪} \times સૂ^{૧/૮} \times સૂ^{૧/૧૬} \times સૂ^{૧/૩૨} \times સૂ^{૧/૬૪} \times સૂ^{૧/૧૨૮} \times સૂ^{૧/૨૫૬} \times સૂ^{૧/૫૧૨} \times સૂ^{૧/૧૦૨૪}$ આમ પ્રથમાદિ દશ વર્ગમૂળના પરસ્પર ગુણાકાર જેટલા ત્રીજી નારકીના જીવો હોવાથી એ રકમ, $૧૦^{૨૦૪૮} \times ૧૦^{૧૦૨૪} \times ૧૦^{૫૧૨} \times ૧૦^{૨૫૬} \times ૧૦^{૧૨૮} \times ૧૦^{૬૪} \times ૧૦^{૩૨} \times ૧૦^{૧૬} \times ૧૦^{૮} \times ૧૦^{૪} = ૧૦^{૪૦૯૨}$ જેટલા ત્રીજી નારકીના જીવો થશે.

એમ ચોથી નારકના સૂ ÷ સૂનું ૮મું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} \div ૧૦^{૧૬} = ૧૦^{૪૦૮૦}$

૫મી નારકના સૂ ÷ સૂનું છઠ્ઠું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} \div ૧૦^{૬૪} = ૧૦^{૪૦૩૨}$

છઠ્ઠી નારકના સૂ ÷ સૂનું ત્રીજું વર્ગમૂળ = $૧૦^{૧૦૯૬} \div ૧૦^{૫૧૨} = ૧૦^{૩૫૮૪}$

૭મી નારકના સૂ ÷ સૂનું બીજું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} \div ૧૦^{૧૦૨૪} = ૧૦^{૩૦૭૨}$

**પ્રતિપદ્યમાન જીવો :** તે તે નરકમાં ઉત્પન્ન થતા હોય તો જઘન્યથી ૧-૨ જીવો મળે ને ઉત્કૃષ્ટ થી કેટલા મળે ? તો કે સામાન્યથી આ રીતે વિચારવું -

તે તે માર્ગણામાં, કુલ જીવો ÷ તે તે માર્ગણાનો અવસ્થાનકાળ... આટલા જીવો સામાન્ય રીતે એ માર્ગણામાં નવા આવી શકે કે એ માર્ગણામાંથી બહાર નીકળી શકે. તેથી, પ્રથમ નરકમાં, સૂચિઅંગુલનું પ્રથમ વર્ગમૂળ × બીજું વર્ગમૂળ ÷ ૧ સાગરો○ આટલી શ્રેણિના પ્રદેશો જેટલા જીવો **પન્નવણાના મતે** સામાન્યથી ઉપપાત - ચ્યવનમાં મળે.

**પંચસંગ્રહના મતે** - સૂચિઅંગુલ × ૧લું વર્ગમૂળ ÷ ૧ સાગરો○ = સૂચિઅંગુલ × અસંખ્ય બીજું વર્ગમૂળ... આટલી શ્રેણિના પ્રદેશો જેટલા પ્રતિપદ્યમાન હોય.

આ જ રીતે બીજી નરક વગેરેમાં જાણવું. એ રકમો સૂચિશ્રેણિના **પ્રથમ** વર્ગમૂળ કરતાં અસંખ્યગુણ જાણવી.

સામાન્યથી પ્રતિસમય અસંખ્ય જીવો બહુધા ઉત્પન્ન થતા ને ચ્યવતા હોય છે. નિરંતર ઉત્પત્તિ કે નિરંતર ચ્યવન થાય તો આવલિકા/a સુધી થાય. પછી અવશ્ય અંતર પડે છે.

★ **ગુણઠાણામાં દ્રવ્ય પ્રમાણ** : સાતેય નરકમાં ૧લે ગુણ૦ — ઉપરવત્.

૨/૩/૪ ગુણ — P/a

★ **પ્રતિપદ્યમાન** : ૧/૨/૩/૪ ગુણ.માં જઘ૦ ૧/૨. ઉત્કૃ૦ P/a

★ **નરકમાં ગુણ૦ લઈને આવતા જીવો.** ૧લે — ઉપરવત્ (પ્રતિપદ્યમાનવત્)

૨ જે — કોઈ નહિ. (નરકાનુપૂર્વીનો બીજે ઉદય નથી)

૩ જે — કોઈ નહિ. (ત્રીજે ગુણઠાણે જીવો મરતા જ નથી.)

૪ થે — સંખ્યાતા (ફક્ત મનુ૦માંથી જ આવે છે. આ જીવો **જીવસમાસ** ના મતે ૧લી નરકમાં. **પંચસંગ્રહના** મતે ૧/૨/૩ નરકમાં, અને **ભગવતીજીના** મતે ૧ થી ૬ નરકમાં ઉત્પન્ન થાય છે.)

(**કાર્મગ્રંથિક મતે** તિર્યંચો સમકિત લઈને દેવ સિવાય બીજે ક્યાંય ઉત્પન્ન થતા નથી. તેથી નરકમાં ૪થું લઈને આવનારા મનુષ્યો જ હોવાથી સંખ્યાતા જ ઉત્પન્ન થાય છે.

★ જે મતે ક્ષાયિક સમ્યક્ત્વ પ્રથમ નરકમાં જ છે તે મતે કૃષ્ણને ક્ષાયિક સમ્યક્ત્વ ન મનાય. શ્રી વીર વિજય મ૦ના પ્રશ્નોત્તરમાં કૃષ્ણને ક્ષયોપશમ સમકિત બતાવ્યું છે.

★ મોહનીયની ૨૮ની કે ૨૪ની સત્તાવાળો જીવ ક્ષયોપશમ સમકિત લઈને નરકમાં જતો નથી.

★ સિદ્ધાંત મતે ૬ઠ્ઠી નરક સુધી ક્ષયોપશમ સમકિત લઈને જઈ શકે છે. જ્યારે કાર્મગ્રંથિક મતે ક્ષયોપશમ સમકિત વમીને જ નરકમાં જઈ શકાય છે.)

## ક્ષેત્ર

સાતેય નરકમાં — એક/અનેક જીવ.

ઘનરાજથી — L/a

સૂચિરાજ : નરક સામાન્યમાં — ૬ રાજ.

૭/૬/૫/૪/૩/૨/૧ નરકમાં — અનુક્રમે ૬/૫/૪/૩/૨/૧ રાજ/L/a

## સ્પર્શના

★ **ઘનરાજ.** એક — અનેક જીવાપેક્ષયા —

**સ્વસ્થાનથી** - L/a

**ઉપપાત-સમુદ્‌૰થી** - ક્રમશઃ L/a, ૧,૨,૩,૪,૫,૬ રાજ.

★ **સૂચિરાજ :** એક/ અનેક જીવાપેક્ષયા — ઘનસજવત્

★ **ગુણસ્થાનકમાં - અનેકજીવ ઘનરાજ** ★ ૧લે — ઉપરવત્

★ બીજે — નરક સામાન્ય — ૧૫ રાજ

૧ થી ૬ નરક — L/a, ૧,૨,૩,૪,૫ રાજ.

૭મી નરક : L/a.

(૧) નરકમાં સાસ્વાદન લઈને કોઈ આવે નહીં. પણ છઠ્ઠી નરકથી તિર્યંચમાં આવતા પૂર્વે મરણસમુદ્ઘાતમાં સાસ્વાદન હોય. તથા સાસ્વાદન લઈને ઈલિકાગતિથી પણ તિર્યંચમાં ઉત્પન્ન થાય. આ બન્ને અપેક્ષાએ અધોલોકના ૫ રાજ મળે. ૭મીથી સાસ્વાદન લઈને ક્યાંય જવાતું નથી. માટે આ રીતે સ્પર્શના ન મળવાના કારણે L/a જ આવે.

★ **ત્રીજે ગુણઠાણે :** આઠેય ભેદમાં L/a. (મરણ ન હોવાથી માત્ર સ્વસ્થાનાપેક્ષયા.)

★ **૪થે ગુણઠાણે** - [2]L/a

(૨) સ્વસ્થાન તિર્યક્ પ્રતર/a છે. પરસ્થાન મનુષ્યક્ષેત્ર પણ તિર્યક્ પ્રતર/a છે. તેથી બન્ને વચ્ચે અંતર ઘણું હોવા છતાં ૪થે ગુણઠાણે ઘનરાજથી L/a જ આવે. આ વાત ૧ થી ૬ નરક માટે. ૭મીમાં તો ૪થે મરણ કે મરણસમુદ્ઘાત જ ન હોવાથી સ્વસ્થાનક્ષેત્ર L/a જ હોય.

આમ સાતેય નરકમાં ત્રીજા-ચોથા ગુણઠાણે અનેક જીવાપેક્ષયા પણ સ્પર્શના તિર્ચ્છાઈ. અસંખ્યાતમા ભાગ જેટલી તથા મનુષ્યલોક કરતાં અસંખ્યગુણ હોય છે. બીજે ગુણઠાણે અનેક જીવ-ઘનરાજથી ૫ વગેરે ઘનરાજ આવે. તેથી એ તિર્ચ્છાલોક કરતાં અસંખ્યગુણ થાય.

★ **એકજીવ ઘનરાજ :** ૧લે — L/a, ૧,૨,૩,૪,૫,૬ રાજ.

૨ થી ૪ — [3]L/a.

(૩) એક જીવ બીજું વગેરે ગુણઠાણું આખા ભવચક્રમાં અસંખ્યવાર જ પામી શકે છે. એટલે નરકમાં હોય, બીજું ગુણઠાણું હોય અને સમુદ્ઘાત કરે. આવું જેટલી અસંખ્યવાર બને એ બધી વખતના દંડોનું તિર્ચ્છાઈમાં કુલ ક્ષેત્ર પ્રતર રાજના અસંખ્યાતમાં ભાગ જેટલું જ થતું હોવાથી સ્પર્શના L/a જ આવે છે.

★ **એકજીવ સૂચિરાજ** - ★ ૧લે — L/a, ૧,૨,૩,૪,૫,૬ રાજ.

★ ૨જે — L/a, ૧,૨,૩,૪,૫, L/a.

★ ૩જે - બધે L/a.

★ ૪થે - L/a, ૧,૨,૩,૪,

**કાળ**

જઘન્યકાળક્રમશઃ — ૧૦૦૦૦ વર્ષ, ૧,૩,૭,૧૦,૧૭,૨૨ સાગરો૦

ઉત્કૃષ્ટકાળ ક્રમશઃ — ૧,૩,૭,૧૦,૧૭,૨૨,૩૩ સાગરો૦

**ભગવતી સૂત્રમાં** ત્રણ પ્રકારનો કાળ બતાવ્યો છે.

**અશૂન્યકાળ :** વિવક્ષિત સમયે નરકમાં જે જીવો છે એ જ અને એટલા જ જીવો જ્યાં સુધી રહે તે કાળ. એટલે કે એકપણ જીવ ઉપપાત કે ચ્યવન ન પામે એવો કાળ.

**શૂન્યકાળ :** વિવક્ષિત સમયે નરકમાં જે જીવો છે તેમાંનો એક પણ જીવ નરકમાં ન હોય તે કાળ.

**મિશ્ર કાળ :** વિવક્ષિત સમયે જે જીવો છે એમાંનો એક પણ જીવ જ્યાં સુધી નરકમાં રહ્યો હોય ને ભવાંતર જઈને પાછો આવ્યો હોય કે તે જ ભવમાં રહ્યો હોય તે કાળ.

અશૂન્ય કાળ — અલ્પ.
મિશ્રકાળ — અનંતગુણ.
શૂન્યકાળ — અનંતગુણ.

**★ ગુણસ્થાનકનો કાળ :**

**અનેક જીવ -**
★ ૧/૪થું — નિરંતર,
★ ૨જું — જઘ૦ ૧ સમય... ઉત્કૃ૦ P/a
★ ૩જું — જઘ૦ અંતર્મુ૦... ઉત્કૃ P/a

**એક જીવ**
★ ૧લું — સાતેય નરકમાં ઉત્કૃષ્ટ...
★ ૨જું — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ ૬ આવલિકા
★ ૩જું — જઘ૦ ઉત્કૃ૦ — અંતર્મુ૦
★ ૪થું — તે તે નરકનું દેશોન ઉત્કૃષ્ટાયુ.

(નરકમાં સમકિત લઈ કોઈ ઉત્કૃષ્ટાયુમાં ઉત્પન્ન ન થાય.)

**અંતર** અનેક જીવોની અપેક્ષાએ અંતર નથી.

એક જીવની અપેક્ષાએ જઘ૦ અંતર્મુ૦ ઉત્કૃ૦ આવલિક/a જેટલા પુદ્ગલ પરાવર્તો. (વ્યવહાર રાશિવાળા વન૦ની કાયસ્થિતિ કરતાં કંઈક અધિક જાણવું.)

**ઉત્પત્તિ ચ્યવનનો વિરહ કાળ**

| નરક સામાન્ય | ૧લી | ૨જી | ૩જી | ૪થી | ૫મી | ૬ઠ્ઠી | સાતમી |
|---|---|---|---|---|---|---|---|
| ૧૨ મુહૂર્ત | ૨૪ મુહૂર્ત | ૭ દિવસ | ૧૫ દિવસ | ૧ માસ | ૨ માસ | ૪ માસ | ૬ માસ |

**ગુણસ્થાનકમાં અંતર** - અનેક જીવ

★ ૧/૪ — નિરંતર. ★ ૨/૩ — જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ P/a

**એક જીવ :** ★ ૧/૩/૪ માં — જઘ૦ અંતર્મુ૦ ★ ૨જે — જઘ૦ P/a

★ ચારેયમાં ઉત્કૃ૦— દેશોન ઉત્કૃષ્ટ સ્થિતિ.

**ભાગ**

સર્વ જીવોની અપેક્ષાએ નારકીઓ અનંતમા ભાગે

નારકીની અપેક્ષાએ

★ ૧લીમાં અસંખ્ય બહુભાગ

★ ૨ થી ૭માં અસંખ્યાતમો ભાગ.

**ગુણ સ્થાનકમાં** ★ ૧લે અસંખ્ય બહુભાગ.

★ ૨/૩/૪માં — અસંખ્યાતમા ભાગે.

**ભાવ** ★ ૭ નરકના ભેદો — ઔદયિક ભાવ.

★ નરક ગતિ સામાન્યમાં — ૫ ભાવ.

★ ૧લી નરકમાં — ૫ ભાવ.

★ ૨/૩ નરકમાં — ૫ ભાવ/ મતાંતરે ક્ષાયિક વિના ૪ ભાવ.

★ ૪/૫/૬/૭ નરકમાં — ૪ ભાવ.

**ગુણસ્થાનકમાં**

★ ૧લે — ઔદ૦ ક્ષાયોપ૦ પારિણામિક.

★ ૨/૩ જે — ઔદ૦ ક્ષાયોપ૦ પારિણામિક

★ ૪થે — ૧લીમાં — ૫ ભાવ

૨/૩માં — ૫/૪ ભાવ.

૪/૫/૬/૭માં — ૪ ભાવ.

**એક જીવને** ક્ષાયિક-ઔપશમિક આ બે ભાવ સાથે રહેતા નથી. તેથી વધારામાં વધારે ૪ ભાવ.

**અલ્પબહુત્વ**

| | | |
|---|---|---|
| ૭મી નરકમાં | ૨જા ગુણ૦વાળા | અલ્પ. |
| | ૩જા ગુણ૦વાળા | s. |
| | ૪થા ગુણ૦વાળા | a |
| ૬ઠ્ઠી નરકમાં | ૨જા ગુણ૦વાળા | a |
| | ૩જા ગુણ૦વાળા | s |
| | ૪થા ગુણ૦વાળા | a |

આ જ રીતે ઉત્તરોત્તર ૫/૪/૩/૨/૧ નરકમાં બીજા, ત્રીજા, ચોથા ગુણઠાણાવાળા ક્રમશઃ a,s,a જાણવાં, એમાં છેલ્લે,

| | |
|---|---|
| ૧લી નરકના | ૪થા ગુણઠાણાવાળા કરતાં |
| ૭મી નરકના | ૧લા ગુણઠાણાવાળા a |
| ૬ઠ્ઠી નરકના | ૧લા ગુણઠાણાવાળા a |

આમ ૫/૪/૩/૨/૧ નરકમાં ઉત્તરોત્તર a-a જાણવા.

બીજી રીતે **અલ્પબહુત્વ** —

| | |
|---|---|
| ૭મીમાં પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં | અલ્પ |
| ૭મીમાં દક્ષિણમાં | a |
| ૬ઠ્ઠીમાં પૂર્વ-પશ્ચિમ-ઉત્તરમાં | a |
| ૬ઠ્ઠીમાં દક્ષિણમાં | a |

આ રીતે પ્રથમ નરક સુધી જાણવું.

| મોક્ષમાં જનારા | | ૧ સમયે | અંતર |
|---|---|---|---|
| ૪થી નરકવાળા. | અલ્પ. | ૪ | બધે |
| ૩જી નરકવાળા. | s | ૧૦ | સંખ્યાતા |
| ૨જી નરકવાળા. | s | ૧૦ | હજાર |
| ૧લી નરકવાળા. | s | ૧૦ | વર્ષ |

★ ૧લી નરકમાંથી નીકળેલા ચક્રવર્તી થઈ શકે.

★ બીજી નરકમાંથી નીકળેલા બળદેવ-વાસુદેવ થઈ શકે.

★ ત્રીજી નરકમાંથી નીકળેલા તીર્થંકર થઈ શકે.

★ ચોથી નરકમાંથી નીકળેલા કેવલજ્ઞાની થઈ શકે.

★ પાંચમી નરકમાંથી નીકળેલા સર્વવિરત થઈ શકે.

★ છઠ્ઠી નરકમાંથી નીકળેલા દેશવિરત થઈ શકે.

★ સાતમી નરકમાંથી નીકળેલા સમ્યક્ત્વી થઈ શકે.

## તિર્યંચ ગતિ

### સત્પદપ્રરૂપણા

તિર્યંચગતિ છે. એમાં ૧ થી ૫ ગુણઠાણા હોય છે. તિર્યંચ સામા૦, પંચે૦ તિ૦, અપર્યા૦ પંચે૦ તિ૦, પર્યા૦ પંચે૦તિ૦, તિ૦ સ્ત્રી એમ પાંચ માર્ગણા જાણવી. તિ૦ સ્ત્રીમાં અને યુગલિક તિર્યંચમાં ક્ષાયિક સમ્ય૦ હોતું નથી. યુગલિકમાં પાંચમું ગુણ૦

પણ હોતું નથી. તિર્યંચો ઉત્પત્તિમાં અન્તર્મુ૦ બાદ પણ સમ્ય૦ પામી શકે છે. યુગલિકમાં સમ્યક્ત્વ પ્રાપ્તિ માટે ૩ મત છે. અપત્યપાલન કર્યા બાદ, પૂર્વક્રોડ આયુશેષે, કે છ મહિના શેષે સમ્યક્ત્વ પામે એમ ૩ મત જાણવા. યુગલિક તિર્યંચો **તત્ત્વાર્થભાષ્ય** વગેરેના મતે અઢીદ્વીપની બહાર પણ છે. માટે અસંખ્ય છે. **કષાયપ્રાભૃત** વગેરેમાં ક્ષાયિક સમ્યક્ત્વી તિર્યંચો અસંખ્ય બતાવ્યા છે. જ્યારે **ભગવતીસૂત્રવૃત્તિમાં** એ સંખ્યાતા બતાવ્યા છે અને અઢી દ્વીપની બહાર નથી એમ જણાવ્યું છે. આમ બે મત જાણવા.

[illegible]

| | |
|---|---|
| તિર્યંચ સામા૦ | અનંતા |
| પંચે૦ તિ૦ સામા૦ | [1]પ્રતર ÷ અંગુલ/a |
| અપર્યા૦ પંચે૦ તિ૦ | પ્રતર ÷ અંગુલ/a |
| પર્યા૦ પંચે૦ તિ૦ | પ્રતર ÷ અંગુલ/s |
| તિર્યંચ સ્ત્રી | [2]દેવતા ÷ s |

(૧) આમાં અંગુલ = એક મતે સૂચિ અંગુલ, બીજા મતે પ્રતરાંગુલ ÷ આવલિકા/a જેટલો ટુકડો.

(૨) દેવતા પ્રતર ÷ ૨૫૬ પ્રતરાંગુલ જેટલા છે. તિર્યંચસ્ત્રીની સંખ્યા કાઢવા ભાજક સંખ્યાતગુણ મોટો લેવો. અન્ય મતે ભાજક સંખ્યાતા સોયોજન પ્રમાણ છે.

સંમૂ૦ જીવો સંખ્યાત બહુભાગ હોય છે. તેઓ નપું૦ હોય છે. ગર્ભજજીવો એક સંખ્યાતમો ભાગ જેટલા હોય છે. તેથી પર્યા૦ પંચે૦ તિર્યંચમાં જે ભાજક છે એના કરતાં તિર્યંચ સ્ત્રીમાં ભાજક s છે.

**★ માર્ગણાન્તરમાંથી આવતા જીવો (પ્રતિપદ્યમાન)**

તિર્યંચના પાંચેય ભેદોમાં — પ્રતરના અસંખ્યાતમા ભાગમાં આવતી અસંખ્ય સૂચિશ્રેણિના આકાશ પ્રદેશ જેટલા. અર્થાત્ પ્રતર/a

**★ ગુણસ્થાનકમાં રહેલા જીવો** ★ ૧લે — ઓઘવત્

★ ૨ થી ૫માં — P/a

**★ ગુણ૦ પામનારા જીવો** ★ અપર્યા૦ પંચે૦ તિર્યંચ૦ ૧લે જ હોય. ગુણ૦ પરાવૃત્તિ નથી.

★ શેષ ચારેયમાં — ૧ થી ૫ ગુણ — P/a

[illegible]

**અનેક જીવ** ★ તિર્યંચ ઓઘમાં - સર્વલોક.

★ તે સિવાયના ચારેય ભેદમાં — ઘનરાજ L/a, સૂચિરાજ — સર્વલોક.

**એક જીવ.** ઘનરાજ — પાંચેય ભેદમાં L/a

સૂચિરાજ : ★ ૧લે ગુણ૦ — તિર્યંચ ઓઘમાં — ૧૪ રાજ.

તે સિવાયના ૪ ભેદમાં — ૭ રાજ

★ ૨જે — અપર્યા૦ સિવાયના ૪ ભેદમાં — ૭ રાજ

(તિર્છાલોકથી ૨જું ગુણ લઈ સિદ્ધશિલામાં ઉત્પન્ન થાય તેને)

★ ૩જે ગુણ૦ — ચારભેદોમાં — L/a

★ ૪/૫મે — ચારભેદોમાં — ૫ રાજ (૮મા દેવ.માં ઉત્પન્ન થનારને)

(મિથ્યાત્વની હાજરીમાં તિર્યંચના જીવે દેવ સિવાય કોઈપણ ગતિનું આયુષ્ય પૂર્વે બાંધ્યું હોય. અને પછી સમકિત પામે તો સમકિત લઈને તે તે ગતિમાં ઉત્પન્ન ન થાય. અર્થાત્ અંત સમયે મિથ્યાત્વે આવવું જ પડે. તેથી ૪થા ગુણ૦ની અધોલોકની સ્પર્શના ન આવે. તેમ ક્ષેત્ર પણ ન આવે. જીવ ૫મું ગુણ૦ લઈને નરક માટે મરણ સમુદ્૦ કરતો નથી, તેથી અધોલોકની સ્પર્શના ન આવે)

**સ્પર્શના** ઘનરાજ **સ્વસ્થાનથી** તિ૦ઓઘ - સર્વલોક. શેષ ૪ ભેદમાં L/a

**સમુદ્ઘાત - ઉપપાતથી** — પાંચેય ભેદમાં સર્વલોક.

**અનેક જીવ** ★ ૧લે — સર્વલોક

★ ૨જે — ૭ ઘનરાજ

★ ૩જે — L/a

★ ૪/૫મે — ૫ ઘનરાજ

**એક જીવ** ★ ૧લે — સર્વલોક

★ ૨/૩/૪/૫મે — L/a

**સૂચિરાજ**

**એક જીવ - અનેક જીવ** ★ ૧લે — ૧૪ રાજ

★ ૨જે — ૭ રાજ

★ ૩જે — L/a

★ ૪/૫મે — ૫ રાજ.

**કાળ**

**અનેક જીવ** — પાંચેય માર્ગણાઓ સર્વકાલીન છે.

**એક જીવ :**

| માર્ગણા | જઘન્ય | ઉત્કૃષ્ટ | |
|---|---|---|---|
| | | ભવસ્થિતિ | કાયસ્થિતિ |
| તિર્યંચ ઓઘ | ક્ષુલ્લકભવ | ૩ પલ્યો૦ | આવલિકા/a પુદ્૦ પરા૦ |
| અપર્યા૦ પંચે૦ તિ૦ | [૧]ક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ | [૨]અન્તર્મુ૦ |
| પંચે૦ તિ૦ સામા૦ | [૧]ક્ષુલ્લકભવ | ૩ પલ્યો૦ | [૩]પૂર્વક્રોડ પૃથક્ત્વાધિક ૩ પલ્યોપમ |
| પર્યા૦ પંચે૦ તિ૦ | ૪અન્તર્મુ૦ | ૩ પલ્યો૦ | પૂર્વક્રોડ પૃથક્ત્વાધિક ૩ પલ્યોપમ |
| તિર્યંચ સ્ત્રી | અન્તર્મુ૦ | ૩ પલ્યો૦ | પૂર્વક્રોડ પૃથક્ત્વાધિક ૩ પલ્યોપમ |

(૧) કાર્મગ્રન્થિક મત સંજ્ઞી-અસંજ્ઞી મનુષ્ય તેમજ તિર્યંચ બધાનું અપર્યાપ્તનું જઘ૦ આયુષ્ય ક્ષુલ્લકભવનું માને છે. સિદ્ધાન્તનો મત માત્ર અપર્યા. નિગોદમાં જ ક્ષુલ્લકભવનું આયુ૦ માને છે. અન્યત્ર બધે અન્તર્મુ૦ માને છે.

(૨) અપર્યાપ્તનામકર્મનો ઉત્કૃષ્ટ ઉદયકાળ પણ અન્તર્મુ૦નો જ છે. તેથી કોઈપણ પ્રકારનો અપર્યાપ્તપણાનો કાળ અન્તર્મુ૦થી અધિક ન આવે.

(૩) ૭ ભવ ક્રોડપૂર્વના કરે ને આઠમો ભવ યુગલિકનો ૩ પલ્યોપમનો કરે. જો ક્રોડપૂર્વના ૮ ભવ કરે તો ૯મો ભવ યુગલિકનો ન થાય. સળંગ ૮ ભવ ક્રોડપૂર્વના થઈ શકે છે.

(૪) પર્યાપ્ત જીવોના જઘન્ય આયુષ્યરૂપ અન્તર્મુ૦ ક્ષુલ્લકભવ કરતાં સંખ્યાતગુણ મોટું હોય છે.

**★ ગુણસ્થાનકમાં કાળ**

| ગુણ૦ | જઘન્ય | ઉત્કૃષ્ટ | |
|---|---|---|---|
| | | એકજીવ | અનેકજીવ |
| ૧ | અન્તર્મુ૦ | સર્વાયુ | સર્વાદ્ધા |
| ૨ | ૧ સમય | ૬ આવલિકા | P/a |
| ૩ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ | P/a |
| ૪ | અન્તર્મુ૦ | [૧]૩ પલ્યો૦ | સર્વાદ્ધા |
| ૫ | અન્તર્મુ૦ | દેશોનપૂર્વક્રોડ | સર્વાદ્ધા |

અપર્યા૦ જીવને માત્ર ૧લું જ હોય છે, કારણ કે અપર્યાપ્ત નામકર્મનો ઉદય માત્ર ૧લે જ હોય છે.

(૧) ક્ષાયિક સમ્યક્ત્વીને આ કાળ હોય.

(પૂર્વકોટિથી અધિક આયુષ્યવાળાને દેશ વિરતિ કે સર્વ વિરતિ ન હોય. તેઓ યુગલિક કહેવાય. તેથી ૫મા ગુણઠાણે તેથી વધુ કાળ એક જીવને ન જ આવે.)

**પ્રતિપદ્યમાન :**

તે તે માર્ગણામાં પ્રવેશ પામતાં તથા ૧ થી ૫ ગુણ.માં પ્રવેશ પામતા જીવોનો કાળ — જઘન્યથી — ૧ સમય. ઉત્કૃષ્ટથી — આવલિકા/a

**અંતર**

**અનેક જીવ** - પાંચેય માર્ગણાઓ સર્વકાલીન છે.

**એક જીવ**

★ તિર્યંચ ઓઘમાં

જઘ૦ — ક્ષુલ્લક ભવ

ઉત્કૃ૦ — સાધિક સાગરોપમશતપૃથક્ત્વ

(આટલો કાળ ત્રણ ગતિમાં ફર્યા પછી અવશ્ય તિર્યંચમાં આવે.)

★ તે સિવાયની ચારેય માર્ગણામાં જઘ૦ ક્ષુલ્લક ભવ. ઉત્કૃ૦ આવલિકા/a જેટલા પુદ્૦પરા૦

**માર્ગણા હયાત રાખી** **અનેક જીવ.** ૧/૪/૫માં નિરંતર.

**ગુણ. પરાવૃત્તિથી અંતર** ૨/૩માં જઘ૦ — ૧ સમય. ઉત્કૃ૦ — P/a

**એકજીવ**

| ગુણઠાણું | તિર્યંચ ઓઘ | | પંચે૦તિ૦, પર્યા૦તિ૦ પંચે૦, તિર્યંચ સ્ત્રી | |
|---|---|---|---|---|
| | જઘ૦ | ઉત્કૃ૦ | જઘ૦ | ઉત્કૃ૦ |
| ૧લે | અન્તર્મુ૦ | દેશોન ૩ પલ્યો૦ | અન્તર્મુ૦ | દેશોન ૩ પલ્યો૦ |
| ૨જે | P/a | દેશોનાર્ધ પુ૦પરા૦ | P/a | પૂર્વ કોટિ પૃથક્ત્વાધિક ૩ પલ્યો૦ |
| ૩-૪થે | અન્તર્મુ૦ | દેશોનાર્ધ પુ૦પરા૦ | અન્તર્મુ૦ | પૂર્વ કોટિ પૃથક્ત્વાધિક ૩ પલ્યો૦ |
| ૫મે | અન્તર્મુ૦ | દેશોનાર્ધ પુ૦પરા૦ | અન્તર્મુ૦ | પૂર્વકોટિપૃથક્ત્વ |

**ભાગ**

★ તિર્યંચ ગતિ ઓઘમાં — અનંતબહુભાગ

★ શેષ ૪ માર્ગણામાં — અનંતમો ભાગ.

**ગુણસ્થાનકમાં** ★ તિર્યંચ ગતિ ઓઘમાં — ૨/૩/૪/૫મે — અનંતમો ભાગ.
૧લે — અનંતબહુભાગ.

★ અપર્યા૦ પંચે૦ તિ૦ — ૧લે જ હોય

★ શેષ ૩ માર્ગણામાં ૨/૩/૪/૫મે — અસંખ્યાતમો ભાગ.
૧લે — અસંખ્ય બહુભાગ.

## ભાવ

★ પાંચેય માર્ગણાઓ ઔદયિક ભાવે છે.

★ તિર્યંચગતિ ઓઘમાં }
★ પંચે૦ તિર્યંચમાં } ૫ ભાવ
★ પર્યા૦ પંચે૦ તિર્યંચમાં }

★ તિર્યંચ સ્ત્રી - ૪ ભાવ (ક્ષાયિક વિના)

★ અપર્યા૦ પંચે૦ તિર્યંચને — ૩ ભાવ.

(તિર્યંચ સ્ત્રીમાં ક્ષાયિક સમકિત ન જ હોય, કારણકે ક્ષાયિક સમકિતવાળા તિર્યંચો યુગલિકમાં જ મળે, અને તે પણ પુરુષ જ હોય. સ્ત્રી નહિ. સામાન્યતઃ સમકિત લઈને (૪થું ગુણ૦ લઈને) સ્ત્રી તરીકે ક્યાંય ઉત્પન્ન ન થાય. ફક્ત મનુષ્યમાં અપવાદપદે ક્યારેક થાય.)

**ગુણસ્થાનકમાં** ★ ૧/૨/૩માં — ૩ ભાવ.

★ ૪થે — અનેકજીવ, તિર્યંચ સ્ત્રીને ૩/૪ તે સિવાય (૩ માર્ગણામાં) - ૫ ભાવ.

★ ૪થે — એક જીવ ૩ કે ૪ ભાવ.

★ ૫મે — ૪ ભાવ. (તિર્યંચમાં ક્ષાયિક સમકિતી યુગલિકમાં જ હોય. તેથી ૫મે ગુણઠાણે ક્ષાયિક સમ્યક્ત્વ માત્ર મનુષ્યમાં જ આવે.)

## અલ્પ બહુત્વ

| | | |
|---|---|---|
| ★ **તિર્યંચ ઓઘમાં** | ૫મે | અલ્પ. |
| | ૨જે | a |
| | ૩જે | s |
| | ૪થે | a |
| | ૧લે | A |

| | |
|---|---|
| તિર્યંચ સ્ત્રી | અલ્પ |
| પર્યા૦ પંચે૦ તિર્યંચ | s |
| અપર્યા૦ પંચે૦ તિર્યંચ | a |
| પંચે૦ તિર્યંચ | v |
| તિર્યંચ ઓઘમાં. | A |

# મનુષ્યગતિ

## અલ્પબહુત્વ

મનુષ્યમાં પર્યાપ્તા મનુષ્ય અને માનુષી બન્ને સંખ્યાત છે. છતાં પર્યા. મનુષ્ય પુરુષ કરતાં માનુષી s ગુણ છે. તિર્યંચમાં તિર્યંચ સ્ત્રી કરતાં પર્યાપ્ત તિર્યંચો s ગુણા છે. કારણકે પર્યાપ્ત તિર્યંચમાં સંજ્ઞી-અસંજ્ઞી બે ભેદ પડે છે. તેમાં અસંજ્ઞી પર્યાપ્ત તિર્યંચની રાશિ મોટી છે. અને તેઓ નપું.વેદી છે. મતાંતરે બહુભાગ નપું.વેદી છે. જ્યારે મનુષ્યમાં અસંજ્ઞી બધા અપર્યા૦ હોય છે. અને સંજ્ઞી મનુષ્યમાં નપું૦ બહુ જ અલ્પ હોય છે. પર્યા૦ મનુષ્ય એટલે મનુષ્ય પુરુષ + નપું૦ જાણવા.

## સંખ્યાપ્રમાણ

★ મનુષ્ય સામાન્ય (સૂચિ શ્રેણિ ÷ અંગુલનું ૧લું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ)-૧

★ અપર્યાપ્ત મનુષ્યો : મનુ૦ સામાન્યમાંથી પર્યા. મનુષ્ય તથા માનુષી બાદ કરીએ તેટલા.

★ પર્યા૦ મનુષ્યો તથા માનુષી : ૨૯ આંકડા પ્રમાણ.

૭૯૨૨૮૧૬૨૫૧૪૨૬૪૩૩૭૫૯૩૫૪૩૯૫૦૩૩૬

(આ ૨૯ આંકડાની જે સંખ્યા છે તે ગર્ભજ પર્યાપ્તા મનુષ્યોની છે. જઘન્યપદે અને ઉત્કૃષ્ટપદે બન્ને જગ્યાએ ૨૯ આંકડા છે. આ વૃદ્ધ પુરુષોનો મત છે. અનુયોગ દ્વારના મૂળમાં ૨૪ આંકડાની સંખ્યાથી ઉપર અને ૩૨ આંકડાથી ઓછી સંખ્યા મનુષ્યોની બતાવી છે.)

૨૯ આંકડાની જે રકમ છે તે મનુષ્ય અને સ્ત્રી બન્નેની ભેગી છે. તે રકમના ૨૮ ભાગ કરવા, તેમાં ૨૭ ભાગ જેટલી સ્ત્રી અને ૧ ભાગ જેટલા મનુષ્યો છે.

અપર્યા૦ સિવાયની ૩ માર્ગણામાં ૧૪ ગુણસ્થાનક પામનારા જીવો સંખ્યાતા છે.

**ગુણસ્થાનકમાં દ્રવ્યપ્રમાણ :**

| | | | |
|---|---|---|---|
| ૧૧ મે | અલ્પ | ૫ મે | s |
| ૧૨/૧૪ મે | s | ૨ જે | s |
| ૮/૯/૧૦ મે | v | ૩ જે | s |
| ૧૩ મે | s | ૪ થે | s |
| ૭ મે | s | ૧ લે | s |
| ૬ ઠ્ઠે | s | મનુ૦ સામાન્ય | a |

**પ્રતિપદ્યમાન** - માર્ગણાન્તરમાંથી આવતા જીવો

મનુષ્ય — ઓઘમાં તથા અપર્યાપ્તમાં — અસંખ્ય

પર્યાપ્તા મનુષ્ય અને માનુષી — સંખ્યાત્ત

## ક્ષેત્ર

ચારેય માર્ગણામાં સૂચિરાજે.

| | એક જીવ | અનેક જીવ |
|---|---|---|
| ૧ લે ગુણ૦ | ૭ રાજ. | ૧૪ રાજ |
| ૨ જે | ૭ રાજ. | ૭ રાજ. |
| ૩ જે | L/a. | L/a. |
| ૠ૪/૫ મે | ૫/૬ રાજ. | ૧૧ રાજ. |
| ૬ થી ૧૧ મે | ૭ રાજ. | ૭ રાજ. |
| ૧૨/૧૪ મે | L/a. | L/a. |
| ૧૩ મે | કેવલીસમુદ્ઘાતવત્. | કેવલી સમુદ્ઘાતવત્ |

**ૠ ૪થે ગુણઠાણે**

| એક જીવ | | | અનેક જીવ | |
|---|---|---|---|---|
| ઉપર — | | ૬રાજ | ઉપર — | ૬ રાજ |
| નીચે — | જીવનસમાસમતે | L/a | નીચે — | L/a |
| | પંચસંગ્રહમતે | ૨ રાજ | | ૨ રાજ |
| | ભગવતીજીમતે | ૫ રાજ | | ૫ રાજ |
| **પમે ગુણઠાણે** | | | **પમે ગુણઠાણે** | |
| ઉપર — | ૬ રાજ | | ઉપર — | ૬ રાજ |
| નીચે — | ૦ | | નીચે — | ૦ |

ઘનરાજે ચૌદેય ગુણ૦માં - L/a.

## સ્પર્શના

**અનેક જીવ ★ ઘનરાજથી**

મનુષ્ય ઓઘમાં ★ ૧લે ગુણ૦ — સર્વ લોક.

★ ૨ થી ૧૪ - L/a.

પર્યા૦ મનુષ્ય તથા માનુષી — મનુ૦ ઓઘવત્

અપર્યા૦ મનુષ્ય બધાય ૧લે હોવાથી - સર્વલોક

**★ સૂચિરાજથી** ૧લે - ૧૪ રાજ.
૨જે - ૭ રાજ.
૩જે - L/a.
૪થે - ૧૧ રાજ.
૫મે - ૬ રાજ.
૬ થી ૧૧ મે - ૭ રાજ
૧૨/૧૪ મે - L/a
૧૩ મે - કેવલી સમુદ્‌ઘાતવત્

**એક જીવ** સૂચિરાજમાં — અનેકજીવવત્

ઘનરાજે ★ ૧લે - સર્વલોક.
★ ૨ થી ૧૪ - L/a.

**કાળ**

**એક જીવ**

| માર્ગણા | કાયસ્થિતિ | | ભવસ્થિતિ | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| મનુ૦ ઓઘ | ક્ષુલ્લકભવ | પૂર્વકોટિ પૃથક્ત્વાધિક ૩ પલ્યો૦ | ક્ષુલ્લક ભવ | ૩ પલ્યોપમ |
| પર્યા૦મનુ૦ } માનુષી | અન્તર્મુ૦ | { પૂર્વકોટિ પૃથક્ત્વાધિક ૩ પલ્યો૦ | અન્તર્મુ૦ | ૩ પલ્યોપમ |
| અપર્યા૦મનુ૦ | ક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ | ક્ષુલ્લક ભવ | અન્તર્મુ૦ |

**ગુણસ્થાનકમાં : એક જીવ**

★ ૧લે — ઉપરવત્

★ ૨જે — જઘ૦ — ૧ સમય. ઉત્કૃ૦ — ૬ આવલિકા.

★ ૩જે — જઘ૦ — ઉત્કૃ૦ — અંતર્મુ૦

★ ૪થે — જઘ૦ — અંતર્મુ૦ ઉત્કૃ૦ — પૂર્વકોટિનો દેશોન ૩જો ભાગ + ૩ પલ્યો૦

(પૂર્વકોટિના આયુવાળો મનુષ્ય પૂર્વકોટિના ત્રીજા ભાગે યુગ૦નું આયુ૦ બાંધી સમકિત પામી ક્ષાયિક સમકિત પામે. તેથી આયુષ્ય બંધ કાળ પછીનો પૂર્વકોટિનો ૩જો ભાગ + યુગલિકના ભવના ૩ પલ્યોપમ...)

★ ૫ થી ૧૪ — ઓઘવત્

**અનેક જીવ**

★ ૧,૪,૫,૬,૭,૧૩ ગુણ૦ નિરંતર છે.

★ ૨જુ ગુણ૦ — જઘ૦ — ૧ સમય. ઉત્કૃ૦ — અંતર્મુહૂર્ત. (વધારેમાં વધારે અંતર્મુ૦ સુધી ૨જે ગુણ૦જીવો મળે. પછી અવશ્ય આંતરું પડે.)

★ ૩જું ગુણ૦ જઘ૦ ઉત્કૃ૦ — અંતર્મુહૂર્ત.

★ ૮,૯,૧૦,૧૧,૧૨,૧૪ — ઓઘવત્.

★ ગુણ૦ પ્રાપ્તિનો કાળ : જઘ૦ ૧ સમય. ઉત્કૃ૦ સંખ્યાતા સમય.

## અંતર

**એક જીવ** — બધી માર્ગણામાં.

જઘ૦ ક્ષુલ્લક ભવ. ઉત્કૃ૦ આવલિકા/a પુદ્૦પરા૦

**અનેક જીવ**

★ અપર્યા૦ મનુ૦ - જઘન્ય. — ૧ સમય.

ઉત્કૃષ્ટ — P/a **જીવસમાસ.** ૨૪ મુહૂર્ત **પન્નવણા.**

★ બાકીની ૩ માર્ગણામાં અંતર નથી.

**માર્ગણાને હયાત રાખી ગુણ૦નું અંતર -**

**એક જીવ :**

★ ૧લે — જઘ૦ — અંતર્મુહૂર્ત.

ઉત્કૃ૦ — દેશોન ૩ પલ્યોપમ. (યુગલિકના ભવમાં શરૂઆતમાં યથાસંભવ કાળ પસાર થયા પછી સમકિત પામે.)

★ ૨જે — જઘ૦ અંતર્મુહૂર્ત.

ઉત્કૃ૦ બે સમયન્યૂન કાયસ્થિતિ. (માર્ગણાના પ્રારંભે માર્ગણાંતરમાંથી સાસ્વાદન લઈને આવે. બીજા સમયે મિથ્યાત્વે જાય. ત્યારબાદ દેશોન ઉત્કૃષ્ટ કાયસ્થિતિ પસાર કરીને અંતે છેલ્લા અંતર્મુહૂર્તે ઉપશમ સમકિત પામી કાયસ્થિતિના ચરમસમયે સાસ્વાદને જાય અને ત્યાંથી દેવમાં ઉત્પન્ન થાય. આમ માર્ગણાના પ્રથમ-અંતિમ સમયે સાસ્વાદન મળે. તેથી ઉક્તકાળનું અંતર આવી શકે.)

★ ૩જે જઘ૦ — અંતર્મુહૂર્ત.

ઉત્કૃ૦ — દેશોન કાયસ્થિતિ. (માર્ગણામાં ઉત્પન્ન થયા બાદ સમકિત આદિ પામવાની યોગ્યતા આવે તેટલો કાળ વર્જવો. વર્જવાનો કાળ ઓછામાં ઓછો અંતર્મુ. જાણવો. પ્રાન્તે, અંતર્મુ. કાળ છોડવો, કેમકે ૩જે ગુણ૦થી પડ્યા બાદ અંતર્મુ૦ પછી જ મરણ થાય. વળી ૩જે ગુણ૦ મરણ પણ થતું નથી.

★ ૪થે જઘ૦ — અંતર્મુહૂર્ત **બૃહત્કલ્પ.**

૧ સમય. **પન્નવણા.**

(૪થે ગુણ૦ થી ૬ઠ્ઠે ગુણ૦ ૧ સમય રહી કાળ કરી ૪થે ગુણ જાય ત્યારે ૧ સમયનું અંતર આવે.)

ઉત્કૃ.-દેશોન કાયસ્થિતિ. (માર્ગણા પ્રવેશનું પ્રથમ તથા સમાપ્તિનું ચરમ અંતર્મુ૦ છોડવું.)

★ ૫ થી ૧૧ ગુણ૦ — જઘ૦ અંતર્મુહૂર્ત.

ઉત્કૃ. દેશોન પૂર્વ કોટિ પૃથક્ત્વ. (સામાન્યતઃ મનુષ્યમાં દેશવિરતિ અને સર્વવિરતિ ૮ વર્ષ પહેલાં પામી શકાતી નથી. એટલે પ્રથમ ભવના પ્રથમ ૮ વર્ષ અને ચરમભવના અંતર્મુ.ને છોડીને દેશોન પૂર્વકોટી પૃથક્ત્વ કાળ લેવો.)

★ ૧૨-૧૩-૧૪ ગુણ૦નું અંતર નથી.

**અનેક જીવ :** ★ ૧,૪,૫,૬,૭,૧૩ નિરંતર.

★ ૨/૩ જઘ૦ — ૧ સમય.

ઉત્કૃ૦ — P/a (વધારેમાં વધારે આટલા કાળ સુધી આ ગુણઠાણે એકપણ જીવ ન આવે. પછી અવશ્ય કોઈક જીવ આવે જ.)

★ ૮ થી ૧૨/૧૪ — ઓઘવત્.

નિરંતર ગુણ૦માં અંતર અર્થાત્ આટલા કાળ બાદ કોઈક આત્મા અવશ્ય તે તે ગુણ૦ પામે જ.

| ગુણ૦ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧લું. | ૧ સમય. | ૭ દિવસ. |
| ૪થું. | ૧ સમય. | ૭ દિવસ. |
| ૫મું. | ૧ સમય. | ૧૪ દિવસ. |
| ૬ઠ્ઠું, ૭મું. | ૧ સમય. | ચઢતાની અપેક્ષાએ ૧૫ દિવસ.<br>પરાવર્તમાને અંતર્મુહૂર્ત. |
| ૧૩મું | ૧ સમય. | ૬ માસ. |

**ભાગ**

ચારેય માર્ગણાના જીવો સર્વ જીવની અપેક્ષાએ અનંતમાં ભાગે છે.

**માર્ગણામાં :** મનુ. સામાન્યમાં ★ ૧લે — અસંખ્ય બહુભાગ.

★ ૨થી ૧૪મે — અસંખ્યાતમો ભાગ.

★ પર્યા૦ મનુષ્ય અને સ્ત્રીમાં.

★ ૧લે — સંખ્યાત બહુભાગ.

★ ૨ થી ૧૪ — સંખ્યાતમો ભાગ.

★ અપર્યા૦મનુ૦ બધાય પહેલે ગુણઠાણે જ હોય.

## ભાવ

ચારેય માર્ગણામાં — ઔદયિક ભાવ.

ગુણ૦માં ઓઘવત્.

## અલ્પ બહુત્વ

| | |
|---|---|
| પર્યા૦ મનુષ્યો - | અલ્પ |
| માનુષી - | s |
| અપર્યા૦ મનુ૦ - | a |
| મનુ૦ સામાન્ય - | v |

# દેવગતિ

## સત્પદપ્રરૂપણા

દેવો અનેક પ્રકારના છે. ઇન્દ્ર, સામાનિક, ત્રાયસ્ત્રિંશદ્, પરિષદ્, આત્મરક્ષક, લોકપાલ, અનીક, પ્રકીર્ણક, આભિયોગિક અને કિલ્બિષિક.

★ વ્યંતર-જ્યોતિષમાં ત્રાયસ્ત્રિંશદ્ અને લોકપાલ હોતા નથી.

ભવનપતિ-વ્યંતરના ૭ અનીકમાં મહિષ હોય છે.

વૈમાનિકના ૭ અનીકમાં વૃષભ હોય છે.

ભવનપતિ, વ્યંતર, જ્યોતિષ, ૧૨ દેવલોક, ૯ ગ્રૈવેયક, પાંચ અનુત્તર અને દેવસામાન્ય એમ ૩૦ પેટામાર્ગણા છે. ૧થી ૪ ગુણ૦ હોય છે.

**દ્રવ્યપ્રમાણ :**

**★ દેવ સામાન્ય** - પ્રકરણકાર — પ્રતર ÷ કંઈક ન્યૂન ૨૫૬ સૂચિ અંગુલ.

અનુયોગ દ્વાર — પ્રતર ÷ કંઈક ન્યૂન ૨૫૬ સૂચિ અંગુલ$^2$

**★ જ્યોતિષ** : પ્રકરણકાર — પ્રતર ÷ ૨૫૬ સૂચિ અંગુલ.

અનુયોગ દ્વાર — પ્રતર ÷ ૨૫૬ સૂચિ અંગુલ$^2$

આમાં ભાજ્ય જે છે તે ૭ × ૭ = ૪૯ પ્રતરરાજ પ્રમાણ ૧ પ્રતર છે. જ્યોતિષદેવોને રહેવાનું ક્ષેત્ર તિર્ચ્છાઈમાં ૧ પ્રતરરાજ અને ઊંચાઈમાં ૧૧૦ યોજન છે. એક દેવને રહેવાનું ક્ષેત્ર ૧ ચોરસ હાથ (પ્રતર હાથ = સંખ્યાત પ્રતર અંગુલ = સંખ્યાતા સૂચિઅંગૂલ$^2$) છે. તેથી સંખ્યાતા પ્રતરરાજ જેટલા રહેવાના ક્ષેત્રમાં સંખ્યાતા પ્રતરરાજ ÷ સંખ્યાતા સૂચિ અંગુલ$^2$ જેટલા દેવો સમાઈ શકે.

એટલે અનુયોગ દ્વાર મૂળ-વૃત્તિ તથા પન્નવણામાં જે ભાજક તરીકે ૨૫૬ સૂચિઅંગુલનો વર્ગ કહ્યો છે એ સંગત ઠરે છે. પ્રકરણકારોએ ભાજક તરીકે વર્ગ ન કહેતા ૨૫૬ સૂચિઅંગુલ જ કહ્યા છે. એટલે કે એ ભાજક અસંખ્યગુણ નાનો છે. તેથી દેવોની સંખ્યા અસંખ્યગુણ થાય. એટલે એક એક દેવને રહેવા માટે અસંખ્યાતમા ભાગનું જ ક્ષેત્ર મળે, અર્થાત્ એક ચોરસ હાથના અસંખ્યાતમા ભાગ જેટલું જ ક્ષેત્ર મળે જે સંગત નથી. પણ પ્રકરણકારોએ આ જ ભાજક કહ્યો છે અને ૨૫૬ સૂચિઅંગુલના વર્ગનો તો ઉલ્લેખ પણ કર્યો નથી એ જાણવું.

★ **વ્યંતર — પ્રકરણકાર** - પ્રતર ÷ સંખ્યાતા સો સૂચિયોજન

**અનુયોગદ્વાર** - પ્રતર ÷ સંખ્યાતા સો સૂચિયોજન$^2$

★ **ભવનપતિ** - પન્નવણા, અનુયોગ દ્વાર - અંગુલનું ૧લું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ... આટલી સૂચિ શ્રેણિના આકાશ પ્રદેશો પ્રમાણ

પંચસંગ્રહ તથા લોકપ્રકાશમાં અંગુલનું ૧લું વર્ગમૂળ × બીજું વર્ગમૂળ કહ્યું છે.

જીવસમાસમાં અંગુલ × એનું પ્રથમ વર્ગમૂળ કહ્યું છે.

ભવનપતિ અને ૧લી નરકના જીવો માટે નીચે પ્રમાણે મતાંતરો મળે છે.

| ગ્રન્થ | ૧લી નરક | ભવનપતિ |
|---|---|---|
| પન્નવણા, અનુયોગ દ્વાર | ૧લું વર્ગમૂળ × બીજું વર્ગમૂળ | ૧લું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ |
| જીવસમાસ | ૧લું વર્ગમૂળ × બીજું વર્ગમૂળ | અંગુલ × ૧લું વર્ગમૂળ |
| પંચસંગ્રહ | અંગુલ × ૧લું વર્ગમૂળ | ૧લું વર્ગમૂળ × બીજું વર્ગમૂળ |
| લોકપ્રકાશ | ૧લું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ | ૧લું વર્ગમૂળ × બીજું વર્ગમૂળ |

બધા ગ્રન્થોમાં સૌધર્મદેવો માટે બીજું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ એમ એક જ મત છે એ જાણવું.

(૧લી નરક અને ભવનપતિ અંગેના વિવિધ મતોનો વિચાર કરીએ તો જણાય છે કે પન્નવણા - અનુયોગદ્વાર તથા પંચસંગ્રહના મતે ૧લી નરકના જીવો કરતાં ભવનપતિના જીવો અસંખ્યાતમાં ભાગે છે જ્યારે જીવસમાસના મતે એ અસંખ્યગુણ છે. એટલે જીવસમાસનો મત યુક્તિસંગત લાગે છે. લોકપ્રકાશમાં જે મત દર્શાવ્યો છે એ પન્નવણાથી બિલકુલ વિપરીત હોવાથી એ મતે નરક કરતાં ભવનપતિ અસંખ્યગુણ થાય છે. પણ લોકપ્રકાશમાં જીવસમાસનો મત લીધો નથી. તેથી એ પાઠ આગમોને અનુસરીને — પન્નવણાને અનુસરીને જ હોવો

જોઈએ. પન્નવણામાં તો મહાદંડક અલ્પબહુત્વમાં પણ ભવનપતિ કરતાં રત્નપ્રભાનારકીને જ અસંખ્યગુણ કહ્યા છે. માટે લોકપ્રકાશનો એ પાઠ અશુદ્ધ છે એમ સ્પષ્ટ રીતે જણાય છે. એમાં રત્નપ્રભા અને ભવનપતિ માટે જે કહ્યું છે એને ઉંધું કરી દેવાથી પન્નવણાનો મત આવી જાય છે.)

★ **વૈમાનિક** ★ સૌધર્મ-ઈશાન-પન્નવણા, અનુયોગદ્વાર, જીવસમાસ, પંચસંગ્રહ અને લોકપ્રકાશ... બધાના મતે અંગુલનું બીજું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ જેટલી સૂચિશ્રેણિના આકાશપ્રદેશો જેટલા.

આને જ બીજી રીતે કહીએ તો અંગુલના ત્રીજા વર્ગમૂળનો ઘન કરવાથી જેટલા આકાશપ્રદેશ આવે એટલી શ્રેણિના આકાશપ્રદેશો જેટલા.

[અંગુલનું બીજું વર્ગમૂળ એટલે અંગુલ$^{૧/૪}$ ત્રીજું વર્ગમૂળ એટલે અંગુલ$^{૧/૮}$ તેથી,
અંગુલનું બીજું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ = અંગુલ$^{૧/૪}$ × અંગુલ$^{૧/૮}$ = અંગુલ$^{૧/૪+ ૧/૮}$ = અંગુલ$^{૩/૮}$

આ જ અંગુલના ત્રીજા વર્ગમૂળ (અંગુલ$^{૧/૮}$) ના ઘન બરાબર છે.]

★ ત્રીજો - ચોથો દેવલોક - સૂચિશ્રેણિ ÷ સૂચિશ્રેણિનું ૧૧મું વર્ગમૂળ. (અથવા સૂચિશ્રેણિના પ્રથમ, દ્વિતીય...યાવત્ અગ્યારમા વર્ગમૂળને પરસ્પર ગુણવાથી જે આવે એટલા.)

★ પાંચથી આઠમા દેવલોકના દેવો સૂચિશ્રેણિને ક્રમશઃ

૯મા, ૭મા, પાંચમા અને ચોથા વર્ગમૂળથી ભાગવાથી જે જવાબ આવે એટલા છે. બીજી રીતે કહીએ તો સૂચિશ્રેણિના ક્રમશઃ પ્રથમ-દ્વિતીય વગેરે ૯, ૭, ૫ અને ૪ વર્ગમૂળોને પરસ્પર ગુણવાથી જે જવાબ આવે એટલા છે.

(જો સૂચિશ્રેણિ = સૂ = $૧૦^{૪૦૯૬}$ હોય તો,

★ ત્રીજો-ચોથો

દેવલોક - સૂ ÷ સૂનું ૧૧ મું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} ÷ ૧૦^{૨} = ૧૦^{૪૦૯૪}$

★ પાંચમો દેવલોક - સૂ ÷ સૂનું ૯મું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} ÷ ૧૦^{૮} = ૧૦^{૪૦૮૮}$

★ છઠ્ઠો દેવલોક - સૂ ÷ સૂનું ૭મું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} ÷ ૧૦^{૩૨} = ૧૦^{૪૦૬૪}$

★ સાતમો દેવલોક - સૂ ÷ સૂનું ૫મું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} ÷ ૧૦^{૧૨૮} = ૧૦^{૩૯૬૮}$

★ આઠમો દેવલોક - સૂ ÷ સૂનું ૪થું વર્ગમૂળ = $૧૦^{૪૦૯૬} ÷ ૧૦^{૨૫૬} = ૧૦^{૩૮૪૦}$

આને જ બીજી રીતે કહીએ તો સૂ = $૧૦^{૪૦૯૬}$ છે તેથી એના પ્રથમાદિ ૧૦ વર્ગમૂળો ક્રમશઃ $૧૦^{૨૦૪૮}$, $૧૦^{૧૦૨૪}$, $૧૦^{૫૧૨}$, $૧૦^{૨૫૬}$, $૧૦^{૧૨૮}$, $૧૦^{૬૪}$, $૧૦^{૩૨}$, $૧૦^{૧૬}$, $૧૦^{૮}$, $૧૦^{૪}$, $૧૦^{૨}$, $૧૦^{૧}$ થશે. તેથી

★ ત્રીજો-ચોથો દેવલોક - પ્રથમ ૧૧ વર્ગમૂળનો પરસ્પર ગુણાકાર એટલે કે,
$૧૦^{૨૦૪૮} \times ૧૦^{૫૧૨}$... એમ યાવત્ $\times ૧૦^{૨} = ૧૦^{૨૦૪૮\ ૧૦૨૪ + ૫૧૨... + ૨} = ૧૦^{૪૦૯૪}$

★ પાંચમો - પ્રથમાદિ ૯ વર્ગમૂળનો ગુણાકાર એટલે કે,
$૧૦^{૨૦૪૮} \times ૧૦^{૧૦૨૪} ... \times ૧૦^{૮} = ૧૦^{૨૦૪૮ + ૧૦૨૪... + ૮} = ૧૦^{૪૦૮૮}$

★ છઠ્ઠો - પ્રથમાદિ ૭ વર્ગમૂળનો ગુણાકાર... એટલે કે,
$૧૦^{૨૦૪૮} \times ૧૦^{૧૦૨૪} ... \times ૧૦^{૩૨} = ૧૦^{૨૦૪૮ + ૧૦૨૪... + ૩૨} = ૧૦^{૪૦૬૪}$

★ સાતમો - પ્રથમાદિ પાંચ વર્ગમૂળોનો ગુણાકાર.... એટલે કે,
$૧૦^{૨૦૪૮} \times ૧૦^{૧૦૨૪} ... \times ૧૦^{૧૨૮} = ૧૦^{૨૦૪૮ + ૧૦૨૪... + ૧૨૮} = ૧૦^{૩૯૬૮}$

★ આઠમો - પ્રથમાદિ ૪ વર્ગમૂળનો ગુણાકાર... એટલે કે,
$૧૦^{૨૦૪૮} \times ૧૦^{૧૦૨૪} ... \times ૧૦^{૫૧૨} \times ૧૦^{૨૫૬} = ૧૦^{૨૦૪૮ + ૧૦૨૪ + ૫૧૨ + ૨૫૬} = ૧૦^{૩૮૪૦}$

★ ૯ થી ૧૨ દેવલોક ૯ ગ્રૈવેયક ૪ અનુત્તર — P/a. આ P/a તરીકે ઘણે સ્થળે સૂ૰ ક્ષેત્રપલ્યો૰ નો અસંખ્યાતમો ભાગ દર્શાવ્યો છે. જો કે સૂ૰ ક્ષેત્રપલ્યો૰નો અસંખ્યાતમો ભાગ અસંખ્ય કાળચક્રના સમયો જેટલો પણ સંભવે છે. છતાં અહીં તે બધા અદ્ધા પલ્યો૰ ના અસં૰માં ભાગ જેટલો જ જાણવો. **દેવેન્દ્રસ્તવમાં** આનતાદિ દેવોને અદ્ધા P/a જેટલા જણાવ્યા જ છે. વળી આ દેવલોકમાં મનુષ્યમાંથી જ જીવો આવે છે. વળી આનતાદિ ૪માં માસપૃથક્ત્વ અને ૯ ગ્રૈવેયકાદિમાં વર્ષપૃથક્ત્વાદિથી હીન આયુષ્યવાળા મનુષ્યો આવી શકતા નથી. તથા ૩૩ સાગરો૰ જેટલા કાળમાં કુલ ગર્ભજ પર્યા૰ મનુષ્યો પણ અદ્ધા P/a જેટલા જ થાય છે. માટે અહીં P/a તરીકે અદ્ધા પલ્યો૰નો અસંખ્યાતમો ભાગ જ જાણવો. છતાં સામાન્યથી જીવોનું પ્રમાણ સર્વત્ર સૂ૰ ક્ષેત્ર પલ્યો૰ દ્વારા બતાવાતું હોવાથી અહીં P/a પણ એ રીતનો ઉલ્લેખ કર્યો છે એ જાણવું.

**★ સર્વાર્થસિદ્ધ-સંખ્યાતા**

**પ્રતિપદ્યમાન (= ઉત્પન્ન થતાં દેવોનું પ્રમાણ)**

| માર્ગણા | જઘન્ય | ઉત્કૃષ્ટ | વિશેષ |
|---|---|---|---|
| દેવ સામાન્ય ભવન૰થી ઈશાન૰ | ૧/૨ | અસંખ્ય સૂચિશ્રેણિ | |
| ૩ થી ૮ દેવ૰ | ૧/૨ | સૂચિશ્રેણિ/a | સૂચિશ્રેણિનું વર્ગમૂળ × અસં. |
| ૯ ગ્રૈવે૰થી ૫ અનુત્તર | ૧/૨ | સંખ્યાતા. | માત્ર મનુ૰માંથી જ આવે, માટે. |

**ગુણસ્થાનકમાં દ્રવ્યપ્રમાણ**

★ ૧લે - તે તે માર્ગણાના દ્રવ્યપ્રમાણવત્

★ ૨-૩-૪ થે P/a (અનુત્તરમાં ૪થું જ હોય.)

**ગુણસ્થાનકે પ્રતિપદ્યમાન**

★ દેવસામાન્ય થી ૯ ગ્રૈવે૰ સુધી ચારે ગુણઠાણે પ્રતિપદ્યમાન જીવો જઘ૰ — ૧/૨ ઉત્કૃ૰થી — P/a હોય.

★ અનુત્તરમાં ગુણઠાણાની પરાવૃત્તિ હોતી નથી.

**વિશેષવાતો**

★ ભવન૰ થી ૮માં દેવ૰ સુધી સમ્યગ્દૃષ્ટિ કરતાં મિથ્યાત્વી a

★ ૯માં દેવ૰ થી ૯ ગ્રૈવે૰ મિથ્યાત્વી કરતાં સમ્યગ્દૃષ્ટિ s

★ ૫ અનુત્તર સર્વે સમ્યગ્દૃષ્ટિ

**ક્ષેત્ર**

ભવનપતિમાં ★ અસુરનિકાય સ્વશક્તિથી ૧લા દેવ૰ સુધી જાય.
પરશક્તિથી ૧૨માં દેવ૰સુધી

★ ૯ નિકાય વ્યંતર-જ્યો૰ } સ્વશક્તિથી મેરુપર્વત સુધી
ભવન૰ની શક્તિથી ૧ લા દેવલોક સુધી
ઉપરના દેવની શક્તિથી ૧૨મા દેવલોક સુધી

★ વૈમાનિક સ્વશક્તિથી સ્વકલ્પના અંત સુધી
ઉપરના દેવની શક્તિથી ઉપર પણ જાય...
અધોલોકમાં ત્રીજી નરક સુધી જાય.

★ ૯માં વગેરેના દેવો તિર્ચ્છાલોકથી નીચે નરકમાં પ્રાયઃ જતા નથી. તેથી ૮મા સુધીની સ્પર્શના ૮ રાજ ને પછીના દેવોની ૬ રાજ બતાવી છે.

★ **ઘનરાજ** - એક — અનેક જીવ સઘળી માર્ગણામાં ચારે ગુણઠાણે L/a

★ સૂચિરાજ એક જીવ — અનેકજીવ

★ દેવસામાન્ય તથા ઈશાનાન્ત — [૧]૯ રાજ

★ ૩ થી ૮ દેવ૰ — [૨]૮ રાજ

★ ૯ થી ૧૨ દેવ૰ — [૩]૬ રાજ

★ ૯ ગ્રૈવે૰ ૫ અનુ૰ — [૪]૭ રાજ

(૧) ઈશાનાન્તદેવ ઉપર સિદ્ધશિલામાં એકે૰ તરીકે ઉત્પન્ન થાય ત્યારે ૭ રાજ + બીજો દેવ ત્રીજી નરક સુધી ગયો હોય એના ૨ રાજ. એક જીવ માટે — ત્રીજી નરકમાં ગયેલો દેવ કાળ કરીને સિદ્ધશિલામાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે મરણ સમુદ્દ્ઘાતે.

(૨) ૩ થી ૮ દેવ૰ - આ દેવો એકે૰માં જતા નથી. માટે ૧૨ મા દેવ૰ સુધીના ૬ રાજ + ત્રીજી નરક સુધીના ૨ રાજ = ૮ રાજ.... એક જીવ માટે - ૧ શરીરે ૧૨મા દેવલોકમાં, અન્ય શરીરે ત્રીજી નરકમાં... તેથી ૮ રાજ આવે.

(૩) ૯ થી ૧૨ દેવ૰ - તિર્ચ્છા લોકથી ૧૨માં દેવલોક સુધી ગમનાગમન દ્વારા ૬ રાજ આવે.

(૪) ૯ ગ્રૈવે૰ ૫ અનુ૰ - આ દેવો ગમનાગમન કરતા નથી. પણ મરણ સમુદ્દ્ઘાતે ૭ રાજ મળે.

## સ્પર્શના

ઘનરાજ — એક — અનેકજીવ

★ ઈશાનાન્તદેવ — ૯ રાજ (૨ + ૭)

★ ૩ થી ૮ દેવ૰ — ૮(૨ +૬)

★ ૯ થી ૧૨ દેવ૰ — ૬ રાજ (૦ + ૬)[૧]

★ ૯ ગ્રૈવે૰ — ૫ અનુ૰ — L/a

(૧) ૬ ઘનરાજ સ્પર્શના ગમનાગમનની અપેક્ષાએ જાણવી. પણ સ્વસ્થાન કે મરણસમુદ્૰ની અપેક્ષાએ નહીં. કારણ કે સ્વસ્થાન L/a છે. અને ઉત્પત્તિસ્થાન મનુષ્ય ક્ષેત્ર પણ L/a છે તેથી જ, ૯ ગ્રૈવે૰ તેમજ અનુ૰ને ગમનાગમન ન હોવાથી સ્પર્શના માત્ર L/a જ આવે છે.

| ગુણઠાણે સ્પર્શના | | ઘનરાજ | સૂચિરાજ |
|---|---|---|---|
| ★ ઈશાનાન્તદેવ | ૧-૨ જે | ૯ રાજ | ૯ રાજ |
| | ૩-૪ થે | ૮ રાજ (ગમનાગમનથી) | ૮ રાજ |
| ★ ૩ થી ૮ દેવ૰ | ૧ થી ૪ ગુણ૰ | ૮ રાજ (ગમનાગમનથી) | ૮ રાજ |
| ★ ૯ થી ૧૨ દેવ૰ | ૧ થી ૪ ગુણ૰ | ૬ રાજ (ગમનાગમનથી) | ૬ રાજ |
| ★ ૯ ગ્રૈવે૰ | ૧ થી ૪ ગુણ૰ | L/a | ત્રીજે L/a<br>શેષગુણ૰<br>૭ રાજ |
| ★ ૫ અનુત્તર | ૪ થે | L/a | ૭ રાજ |

(અપરિગૃહીતા દેવી = વેશ્યાસમાન... ગમે તે દેવ ભોગવે.
પરિગૃહીતા દેવી = પત્ની સમાન... કોઈ એક દેવની માલિકીની.
ભવન૦ વ્યંતર, જ્યોતિષ્માં અપરિ૦નું આયુષ્ય પણ પરિગૃહીતાવત્ જાણવું.)

| | દેવ | | દેવી | |
|---|---|---|---|---|
| | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ |
| **ભવનપતિ** | | | | |
| અસુરનિકાય[1] | ૧૦૦૦૦ વર્ષ | સાધિક એક સાગરો૦ | ૧૦૦૦૦ વર્ષ | ૪।। પલ્યોપમ.. |
| નાગનિકાયાદિ | ૧૦૦૦૦ વર્ષ | દેશોન ૨ પલ્યોપમ | ૧૦૦૦૦ વર્ષ | દેશોન એક પલ્યોપમ |
| **વ્યંતર** | ૧૦૦૦૦ વર્ષ | ૧ પલ્યોપમ | ૧૦૦૦૦ વર્ષ | ૧/૨ પલ્યો૦ |
| **જ્યોતિષ** | | | | |
| ચંદ્ર | ૦। પલ્યોપમ | ૧ પલ્યો૦ + ૧ લાખ વર્ષ | ૧/૪ પલ્યો૦ | ૧/૨ પલ્યો૦ + ૫૦૦૦૦ વર્ષ |
| સૂર્ય | ૦। પલ્યોપમ | ૧ પલ્યો૦ + ૧૦૦૦ વર્ષ | ૧/૪ પલ્યો૦ | ૧/૨ પલ્યો૦ + ૫૦૦ વર્ષ |
| ગ્રહ | ૦। પલ્યોપમ | ૧ પલ્યો૦ | ૧/૪ પલ્યો૦ | ૧/૨ પલ્યો૦ |
| નક્ષત્ર | ૧/૪ પલ્યોપમ | ૧/૨ પલ્યો૦ | ૧/૪ પલ્યો૦ | સાધિક ૧/૪ પલ્યો૦ |
| તારા | ૧/૮ પલ્યોપમ | ૧/૪ પલ્યો૦ | ૧/૮ પલ્યો૦ | સાધિક ૧/૮ પલ્યો૦ |
| **વૈમાનિક** | | | | |
| ૧લો દેવ૦ | ૧ પલ્યોપમ | ૨ સાગરો૦ | ૧ પલ્યો૦ | પરિ૦ ૭ પલ્યો૦ અપરિ૦ ૫ પલ્યો૦ |
| ૨જો દેવ૦ | સાધિક ૧ પલ્યો૦ | સાધિક ૨ સાગરો૦ | સાધિક ૨ ૧ પલ્યો૦ | પરિ૦ ૯ પલ્યો૦ અપરિ૦ ૫૫ પલ્યો૦ |

(૧) પરમાધામી અસુરોનું ઉત્કૃ૦ આયુ૦ ૧ પલ્યો૦ હોય છે. તિર્યગ્જૃમ્ભક વ્યંતરોનું પણ ઉત્કૃ૦ ૧ પલ્યો૦ હોય છે.

| વૈમાનિક | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ | ગ્રૈવેયક | જઘન્યાયુ | ઉત્કૃષ્ટાયુ. |
|---|---|---|---|---|---|
| ૩ જો દેવ૦ | ૨ સાગરોપમ | ૭ સાગરોપમ | ૧લી | ૨૨ સાગરો૦ | ૨૩ સાગરો૦ |
| ૪થો દેવ૦ | સાધિક ૨ સાગરો૦ | સાધિક ૭ સાગરો | ૨જી | ૨૩ સાગરો૦ | ૨૪ સાગરો૦ |
| [1]૫મો દેવ૦ | ૭ સાગરોપમ | ૧૦ સાગરોપમ | ૩જી | ૨૪ સાગરો૦ | ૨૫ સાગરો૦ |
| ૬ઠ્ઠો દેવ૦ | ૧૦ સાગરોપમ | ૧૪ સાગરોપમ | ૪થી | ૨૫ સાગરો૦ | ૨૬ સાગરો૦ |
| ૭મો દેવ૦ | ૧૪ સાગરોપમ | ૧૭ સાગરોપમ | ૫મી | ૨૬ સાગરો૦ | ૨૭ સાગરો૦ |
| ૮મો દેવ૦ | ૧૭ સાગરોપમ | ૧૮ સાગરોપમ | ૬ઠ્ઠી | ૨૭ સાગરો૦ | ૨૮ સાગરો૦ |
| ૯મો દેવ૦ | ૧૮ સાગરોપમ | ૧૯ સાગરોપમ | ૭મી | ૨૮ સાગરો૦ | ૨૯ સાગરો૦ |
| ૧૦મો દેવ૦ | ૧૯ સાગરોપમ | ૨૦ સાગરોપમ | ૮મી | ૨૯ સાગરો૦ | ૩૦ સાગરો૦ |
| ૧૧મો દેવ૦ | ૨૦ સાગરોપમ | ૨૧ સાગરોપમ | ૯મી | ૩૦ સાગરો૦ | ૩૧ સાગરો૦ |
| ૧૨મો દેવ૦ | ૨૧ સાગરોપમ | ૨૨ સાગરોપમ | [2]૪ અનુત્તર | ૩૧ સાગરો૦ | ૩૩ સાગરો૦ |
| | | | સર્વાર્થસિદ્ધ | ૩૩ સાગરો૦ | ૩૩ સાગરો૦ |

(૧) લોકાંતિકનું ઉત્કૃ૦ આયુ૦ ૮ સાગરો૦ હોય છે.

(૨) ૪ અનુત્તરમાં જઘ૦ ૩૧ સાગરો૦, ઉત્કૃ૦ ૩૩ સાગરો૦ તથા ૩૧ સાગરો૦ + ૧ સમયથી ૩૩ સાગરો૦ - ૧ સમય સુધી મધ્યમ આયુષ્યના ભેદો જાણવા.

★ ગુણઠાણામાં કાળ - ભવન૦ થી ૯ ગ્રૈવે૦

| ગુણઠાણું. | જઘન્ય | ઉત્કૃષ્ટ. |
|---|---|---|
| ૧ | અન્તર્મુ૦ | સર્વાયુ. |
| ૨ | ૧ સમય | ૬ આવલિકા |
| ૩ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| ૪. | અન્તર્મુ૦ | વૈમા૦ સંપૂર્ણ આયુ. શેષ ૩ - અન્તર્મુ૦ ન્યૂન સર્વાયુ[1]. |

(૧)કાર્મગ્રન્થિક મતે ક્ષાયોપ૦ સમ્યક્ત્વી તિર્યંચ-મનુષ્ય વૈમા. સિવાય સર્વત્ર સમ્યક્ત્વ વમીને જ જાય. ક્ષાયિક સમ્યક્ત્વી આ ૩માં જતા નથી. સિદ્ધાન્તના મતે સર્વાયુ મળે.

**★ ગુણસ્થાનક સતત પ્રાપ્તિકાળ (અનેક જીવ)**

બધી માર્ગણામાં બધે ગુણઠાણે જઘ૦ ૧ સમય ઉત્કૃ. આવલિકા/a

**★ ગુણઠાણે દેવો રહ્યા હોવાનો કાળ**

૧-૪ ગુણ૦ — નિરંતર
બીજે ગુણ — જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ P/a
ત્રીજે ગુણ — જઘ૦ અન્તર્મુ. ઉત્કૃ૦ P/a

**★ દેવોનો નિરંતર ઉત્પત્તિકાળ...**

દેવ સામાન્ય, ભવન૦ થી ૮ મો દેવ૦ જઘ૦ ૧ સમય
ઉત્કૃ૦ આવલિકા/a

શેષમાં — જઘ૦ ૧ સમય
ઉત્કૃ૦ - સંખ્યાતા સમય.

**અંતર**

**અનેકજીવ** - અંતર નથી.

**એક જીવ**

| માર્ગણા | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ઈશાનાન્ત | અન્તર્મુ૦ | |
| ૩ થી ૮ | અન્તર્મુ૦ મતાંતરે દિવસ પૃથક્ત્વ આવલિકા/a | |
| ૯ થી ૧૨ | માસપૃથક્ત્વ | પુદ્૦પરા૦ |
| ૯ ગ્રૈવેયક | વર્ષ પૃથક્ત્વ | |
| ૫ અનુત્તર | વર્ષ પૃથક્ત્વ | સંખ્યાતા[2] સાગરો૦ |

(૧) અહીં વર્ષપૃથક્ત્વ એટલે સામાન્યથી ૯ વર્ષ લેવા. પણ ૯થી ન્યૂન ન લેવા. વળી પૃથક્ત્વ શબ્દ બહુત્વવાચી પણ છે. એટલે ૯ વર્ષથી વધારે પણ હોય શકે.

(૨) પાંચ અનુત્તરમાં સર્વાર્થસિદ્ધની અપેક્ષાએ અંતર નથી. ૪ અનુત્તરમાં ગયા પછી બીજીવાર પાંચ-પંદર ભવો પછી જાય. જેમ કે અનુત્તરમાં એકવાર ગયેલાને મનુષ્ય તેમજ વૈમાનિક દેવના જ ભવ હોય અને તે પણ વધુમાં વધું ૨૪ ભવ બતાવેલ છે. તેથી વચમાં મનુષ્ય તથા અનુત્તરભિન્ન વૈમાનિકના અનેક ભવ કરવાથી અનુત્તર તરીકે બે ભવની વચમાં સંખ્યાતા સાગરો૦નું અંતર આવે.

(આ પ્રમાણે પન્નવણા-ઇન્દ્રિયપદમાં જણાવ્યું છે.)

**★ ગુણસ્થાનકમાં અંતર (દેવસામાન્ય)**

| ગુણઠાણું | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧ | અન્તર્મુ૦ | [1]દેશોન ૩૧ સાગરો૦ |
| ૨ | P/a | [2]૨ સમયન્યૂન ૩૧ સાગરો૦ |
| ૩. | અન્તર્મુ૦ | [3]દેશોન ૩૧ સાગરો૦ |
| ૪. | અન્તર્મુ૦ | [4]દેશોન ૩૧ સાગરો૦ |

(૧) અનુત્તરમાં માત્ર ૪થું ગુણ૦ હોવાથી અંતર ન મળે. તેથી નવમી ગ્રૈવે૦ ના ૩૧સાગરો૦ લીધા. એમાં પ્રથમ-ચરમ અન્તર્મુ૦માં મિથ્યાત્વ હોય ત્યારે આ ઉત્કૃષ્ટ અંતર મળે.

**શંકા** - દેવો ૬ મહિના પૂર્વે આયુષ્ય બાંધે છે. એ વખતે જો સમ્યક્ત્વ હોય તો અંતિમ અન્તર્મુ૦માં પણ સમ્યક્ત્વ હોવાથી ઉક્ત ઉત્કૃષ્ટ અંતર મળે નહીં. આયુષ્યબંધ વખતે જ જો મિથ્યાત્વ આવી ગયું હોય તો ૬ મહિના પૂર્વે જ આવી ગયું હોવાથી ઉત્કૃષ્ટ અંતર તરીકે બે અન્તર્મુ૦ ન્યૂન ૩૧ સાગરો૦ ન મળે. પણ અન્તર્મુ૦ અધિક ૬ મહિના ન્યૂન ૩૧ સાગરો૦ મળવું જોઈએ.

**સમાધાન** - (૧) દેવતાને ૬ મહિનાથી અધિક આયુ શેષ હોય ત્યારે આયુષ્ય બંધાતું નથી. એ વાત બરાબર... પણ ૬ મહિના શેષ હોય ત્યારે આયુષ્ય બંધાય જ એવા નિયમમાં મતાંતર છે. દેવ-નારકી છેલ્લા અન્તર્મુ૦માં પણ આયુ૦બંધ કરી શકે છે એ વાત **ભગવતીજી-ઠાણાંગજીની વૃત્તિમાં** આવે છે.

(૨) ૬ મહિના પૂર્વે આયુષ્યનો બંધ થાય તો પણ, એ વખતે સમ્યક્ત્વ હોય તો અંતિમ અન્તર્મુ૦માં પણ સમ્યક્ત્વ જોઈએ જ એવો ૯મી ગ્રૈવેયક સુધીના દેવો માટે નિયમ નથી. છ મહિના શેષ આયુએ સમ્યક્ત્વમાં પરભવાયુ બાંધી છેલ્લા અન્તર્મુ૦માં એ દેવો મિથ્યાત્વે પણ જઈ શકે છે.

(૨) ઉત્પત્તિના પ્રથમ અને ચ્યવનના ચરમ સમયે સાસ્વાદન હોય ત્યારે આ અંતર મળે.

(૩) ઉત્પત્તિના પ્રથમ અંતર્મુ૦ પછી મિશ્ર પામે. પુનઃ દ્વિચરમ અન્તર્મુ૦ માં મિશ્ર પામે ત્યારે આ અંતર મળે. પ્રથમ ચરમ અન્તર્મુ૦માં મિશ્ર ન હોય, કારણ કે મિશ્રગુણઠાણે જન્મ-મરણ નથી.

(૪) પ્રથમ-ચરમ અન્તર્મુ૦માં સમ્યક્ત્વ. શેષકાળમાં મિથ્યાત્વ.

★ ભવન૦ થી ૯ ગ્રૈવે૦માં ગુણસ્થાનકમાં અંતર-

જઘ૦ — દેવસામાન્યવત્

ઉત્કૃ૦ — દેશોન સ્વ સ્વ ભવસ્થિતિ

**★ અનેકજીવ ઉત્પત્તિમાં અંતર**

| | |
|---|---|
| ભવન-ઈશાન સુધી | ૨૪ મુહૂર્ત |
| ૩જો દેવ૦ | ૯ દિવસ ને ૨૦ મુહૂર્ત |
| ૪થો દેવ૦ | ૧૨ દિવસ ને ૧૦ મુહૂર્ત |
| ૫મો દેવ૦ | ૨૨ ૧/૨ દિવસ... |

| | |
|---|---|
| ૬ઠ્ઠો દેવ૦ | ૪૫ દિવસ... |
| ૭મો દેવ૦ | ૮૦ દિવસ... |
| ૮મો દેવ૦ | ૧૦૦ દિવસ... |
| ૯/૧૦ દેવ૦ | સંખ્યાતા માસ. |
| ૧૧/૧૨ દેવ૦ | સંખ્યાતા વર્ષ.. |
| ૧/૨/૩ ગ્રૈવેયક.. | સંખ્યાતા સો વર્ષ |
| ૪/૫/૬ ગ્રૈવેયક.. | સંખ્યાતા હજાર વર્ષ |
| ૭/૮/૯ ગ્રૈવેયક.. | સંખ્યાતા લાખ વર્ષ |
| ૪ અનુત્તર | P/a |
| સર્વાર્થ સિદ્ધ | P/s |

(૧) જેટલું ઉત્પત્તિમાં અંતર છે તેટલું જ સર્વત્ર ચ્યવનમાં અંતર જાણવું. તેમજ એના કરતાં ડબલ અવસ્થિતકાળ જાણવો. એટલે કે જેટલી સંખ્યા હોય એટલી જ સંખ્યા રહેવાનો કાળ જાણવો. જેમ કે ભવન૦માં ૨૪ મુહૂર્ત સુધી ઉત્પત્તિ-ચ્યવનનું અંતર મળ્યું. તેથી એટલો કાળ દેવોની સંખ્યા અવસ્થિત રહી, વળી ત્યારબાદ ૨૪ મુહૂર્ત એવો કાળ મળે કે જેમાં જેટલા ઉત્પન્ન થાય એટલા ચ્યવે. તેથી અવસ્થિતકાળ કુલ ૪૮ મુહૂર્ત મળે. આમ સર્વત્ર તેમજ નારકીમાં પણ જાણવું.

(૨) ષટ્ખંડાગમમાં ૪ અનુત્તરમાં ઉત્પત્તિનું અંતર વર્ષપૃથક્ત્વ બતાવ્યું છે. તેથી મહાવિદેહમાં પણ બધા તીર્થંકરોના શાસનમાં અનુત્તરોપપાતિક મહાત્માઓ મળી શકે.

**[illegible]**

★ સર્વજીવાપેક્ષયા બધા દેવો અનંતમાં ભાગે છે.

★ દેવોની અપેક્ષાએ -

જ્યોતિષ— સંખ્યાતબહુભાગ

વ્યંતર — સંખ્યાતમો ભાગ

ભવન૦ વૈમા૦ — અસંખ્યાતમો ભાગ.

**ગુણઠાણાની અપેક્ષાએ**

★ ભવન૦ થી ૮મો — ૨, ૩, ૪ ગુણઠાણે અસંખ્યાતમો ભાગ

૧લે — અસંખ્ય બહુભાગ

★ ૯ થી ૯ ગ્રૈવે૦ - ૨, ૩ ગુણ૦ અસં૦ મો ભાગ.

૧ લે - સંખ્યાતમો ભાગ.

૪ થે — સંખ્યાત બહુભાગ.

★ પાંચ અનુત્તર — બધા ૪ થે હોય.

## [illegible]

★ બધી માર્ગણા ઔદયિક ભાવે છે.

★ વૈમાનિકમાં ૫ ભાવ, શેષમાં ક્ષાયિક વિના ૪ ભાવ મળે.

૧લે, ૨જે, ૩જે - ૩ ભાવ.

★ ૪થે - એક જીવને ૩ કે ૪ ભાવ
અનેક જીવોને ૫ ભાવ.

## [illegible]

| | |
|---|---|
| સર્વાર્થસિદ્ધ | અલ્પ |
| ૪ અનુત્તર | a |
| ૯મી ગ્રૈવેયક | s |
| ૮ મી ગ્રૈવેયક | s |
| ૭મી ગ્રૈવેયક | s |
| ૬ઠ્ઠી ગ્રૈવેયક | s |
| ૫મી ગ્રૈવેયક | s |
| ૪થી ગ્રૈવેયક | s |
| ૩જી ગ્રૈવેયક | s |
| બીજી ગ્રૈવેયક | s |
| પહેલી ગ્રૈવેયક | s |
| ૧૨મો દેવલોક | s |
| ૧૧મો દેવલોક | s |
| ૧૦મો દેવલોક | s |
| ૯મો દેવલોક | s |
| ૮મો દેવલોક | a |
| ૭મો દેવલોક | a |
| ૬ઠ્ઠો દેવલોક | a |
| ૫મો દેવલોક | a |
| ૪થો દેવલોક | a |
| ત્રીજો દેવલોક | s |
| બીજો દેવલોક | a |
| પહેલો દેવલોક | s |
| ભવન૦ | a |
| વ્યંતર | a |
| જ્યોતિષ | s |

૪ નિકાયોમાં અલ્પબહુત્વ

| | |
|---|---|
| વૈમાનિક — | અલ્પ |
| ભવનપતિ — | a |
| વ્યંતર — | a |
| જ્યોતિષ — | s |

★ વૈમાનિકદેવો સૂચિ અંગુલના પ્રથમ વર્ગમૂળના અસંખ્યાતમા ભાગ જેટલી સૂચિ શ્રેણિના આકાશપ્રદેશો જેટલા છે.

★ ભવનપતિદેવો સૂચિઅંગુલના અસંખ્યાતમા ભાગ જેટલી કે મતાંતરે સૂચિઅંગુલના વર્ગના અસંખ્યાતમા ભાગ જેટલી શ્રેણિઓના આકાશપ્રદેશ જેટલા છે.

★ વ્યંતરો અસંખ્ય ઘનાંગુલના પ્રદેશ જેટલી શ્રેણિઓના પ્રદેશ જેટલા છે.

★ જ્યોતિષદેવો પ્રતર ÷ ૨૫૬ સૂચિઅંગુલનો વર્ગ જેટલા છે.

★ ૪ અનુત્તરમાં ઉત્કૃષ્ટપદે પરસ્પર તુલ્ય હોવાની સંભાવના છે.

## ગુણસ્થાનકમાં અલ્પબહુત્વ

| દેવ | ગુણ૦ | કેટલા | દેવ | ગુણ૦ | કેટલા ? |
|---|---|---|---|---|---|
| સર્વાર્થ સિદ્ધના | ૪થાવાળા | અલ્પ | ૪ અનુત્તરના | ૪થાવાળા | a |
| ૯મી ગ્રૈવેયકના | ૨જાવાળા | a | ૯મી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૮મી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૮મી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૭મી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૭મી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૬ઠ્ઠી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૬ઠ્ઠી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૫મી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૫મી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૪થી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૪થી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૩જી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૩જી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૨જી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૨જી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૧લી ગ્રૈવેયકના | ૨જાવાળા | s | ૧લી ગ્રૈવેયકના | ૧લાવાળા | s |
| ૧૨મા દેવ૦ના | ૨જાવાળા | s | ૧૨મા દેવ૦ના | ૧લાવાળા | s |
| ૧૧મા દેવ૦ના | ૨જાવાળા | s | ૧૧મા દેવ૦ના | ૧લાવાળા | s |
| ૧૦મા દેવ૦ના | ૨જાવાળા | s | ૧૦મા દેવ૦ના | ૧લાવાળા | s |
| ૯મા દેવ૦ના | ૨જાવાળા | s | ૯મા દેવ૦ના | ૧લાવાળા | s |
| ૯મી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૯મી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૮મી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૮મી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૭મી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૭મી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૬મી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૬ઠ્ઠી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૫મી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૫મી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૪થી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૪થી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૩જી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૩જી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૨જી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૨જી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૧લી ગ્રૈવેયકના | ૩જાવાળા | s | ૧લી ગ્રૈવેયકના | ૪થાવાળા | s |
| ૧૨મા દેવ૦ના | ૩જાવાળા | s | ૧૨મા દેવ૦ના | ૪થવાળા | s |
| ૧૧મા દેવ૦ના | ૩જાવાળા | s | ૧૧મા દેવ૦ના | ૪થવાળા | s |
| ૧૦મા દેવ૦ના | ૩જાવાળા | s | ૧૦મા દેવ૦ના | ૪થવાળા | s |
| ૯મા દેવ૦ના | ૩જાવાળા | s | ૯મા દેવ૦ના | ૪થવાળા | s |

| દેવ | ગુણ૦ | કેટલા ? | દેવ | ગુણ૦ | કેટલા ? |
|---|---|---|---|---|---|
| ભવનપતિના | ૨જાવાળા | a | | ત્રીજાવાળા | s |
| ભવનપતિના | ૩જાવાળા | s | | ચોથાવાળા | a |
| ભવનપતિના | ૪થાવાળા | a | ૩જાના | બીજાવાળા | a |
| વ્યંતરના | ૨જાવાળા | a | | ત્રીજાવાળા | s |
| વ્યંતરના | ૩જાવાળા | s | | ચોથાવાળા | a |
| વ્યંતરના | ૪થાવાળા | a | ૨જા દેવ૦ના | બીજાવાળા | a |
| જ્યોતિષના | ૨જાવાળા | a | | ત્રીજાવાળા | s |
| જ્યોતિષના | ૩જાવાળા | s | | ચોથાવાળા | a |
| જ્યોતિષના | ૪થાવાળા | a | ૧લા દેવ૦ના | બીજાવાળા | a |
| ૮માના | બીજાવાળા | a | | ત્રીજાવાળા | s |
| ૮માના | ત્રીજાવાળા | s | | ચોથાવાળા | a |
| ૮માના | ચોથાવાળા | a | ૮મા દેવ૦ના | ૧લાવાળા | a |
| ૭માના | બીજાવાળા | a | ૭મા દેવ૦ના | ૧લાવાળા | a |
| ૭માના | ત્રીજાવાળા | s | ૬ઠ્ઠા દેવ૦ના | ૧લાવાળા | a |
| ૭માના | ચોથાવાળા | a | ૫મા દેવ૦ના | ૧લાવાળા | a |
| ૬ઠ્ઠાના | બીજાવાળા | a | ૪થા દેવ૦ના | ૧લાવાળા | a |
| | ત્રીજાવાળા | s | ૩જા દેવ૦ના | ૧લાવાળા | s |
| | ચોથાવાળા | a | ૨જા દેવ૦ના | ૧લાવાળા | a |
| ૫માના | બીજાવાળા | a | ૧લા દેવ૦ના | ૧લાવાળા | s |
| | ત્રીજાવાળા | s | ભવનપતિના | ૧લાવાળા | a |
| | ચોથાવાળા | a | વ્યંતરના | ૧લાવાળા | a |
| ૪થાના | બીજાવાળા | a | જ્યોતિષના | ૧લાવાળા | s |

**શંકા** - ચોથા દેવલોકના દેવો કરતાં ત્રીજા દેવલોકના દેવો સંખ્યાતગુણ છે. અને તેથી ચોથા દેવલોકના ૧લા ગુણઠાણાવાળા કરતાં ત્રીજા દેવલોકના ૧લા ગુણઠાણાવાળા દેવો સંખ્યાતગુણ છે. તો એ રીતે, ૪થા, ત્રીજા, બીજા ગુણઠાણાવાળા પણ ચોથા દેવલોક કરતાં ત્રીજા દેવલોકમાં સંખ્યાતગુણ જ હોવા જોઈએ ને ! જ્યારે આ અલ્પબહુત્વમાં તો એ અસંખ્યગુણ હોવા જણાય છે.

**સમાધાન -** ત્રીજા અને ચોથા દેવલોકમાં અસંખ્યબહુભાગ દેવો મિથ્યાત્વે હોય છે. શેષ જે એક અસંખ્યાતમો ભાગ હોય છે એ એવી રીતે હોય છે કે જેથી ચોથા દેવલોકના સાસ્વાદની કરતાં ત્રીજાના સાસ્વાદની અસંખ્યાતગુણ થઈ જાય છે. એવી જ રીતે મિશ્ર-સમ્યક્ત્વી જીવો માટે પણ જાણવું. આ બધી અસંખ્ય સંખ્યાઓ એવી હોય છે કે જેથી ઉક્ત ક્રમે અલ્પબહુત્વ મળે છે.

**★ ચારેય ગતિમાંથી સમુદિત મોક્ષે જનારા -**

| | કેટલા ? | અંતર (અવશ્ય કોઈક આટલા કાળે મોક્ષે જાય) | એક સમયે ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| માનુષીથી | અલ્પ | સાધિકવર્ષ | ૨૦ |
| મનુષ્યથી | s | સાધિકવર્ષ | ૧૦ |
| નારકીથી | s | સંખ્યાતા હજારવર્ષ | ૧૦/૪ (૪થી નરકવાળા) |
| તિર્યંચિણીથી | s | સાધિકવર્ષ | ૧૦ |
| તિર્યંચથી | s | શતપૃથક્ત્વવર્ષ | ૧૦ |
| દેવીથી | s | હજારવર્ષ | ૨૦/૫ (ભવન૦ વ્યંતરદેવી) |
| દેવથી | s | સાધિકવર્ષ | ૧૦૮ વૈમાનિકવાળા |

**પ્રશ્ન :** પુરુષ કરતાં સ્ત્રીઓ મોક્ષમાં અલ્પ જાય છે તેનું કારણ શું છે ?

**ઉત્તર :** ચારિત્ર પામનાર સ્ત્રીઓમાંથી મોટે ભાગે અનેક ભવની આરાધના કરીને ભવાંતરે પુરુષ થઈને મોક્ષમાં જાય છે. સ્ત્રી તરીકેના ભવમાં ધર્મ પામીને એ જ ભવે મોક્ષે જનાર પ્રાયઃ અલ્પ હોય છે. સ્ત્રી તરીકેના ભવમાં આરાધના કરનારને ભવાંતરમાં પણ સ્ત્રીવેદ ચાલુ રહે એવું ઓછું બને છે. ધર્માત્માઓ - આરાધકો ભવાંતરમાં પ્રાયઃ પુરુષ જ બને છે. તેથી શ્રી તીર્થંકરદેવોની પર્ષદામાં શ્રાવિકાઓ, સાધ્વીઓ અને સ્ત્રીકેવલી વધારે હોવા છતાં યાવત્કાળની અપેક્ષાએ એ અલ્પ હોય એમ જણાય છે. તત્ત્વં કેવલિગમ્યમ્

**★ દેવો અંગે કંઈક વિશેષ -**

અસુર૦ વૈમા૦ - ઉત્તર વૈ૦ ૧ લાખ યોજન બનાવે.

શેષ દેવો - ઉત્તર વૈ૦યોજનશતપૃથક્ત્વ બનાવે.

દેવો બે પ્રકારના કાર્યો કરી શકે છે.

(૧) ઔદારિક પુદ્ગલોનો સંચય કરી શકે. એના દ્વારા જે વસ્તુ બનાવે છે તેમાં એના આત્મપ્રદેશો સંબદ્ધ હોતા નથી. અને તેથી એ વસ્તુઓ દીર્ઘકાળ સુધી પણ અવસ્થિત રહી શકે છે.

(૨) વૈક્રિયપુદ્‌ગલોનો સંચય કરી ઉત્તરવૈક્રિય બનાવી શકે. એમાં એના આત્મપ્રદેશો સંલગ્ન હોય છે. એ એના ઉત્તરવૈક્રિય શરીરરૂપ બને છે. આત્મપ્રદેશો એમાંથી નીકળી જાય એટલે એ વસ્તુ (પુદ્‌ગલો) વિખરાઈ જાય છે. પાલક વગેરે દેવો જે વિમાન વિકુર્વે છે તે એના પોતાના ઉત્તરવૈક્રિય શરીરરૂપ હોય છે. ઉત્તરવૈક્રિયનો ઉત્કૃ૦ કાળ એક મતે ૧૫ દિવસ અને અન્ય મતે ૬ મહિના છે. સમવસરણ જો વૈક્રિય પુદ્‌ગલમાંથી બનાવે તો સ્વશરીરરૂપ બને છે, અન્યથા એમ ને એમ = (શરીર ભિન્ન સ્વતન્ત્ર પુદ્‌ગલસંઘાત રૂપ) બને છે.

**ગતિમાર્ગણા પૂર્ણ થઈ.**

## ઈન્દ્રિયમાર્ગણા

| માર્ગણા | દ્રવ્યપ્રમાણ |
| --- | --- |
| (૧) એકે૦સામા (૨) પર્યા૦ એકે૦ (૩) અપર્યા૦ એકે૦<br>(૪) બા૦ એકે૦ (૫) બા૦ પર્યા૦ એકે૦<br>(૬) બા૦ અપર્યા૦ એકે૦ (૭) સૂ૦ એકે૦<br>(૮) સૂ૦ પર્યા૦ એકે૦ (૯) સૂ૦ અપર્યા૦ એકે૦ | ૮મા અનંતે |
| (૧૦) બેઈ૦સામા૦ (૧૨) અપર્યા૦ બેઈ૦<br>(૧૩) તેઈ૦સામા૦ (૧૫) અપર્યા૦ તેઈ૦<br>(૧૬) ચઉ૦ સામા૦ (૧૮) અપર્યા૦ ચઉ૦<br>(૧૯) પંચે૦સામા૦ (૨૧) અપર્યા૦ પંચે૦ | પ્રતર ÷ અંગુલ/a<br>આમાં ભાજક જે અંગુલ/a છે તે<br>પ્રતરાંગુલ ÷ આવલિકા<br>જેટલો લેવો. |
| (૧૧) પર્યા૦ બેઈ૦ (૧૪) પર્યા૦ તેઈ૦<br>(૧૭) પર્યા૦ ચઉ૦ (૨૦) પર્યા૦ પંચે૦ | પ્રતર ÷ અંગુલનો સંખ્યાતમો ભાગ. |

આમાં એકે૦ સંબંધી નવે રાશિઓ આઠમા અનંતે છે. ક્ષેત્રથી અનંતલોક પ્રમાણ છે અને કાળથી અતીતકાળના સમયો કરતાં અનંતગુણ છે.

પર્યા૦ મનુષ્યો સંખ્યાત વર્ષમાં (= અસંખ્યાત સમયોમાં) સંખ્યાતા જ થાય છે. એટલે કે વિવક્ષિતકાળમાં મનુષ્યમાંથી કોઈપણ સ્થાનમાં ઉત્પન્ન થનારા જીવો અસંખ્યાતમા ભાગના જ મળે. તેથી ૧ પલ્યોપમમાં મનુષ્યમાંથી વ્યંતરમાં જનારા કેટલા ? તો કે P/a. એમ એક પલ્યોપમમાં સિદ્ધમાં જનારા કેટલા ? તો કે P/a. એટલે કે અત્યાર સુધીમાં સિદ્ધ થયેલા કુલ જીવ અતીતકાળ કરતાં અસંખ્યાતમાં ભાગે છે. વળી આ જીવરાશિ એક નિગોદના અનંતમાં ભાગે છે. તેથી જણાય છે કે એક - એક નિગોદમાં અતીતકાળ કરતાં અનંતગુણ જીવ છે.

આ નવે ય રાશિ આઠમા અનંતે હોવા છતાં નીચે મુજબનું અલ્પબહુત્વ ધરાવે છે. એ સમજવા માટે અસત્કલ્પનાનો આધાર લઈએ. ધારો કે બા૦ પર્યા૦ એકે૦,બા૦ અપર્યા૦ એકે૦, સૂ૦ અપર્યા૦ એકે૦, અને સૂ૦ પર્યા૦ એકે૦ ક્રમશઃ ૧૦, ૧૦૦, ૧૦૦૦ અને ૩૩૦૦ છે, તો

| નં. | માર્ગણા | | અસત્ કલ્પના |
|---|---|---|---|
| ૧ | બા૦ પ૦ એ૦ | અલ્પ | ૧૦ |
| ૨ | બા૦ અપ૦ એ૦ | a | ૧૦૦ |
| ૩ | બા૦ એ૦ | v | ૧૧૦ (૧) + (૨) |
| ૪ | સૂ૦ અપ૦ એ૦ | a | ૧૦૦૦ |
| ૫ | અપ૦ એ૦ | v | ૧૧૦૦ (૨) + (૪) |
| ૬ | સૂ૦ પ૦ એ૦ | s | ૩૩૦૦ |
| ૭ | પર્યા૦ એ૦ v | ૩૩૧૦ | (૧) + (૬) |
| ૮ | સૂ૦ એ૦ | v | ૪૩૦૦ (૪) + (૬) |
| ૯ | એકે૦ સામા૦ v | ૪૪૧૦ | (૩) + (૮) અથવા (૫) + (૭) |

આ અલ્પબહુત્વનો વિચાર કરીએ તો જણાય છે કે બાદર એકેન્દ્રિય કરતાં સૂક્ષ્મ એકેન્દ્રિય અસંખ્યગુણ છે, અનંતગુણ નહીં. એટલે પ્રશ્ન ઊભો થાય છે કે બાદર નિગોદને અવ્યવહારરાશિ ગણવી કે વ્યવહારરાશિ ?

આશય એ છે કે પન્નવણા વગેરેમાં અભવ્ય, સિદ્ધ, ભવ્ય અને જાતિભવ્યને ઉત્તરોત્તર અનંતગુણ દર્શાવ્યા છે. અર્થાત્ ભવ્યો કરતાં જાતિભવ્ય અનંતગુણ છે. વળી જાતિભવ્ય જીવો ક્યારેય નિગોદમાંથી બહાર નીકળવાના નથી. ભવ્યજીવો વ્યવહારરાશિ અને અવ્યવહારરાશિ બંનેમાં હોય છે. જ્યારે જાતિભવ્યો તો બધા જ અવ્યવહારરાશિમાં છે. તેથી ભવ્યો કરતાં જાતિભવ્યો અનંતગુણ હોવાથી, વ્યવહારરાશિ કરતાં અવ્યવહારરાશિ અનંતગુણ હોવી સ્પષ્ટ સમજાય છે. બીજી બાજુ બાદરનિગોદના જીવો કરતાં સૂક્ષ્મનિગોદના જીવો અસંખ્યગુણ કહ્યા છે. એટલે બાદરનિગોદ જો વ્યવહારરાશિ હોય તો વ્યવહારરાશિ કરતાં અવ્યવહારરાશિ અસંખ્યગુણ જ સિદ્ધ થાય.

વળી પ્રત્યેક સમયે અસંખ્યલોક જેટલા જીવો નિગોદમાંથી પ્રત્યેકમાં આવતા હોય તો પણ અત્યાર સુધીમાં કુલ, અતીતકાળ × અસંખ્યલોક જેટલા જીવો જ (એટલે કે અતીતકાળ કરતાં અસંખ્યગુણા જીવો જ) પ્રત્યેકપણું પામ્યા છે. જ્યારે એક એક બાદર નિગોદમાં પણ અતીતકાળ કરતાં અનંતગુણ જીવો છે.

એટલે કે બાદરનિગોદનો અનંતમો ભાગ જ હજુ સુધી બહાર નીકળ્યો છે અને પ્રત્યેકપણું પામ્યો છે. અત્યાર સુધીમાં પ્રત્યેકપણું કેટલા જીવો પામ્યા છે ? એ જાણવાની આ રીત છે - દરેક સિદ્ધાત્મા પ્રત્યેકપણું પામીને સિદ્ધ થયેલા છે. જેઓ હાલ પ્રત્યેક તરીકે છે તેઓ તો પ્રત્યેકપણું પામ્યા જ છે. વળી પ્રત્યેકપણું પામીને પુનઃ નિગોદમાં ગયેલા પણ પ્રત્યેકપણું પૂર્વે પામી ચૂકેલા તો છે જ.

પ્રત્યેક બનીને નિગોદમાં ગયેલા જીવો સાદિ નિગોદ કહેવાય. એની કાયસ્થિતિ અઢી પુદ્૦પરા૦ છે. એટલે પ્રત્યેક સમયે જુદા જુદા જ અસંખ્ય લોક જીવો પ્રત્યેકમાંથી નિગોદમાં જતા હોય તો અઢી પુદ્૦ પરા૦માં સંચિત થયેલા જીવો અઢી પુદ્૦પરા૦ × અસંખ્યલોક જેટલા મળે.

તેથી અત્યાર સુધીમાં પ્રત્યેકપણું પામેલા જીવોની સંખ્યા = સિદ્ધના જીવો (= અતીતકાળ અનંતપુદ્૦પરા૦ ÷ અસંખ્ય) + વર્તમાનમાં પ્રત્યેક જીવો (અસંખ્યલોક) + અઢી પુદ્૦પરા૦ × અસંખ્યલોક

વળી શ્રીવિશેષાવશ્યક ભાષ્યની વૃત્તિમાં આ પ્રમાણે પાઠ છે કે — तत्र संव्यवहारराशिगतैः सर्वैरपि जीवैः सामान्येनाक्षरात्मकं श्रुतं स्पृष्टं, द्वीन्द्रियादिभावस्य सर्वैरपि तैः स्पृष्टत्वात् । तत्र च सामान्यश्रुतसद्भावात् । संव्यवहारराशिगतविशेषणं चेह पूर्वटीकाकारैः कृतमिति नास्माकं स्वमनीषिका **संभावनीयेति** । (वि० आ० भा० गाथा २७८३ वृत्तौ)

જો કે આમાં બાદરનિગોદને સ્પષ્ટ અક્ષરો દ્વારા અવ્યવહારરાશિરૂપે કહી નથી. પણ અર્થાપત્તિથી એ જણાય છે. કારણ કે આમાં સંવ્યવહારરાશિના બધા જીવો બેઇન્દ્રિયાદિપણું પામી ગયા છે એમ જણાવ્યું છે. અને પૂર્વે જણાવ્યા મુજબ, એક જ બાદર નિગોદ પણ અનંતમો ભાગ જ હજુ સુધી પ્રત્યેકપણું પામ્યો છે. માટે બાદરનિગોદ સંવ્યવહારરાશિરૂપ સંભવે નહિ.

એક બાજુ આવો અર્થ ફલિત થાય છે. પણ એમાં વૃત્તિકાર મલધારી શ્રી હેમચંદ્રસૂરિ મ૦ ના મનમાં પણ કંઈક પ્રશ્ન ઉદ્ભવતો હોવો જોઈએ. કારણ કે તેઓશ્રીએ જણાવ્યું છે કે "પૂર્વટીકા કે જે સ્વોપજ્ઞવૃત્તિ કહેવાય છે તેમાં આ પ્રમાણે સંવ્યવહારરાશિ અંગે જણાવ્યું છે માટે અમે કહીએ છીએ, અમે અમારી બુદ્ધિકલ્પનાથી આ કહ્યું છે એવું ન માનવું". તેઓશ્રીને પ્રશ્ન આવો ઉપસ્થિત થયો હોય કે બાદરનિગોદ જો આ રીતે અવ્યવહારરાશિ હોય તો શ્રી વિશેષાવશ્યકભાષ્યના રચયિતા **શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ** પોતાના અન્ય **'વિશેષણવતિ'** ગ્રન્થમાં બાદરનિગોદને વ્યવહારરાશિ તરીકે જે જણાવી છે તે શા માટે જણાવે ?

આપણે ત્યાં શ્રી જિનભદ્રગણિક્ષમાશ્રમણ પછીના બધા પ્રકરણકારોએ બાદરનિગોદને વ્યવહારરાશિ જ કહી છે એ સ્પષ્ટ છે.

એમાં, તર્કથી ઉપર કહ્યા મુજબ અનુપપત્તિ થાય છે, પણ છદ્મસ્થનો તર્ક આંધળાએ કરેલા રૂપવર્ણન જેવો હોય છે એ જાણવું.

**★ ગુણ૰માં દ્રવ્યપ્રમાણ**

૧લે ... સર્વત્ર ઉપરવત્

પંચે૰માં ૨ થી ૧૪ ગુણઠાણે ગુણઠાણાઓઘવત્

એકે૰ વિકલે૰ માં બીજું માનનારના મતે અસંખ્ય જીવો છે. આ અસંખ્ય આવલિકા/a કે P/a છે તે જાણવામાં નથી.

## ક્ષેત્ર

| ઘનરાજ | એકજીવ | અનેકજીવ | સૂચિરાજ | એકજીવ | અનેકજીવ |
|---|---|---|---|---|---|
| એકે૰ સર્વભેદ[1] | L/a | સર્વલોક | એકે૰ | ૧૪ રાજ | ૧૪ રાજ |
| વિકલે૰પંચે૰ | L/a | L/a | વિકલે૰અપ૰પંચે૰ | ૭ રાજ | ૧૪ રાજ |
| પંચે૰ને કેવલી-સમુદ્ઘ૰માં | સર્વલોક પર્યા૰પંચે૰ | સર્વલોક | પંચે૰ સામા૰ | ૯ રાજ | ૧૪ રાજ |

(૧) સર્વભેદનું ઉપપાત અને સમુદ્ઘાતક્ષેત્ર સર્વલોક છે. સ્વસ્થાનક્ષેત્ર બા૰ એકે૰ની ત્રણ માર્ગણાનું વાઉકાયની અપેક્ષાએ દેશોનલોક ને શેષ બાદરજીવોની અપેક્ષાએ L/a છે. બાકીની ૬ માર્ગણાઓમાં સ્વસ્થાન ક્ષેત્ર પણ સર્વલોક છે. (સ્પર્શનામાં પણ આ પ્રમાણે જાણવું.)

**★ ગુણઠાણે ક્ષેત્ર** - ૧ લે ઉપરવત્ ... ૨ થી ૧૪માં પંચે૰ માં ઓઘવત્ તે સિવાયની માર્ગણ માં જ્યાં ૨જું હોય ત્યાં L/a

## સ્પર્શના

**એકજીવ - અનેકજીવ...** સૂચિરાજ - ઘનરાજ.. માર્ગણાના - સર્વભેદોમાં

૧ લે — સર્વલોક

૨ થી ૧૪ — ઓઘવત્

વિકલે૰ માં બીજું ગુણ૰ લઈને આવનાર સંજ્ઞી પંચે૰ તિર્યંચ અને મનુષ્ય હોય. તેમનું અને પોતાનું (વિકલે૰નું) ક્ષેત્ર તિર્ચ્છાલોક કે તેની નિકટનું હોવાથી ઊંચાઈમાં L/a હોવાથી ઘનરાજથી ૧ રાજ વગેરે ક્ષેત્ર આવી શકે નહીં. વળી વિકલે૰ ને બીજું ગુણ૰ અપર્યા૰ અવસ્થામાં હોય છે. ત્યાં મૃત્યુ હોતું નથી. તેથી મરણ સમુદ્ઘ૰ નથી. તેથી બીજે ગુણઠાણે વિકલે૰ ને સૂચિ- ઘનથી સ્પર્શના L/a જ આવે છે. વિકલે૰ જીવો તિર્ચ્છાલોકમાં, નીચે સમુદ્રમાં તેમજ ઉપર મેરુપર્વત પર હોય છે. અન્યત્ર નહીં. દેવલોકની વાવડીઓમાં ત્રસજીવો હોતા નથી, રત્નના માછલા હોય છે.

## કાળ

અહીં જે કાળ કહેવાશે તે વ્યવહારરાશિની અપેક્ષાએ જાણવો. અથવા જે જીવો એકાદવાર પણ બેઇન્દ્રિયાદિપણું પામી ગયા છે એવા જીવોની અપેક્ષાએ જાણવો. જઘ૦ કાળ ક્ષુલ્લકભવ કે અન્તર્મુ૦ જાણવો. ઉત્કૃષ્ટકાળ નીચે મુજબ જાણવો.

| | | |
|---|---|---|
| એકે૦સામાન્ય | આવલિકા/a પુદ્૦પરા[1]૦ | |
| સૂ૦ એકે૦ સામાન્ય | અંસે. લોકપ્રદેશ પ્રમાણ સમયો | |
| પર્યા૦ સૂ૦ એકે૦, અપ૦ સૂ૦ એકે૦ | અન્તર્મુ૦ | |
| બા૦ એકે૦સામાન્ય | અંગુલ/a પ્રદેશપ્રમાણસમયો | |
| બા૦ પર્યા૦ એકે૦, પર્યા૦ એકે૦ } | સંખ્યાતા હજાર વર્ષ | |
| વિકલે૦ સામાન્ય. | | |
| બા૦ અપ૦ એકે૦, અપર્યા૦એકે૦ } | અન્તર્મુ૦ | |
| અપર્યા૦ વિકલે૦ | | |
| પર્યા૦ વિકલે૦ | સંખ્યાતા હજાર વર્ષ - જીવસમાસ, પંચ સંગ્રહ | |
| બેઇન્દ્રિય | સંખ્યાતા વર્ષ, | પન્નવણા |
| તઇન્દ્રિય | સંખ્યાતા દિવસ, | |
| ચઉરિન્દ્રિય | સંખ્યાતા મહિના | |
| પંચે૦ સામા૦ | પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૧૦૦૦ સાગરો. | |
| અપર્યા૦ પંચે૦ | અન્તર્મુ૦ | |
| પર્યા૦ પંચે૦ | સાગરો૦ શતપૃથક્ત્વ[2] | |

(૧) વન૦નોકાળ અને બીજે પણ જ્યાં અર્ધ કે અસંખ્ય પુદ્૦ પરા૦ આવે છે તે કાળ કાળ પુદ્ગલ પરાવર્તનો લેવાનો હોય છે. જો કે ગ્રંથમાં ક્ષેત્ર અને કાળ બંને પુદ્૦ પરા૦ બતાવેલ છે. પણ મૂળગ્રંથમાં કાળ પુદ્૦ પરા૦ કહ્યો છે. ક્ષેત્ર પુદ્૦ પરા૦ લેવામાં વિશેષ હરકત નથી... દ્રવ્ય પુદ્૦ પરા૦ ના કોઈક જગ્યાએ અક્ષરો છે. પરંતુ દ્રવ્ય પુદ્૦ પરા૦ આપણે જે રીતે સમજીએ છીએ તે રીતે આજ સુધીમાં પૂર્ણ થયો નથી કે કયારેય થશે નહીં.

એકજીવ એક સમયમાં અભવ્યથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગે પુદ્ગલોને ગ્રહણ કરે છે. એટલે અતીતકાળમાં એને ગ્રહણ કરેલા પુદ્ગલો = અતીતકાળ × સિદ્ધ ÷ A

વળી અતીતકાળ = સિદ્ધ × અસંખ્ય

તેથી એકજીવથી ગૃહીતપુદ્ગલો = સિદ્ધ × અસંખ્ય × સિદ્ધ ÷ A

તેથી સર્વજીવોથી અતીતકાળમાં ગૃહીતપુદ્ગલો =

સિદ્ધ$^2$ × અસંખ્ય × સર્વજીવો ÷ A

જ્યારે પુદ્ગલાસ્તિકાયમાં તો સર્વજીવના વર્ગ કરતાં પણ અનંતાનંત ગુણા પુદ્ગલો છે. એટલે એનો એક અનંતમો ભાગ જ સર્વજીવોથી ગૃહીત થયો હોવાથી આપણે જે, એક જીવ સર્વપુદ્ગલોને ગ્રહણ કરીને છોડે એ કાળ દ્રવ્યપુદ૦ પરા૦ કહેવાય એવું સમજીએ છીએ એવો દ્રવ્યપુદ્૦ પરા૦ ક્યારેય પૂરો થાય નહિ એ સ્પષ્ટ છે. પણ અન્ય વિવક્ષાવિશેષથી એ પૂર્ણ થઈ શકે છે એ જાણવું. તત્ત્વ કેવલિગમ્ય છે. દિગંબરો, વિવક્ષિત સમયે જીવે જે પુદ્ગલો લીધા છે તે બધા પુદ્ગલો છૂટા થઈ ફરીથી જે સમયે તે જ બધા પુદ્ગલો તે જ રૂપે ગૃહીત થાય.. ત્યાં સુધીના કાળને દ્રવ્ય પુદ્૦ પરા૦ કહે છે. પણ આ વાત નિઃસન્દિગ્ધપણે સ્વીકરણીય લાગતી નથી. માટે ખરું તત્ત્વ તો જ્ઞાની જાણે..

ભાવ પુદ્૦ પરા૦ તો કોઈ કાળે પૂર્ણ થયો નથી, થશે નહીં. અધ્યવસાયોની અપેક્ષાએ એ પૂર્ણ થતો ન હોવા છતાં વર્ણાદિની અપેક્ષાએ એ પૂર્ણ થાય છે એમ જાણવું.

(૨) પંચેન્દ્રિયપણું જાળવીને પણ ચારમાંની કોઈપણ ગતિનું અંતર બાકીની ૩ ગતિમાં વારંવાર ઉત્પન્ન થવા દ્વારા સાગરો૦ શતપૃથક્ત્વ આવે છે એ જાણવું.

★ અનેક જીવાપેક્ષયા સર્વમાર્ગણાઓ ધ્રુવ છે.

**★ ભવસ્થિતિરૂપ કાળ (એક જીવ)**

| માર્ગણા. | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| એકે૦ સામા૦ બા૦ એકે૦ | ક્ષુલ્લકભવ | ૨૨૦૦૦ વર્ષ |
| બા૦ પર્યા૦ એકે૦ | અન્તર્મુ૦ | ૨૨૦૦૦ વર્ષ |
| સૂ૦ એકે૦, અપર્યા સૂ૦એ૦, અપ૦ બા૦ એ૦, અપ૦ એ૦, } | ક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ |
| પર્યા૦ સૂ૦ એ૦ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| અપ૦ વિકલે૦, અપ૦ પંચે૦ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| પર્યા૦ બેઇ૦, બેઇ૦ સામાન્ય | અન્તર્મુ૦ | ૧૨ વર્ષ |
| પર્યા૦ તેઇ૦, તેઇ૦ સામાન્ય | અન્તર્મુ૦ | ૪૯ દિવસ |
| પર્યા૦ ચઉ૦, ચઉ૦ સામાન્ય | અન્તર્મુ૦ | ૬ મહિના |
| પંચે૦ સામાન્ય, પર્યા૦ પંચે૦ | અન્તર્મુ૦ | ૩૩ સાગરો૦ |

(૧) કાર્મગ્રન્થિક મતે અપર્યા૦ વિકલે૦, પંચે૦ તિ૦ કે મનુષ્યમાં પણ જઘન્ય ક્ષુલ્લકભવનું આયુષ્ય હોય છે. પણ સિદ્ધાંતના મતે તો તે માત્ર અપર્યા૦ વનસ્પતિકાયમાં જ હોય છે એ જાણવું.

**★ ગુણઠાણામાં કાળ**

૧ લે ગુણઠાણે જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ પોતાની સંપૂર્ણ સ્થિતિ.

બીજા વગેરે ગુણઠાણે પંચે૦ સામા૦ તથા પંચે૦ પર્યા૦ માં ઓઘવત્

શેષમાં બીજું ગુણ યથાસંભવકાળ સમજી લેવો. એક જીવને આ શેષમાર્ગણાઓમાં બીજા ગુણઠાણાનો કાળ દેશોન ૬ આવલિકાથી વધારે ન મળે એ જાણવું.

## અંતર

**અનેકજીવાપેક્ષયા** અંતર નથી.

**એક જીવ** - જઘ૦ અંતર સર્વત્ર ક્ષુલ્લકભવ. ઉત્કૃ૦ નીચે મુજબ -

| | |
|---|---|
| એકે૦ સામા૦, પર્યા૦ એકે૦, અપર્યા૦ એકે૦ | સાધિક ૨000 સાગરો. |
| સૂ૦ એકે૦, પર્યા૦ સૂ૦ એકે૦, સૂ૦ એકે. | અંગુલ/a |
| બા૦ એકે૦, પર્યા૦ બા૦ એક૦, અપ૦ બા૦ એ૦ | અસં૦ લોક |
| શેષ ૧૨ માર્ગણા | આવલિકા/a પુદ્૦પરા૦ |

★ અનેકજીવાપેક્ષયા **ગુણઠાણામાં અંતર - ઓઘવત્**

જ્યાં ૨ જું આવે ત્યાં જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ P/a.

★ એકે૦ સામા૦, બા૦ એકે૦, બા૦ પ૦ એકે૦, બેઇ૦ સામા૦, બેઇ૦ પર્યા૦, તેઇ૦ સામા૦, તેઇ૦ પર્યા૦, ચઉ૦ સામા૦, ચઉ૦ પર્યા૦ , પંચે૦ સામા૦, પર્યા૦ પંચે૦ આ ૧૧ માર્ગણાઓમાં બીજું ગુણ૦ સંભવે છે. પણ પંચે૦ની માર્ગણા સિવાય પુનઃ બીજું ગુણઠાણું પામવાનું હોતું નથી. તેથી એ બધી માર્ગણાઓમાં પહેલા કે બીજા... બેમાંથી એકે ગુણઠાણાનું અંતર એકજીવાપેક્ષયા હોતું નથી.

## ભાગ

**સર્વજીવાપેક્ષયા**

| | |
|---|---|
| એકે૦સામા૦ | અનંતબહુભાગ |
| પર્યા૦ એકે૦, પર્યા૦ સૂ૦ એકે૦ | સંખ્યાત બહુભાગ. |
| અપર્યા૦ એકે૦, અપર્યા૦ સૂ૦ એકે | સંખ્યાતમો ભાગ |
| બા૦ એકે૦ | અસંખ્યાતમો ભાગ. |
| સૂ૦ એકે૦ | અસંખ્ય બહુભાગ. |

બેઇન્દ્રિય વગેરેમાં અપર્યા૦ જીવો અસંખ્ય બહુભાગ છે અને પર્યા૦ જીવો અસંખ્યાતમો ભાગ છે.

★ **ગુણસ્થાનકમાં** પંચે૦માં ૧લાવાળા અસંખ્ય બહુભાગ, શેષ અસં૦મો ભાગ

## ભાવ

સઘળીય માર્ગણાઓ ઔદયિક ભાવે છે. આ ઔદયિક ભાવ જાતિનામ કર્મના ઉદયથી સમજવો. અન્યથા ઉદય અને ક્ષયોપશમ ભાવ સમજવો. કેમકે ઇન્દ્રિયનો ક્ષયોપશમ નિત્ય હોય છે. અને જાતિનામ કર્મનો ઉદય પણ છે. તેથી ઉદય અને ક્ષયોપશમ બન્ને પ્રધાન છે.

અથવા, મહોપાધ્યાય શ્રી યશોવિજયજી મહરાજે કર્મપ્રકૃતિની વૃત્તિમાં જણાવ્યું છે એ મુજબ જાતિનામકર્મ ચૈતન્યના વિકાસનું નિયંત્રણ કરે છે. એ-કેન્દ્રિય નામકર્મનો ઉદય હોય એટલે પછી શરીર અંગુલ/a જેટલું હોય કે સાધિક ૧000 યોજન હોય, ચૈતન્ય અમુક માત્રામાં સીમિત જ રહે છે. અને તેથી એનો જ્ઞાનવરણીયનો ક્ષયોપશમ અને વીર્યાન્તરાયનો ક્ષયોપશમ - કષાયના ઉદય વગેરે પણ અમુક માત્રામાં સીમિત રહે છે. જેમ દેવગતિનામકર્મનો ઉદય થાય એટલે એના પ્રભાવે અવધિ જ્ઞાનાવરણનો ક્ષયોપશમ થઈ જ જાય એમ પ્રસ્તુતમાં જાણવું. એટલે આ અપેક્ષાએ જાતિનામકર્મના ઉદયથી અમુક માત્રામાં ચૈતન્યનો વિકાસ... ને એના પ્રભાવે થયેલા જ્ઞાનાવરણના ક્ષયોપ૦માં તેટલી તેટલી ઇન્દ્રિયનો ક્ષયોપશમ અંતર્ગત હોય છે. માટે એકેન્દ્રિયપણું વગેરે જાતિનામકર્મના ઉદયથી થયેલ ઔદયિકભાવ કહી શકાય.

## અલ્પબહુત્વ

| | | | |
|---|---|---|---|
| પર્યા૦ ચઉરિન્દ્રિય | અલ્પ | પ્રતર | a |
| પર્યા૦ પંચેન્દ્રિય | v | લોક | a |
| પર્યા૦ બેઇન્દ્રિય | v | સિદ્ધો | A |
| પર્યા૦ તેઇન્દ્રિય | v | બાદર પર્યા૦ એકેન્દ્રિય | A |
| અપર્યા૦ પંચે૦ | a | બાદર અપર્યા૦ એકેન્દ્રિય | a |
| પંચે૦ સામાન્ય | v | બાદર એકેન્દ્રિય | v |
| અપર્યા૦ ચઉરિન્દ્રિય | v | અપર્યા૦ સૂક્ષ્મ એકેન્દ્રિય | a |
| ચઉરિન્દ્રિય સામાન્ય | v | અપર્યા૦ એકેન્દ્રિય | v |
| અપર્યા૦ તેઇન્દ્રિય | v | પર્યા૦ સૂક્ષ્મ એકેન્દ્રિય | s |
| તેઇન્દ્રિય સામાન્ય | v | પર્યા૦ એકેન્દ્રિય | v |
| અપર્યા૦ બેઇન્દ્રિય | v | એક૦ સામાન્ય | v |
| બેઇન્દ્રિય સામાન્ય | v | | |

## કાયમાર્ગણા

પૃથ્વીકાય વગેરેના સૂક્ષ્મજીવો યદ્યપિ અગ્નિથી બળતા નથી. શસ્ત્રથી છેદાતાં નથી, છતાં પણ તેને નિરુપક્રમ આયુવાળા ન કહેવાય. કારણ કે **આચારાંગ ચૂર્ણિમાં** આવે છે કે સૂક્ષ્મજીવો બાદર દ્રવ્યથી ઉપઘાત નથી પામતાં, પરંતુ સૂક્ષ્મજીવોથી પરસ્પર ઉપઘાત પામે છે. તેથી તેને નિરુપક્રમ આયુવાળા ન કહેવાય. બીજાનો જેમ ઉપક્રમ લાગે તેમ પોતાની જાતે જ પોતાના આયુષ્યમાં ઉપક્રમ લાગે છે. અધ્યવસાય-વેદના-આહાર-આનપાન આ ૪ ઉપઘાત કારણો એમને પણ હોવાની શક્યતા છે. તેથી સૂક્ષ્મજીવો નિરુપક્રમ આયુવાળા જ હોય તેમ ન કહેવાય.

પૃથ્વીકાય[૭] અપકાય[૭] તેઉકાય[૭] વાઉકાય[૭] સાધારણવન૦[૭] પ્રત્યેકવન૦[૩] વનસ્પતિ સામાન્ય[૧] ત્રસકાય[૩] = ૪૨ માર્ગણા.

## પૃથ્વીકાય

### સત્પદપ્રરૂપણા

પૃથ્વી૦ સામા૦, બા૦પૃથ્વી૦ બા૦પર્યા૦પૃથ્વી૦ બા૦અપ૦પૃથ્વી૦ સૂ૦પૃથ્વી૦ સૂ૦પર્યા૦પૃથ્વી૦ સૂ૦અપર્યા૦પૃથ્વી૦ એમ ૭ માર્ગણાઓ છે. આ ૭માંથી પૃથ્વી૦ સામા૦, બા૦પૃથ્વી૦ અને બા૦પર્યા૦ પૃથ્વી૦ એમ ૩ માર્ગણામાં પ્રથમ-દ્વિતીય ગુણઠાણું મળે. શેષમાં માત્ર પહેલું ગુણ૦ જ હોય.

### દ્રવ્ય પ્રમાણ :

★ બા૦પર્યા૦પૃથ્વી૦ — પ્રતર ÷ અંગુલ/a

★ શેષ ૬માં —અસં. લોક.

### ક્ષેત્ર

**અનેક જીવ ઘનરાજ**

| માર્ગણા | સ્વસ્થાન | સમુદ્ઘાત |
|---|---|---|
| બા૦પૃથ્વી૦, બા૦અપ૦પૃથ્વી૦ | L/a | સર્વલોક[૧] |
| બા૦પર્યા૦પૃથ્વી | [૨]L/a | L/a |
| શેષ ૪ [૩]સર્વલોક સર્વલોક | | |

(૧) આ માર્ગણાના જીવો પ્રતિસમય અસંખ્યલોક જેટલા સૂક્ષ્મપૃથ્વીકાય વગેરેમાં દરેકમાં ઉત્પન્ન થાય છે, માટે સમુદ્ઘાતથી સર્વલોક મળે છે. **પન્નવણા**

(૨) જે રાશિ અસં૦ લોકપ્રમાણ ન હોય તેનું સ્વસ્થાનથી કે સમુદ્૦ થી ક્ષેત્ર L/a જ આવે. આ જીવો તો પ્રતર/a જ છે.

(૩) જે જીવભેદમાં જીવો અસં. લોક કે તેથી વધુ હોય એનું ક્ષેત્ર સર્વલોક આવે.

★ **એક જીવ ઘનરાજ** - સર્વત્ર L/a

★ **અનેકજીવ સૂચિરાજ** - ઘનરાજમાં જ્યાં સર્વલોક છે ત્યાં સૂચિરાજમાં પણ સર્વલોક. અન્યત્ર ૧૪ રાજ.

★ **એકજીવ સૂચિરાજ** - ૧૪ રાજ.

સિદ્ધશિલામાં રહેલો બા૦પૃથ્વી૦નો જીવ નીચે લોકાન્તે સૂક્ષ્મમાં ઉત્પન્ન થાય એ અપેક્ષાએ બાદર પૃથ્વીકાયને પણ ૧૪ સૂચિરાજ મળે.

## સ્પર્શના

એકજીવ-અનેકજીવ-સૂચિરાજ-ઘનરાજથી સર્વભેદોમાં સર્વલોક

## કાળ

**અનેકજીવ** - સર્વાદ્ધા

**એકજીવ - કાયસ્થિતિ**

| માર્ગણા | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પૃથ્વી૦સામા૦, સૂ૦પૃથ્વી૦સામા૦ | ક્ષુલ્લકભાવ | અસં૦ લોક |
| સૂ૦ અપર્યા૦ પૃથ્વી૦ બા૦અપ૦ પૃથ્વી૦ | ક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ |
| સૂ૦પર્યા૦પૃથ્વી૦ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| બા૦પૃથ્વી૦સામા૦ | ક્ષુલ્લકભવ | ૭૦ કો૦કો૦ સાગરો૦ |
| બા૦પર્યા૦પૃથ્વી | અન્તર્મુ૦ | સંખ્યાતા હજાર વર્ષ |

★ **ભવસ્થિતિરૂપ કાળ** બા૦પર્યા૦પૃથ્વી, બા૦પૃથ્વી અને પૃથ્વી૦સામા૦માં ૨૨૦૦૦ વર્ષ; શેષમાં અન્તર્મુ૦, જઘ૦- કાયસ્થિતિવત્

★ **ગુણસ્થાનકમાં કાળ** : ૧લે — માર્ગણાકાળવત્

૨જે — **એકજીવ** — જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦[1] દેશોન ૬ આવલિકા.

**અનેકજીવ** — જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ P/a હોવાની સંભાવના છે.

(૧) **દેવતા** સાસ્વાદનની પ્રથમ આવલિકાના

★ પ્રથમ અસંખ્યાતમા ભાગના સમયો જેટલા કાળમાં ચ્યવે તો માત્ર મનુષ્યમાં જ જાય;

★ બીજા અસં૦મા ભાગના કાળમાં આવે તો પંચે.તિ.માં પણ જાય, અને ત્યારબાદ ચ્યવે તો એકે૦માં પણ જાય.

**મનુષ્ય અને તિર્યંચો** પ્રથમ આવલિકાના

★ પ્રથમ અસં૦માભાગમાં કાળ કરે તો દેવમાં જ જાય.

★ બીજા અસં૦માભાગમાં કાળ કરે તો મનુષ્યમાં પણ જાય

★ ત્રીજા અસં૦માભાગમાં કાળ કરે તો પંચે૦તિ૦માં પણ જાય

★ ચોથા અસં૦માભાગમાં કાળ કરે તો અસંજ્ઞીપંચે૦તિ૦માં પણ જાય,

એમ પાંચમા, છઠ્ઠા, સાતમા અને આઠમા અસં૦માં ભાગમાં મરે તો ક્રમશઃ ચઉરિન્દ્રિય તેઇન્દ્રિય, બેઇન્દ્રિય અને એકેન્દ્રિયમાં પણ જાય.

**નારકી** પ્રથમ આવલિકાના

★ પ્રથમ અસં૦મા ભાગમાં કાળ કરે તો મનુ૦માં જ જાય

★ ત્યારબાદ કાળ કરે તો પંચે૦તિ૦માં પણ જાય.

તેથી એકે૦ વિકલે૦ અને અસંજ્ઞીપંચે૦માં બીજા ગુણઠાણાનો ઉત્કૃષ્ટકાળ ૬ આવલિકા મળે નહીં એ જાણવું.

**★ માર્ગણાન્તરથી વિવક્ષિત માર્ગણામાં જીવોની નિરંતર ઉત્પત્તિનો કાળ :**

બા.પર્યા.પૃથ્વી. જઘ. ૧ સમય. ઉત્કૃ. આવલિકા/a - **ધવલાકાર.**

નિરંતર ઉત્પદ્યમાન છે — **પંચસંગ્રહ.**

શેષ માર્ગણામાં નિરંતર ઉત્પદ્યમાન છે.

## અંતર

**અનેક જીવ** - બધી માર્ગણા ધ્રુવ હોવાથી અંતર નથી.

**એકજીવ** - બધી માર્ગણામાં જઘ૦ક્ષુલ્લકભવ., ઉત્કૃ૦ આવલિકા/a પુદ્૦પરા૦

**ઉત્પદ્યમાન જીવોનું અંતર** : બા૦પર્યા૦ પૃથ્વી૦ જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ અન્તર્મુ૦

શેષમાં નિરંતર ઉત્પત્તિ છે.

**ગુણઠાણામાં અંતર** - એકજીવાપેક્ષયા અંતર નથી.

અનેકજીવાપેક્ષયા પ્રથમ ગુણઠાણું નિરંતર છે

બીજું ગુણ - જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ P/a

**સ્થાનાંગજીમાં** એકે૦ વિકલે૦માં બીજું ગુણ૦ માન્યું છે. તેમાં કેટલાક સ્થળે ટીકાકારે માત્ર સંજ્ઞીને જ બીજું ગુણઠાણું માન્યું છે. **જીવસમાસમાં** માત્ર સંજ્ઞીને જ બીજું ગુણ૦ માન્યું છે. **કાર્મગ્રન્થિક** મતે એકે૦ અને વિકલે૦માં પણ બીજું ગુણ૦ માન્યું છે, સિદ્ધાંતમતે એકે૦માં માન્યું નથી.

## ભાગ

સર્વજીવાપેક્ષયા બધી માર્ગણાઓ અનંતમા ભાગે છે.

## ભાવ

બધી માર્ગણા ઔદ૦ ભાવે છે.

## અલ્પબહુત્વ

| | | |
|---|---|---|
| (૧) બા૦પર્યા૦પૃથ્વી૦ | અલ્પ | |
| (૨) બા૦અપર્યા૦પૃથ્વી૦ | a | |
| (૩) બા૦પૃથ્વી૦ | v | |
| (૪) સૂ૦અપર્યા૦પૃથ્વી૦ | a | |
| (૫) અપર્યા૦પૃથ્વી૦ | v | (૪) + (૨) |
| (૬) સૂ૦પર્યા૦પૃથ્વી૦ | s | |
| (૭) પર્યા૦પૃથ્વી૦ | v | (૬) + (૧) |
| (૮) સૂ૦પૃથ્વી૦ | v | (૬) + (૪) |
| (૯) પૃથ્વીકાય સામા૦ | v | (૩) + (૮) કે (૫) + (૭) |

# આપ્કાય

પૃથ્વીકાયવત્; વિશેષતા નીચે મુજબ.

## ક્ષેત્ર

**એકજીવ સૂચિરાજ-**

બા૦પર્યા૦અપ્કાય ૧૩ રાજ.

સાતમી પૃથ્વીના ઘનોદધિમાં રહેલો જીવ ઉપર લોકાન્તે સૂક્ષ્મમાં ઉત્પન્ન થવાનો હોય ત્યારે મરણસમુદ્૦થી આ ક્ષેત્ર મળે છે. પ્રસિદ્ધ મતે સાતમી પૃથ્વી તિર્ચ્છાલોકથી ૬ રાજે છે. ને ઉપર ૭ રાજ. એટલે કુલ ૧૩ રાજ થાય. પણ જો સાતમી પૃથ્વી છ રાજે હોય તો ત્યાં લોકનો વ્યાસ (લંબાઈ-પહોળાઈ) ૬ રાજ હોવાથી સાતમી પૃથ્વીનો વ્યાસ પણ ૬ રાજ માનવો પડે. એટલે શ્રી તત્ત્વાર્થ વગેરેમાં સાતમી પૃથ્વીને લગભગ ૭ રાજે (૭મી પૃથ્વીની નીચેની સપાટીથી ૧૬ યોજને અલોક છે) માની છે જ્યાં લોકનો વ્યાસ ૭ રાજ છે. એટલે એ મતે દેશોન ૧૪ રાજ ક્ષેત્ર મળી શકે એ જાણવું. જત્થ જલં તત્થ વણં ન્યાયે ત્યાં પ્રત્યેકવન૦ પણ હોવાથી પ્રત્યેકવન૦ માટે પણ આ રીતે ૧૩ કે ૧૪ સૂચિરાજ ક્ષેત્ર મળે એ જાણવું.

## કાળ

એકજીવાપેક્ષયા ભવસ્થિતિરૂપ કાળ અપ્૦કાય સામાન્ય, બા૦અપ્કાય તથા બા૦પર્યા૦અપ્કાય ઉત્કૃષ્ટ ૭૦૦૦ વર્ષ હોય છે. શેષ પૃથ્વીકાયવત્

# તેઉકાય

## સત્પદપ્રરૂપણા

બાદર તેઉકાય સ્વસ્થાનથી માત્ર મનુષ્યલોકમાં હોય છે. બા૦તેઉકાયમાંથી મરીને સર્વસૂક્ષ્મમાં સર્વલોકમાં ઉત્પન્ન થતા હોવાથી મરણ સમુદ્૦થી ક્ષેત્ર સર્વલોક મળે છે. સર્વસૂક્ષ્મમાંથી મરીને બા૦તેઉકાયમાં ઉત્પન્ન થતા હોવાથી ઉપપાતક્ષેત્ર પણ સર્વલોક મળી શકે છે. છતાં નયવિશેષની **(ઋજુસૂત્રનયની)** અપેક્ષાએ ઉત્પત્તિસ્થાનની સમશ્રેણિમાં આવેલાનો જ બાદર તેઉકાય તરીકે વ્યવહાર કરાય છે. આશય એ છે કે **બૃહત્સંગ્રહણીમાં** આ પ્રમાણે જણાવ્યું છે :

उज्जुगईपढमसमये परभवमाउयं तहा आहारो ।

वक्काईबीयसमये परभवमाउयं उदयमेइ ।।

ઋજુગતિના પ્રથમ સમયે પરભવાયુ તથા આહાર હોય છે. વક્રાદિગતિના બીજા સમયે પરભવાયુ ઉદયમાં આવે છે. એટલે ત્રસનાડીની બહાર વિદિશામાંથી દિશામાં આવે ત્યાં સુધીના પ્રથમ સમયમાં તેઉકાય તરીકેના આયુષ્યનો ઉદય થયો ન હોવાથી તેઉકાય તરીકે ઉલ્લેખ થતો નથી. બીજા સમયે એ જીવ કયાં તો ૪૫ લાખ યોજન પૂર્વ-પશ્ચિમ પહોળા, ૧૪ રાજ ઊંચા અને ઉત્તર-દક્ષિણમાં લોક પુરુષની જેટલી ૧-૫-૧-૭ રાજ પહોળાઈ હોય એટલા વિસ્તૃત કપાટમાં, અથવા ૪૫ લાખ યોજન ઉત્તર-દક્ષિણ પહોળા, ૧૪ રાજ ઊંચા અને પૂર્વ-પશ્ચિમમાં ૧-૫-૧-૭ રાજ વિસ્તૃત કપાટમાં, અથવા તિર્ચ્છાલોક જેટલી જાડાઈવાળા ૧ રાજ વ્યાસવાળા વૃત્ત સ્થાલમાં આવી ગયો હોય છે. અહીંથી એની તેઉકાય તરીકે ઓળખ થતી હોવાથી તેઉકાયનું ઉપપાત ક્ષેત્ર આટલું કહેવાય છે. આ કુલ ક્ષેત્ર પણ L/a હોય છે એ જાણવું. **પન્નવણામાં** કહ્યું છે —

दोसु उड्ढकवाडेसु तिरयलोए तट्टे य।

[બે ઊર્ધ્વકપાટમાં તથા તિર્ચ્છા (ઉક્તપ્રમાણવાળા) સ્થાલમાં

(તેઉકાયનું ક્ષેત્ર જાણવું)]

તેઉકાય-વાઉકાયમાં માત્ર પ્રથમ ગુણઠાણું હોય છે.

## દ્રવ્યપ્રમાણ

★ બા૦પર્યા૦તેઉકાય — દેશોન ઘનીકૃત આવલિકાના સમયો જેટલા. અર્થાત્ આવલિકા$^2$ × કંઈકન્યૂન આવલિકા. આ સંખ્યા P/a પ્રમાણ હોય છે તથા અનુત્તરવાસીદેવની સંખ્યા કરતાં અસંખ્યાતમાં ભાગે હોય છે.

★ શેષ ૬ માર્ગણા અસં૦ લોક.

**માર્ગણામાં ઉત્પદ્યમાન જીવો** - બા૦પર્યા૦તેઉ૦ — આવલિકા × કંઈક ન્યૂન આવલિકા શેષ ૬માં — અસં૦ લોક

## ક્ષેત્ર

**અનેકજીવ ઘનરાજ**

| માર્ગણા | સ્વસ્થાન | સમુદ્૦ | ઉપપાત |
|---|---|---|---|
| બા૦તેઉ૦, બા૦અપર્યા૦તેઉ૦ | L/a | સર્વલોક | L/a[1] |
| બા૦પર્યા૦તેઉ૦ | L/a | L/a | L/a[1] |
| શેષ ૪ | સર્વલોક | સર્વલોક | સર્વલોક |

(૧) પૂર્વે કહ્યા મુજબ બે ઊર્ધ્વકપાટ + એક તિર્ચ્છા સ્થાલ જેટલું ક્ષેત્ર.

**એકજીવ ઘનરાજ** - બધી માર્ગણામાં L/a

**અનેકજીવ સૂચિરાજ** - બાદર પર્યા૦તેઉ૦ — ૧૪ રાજ, શેષ ૬માં — સર્વલોક.

**એકજીવ સૂચિરાજ** - ★ બાદરની ૩ માર્ગણામાં ૭ રાજ; (મનુ૦લોકમાંથી ઉપર કે નીચે લોકાન્તે સૂક્ષ્મમાં ઉત્પન્ન થનારને.)

★ શેષ ૪ માર્ગણામાં ૧૪ રાજ.

## સ્પર્શના

બધે બધી રીતે સર્વલોક.

## કાળ

બા૦પર્યા૦તેઉકાય } કાયસ્થિતિ - સંખ્યાતા દિવસો
બા૦તેઉકાય, તેઉકાય } ભવસ્થિતિ - ૩ અહોરાત્ર. જઘન્ય - અન્તર્મુ૦

શેષમાં — જઘ૦ ક્ષુલ્લકભવ ઉત્કૃ૦ **ભવસ્થિતિ** - અન્તર્મુ૦

**કાયસ્થિતિ** - તેઉ૦સામા૦, સૂ૦ તેઉકાય - અસં૦ લોક

સૂ૦ પર્યા૦ તેઉ, સૂ૦અપ૦તેઉ. - અન્તર્મુ૦

શેષ પૃથ્વીકાયવત્ કહેવું.

# વાઉકાય

## દ્રવ્ય પ્રમાણ :

★ બા૰પર્યા૰વાઉ૰ — L/s (અસંખ્ય પ્રતરપ્રમાણ)

★ શેષ - ૬ — અસંખ્ય લોક.

★ વૈક્રિયલબ્ધિધર વાઉ૰ — **પન્નવણા-અનુયોગદ્વારમાં** P/a કહ્યા છે.

★ બા૰પર્યા૰વાઉ૰માં ઉત્પદ્યમાન જીવો — L/a (અસંખ્યપ્રતર પ્રમાણ)

★ શેષ ૬માં ઉત્પદ્યમાન જીવો — અસંખ્ય લોક.

## ક્ષેત્ર

**અનેકજીવ ઘનરાજ -**

★ બાદર પર્યા૰વાઉ૰ - સ્વસ્થાન-સમુદ્‌થી [1]દેશોનલોક.

★ બા૰વાઉ૰, બા૰અપ૰વાઉ૰ - સ્વસ્થાન — દેશોનલોક.

સમુદ્૰ - સર્વલોક.

★ શેષ ૪ માર્ગણા — સ્વસ્થાન-સમુદ્૰ — સર્વલોક.

**એકજીવ ઘનરાજ** - સર્વત્ર L/a

**અનેકજીવ સૂચિરાજ** - ઉપર મુજબ દેશોનલોક કે સર્વલોક.

**એકજીવ સૂચિરાજ** - બધી માર્ગણામાં ૧૪ રાજ.

(૧) અતિ નક્કરભાગોને છોડીને શેષ સર્વત્ર બા૰વાઉ૰ છે. તેથી દેશોનલોક.

**★ વાઉ૰વૈક્રિયનું ક્ષેત્ર.**

| | સ્વસ્થાન | | સમુદ્‌ઘાત | |
|---|---|---|---|---|
| | એકજીવ | અનેકજીવ | એકજીવ | અનેકજીવ |
| સૂચિરાજ | L/a | L/a | [1]૭ રાજ | ૧૪ રાજ |
| ઘનરાજ | L/a | L/a | L/a | L/a |

(૧) વાઉકાયના તિર્ચ્છાલોકમાં રહેલા જીવો ઉત્તર વૈક્રિય બનાવી શકે છે. એમાં કાળ કરીને ઉપર કે નીચે લોકાન્તે ઉત્પન્ન થાય ત્યારે મરણ સમુદ્૰થી એકજીવને ૭ સૂચિરાજ ને અનેકજીવને ૧૪ સૂચિરાજ મળે.

## સ્પર્શના

**વાઉકાયવૈક્રિય**

| | એકજીવ | અનેકજીવ |
|---|---|---|
| સૂચિરાજ | ૭ રાજ | ૧૪ રાજ |
| ઘનરાજ | સર્વલોક | સર્વલોક |

શેષ સ્પર્શના સુગમ છે.

## કાળ

★ બા૦પર્યા૦વાઉકાયનું ઉત્કૃષ્ટ આયુષ્ય ૩૦૦૦ વર્ષ ને
કાયસ્થિતિ સંખ્યાતા હજાર વર્ષ છે.
શેષ પૃથ્વીકાયવત્ (ગુણઠાણું તેઉ૦વાઉ૦માં પહેલું જ હોય છે.)
★ વાઉ૦વૈક્રિય — એકજીવ - જઘ૦ કાળ - ૧ સમય
ઉત્કૃ૦કાળ૦અન્તર્મુ૦અનેકજીવ — સર્વાદ્ધા.

## અંતર

**વાઉકાય વૈક્રિયમાં અંતર**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| એકજીવ | અન્તર્મુ૦ | [૧]P/a |
| અનેકજીવ | અંતર નથી | |

(૧) વાઉકાયમાં વૈક્રિય લબ્ધિ પૂર્વભવમાંથી આવી હોય છે એવું હોતું નથી, પણ સહજ રીતે (વિસ્રસા પરિણામથી) કેટલાક જીવોને પેદા થઈ જતી હોય છે. એટલે વાઉકાય તરીકેના બીજા-ત્રીજા વગેરે ભવમાં પણ વૈક્રિય કરી શકે છે. P/a કાળમાં વૈક્રિય સપ્તક ઉવેલાઈ જતું હોવાથી પછી વૈક્રિય કરી શકતો નથી. માટે ઉત્કૃષ્ટ અંતર P/aથી વધુ મળતું નથી. અનેકજીવાપેક્ષયા વૈક્રિયનો કાળ જો સર્વાદ્ધા હોય તો અંતર મળે નહીં એ જાણવું. શેષ સુગમ છે.

# વનસ્પતિકાય

## સત્પદપ્રરૂપણા

સાધા૦વન૦, સાધા૦સૂ૦વન૦, સાધા૦સૂ૦અપ૦વન૦, સાધા૦સૂ૦પર્યા૦વન, સાધા૦બા૦વન, સાધા૦બા૦અપ૦વન૦, સાધા૦બા૦પર્યા૦વન એમ સાધારણની ૭ માર્ગણાઓ.

પ્રત્યેક વન૦, પ્રત્યેક અપ૦વન૦, પ્રત્યેક પર્યા૦વન૦ એમ પ્રત્યેકની ૩ માર્ગણાઓ એક વન૦ સામાન્ય. એમ કુલ ૭ +૩ +૧=૧૧ માર્ગણાઓ જાણવી.

**દ્રવ્યપ્રમાણ**

પ્રત્યેકની ૩ સિવાય આઠેય માર્ગણામાં અનંતા જીવો.

પ્રત્યેકવન૦, અપર્યા૦ પ્રત્યેકવન૦ — અસંખ્યલોક

પર્યા૦પ્રત્યેકવન૦ — પ્રતર ÷ a

**ઉત્પદ્યમાનજીવો** - પર્યા૦ પ્રત્યેકવન૦ — પ્રતર ÷ a

અપર્યા૦પ્રત્યેકવન૦, પ્રત્યેક વન૦ — અસં. લોક

શેષ ૮ — અનંતા.

ગુણઠાણે — પૃથ્વીકાયવત્

**ક્ષેત્ર** તથા **સ્પર્શના** પૃથ્વીકાયવત્

**કાળ**

**કાયસ્થિતિકાળ :**

★ વન૦ સામાન્ય — આવલિકા/a પુદ્૦પરા૦

★ સાધા૦વન૦ — અઢી પુદ્૦પરા૦

★ સૂ૦સાધા૦વન૦ — અસં૦લોક

★ બા૦સાધા૦વન૦ — ૭૦ કો૦કો૦સાગરો૦

★ પ્રત્યેક વન૦ — ૭૦ કો૦કો૦ સાગરો૦

★ પર્યા૦પ્રત્યેક વન૦ — સંખ્યાતા હજાર વર્ષ.

★ શેષ પાંચ — અન્તર્મુ૦

**ભવસ્થિતિકાળ**

વન૦સામા૦, પ્રત્યેકવન૦<br>પર્યા૦પ્રત્યેકવન૦ } ૧૦૦૦૦ વર્ષ, શેષ સર્વત્ર - અન્તર્મુ૦

**અંતર**

વન૦સામા૦, સાધા૦વન૦ની ૭ માર્ગણા - અસં૦ લોક.

પ્રત્યેક વન૦ની ૩ માર્ગણા - સાધિક અઢી પુદ્૦પરા૦

સાધા૦વન૦ની કાયસ્થિતિ અઢી પુદ્૦પરા૦ છે. ત્યાં સુધી તો પ્રત્યેક થઈ ન શકે. તેથી

ઉત્કૃષ્ટ અંતર આનાથી ઓછું ન આવે. પરંતુ નિગોદમાંથી નીકળી પૃથ્વીકાયાદિ પ્રત્યેકમાં જાય, પાછો નિગોદમાં, પાછો પૃથ્વ્યાદિમાં... આમ કરે (અને પ્રત્યેક વન૦માં ન જાય) તો પ્રત્યેક વન૦ તરીકે ઉત્કૃષ્ટ અંતર અસં૦પુદ્૦પરા૦ પણ આવી શકે. જઘ૦ અંતર સર્વત્ર ક્ષુલ્લકભવ કે અન્તર્મું૦

## ભાગ

**સર્વજીવાપેક્ષયા**

| | |
|---|---|
| વન૦સામા૦, સાધા૦વન૦ — | અનંત બહુભાગ |
| સૂ૦સાધા૦વન૦— | અસં૦ બહુભાગ |
| સૂ૦પર્યા૦સાધા૦વન૦ — | સંખ્યાત બહુભાગ |
| સૂ૦અપર્યા૦સાધા૦વન૦ — | સંખ્યાતમો ભાગ |
| બા૦સાધા૦વન૦ની ૩ માર્ગણા - | અસંખ્યાતમો ભાગ |
| પ્રત્યેક વન૦ની ૩ માર્ગણા - | અનંતમો ભાગ |

| | |
|---|---|
| પર્યા૦ વન૦ - | સંખ્યાત બહુભાગ |
| અપર્યા૦ વન૦ - | સંખ્યાતમો ભાગ. |
| સૂ૦વન૦ - | અસં૦ બહુભાગ |
| બા૦વન૦ - | અસંખ્યાતમો ભાગ |
| સાધા૦વન૦ - | અનંત બહુભાગ |
| પ્રત્યેક વન૦ - | અનંતમો ભાગ |

## અલ્પબહુત્વ

| | | | |
|---|---|---|---|
| (૧) | પર્યા૦પ્રત્યેક વન૦ | અલ્પ | પ્રતર ÷ a |
| (૨) | અપર્યા૦પ્રત્યેક વન૦ | a | અસં૦ લોક |
| (૩) | પ્રત્યેક વન૦ | v | અસં૦ લોક |
| (૪) | બા૦પર્યા૦સાધા૦વન૦ | A | અનંત |
| (૫) | બા૦અપર્યા૦સાધા૦વન૦ | a | |
| (૬) | બા૦સાધા૦વન૦ | v | (૪) + (૫) |
| (૭) | સૂ૦અપર્યા૦સાધા૦વન૦ | a | |
| (૮) | સૂ૦પર્યા૦સાધા૦વન૦ | s | |
| (૯) | સૂ૦સાધા૦વન૦ | v | (૭) + (૮) |
| (૧૦) | સાધા૦વન૦ | v | (૬) + (૯) |
| (૧૧) | વન૦સામાન્ય | v | (૩) + (૧૦) |

## પૃથ્વીકાયાદિ પાંચ સ્થાવરકાયોની અવગાહનાનું અલ્પબહુત્વ

| | | | | | |
|---|---|---|---|---|---|
| (૧) | અપર્યા૦સૂ૦નિગોદ જઘ૦ | અલ્પ | (૨૩) | પર્યા૦સૂ૦અપ્કાય ઉત્કૃ૦ | v |
| (૨) | અપર્યા૦સૂ૦વાઉકાય જઘ૦ | a | (૨૪) | અપ૦સૂ૦પૃથ્વીકાય ઉત્કૃ૦ | a |
| (૩) | અપર્યા૦સૂ૦તેઉકાય જઘ૦ | a | (૨૫) | પર્યા૦સૂ૦પૃથ્વીકાય જઘ૦ | v |
| (૪) | અપર્યા૦સૂ૦અપ્કાય જઘ૦ | a | (૨૬) | પર્યા૦સૂ૦પૃથ્વીકાય ઉત્કૃ૦ | v |
| (૫) | અપર્યા૦સૂ૦પૃથ્વી જઘ૦ | a | (૨૭) | અપ૦બા૦વાઉ૦ઉત્કૃ૦ | a |
| (૬) | અપર્યા૦બા૦વાઉ જઘ૦ | a | (૨૮) | પર્યા૦બા૦વાઉ૦ જઘ૦ | v |
| (૭) | અપર્યા૦બા૦તેઉ જઘ૦ | a | (૨૯) | પર્યા૦બા૦વાઉ૦ ઉત્કૃ૦ | v |
| (૮) | અપર્યા૦બા૦અપ્કાય જઘ૦ | a | (૩૦) | અપર્યા૦બા૦તેઉ૦ ઉત્કૃ૦ | a |
| (૯) | અપર્યા૦બા૦પૃથ્વી જઘ૦ | a | (૩૧) | પર્યા૦બા૦તેઉ૦ જઘ૦ | v |
| (૧૦) | અપર્યા૦બા૦નિગોદ જઘ૦ | a | (૩૨) | પર્યા૦બા૦તેઉ૦ ઉત્કૃ૦ | v |
| (૧૧) | અપર્યા૦પ્રત્યેક વન૦ જઘ૦ | a | (૩૩) | અપર્યા૦બા૦અપ્કાય ઉત્કૃ૦ | a |
| (૧૨) | અપર્યા૦સૂ૦નિગોદ જઘ૦ | a | (૩૪) | પયા૦બા૦અપ્કાય જઘ૦ | v |
| (૧૩) | પર્યા૦સૂ૦નિગોદ જઘ૦ | v | (૩૫) | પર્યા૦બા૦અપ્કાય ઉત્કૃ૦ | v |
| (૧૪) | પર્યા૦સૂ૦નિગોદ ઉત્કૃ૦ | v | (૩૬) | અપર્યા૦બા૦પૃથ્વી ઉત્કૃ૦ | a |
| (૧૫) | અપર્યા૦સૂ૦વાઉકાય ઉત્કૃ૦ | a | (૩૭) | પર્યા૦બા૦પૃથ્વી જઘ૦ | v |
| (૧૬) | પર્યા૦સૂ૦વાઉકાય જઘ૦ | v | (૩૮) | પર્યા૦બા૦પૃથ્વી ઉત્કૃ૦ | v |
| (૧૭) | પર્યા૦સૂ૦વાઉકાય ઉત્કૃ૦ | v | (૩૯) | અપર્યા૦બા૦નિગોદ ઉત્કૃ૦ | a |
| (૧૮) | અપર્યા૦સૂ૦તેઉ૦ ઉત્કૃ૦ | a | (૪૦) | પર્યા૦બા૦નિગોદ જઘ૦ | v |
| (૧૯) | પર્યા૦સૂ૦તેઉ૦ જઘ૦ | v | (૪૧) | પર્યા૦બા૦નિગોદ ઉત્કૃ૦ | v |
| (૨૦) | અપર્યા૦સૂ૦અપ્કાય ઉત્કૃ૦ | v | (૪૨) | અપર્યા૦પ્રત્યેક વન૦ ઉત્કૃ૦ | a |
| (૨૧) | અપર્યા૦સૂ૦અપ્કાય ઉત્કૃ૦ | a | (૪૩) | પર્યા૦પ્રત્યેક વન૦ જઘ૦ | a |
| (૨૨) | પર્યા૦સૂ૦અપ્કાય જઘ૦ | v | (૪૪) | પર્યા૦પ્રત્યેક વન૦ ઉત્કૃ૦ | a |

૪૩મા બોલ સુધીની બધી અવગાહના અંગુલ/a હોવા છતાં આટલી તરતમતા જાણવી.

## ત્રસકાય

### સત્પદપ્રરૂપણા

૩ માર્ગણા - પર્યા૦ ત્રસકાય, અપર્યા૦ ત્રસકાય, ત્રસકાય.

ચૌદે ગુણઠાણા હોય.

## દ્રવ્યપ્રમાણ

પર્યા૦ ત્રસકાય - પ્રતર ÷ પ્રતરાંગુલ/s

શેષ બે - પ્રતર ÷ પ્રતરાંગુલ/a

★ ઉત્પદ્યમાન જીવો - ત્રણેમાં પ્રતર ÷ a

★ ગુણસ્થાનકમાં દ્રવ્યપ્રમાણ - ૧લે અસંખ્ય, બીજેથી ગુણ૦ઓઘવત્.

## ક્ષેત્ર

| | એક જીવ | | અનેક જીવ | |
|---|---|---|---|---|
| | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ |
| અપર્યા૦ ત્રસકાય | L/a | [1]૭ રાજ | L/a | ૧૪ રાજ |
| શેષ બે | L/a | ૨ + ૭ = ૯ રાજ | L/a | ૧૪ રાજ |
| કેવલી સમુદ્૦ | સર્વલોક | સર્વલોક | સર્વલોક | સર્વલોક |

(૧) અપર્યા૦ ત્રસકાય તિર્ચ્છાલોક કે તિર્ચ્છાલોકની સમીપના ક્ષેત્રમાં હોય છે. ત્યાંથી ઉપર કે નીચે લોકાન્તે ઉત્પન્ન થનારને ૭ રાજ મળે.

## સ્પર્શના

સર્વત્ર સર્વલોક

## કાળ

| | ભવસ્થિતિ | | કાય સ્થિતિ | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| અપર્યા૦ત્રસ૦ | ક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ | ક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ |
| પર્યા૦ત્રસ૦ | અન્તર્મુ૦ | ૩૩ સાગરો૦ | અન્તર્મુ૦ | સાગરો૦ શત પૃથક્ત્વ[1] |
| ત્રસકાય | ક્ષુલ્લકભવ | ૩૩ સાગરો૦ | ક્ષુલ્લકભવ | સાધિક ૨૦૦૦ સાગરો૦ |

(૧) જીવસમાસના મતે ઉત્કૃષ્ટ કાયસ્થિતિ ૨૦૦૦ સાગરો૦ છે.

(૨) ત્રસકાયની ૨૦૦૦ સાગરોપમની કાયસ્થિતિમાં પણ નિરંતર પંચેન્દ્રિય તરીકે સાધિક ૧૦૦૦ સાગરો૦ જેટલો કાળ રહે. પછી પંચેન્દ્રિય સિવાય બે-ઇન્દ્રિયાદિમાં આવવું પડે. પરંતુ ત્રસની ૨૦૦૦ સાગરો૦ની કાયસ્થિતિમાં આંતરે

આંતરે પંચેન્દ્રિયપણાનો કુલ કાળ દેશોન ૨૦૦૦ સાગરોપમ થાય. વિકલેન્દ્રિયના ઉત્કૃષ્ટકાળ માટે સ્પષ્ટ અક્ષરો જાણવામાં નથી; પરંતુ પલ્યોપમના અસંખ્ય ભાગનો સંભવ છે. વળી, વિકલેન્દ્રિયની ઉત્કૃષ્ટ કાયસ્થિતિ જ સંખ્યાતા હજાર વર્ષ છે. તેથી એમાં જઈને પાછો પંચેન્દ્રિયમાં દીર્ઘકાળ રહી શકે છે. તેથી પંચેન્દ્રિયપણાનો કુલકાળ દેશોન ૨૦૦૦ સાગરોપમ ઘટવામાં કોઈ વાંધો નથી.

**★ ત્રસકાય તરીકે નિરંતર ઉત્પન્ન થવાનો કાળ**

જઘ૦ ૧ સમય

ઉત્કૃ૦ આવલિકા/a

ગુણસ્થાનકમાં કાળ વગેરે ઓઘવત્

**અંતર**

★ ત્રણે માર્ગણામાં — આવલિકા/a જેટલા પુદ્૦પરા૦, જઘ૦-ક્ષુલ્લકભવ

★ ઉત્પદ્યમાન જીવોનું અંતર - જઘ૦૧ સમય, ઉત્કૃ૦ અન્તર્મુ૦

**ભાગ**

સર્વજીવાપેક્ષયા સ્થાવર - અનંતબહુભાગ

ત્રસ - અનંતમો ભાગ

ત્રસની અપેક્ષાએ - અપર્યા૦ — અસં૦ બહુભાગ

પર્યા૦ — અસંખ્યાતમો ભાગ.

**ભાવ**

ઔદયિક ભાવ

**અલ્પબહુત્વ**

પર્યા૦ત્રસ - અલ્પ

અપર્યા૦ત્રસ - a

ત્રસકાય - v

## ષટ્કાય સંબંધી અલ્પ બહુત્વ -

| | માર્ગણાગત જીવો | કેટલા | વિશેષ | |
|---|---|---|---|---|
| (૧) | ૧૧મા ગુણ૦વાળા પર્યા૦ ત્રસ૦ | અલ્પ | | |
| (૨) | ૧૨/૧૪મા ગુણ૦વાળા પર્યા૦ ત્રસ૦ | s | | |
| (૩) | ૮/૯/૧૦મા ગુણ૦વાળા પર્યા૦ ત્રસ૦ | v | | |
| (૪) | ૧૩મા ગુણ૦વાળા પર્યા૦ ત્રસ૦ | s | | |
| (૫) | ૭મા ગુણ૦વાળા પર્યા૦ ત્રસ૦ | s | | |
| (૬) | ૬ઠ્ઠા ગુણ૦વાળા પર્યા૦ ત્રસ૦ | s | | |
| (૭) | બાદર પર્યા૦ તેઉકાય | a | x P/a | |
| (૮) | ૫મા ગુણ૦વાળા ત્રસ૦ | a | x P/a | |
| (૯) | ૨જા ગુણ૦વાળા ત્રસ૦ | a | x P/a | |
| (૧૦) | ૩જા ગુણ૦વાળા ત્રસ૦ | s કે a | x P/a | |
| (૧૧) | ૪થા ગુણ૦વાળા ત્રસ૦ | a | x P/a | |
| (૧૨) | ક્ષેત્ર પલ્યો૦ની સંખ્યા | a | x P/a | |
| (૧૩) | સૂચિ શ્રેણિ | a | × શ્રેણિના અસંખ્ય પ્રથમ વર્ગમૂળ | |
| (૧૪) | પર્યા૦ ત્રસકાય | a | × શ્રેણિના અસંખ્ય પ્રથમ વર્ગમૂળ | |
| (૧૫) | અપર્યા૦ ત્રસકાય | a | × અંગુલ/a | |
| (૧૬) | ત્રસકાય સામાન્ય | v | + અસં. સૂચિશ્રેણિ | (૧૪) + (૧૫) |
| (૧૭) | બાદર પર્યા૦ પ્રત્યેક વન૦ | a | x P/a | |
| (૧૮) | બાદર પર્યા૦ નિગોદના શરીર | a | × અંગુલ/a | |
| (૧૯) | બાદર પર્યા૦ પૃથ્વીકાય | a | × અંગુલ/a | |
| (૨૦) | બાદર પર્યા૦ અપ્કાય | a | × અંગુલ/a | |
| (૨૧) | પ્રતરના આકાશપ્રદેશો | a | × અંગુલ/a | (૧૩) × (૧૩) |
| (૨૨) | બાદર પર્યા૦ વાઉકાય | a | × શ્રેણિ/s | |
| (૨૩) | લોકાકાશ | s | × શ્રેણિ/s | (૧૩) × (૨૧) |
| (૨૪) | બાદર અપર્યા૦ તેઉકાય | a | × અસં.લોક | |
| (૨૫) | બાદર તેઉ સામાન્ય | v | + P/a | (૭) + (૨૪) |
| (૨૬) | બાદર અપર્યા૦ પ્રત્યેક વન૦ | a | × અસંખ્ય લોક | |
| (૨૭) | બાદર સામાન્ય પ્રત્યેક વન૦ | v | + પ્રતર/a | (૧૭) + (૨૬) |
| (૨૮) | બાદર અપર્યા૦ નિગોદના શરીરો | a | × અસંખ્ય લોક | |
| (૨૯) | બાદર નિગોદ શરીર સામાન્ય | v | + પ્રતર/a | (૨૮) + (૧૮) |

| | | | | |
|---|---|---|---|---|
| (૩૦) | બાદર અપર્યા૦ પૃથ્વી | a | × અસંખ્યલોક | |
| (૩૧) | બાદર પૃથ્વી૦ સામાન્ય | v | + પ્રતર/a | (૩૦) + (૧૯) |
| (૩૨) | બાદર અપર્યા૦ અપ્૦ | a | × અસંખ્યલોક | |
| (૩૩) | બાદર અપ્૦ સામાન્ય | v | + પ્રતર/a | (૩૨) + (૨૦) |
| (૩૪) | બાદર અપર્યા૦ વાઉ૦ | a | × અસંખ્યલોક | |
| (૩૫) | બાદર વાઉ૦ સામાન્ય | v | + L/s | (૩૪) + (૨૨) |
| (૩૬) | સૂક્ષ્મ અપર્યા૦ તેઉકાય | a | × અસંખ્યલોક | |
| (૩૭) | અપર્યા૦ તેઉકાય | v | + અસંખ્યલોક | (૩૬) + (૨૪) |
| (૩૮) | સૂક્ષ્મ અપર્યા૦ પૃથ્વી૦ | v | + અસંખ્યલોક | |
| (૩૯) | અપર્યા૦ પૃથ્વી૦ | v | + અસંખ્યલોક | (૩૮) + (૩૦) |
| (૪૦) | સૂક્ષ્મ અપર્યા૦ અપ્૦ | v | + અસંખ્યલોક | |
| (૪૧) | અપર્યા૦ અપ્૦ | v | + અસંખ્યલોક | (૪૦) + (૩૨) |
| (૪૨) | સૂક્ષ્મ અપર્યા૦ વાઉ૦ | v | + અસંખ્યલોક | |
| (૪૩) | અપર્યા૦ વાઉ૦ | v | + અસંખ્યલોક | (૪૨) + (૩૪) |
| (૪૪) | સૂક્ષ્મ પર્યાપ્તા તેઉ૦ | s | | |
| (૪૫) | પર્યાપ્ત તેઉ૦ | v | + P/a | (૪૪) + (૭) |
| (૪૬) | સૂક્ષ્મ પર્યાપ્તા પૃથ્વી૦ | v | + અસંખ્યલોક | |
| (૪૭) | પર્યાપ્તા પૃથ્વી૦ | v | + પ્રતર ÷ a | (૪૬) + (૧૯) |
| (૪૮) | સૂક્ષ્મ પર્યાપ્તા અપ્૦ | v | + અસંખ્યલોક | |
| (૪૯) | પર્યાપ્તા અપ્૦ | v | + P/a | (૪૮) + (૨૦) |
| (૫૦) | સૂક્ષ્મ પર્યાપ્તા વાયુ૦ | v | + અસંખ્ય લોક | |
| (૫૧) | પર્યાપ્તા વાયુ૦ | v | + L/s | (૫૦) + (૨૨) |
| (૫૨) | સૂક્ષ્મ તેઉ૦ સામાન્ય | v | + અસંખ્યલોક | (૪૪) + (૩૬) |
| (૫૩) | તેઉ૦ સામાન્ય | v | + અસંખ્ય લોક | (૫૨) + (૨૫); (૪૫) + (૩૭) |
| (૫૪) | સૂક્ષ્મ પૃથ્વી સામાન્ય | v | + અસંખ્ય લોક | (૪૬) + (૩૮) |
| (૫૫) | પૃથ્વી સામાન્ય | v | + અસંખ્ય લોક | (૫૪) + (૩૧); (૪૭) + (૩૯) |
| (૫૬) | સૂક્ષ્મ અપ્૦ સામાન્ય | v | + અસંખ્ય લોક | (૪૮) + (૪૦) |
| (૫૭) | અપ્૦ સામાન્ય | v | + અસંખ્ય લોક | (૫૬) + (૩૩); (૪૯) + (૪૧) |
| (૫૮) | સૂક્ષ્મ વાઉ૦ સામાન્ય૦ | v | + અસંખ્ય લોક | (૫૦) + (૪૨) |
| (૫૯) | વાઉ૦ સામાન્ય | v | + અસંખ્યલોક | (૫૮) + (૩૫); (૫૧) + (૪૩) |

| | | | | |
|---|---|---|---|---|
| (૬૦) | સૂક્ષ્મ અપર્યા૦ નિગોદશરીરો | a | × અસંખ્ય લોક | |
| (૬૧) | અપર્યા૦ નિગોદશરીરો | v | + અસંખ્યલોક | (૬૦) + (૨૮) |
| (૬૨) | સૂક્ષ્મ પર્યા૦ નિગોદશરીર | s | | |
| (૬૩) | પર્યા૦ નિગોદ શરીર | v | + પ્રતર/a | (૬૨) + (૧૮) |
| (૬૪) | સૂક્ષ્મ નિગોદ શરીર | v | + અસંખ્ય લોક | (૬૨) + (૬૦) |
| (૬૫) | નિગોદ શરીરો | v | + અસંખ્ય લોક | (૬૪) + (૨૯); (૬૩) + (૬૧) |
| (૬૬) | સિદ્ધો | A | અભવીથી અનંતગુણ | |
| (૬૭) | બાદર પર્યા૦ નિગોદના જીવો | A | સર્વજીવ ÷ અસંખ્ય લોક | |
| (૬૮) | બાદર પર્યા૦ વન૦ | v | + પ્રતર/a | (૬૭) + (૧૭) |
| (૬૯) | બાદર અપર્યા૦ નિગોદ જીવો | a | × અસંખ્ય લોક | |
| (૭૦) | બાદર અપર્યા૦ વન૦ | v | + અસંખ્ય લોક | (૬૯) + (૨૬) |
| (૭૧) | બાદર નિગોદ સામાન્ય | v | + અનંત | (૬૯) + (૬૭) |
| (૭૨) | બાદર વન૦ સામાન્ય | v | + પ્રત્યેક વન.ના જીવો | (૭૧) + (૨૭); (૭૦) + (૬૮) |
| (૭૩) | સૂક્ષ્મ અપર્યા૦ વનસ્પતિ | a | × અસંખ્ય લોક | |
| (૭૪) | અપર્યા૦ નિગોદ | v | + બાદર અપર્યા. નિગોદ જીવો | |
| (૭૫) | અપર્યા૦ વનસ્પતિ | v | + અપર્યા. પ્રત્યેક વન. | (૭૩) + (૭૦) |
| (૭૬) | સૂક્ષ્મ પર્યા૦ વન૦ | s | | |
| (૭૭) | પર્યા૦ નિગોદ૦ | v | + બાદર પર્યા. નિગોદના જીવો | |
| (૭૮) | પર્યા૦ વન૦ | v | + પ્રતર/a | (૭૭) + (૧૭) |
| (૭૯) | સૂક્ષ્મ વન૦ | v | + સૂક્ષ્મ અપર્યા. નિગોદ | |
| (૮૦) | નિગોદ સામાન્ય | v | + બાદર પર્યા. અપર્યા. નિગોદ | |
| (૮૧) | વન૦ સામાન્ય | v | + પ્રત્યેક વન.ના જીવો. | (૮૦) + (૨૭); (૭૨) + (૭૯); (૭૫) + (૭૮). |

**પ્રશ્ન :** આ અલ્પબહુત્વમાં ૨૨મા બોલમાં બા.પર્યા.વાઉકાય કહી પછી ૨૩મા બોલમાં લોકાકાશને એના કરતાં s કહેલ છે. બા.પર્યા.વાઉ.નું ક્ષેત્ર દેશોનલોક કહ્યું છે. છતાં એને સંપૂર્ણ લોકવ્યાપી કહીએ તો પણ એક જીવની અવગાહના અસંખ્ય આકાશપ્રદેશ પ્રમાણ હોવાથી એના કુલ જીવો L/a જ હોવા જોઈએ ને. અને તો પછી એ જીવરાશિ કરતાં લોકાકાશને a કહેવો જોઈએ ને ?

**ઉત્તર -** એક-એક જીવની અવગાહના અસંખ્ય આકાશપ્રદેશ પ્રમાણ હોય છે એ વાત સાચી. પણ બા૦પર્યા૦પૃથ્વીકાયાદિ જીવો એક જ અવગાહનામાં P/a જેટલા પણ રહી શકે છે એમ **આચારાંગજીમાં** જણાવ્યું છે. તેથી દેશોનલોક જેટલા સ્વસ્થાન ક્ષેત્રમાં બા.પર્યા.વાઉ.ના જીવો L/s પ્રમાણ રહી શકવામાં કશો વાંધો નથી. અને તેથી એના કરતાં લોકાકાશ s હોવામાં પણ કશો વાંધો નથી.

| મોક્ષે જનારા | કેટલા | તેમાં અંતર | ૧ સમયે |
|---|---|---|---|
| વનસ્પતિકાયથી | અલ્પ | સંખ્યાતા વર્ષો | ૬ |
| પૃથ્વીકાયથી | s | સંખ્યાતા વર્ષો | ૪ |
| અપકાયથી | s | સંખ્યાતા વર્ષો | ૪ |
| ત્રસકાયથી | s | સંખ્યાતા વર્ષો | ૧૦૮ |
| સૌધર્મ : ઈશાન | | સાતિરેક વર્ષ. | ૧૦૮ |

## યોગમાર્ગણા

### સત્પદપ્રરૂપણા

વીર્યાન્તરાય કર્મનો ક્ષય કે ક્ષયોપશમ, શરીરનામ કર્મનો ઉદય અને આત્માનો પ્રયત્ન વિશેષ. આ ત્રણના કારણે થયેલું આત્મપ્રદેશોનું પરિસ્પન્દન = ચાંચલ્ય એ યોગ કહેવાય છે. આ ચાંચલ્યની તરતમતાના આધારે શરીર નામ કર્મના ઉદયના કારણે શરીરાદિના પુદ્ગલોનું ગ્રહણ થાય છે. જ્યાં શરીર નામકર્મનો ઉદય નથી કે આત્માનો પ્રયત્ન નથી ત્યાં વીર્યાન્તરાયનો ક્ષય હોવા છતાં યોગ હોતો નથી. જેમ કે ૧૪મે ગુણઠાણે. તેથી મોક્ષમાં જતા આત્માને ગમનક્રિયા હોવા છતાં આત્મપ્રદેશોમાં સંકોચ-વિકોચાત્મક પરિસ્પન્દ-યોગ હોતો નથી. આત્મા જે પ્રયત્ન કરે છે તે પણ વીર્યાન્તરાયના ક્ષય-ક્ષયોપશમને ઉલ્લંઘીને કરી શકતો નથી. તેથી વીર્યાન્તરાયનો ક્ષય કે ક્ષયોપશમનું પ્રાધાન્ય હોવાથી યોગને ક્ષાયિક કે ક્ષાયોપશમિકભાવ કહેવાય છે. વળી આત્માનો પ્રયત્ન ઓછો હોય તો યોગ (અને તેથી પુદ્ગલગ્રહણ) અલ્પ હોવા છતાં વીર્યાન્તરાયનો ક્ષયોપશમ કાંઈ ઓછો થઈ જતો નથી. એટલે જ કેવલીને અલ્પપ્રવૃત્તિ કાળે યોગ

અને પુદ્ગલગ્રહણ ઓછા હોવા છતાં વીર્યાન્તરાયનો ક્ષય અને એનાથી થયેલ લબ્ધિવીર્યમાં કશો ફેર પડતો નથી.

મનોયોગ, વચનયોગ કાળે મનોવર્ગણા-ભાષાવર્ગણાના પુદ્ગલોનું ગ્રહણ હોય છે. આ પુદ્ગલોને જીવ કાયયોગ દ્વારા ગ્રહણ કરે છે. મન અને ભાષા રૂપે પરિણમાવે છે તેમજ પછી છોડી દે છે. એટલે એ અપેક્ષાએ આ બંને કાયયોગના જ ભેદ વિશેષ છે. છતાં વર્ગણાભેદના કારણે તથા વિશેષતા દર્શાવવા એને જુદા બતાવ્યા છે એમ શ્રી **વિશેષાવશ્યકભાષ્યમાં** જણાવ્યું છે. ઔદારિક વગેરે પાંચ પ્રકારના પુદ્ગલો આત્મા સાથે ક્ષીર-નીરવત્ સંબદ્ધ થાય છે અને તેથી દીર્ઘકાળ સુધી ટકે પણ છે. જ્યારે ભાષા, શ્વાસોશ્વાસ અને મનના પુદ્ગલો ગૃહીત થતા હોવા છતાં ક્ષીરનીરવત્ સંબદ્ધ થતા ન હોવાથી બીજા સમયે બધા જ છૂટી જાય છે. માટે ઔદારિક વગેરેને 'શરીર' કહેવાય છે, પણ 'ભાષા' વગેરેના ગૃહીત પુદ્ગલોને શરીર કહેવાતા નથી.

ભાષા અને મનોવર્ગણાના પુદ્ગલોને જીવ જઘન્યથી ૧ સમય માટે પણ લઈ શકે છે અને ઉત્કૃષ્ટથી અન્તર્મુ૦ માટે લે છે એ પછી અંતર પડે છે. જે સમયે લે છે એ જ સમયે એને પરિણમાવે છે અને બીજા સમયે એને છોડે છે.

તૈજસ-કાર્મણ પુદ્ગલોનો ગ્રહણકાળ અભવ્યાદિને અનાદિ અનંત છે ને ભવ્યોને અનાદિસાન્ત છે. શેષ ૩ વર્ગણાના પુદ્ગલોનો ગ્રહણકાળ જઘન્ય-ઉત્કૃષ્ટ ભેદે અલગ-અલગ બતાવેલો છે. એટલે ઔદારિક પુદ્ગલ વગેરેનો સતત ગ્રહણકાળ ૩ પલ્યોપમ વગેરે રૂપ દીર્ઘ પણ મળે છે. છતાં ઔદારિકકાયયોગ વગેરેનો કાળ અન્તર્મુ૦ જે બતાવ્યો છે તે અંગે બે કારણો વિચારી શકાય છે. (૧) અન્ય યોગની મુખ્યતા થવાના કારણે વિવક્ષિત યોગ ગણાતો નથી. (૨) જીવનો ઉપયોગ અન્તર્મુહૂર્ત કાળે ફરતો હોય છે. જેના પ્રયત્નમાં ઉપયોગ હોય તદનુસાર યોગ ગણાય. આ બેમાં મુખ્ય કારણ તો પ્રથમ જ છે. તેથી કાર્મણ કાયયોગ હંમેશા હોવા છતાં, જ્યારે ઔદારિક કાયયોગ વગેરે બીજો કોઈ યોગ ન હોય, ત્યારે જ (અર્થાત્ વિગ્રહગતિમાં) કાર્મણ કાયયોગ કહેવાય છે. એમ એકેન્દ્રિય જીવોને દીર્ઘકાળ સુધી કાયામાં જ ઉપયોગ હોય છે એવું ન હોવા છતાં, અન્ય કોઈ યોગ આવતો ન હોવાથી દીર્ઘકાળ સુધી કાયયોગ જ કહેવાય છે. જ્યારે બેઇન્દ્રિયાદિ જીવોને વચનયોગ હોવાને કારણે કાયયોગ અન્તર્મુ૦ જ કહેવાય છે માટે બીજો યોગ પ્રવર્તે ત્યારે પ્રથમ યોગની અવિવક્ષા સમજવી, પણ અભાવ ન માનવો. એટલે ઉત્તરવૈક્રિયકાળે ઔદારિક કાયયોગની અવિવક્ષા સમજવી, પણ અભાવ ન માનવો.

વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ હોય છે. ઉત્પત્તિ સ્થાને આવે એટલે ઉત્પત્તિ સમયે ઔદારિક પુદ્ગલો ગ્રહણ કરે છે. અર્થાત્ બંને પુદ્ગલોનું ગ્રહણ થયું.

નિશ્ચયનયની અપેક્ષાએ એ સમયથી જ ઔદારિકમિશ્ર કાયયોગ કહેવાય છે. વ્યવહારનય એ સમયે કાર્મણકાયયોગ અને પછીના સમયથી (બીજા સમયથી) ઔદારિકમિશ્ર કાયયોગ કહે છે. એનો અભિપ્રાય એવો છે કે પૂર્વના સમયે જે હોય એનાથી, પછીના સમયે પુદ્ગલોનું ગ્રહણ થાય છે. એટલે વિગ્રહગતિથી આવનાર જીવને ઉત્પત્તિ સમયની પૂર્વના સમયે કાર્મણ શરીર જ હોવાથી ઉત્પત્તિ સમયે કાર્મણ શરીરથી જ પુદ્ગલોનું ગ્રહણ થતું હોવાના કારણે ઉત્પત્તિ સમયે કાર્મણકાયયોગ કહેવાય. જીવ જો ઋજુગતિથી આવતો હોય તો એક જ સમયમાં આવતો હોવાથી પૂર્વનો સમય એ પૂર્વભવનો ચરમસમય છે. એ વખતનું શરીર તો ત્યાં જ છોડી આવતો હોવાથી એ શરીરથી અહીં ઉત્પત્તિ પ્રથમ સમયે પુદ્ગલોનું ગ્રહણ થાય છે એમ કહી શકાતું નથી. માટે ઉત્પત્તિ પ્રથમ સમયે ગ્રહણ કાર્મણશરીરથી જ થયું હોવાથી ત્યારે કાર્મણકાયયોગ કહેવો જોઈએ અને બીજા સમયથી ઔદારિકમિશ્ર કહેવો.

તૈજસ શરીર દ્વારા થતી પ્રવૃત્તિ ક્યારેય જુદી પડતી નથી. એ સર્વદા કાર્મણની સાથે જ અનાદિકાળથી હોય છે. માટે તૈજસનો અલગ યોગ કહેવાતો નથી.

ઔદારિકમિશ્રકાયયોગ ઉત્પત્તિથી શરુ થઈ શરીર પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી હોય છે. ત્યારબાદ પર્યાપ્તજીવોને ઔદારિક-કાયયોગ હોય છે. અપર્યાપ્ત જીવોને તો ભવના અંત સુધી ઔદા૦ મિશ્ર કાયયોગ જ હોય છે. આ મુખ્યમત છે. બીજા મતે પર્યાપ્ત જીવોને સ્વપ્રાયોગ્ય પર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદા૦મિશ્ર ને ત્યારબાદ ઔદારિક કાયયોગ મનાયો છે.

ઉત્તરવૈક્રિય કે આહારક કરતી વખતે પ્રારંભમાં ઔદારિક સાથે વૈક્રિય કે આહારકની મિશ્રતા હોય છે. આ વખતે સિદ્ધાંતે ઔદારિકમિશ્ર કાયયોગ માન્યો છે અને જ્યારે ઉત્તરવૈક્રિય કે આહારક છોડી દેવાનું હોય ત્યારે (પ્રાન્ત કાળે) વૈક્રિયમિશ્ર કે આહારકમિશ્ર હોય છે એમ સિદ્ધાંતનો મત છે. બનાવતી વખતે વૈક્રિય કે આહારકની મુખ્યતા હોવાથી વૈક્રિયમિશ્ર કે આહારકમિશ્ર હોય છે ને પ્રાન્તે ઔદારિકમિશ્ર હોય છે એવો કાર્મગ્રન્થિક અભિપ્રાય છે એમ કેટલાક માને છે. જ્યારે પ્રારંભે વૈક્રિયમિશ્ર કે આહારકમિશ્ર ને પ્રાન્તે કોઈ મિશ્ર નહીં એવો કાર્મગ્રન્થિક મત છે એમ પણ કેટલાક માને છે. તેઓનું કહેવું એમ છે કે જેમ માણસ મરે કે દેવ ચ્યવે ત્યારે શરીર છોડી જ દેવાનું છે. માટે મિશ્રતા આવતી નથી તેમ ઉત્તર વૈક્રિય કે આહારક છોડતી વખતે મિશ્રતા આવતી નથી.

વળી, વૈક્રિયમિશ્ર વગેરેમાં ઔદારિક સાથે મિશ્રતા કહેવાય છે, પણ વસ્તુતઃ એ કાર્મણ સાથેની જ મિશ્રતા જાણવી. કારણકે વૈક્રિય પુદ્ગલો ક્યારેય ઔદારિક પુદ્ગલો સાથે જોડાતા નથી, બંને સ્વતંત્ર જ રહે છે. તે પણ એટલા

માટે કે ઔદારિક વૈક્રિય બંધન નામ કર્મ વગેરે કર્મો બતાવ્યા નથી.

ઉત્તર વૈક્રિય કરનારો મનુષ્ય, તિર્યંચ, દેવ કે નરક એક સમયમાં પણ કાળ કરી શકે છે. એટલે એ અપેક્ષાએ ઉત્તર વૈક્રિયનો જઘન્ય કાળ ૧ સમય પણ મળી શકે છે. આહારક બનાવનારો અન્તર્મું૰પૂર્વે કાળ કરતો નથી. માટે આહારકમિશ્રનો કાળ જઘન્યથી ૧ સમય મળતો નથી.

ભાષા, શ્વાસોશ્વાસ અને મનના પુદ્ગલોને આત્મસાત્ કર્યા વગર, માત્ર તે તે રૂપે પરિણમાવીને જીવ છોડી દે છે. પણ પાંચ શરીર પુદ્ગલોને જીવ આત્મસાત્ કરે છે. તેથી બીજા સમયે એ બધા પુદ્ગલો એકી સાથે ન છૂટી જતાં ક્રમશઃ થોડા થોડા છૂટે છે. જેમ કર્મમાં નિષેક રચના મુજબ થોડા થોડા છૂટે છે એમ અહીં સમજવું. (પણ કર્મમાં અબાધાકાળ હોવાથી બીજા સમયથી છૂટવાનું ચાલુ થતું નથી. જ્યારે અહીં એવું ન હોવાથી બીજા સમયથી જ છૂટવાનું ચાલુ થઈ જાય છે.) એટલે પ્રથમ સમયે માત્ર ગ્રહણ જ હોય છે. આને સર્વબંધ કે સર્વસંઘાત કહે છે. બીજા સમયે થોડા નવા પુદ્ગલો લે છે અને પ્રથમ સમયગૃહીત કેટલાક છોડે છે. એટલે કે દેશબંધ હોય છે તથા દેશપરિશાટ હોય છે. ભવચરમસમયે એકનયે સર્વપરિશાટ છે. બીજા નયે દેશબંધ - દેશપરિશાટ છે. તેમજ પછીના સમયે તે શરીરની અપેક્ષાએ સર્વપરિશાટ છે અને ઋજુગતિથી જનારને બીજા શરીરની અપેક્ષાએ સર્વબંધ પણ છે. બંને શરીરો જુદા હોવાથી બંનેનો ભેગો દેશબંધ-દેશપરિશાટ ન કહેવો. આ રીતે પાંચે શરીરોમાં યથાસંભવ સર્વબંધ-સર્વપરિશાટ -દેશબંધ-દેશપરિશાટનું પ્રરૂપણ સત્પદાદિ નવે દ્વારોથી જાણી લેવું.

## મનોયોગ

મનોયોગ સામાન્ય, સત્ય, અસત્ય, મિશ્ર અને વ્યવહાર મનોયોગ એમ ૫ માર્ગણા.
સત્ય-વ્યવહારમાં ૧ થી ૧૩ ગુણઠાણા.
અસત્ય-મિશ્રમાં ૧ થી ૧૨ ગુણઠાણા.

### દ્રવ્ય પ્રમાણ :

સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો જેટલા હોય તે બધા લબ્ધિથી (યોગ્યતા રૂપે) મનોયોગી કહીએ તો સંજ્ઞી પર્યાપ્ત પંચેન્દ્રિય જીવો જેટલા મનોયોગી મળે. આ જીવોમાં જ્યોતિષ દેવોની સંખ્યા મુખ્ય છે. શેષ સંજ્ઞી જીવો એના સંખ્યાતમા ભાગે જ છે. તેથી સાધિક જ્યોતિષદેવોની સંખ્યા જેટલા મનોયોગી મળે. પણ, મનોયોગનું પ્રવર્તન હોય ત્યારે જ મનોયોગી કહેવાય, એટલે આવા જીવો જ્યોતિષદેવો કરતાં સંખ્યાતમા ભાગે જ મળે. કારણકે સંજ્ઞીજીવોમાં સંખ્યાતમો ભાગ વચનયોગી હોય છે અને એના પણ સંખ્યાતમા ભાગ જેટલાં મનોયોગી હોય છે.

તેથી મનોયોગ સામાન્ય - જ્યોતિષદેવો ÷ s = (પ્રતર ÷ ૨૫૬ પ્રતરાંગુલ) ÷ s

આ મનોયોગીનો સંખ્યાત બહુભાગ વ્યવહાર મનોયોગી હોય છે અને મિશ્ર, અસત્ય તથા સત્યમનોયોગી ઉત્તરોઉત્તર સંખ્યાતમાભાગે હોય છે.

**શંકા** - **પન્નવણા**માં મહાદંડક અલ્પબહુત્વમાં ૪૨,૪૩,૪૪મા પદમાં ક્રમશઃ ખેચર, સ્થળચર, જળચર નપું૦ તિર્યંચો ઉત્તરોઉત્તર s-s કહ્યા પછી પર્યા૦ ચઉ૦ s કહ્યા છે ને ત્યારબાદ ૪૬મા પદમાં પર્યા૦ પંચે૦ v કહ્યા છે. એટલે કે જળચર નપું૦તિર્યંચ કરતાં પર્યા૦ પંચેન્દ્રિયો v નથી, પણ s છે. માટે જણાય છે કે જળચર નપું૦ તિર્યંચ કરતાં પણ s કોઈ અન્ય પંચેન્દ્રિય પર્યા૦ જીવો છે. અન્ય કોઈ રાશિ સંભવિત ન હોવાથી એમ માનવું પડે છે કે ૪૨,૪૩,૪૪મા પદમાં જે નપુંસક તિર્યંચોની વાત છે તે સંજ્ઞી નપુંસક છે અને તેના કરતાં પણ s અસંજ્ઞી પર્યા૦ પંચે૦ જીવો છે. આમ માનવાથી કુલ પર્યા૦ પંચે૦ જીવો સંખ્યાતગુણ હોવા સંગત ઠરી જાય છે. હવે આમ જો માનીએ તો જ્યોતિષ કરતાં પણ સંખ્યાત ગુણ એવા આ નપુંસક તિર્યંચો સંજ્ઞી માનવાના રહેવાથી સંજ્ઞીમાં મુખ્ય રાશિ એ જ થાય. અને તેથી મનોયોગી જીવો તરીકે જ્યોતિષ કરતાં સંખ્યાતગુણ જીવો માનવા જોઈએ.

**સમાધાન** - ગર્ભજ પર્યાપ્ત જીવોને છએ લેશ્યા સંભવે છે. એટલે આ નપુંસક તિર્યંચો જો ગર્ભજ (સંજ્ઞી) હોય તો તેઓને શુભલેશ્યા પણ સંભવિત બને. વળી તેઓ તિર્યંચ પુરુષ-સ્ત્રી કરતાં તો સંખ્યાત ગુણ છે જ. એટલે તિર્યંચના અલ્પબહુત્વમાં ૩ શુભલેશ્યામાં નપુંસકની સંખ્યા જ વધારે બતાવવી પડે. પણ એમાં તો તિર્યંચસ્ત્રીની સંખ્યા વધારે બતાવી છે. એટલે જણાય છે કે સંજ્ઞીમાં નપુંસક જીવો સ્ત્રી કરતાં અત્યન્ત અલ્પ છે. અને તેથી આ ત્રણ જે સંખ્યાતગુણ કહેલા નપુંસકો છે તેને અસંજ્ઞી માનવા આવશ્યક છે. (અથવા મતાંતરે મહાદંડક-અલ્પબહુત્વમાં આ ૩ પદ જ ન હોવા જોઈએ.) માટે સંજ્ઞીમાં મુખ્ય સંખ્યા જ્યોતિષની થવાથી એના સંખ્યાતમા ભાગે મનોયોગી કહેવા યુક્ત જ છે.

**અથવા**

મહાદંડક અલ્પબહુત્વના એ ૩ પદ સ્વીકારીએ અને એને સંજ્ઞી માનીએ તો જ્યોતિષ કરતાં સંખ્યાતગુણ મનોયોગી જાણવા.

**[illegible]**

**બધી માર્ગણામાં** -

**એક જીવ** - ઘનરાજ - L/a, સૂચિરાજ - ૯ રાજ

**અનેક જીવ** - ઘનરાજ - L/a, સૂચિરાજ - ૧૪ રાજ.

## સ્પર્શના

બધે સર્વલોક.

૧લે ગુણઠાણે - સર્વલોક; બીજેથી - ગુણઠાણા ઓઘવત્

## કાળ

બધી માર્ગણામાં - જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ અન્તર્મુ૦. બધા મનોયોગનો ઉત્કૃષ્ટ કાળ અન્તર્મુ૦ હોવા છતાં, એ ક્રમશઃ સત્ય, અસત્ય, મિશ્ર, વ્યવહાર અને સામાન્યના ક્રમે s,s,s,s,v જાણવો.

## અંતર

બધી માર્ગણામાં [1]જઘ૦ અન્તર્મુ૦, ઉત્કૃ૦ આવલિકા/a પુદ્૦પરા૦

(૧) કાયયોગનો જઘન્યકાળ અન્તર્મુ૦ હોવાથી મનોયોગનું જઘન્ય અંતર ૧ સમય ન મળે.

અનેક જીવાપેક્ષયા બધી માર્ગણા ધ્રુવ હોવાથી અંતર નથી.

## ભાગ

સર્વજીવાપેક્ષયા મનોયોગી અનંતમા ભાગે છે.

મનોયોગીની અપેક્ષાએ,

★ વ્યવહાર મનોયોગી સંખ્યાત બહુભાગ,

★ શેષ ૩ સંખ્યાતમો ભાગ.

## અલ્પ બહુત્વ

| | |
|---|---|
| સત્યમનોયોગ | અલ્પ |
| અસત્ય મનોયોગ | s |
| મિશ્ર મનોયોગ | s |
| વ્યવહાર મનોયોગ | s |
| મનોયોગ સામાન્ય | v |

# વચનયોગ

## દ્રવ્યપ્રમાણ

મનોયોગી કરતાં સંખ્યાતગુણ.

મનોયોગી જીવો દેવરાશિ કરતાં સંખ્યાતમા ભાગે છે. ને યોગ્યતાની અપેક્ષાએ

સાધિકદેવ રાશિ જેટલા છે. વચનયોગી તરીકે બેઇન્દ્રિયાદિ જીવો પણ મળી શકે. પર્યા. વિકલેન્દ્રિય જીવો પ્રતર ÷ અંગુલનો સંખ્યાતમો ભાગ જેટલા છે. જ્યારે સંજ્ઞી જીવો પ્રતર ÷ દેશોન ૨૫૬ અંગુલ જેટલા છે. એટલે બેઇન્દ્રિયાદિ જીવો સંખ્યાતગુણ હોવા સ્પષ્ટ છે. ને તેથી વચનયોગી જીવો મનોયોગી કરતાં સંખ્યાતગુણ હોવા જ સંગત ઠરે છે. પરંતુ **કર્મગ્રંથ-પન્નવણા** વગેરેમાં અસંખ્ય ગુણ કહ્યા છે. **જીવાભિગમ** ઉત્તરાર્ધના મૂળમાં સંખ્યાતગુણ બતાવેલ છે પણ ટીકાકાર ભગવંતે અસંખ્યગુણ કહ્યા છે.

આ અસંખ્યગુણ જે કહ્યા છે તે અશુદ્ધિ હોવી લાગે છે. કારણકે યુક્તિથી અહીં સંખ્યાતગુણ હોવા જ સંભવે છે. મનોયોગી તરીકે પર્યાપ્તસંજ્ઞી લઈએ અને વચનયોગી તરીકે લબ્ધિ અપર્યા૦ વિકલેન્દ્રિય પણ ભેગા ગણીએ (તેઓએ ભાષાપર્યાપ્તિનો પ્રારંભ કર્યો છે એટલી માત્ર હકીકતને નજરમાં લઈને એમનો પણ સમાવેશ કરીએ) તો અસંખ્યગુણ ઘટી શકે. પણ એ અપર્યા. વિકલેન્દ્રિયને વચનયોગી કહી શી રીતે શકાય ? કેમકે તેઓને સ્વરનામકર્મનો ઉદય પણ હોતો નથી. વળી ભાષા પર્યાપ્તિ પૂર્ણ કરનારા જીવો મનઃપર્યાપ્તિ પૂર્ણ કરનારા જીવો કરતાં સંખ્યાતગુણ જ છે. એટલે યુક્તિથી વચનયોગી જીવો મનોયોગી કરતાં સંખ્યાતગુણ હોવા જણાય છે.

**દ્રવ્ય પ્રમાણ :** પ્રતર ÷ પ્રતરાંગુલનો સંખ્યાતમો ભાગ.

શેષ બધું મનોયોગવત્ જાણી લેવું. મનોયોગ સામાન્યના ઉત્કૃષ્ટ કાળ કરતાં પણ સત્યવચનયોગ નો કાળ s હોય છે. તે પછી અસત્ય, મિશ્ર, વ્યવહાર અને સામાન્યનો કાળ ક્રમશઃ s,s,s, અને v છે.

## કાયયોગ

૧ થી ૧૩ ગુણઠાણા.

ઔદા૦; ઔદા૦ મિશ્ર; વૈક્રિય૦; વૈક્રિયમિશ્ર, આહા૦, આહા૦મિશ્ર, કાર્મણ અને કાયયોગ સામાન્ય એમ ૮ માર્ગણા જાણવી.

### દ્રવ્યપ્રમાણ :

| | |
|---|---|
| [૧]ઔદા૦ કાયયોગ | સર્વજીવનો સંખ્યાતબહુભાગ (અનંત) |
| ઔદા૦ મિશ્રકાયયોગ | સર્વજીવ ÷ s |
| [૨]કાર્મણકાયયોગ | સર્વજીવ ÷ a (અન્તર્મુ૦ના સમયો) |
| [૩]વૈક્રિય કાયયોગ | જ્યોતિષ્નો સંખ્યાત બહુભાગ<br>કંઈક ન્યૂન (પ્રતર ÷ ૨૫૬ પ્રતરાંગુલ) |
| [૪]વૈક્રિય મિશ્ર | જ્યોતિષ ÷ s |

[૫]આહારક કાયયોગી સંખ્યાતા

આહારક મિશ્ર સંખ્યાતા

કાયયોગ સામાન્ય સર્વજીવનો અનંતબહુભાગ.

(૧) સર્વજીવોના અનંતબહુભાગજીવો નિગોદમાં છે જેમને માત્ર કાયયોગ હોય છે. આમાંનો એક અસંખ્યાતમો ભાગ વિગ્રહગતિમાં હોય છે જે કાર્મણકાયયોગી હોય છે. શેષ અસં૦ બહુભાગ જીવોમાં સંખ્યાતમા ભાગના જીવો લબ્ધિ અપર્યા૦ હોય છે એમને માત્ર ઔદા૦ મિશ્ર કાયયોગ હોય છે. બાકીના સંખ્યાત બહુભાગ જીવો લબ્ધિ પર્યા૦ હોય છે. એમાંના સંખ્યાતબહુભાગ જીવો કરણપર્યાપ્ત હોય છે અને એક સંખ્યાતમો ભાગ કરણ અપર્યાપ્ત હોય છે. કરણપર્યાપ્તજીવોને તો ઔદારિક કાયયોગ જ હોય છે. કરણઅપર્યા૦માં શરીરપર્યાપ્તને પણ ઔદા૦ હોય છે, શરીર અપર્યા૦ને જ ઔદા૦ મિશ્ર હોય છે. માટે સર્વજીવોનો સંખ્યાતબહુભાગ ઔદા૦ અને એક સંખ્યાતમો ભાગ ઔદા. મિશ્ર કાયયોગવાળા હોય છે.

(૨) કાર્મણ કાયયોગમાં **દ્રવ્યપ્રમાણ** સર્વજીવ ÷ અન્તર્મુ૦ ના સમય... જેટલું છે. કેટલીક જગ્યાએ અન્તર્મુહૂર્તના સમય પ્રમાણ નિગોદો વિગ્રહગતિમાં કાયમ મળે છે તેવા અક્ષરો છે. પરંતુ ત્યાં લહિયાની ભૂલથી 'ભાજિત' શબ્દ રહી ગયો છે એમ સમજવું. અર્થાત્ અન્તર્મુ૦ સમયભાજિત (સર્વનિગોદ) પ્રમાણ હંમેશાં વિગ્રહગતિમાં મળે છે એમ અર્થ જાણવો. બીજું સંસારીજીવને આહારીપણાંનો ઉત્કૃષ્ટ કાળ (= કાર્મણકાયયોગનું ઉત્કૃષ્ટ અંતર) અંગુલ/a સમય છે. એટલે કે આટલા કાળમાં મોક્ષે ન જાય તો અવશ્ય વિગ્રહગતિમાં કાર્મણકાયયોગ-અણાહારીપણું પામે છે. આહારીપણાના આ ઉત્કૃષ્ટકાળથી સર્વજીવોને ભાગીએ તો પણ અસંખ્ય લોક જેટલી નિગોદ હંમેશાં વિગ્રહગતિમાં મળે. તેથી વિગ્રહગતિમાં માત્ર અન્તર્મુ૦ પ્રમાણ નહિ, પણ અન્તર્મુ૦ ભાજિત પ્રમાણ નિગોદો મળે એ જાણવું.

(૩) બધા દેવ, બધા નારકી તેમજ ઉત્તર વૈક્રિયશરીરમાં રહેલા મનુષ્યો અને તિર્યંચો... આટલા જીવો યોગ્યતાની અપેક્ષાએ વૈક્રિયકાયયોગી છે. આ બધાની કુલ સંખ્યા સાધિક જ્યોતિષ દેવો જેટલી છે. આ બધાને સંખ્યાત બહુભાગ કાળ વૈક્રિયકાયયોગ હોય છે, એક સંખ્યાતમા ભાગ જેટલો કાળ વચનયોગ હોય છે ને એના પણ સંખ્યાતમાભાગનો કાળ મનોયોગ હોય છે. તેથી વૈક્રિયકાયયોગી તરીકે આ યોગ્યતાવાળા જીવોનો સંખ્યાતબહુભાગ મળે જ છે જે રાશિ જ્યોતિષ-દેવોના સંખ્યાતબહુભાગ જેટલી થાય છે.

(૪) જ્યોતિષ દેવોના સંખ્યાતમાં ભાગે વ્યંતરો છે. વ્યંતરોમાં કુલ દેવોના સંખ્યાતમા ભાગે સંખ્યાતવર્ષાયુષ્ક દેવો છે. એટલે કે કુલ દેવરાશિના સંખ્યાતમા ભાગે સંખ્યાતવર્ષાયુષ્ક દેવો થયા. એમનો સંખ્યાતમા ભાગનો કાળ વૈ૦મિશ્રમાં પસાર થાય. તેથી ભવધારણીયાપેક્ષયા વૈ૦મિશ્રયોગી જ્યોતિષના સંખ્યાતમા ભાગે હોય છે.

(૫) આહારક શરીરી એકકાળે ઉત્કૃષ્ટથી સહસ્રપૃથકત્વ મળે છે. **શ્રીભગવતીસૂત્રવૃત્તિમાં** કહ્યું છે કે

जइ हुंति जहण्णेणं एकं दो तिन्न पंचेव हवन्ति ।
उक्कोसेण जुगवं पुहुत्तमेत्तं सहस्साणं ।।

## ક્ષેત્ર

ઔદા૦, ઔદા૦ મિશ્ર, કાર્મણ, કાયયોગ સામાન્ય

| | એકજીવ | અનેકજીવ |
|---|---|---|
| ઘનરાજ | L/a | સર્વલોક |
| સૂચિરાજ | ૧૪ રાજ | ૧૪ રાજ |

**★ વૈક્રિયકાયયોગ**

| | એકજીવ | | અનેકજીવ | |
|---|---|---|---|---|
| | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ |
| દેવ-નારક | L/a | ૯ રાજ[૧] | L/a | ૬ + ૭ = ૧૩ રાજ |
| મનુ૦ તિ૦ | L/a | ૭ રાજ | L/a | ૧૪ રાજ |

(૧) દેવોના ગમનાગમનાપેક્ષયા ૯ રાજ. નારકીને ૭મી નરકાપેક્ષયા વધુમાં વધુ ૬ રાજ મળે. વાઉકાયવૈક્રિયની અપેક્ષાએ એકજીવાપેક્ષયા ૭ સૂચિરાજ, અનેકજીવાપેક્ષયા ૧૪ સૂચિરાજ મળે. ઘનરાજથી બંને રીતે L/a

**★ વૈ. મિશ્ર** - એકજીવ - અનેકજીવ, ઘનરાજ-સૂચિરાજ - બધે L/a, કારણ કે આમાં ઉપપાત કે મરણસમુદ્ઘાત નથી. આ ભવધારણીપેક્ષયા જાણવું. ઉ૦વૈ૦ અપેક્ષાએ ઘનરાજ - L/a., સૂચિરાજ-એકજીવ ૯ રાજ, અનેક જીવ-૧૪ રાજ

**★ આહારક** - એકજીવ - અનેકજીવ
ઘનરાજ - L/a સૂચિરાજ - ૭ રાજ

**★ આહા૦ મિશ્ર.** - બધી રીતે L/a, કારણ કે મરણસમુદ્ નથી.

## સ્પર્શના

★ **વૈક્રિય** - દેવ - ૯ ઘનરાજ - ૯ સૂચિરાજ
નારકી - ૬ ઘનરાજ - ૬ સૂચિરાજ
મનુ૦ તિ૦ - સર્વલોક

★ **વૈ૦મિશ્ર** - સર્વલોક, ભવધારણીયાપેક્ષયા - L/a

★ **આહા૦** - ઘનરાજ - L/a, ૭ સૂચિરાજ

★ **આહા૦ મિશ્ર** - ઘનથી - સૂચિથી L/a

★ **શેષ ૪ માર્ગણા** - સર્વલોક.

## કાળ

**એકજીવ**

| | જઘન્ય | ઉત્કૃ. |
|---|---|---|
| ઔદા૦ | [૧]૧ સમય | [૨]અન્તર્મુ૦, દેશોન ૨૨૦૦૦ વર્ષ |
| ઔદા૦ મિશ્ર | [૩]૧ સમય,<br>૩ સમયન્યૂનક્ષુલ્લકભવ | અન્તર્મુ૦ |
| વૈક્રિય | [૪]૧ સમય, અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| વૈક્રિયમિશ્ર | ૧ સમય | અન્તુર્મુ૦ |
| આહારક | [૫]૧ સમય | અન્તર્મુ૦ |
| આહા૦ મિશ્ર | [૬]અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| કાર્મણ | ૧ સમય | [૭]૩ સમય |
| કાયયોગસામાન્ય | [૮]અન્તર્મુ૦ | [૯]આવલિકા/a પુદ્‌૦પરા૦ |

(૧) ઉત્તરવૈક્રિયમાંથી ઔદારિકકાયયોગમાં આવી કાળ કરનારને જઘ૦ ૧ સમય મળે.

(૨) બેઇન્દ્રિયાદિને પરાવર્તમાન યોગ હોવાથી અન્તર્મુ૦ બાદ અન્ય (એટલે કે વચનયોગ કે મનોયોગ) આવે જ. તેથી ઔદારિકનો ઉત્કૃષ્ટકાળ અન્તર્મુ.થી અધિક ન મળે. પણ એકેન્દ્રિયમાં અન્યયોગ ન હોવાથી માત્ર કાયયોગ હોય છે. એકેન્દ્રિયજીવોમાં બા.પૃથ્વીકાયમાં સૌથી વધુ આયુષ્ય હોય છે જે ૨૨૦૦૦ વર્ષ છે. એમાં પ્રારંભિક અન્તર્મુ.માં ઔદા૦ મિશ્ર હોય છે. વળી મૃત્યુબાદ પણ ઔદા૦મિશ્ર કે કાર્મણ હોય છે. તેથી ઔદારિક કાયયોગનો ઉત્કૃષ્ટકાળ દેશોન ૨૨૦૦૦ વર્ષથી અધિક મળતો નથી.

(૩) કેવલિસમુદ્‌ઘાતની અપેક્ષાએ ઔદા૦ મિશ્રનો જઘન્યકાળ ૧ સમય મળે (બીજા સમયે.) તથા ૬ઠ્ઠા - સાતમા સમયે પણ ઔદા૦ મિશ્ર હોય છે. (દિગંબરો ૭મા સમયે ઔદા૦કાયયોગ માને છે, તથા આઠમો સમય શરીરસ્થ હોવાથી સમુદ્‌૦માં ગણતા નથી. એ જાણવું.) આ સિવાય ઔદા૦મિશ્રનો જઘન્ય કાળ ૩ સમયન્યૂન ક્ષુલ્લકભવ જેટલો મળે છે. કારણ કે ક્ષુલ્લકભવ એ અપર્યા૦જીવનું આયુષ્ય છે જેને સંપૂર્ણભવ દરમ્યાન ઔદા૦ મિશ્ર કાયયોગ હોય છે. પણ પ્રથમના ૩ સમય વિગ્રહગતિમાં જઈ શકે છે જ્યાં કાર્મણ કાયયોગ હોય છે. લબ્ધિપર્યાપ્ત જીવને શરીરપર્યાપ્તિ પૂર્ણ ન થાય ત્યાં સુધી ઔદા૦ મિશ્ર હોય છે. પણ આ કાળ ઉક્તકાળ કરતાં અધિક હોય છે જાણવું.

(૪) વૈક્રિયકાયયોગમાં ઉત્તરવૈક્રિયની અપેક્ષાએ જઘન્યકાળ ૧ સમય મળી શકે. વૈ૦ મિશ્રમાંથી વૈક્રિયમાં આવે અને ૧ સમયમાં કાળ કરી જાય તો... મૂળ શરીરની અપેક્ષાએ અન્તર્મુ૦ મળે. પછી વચનયોગાદિ આવે. ઉત્તરવૈક્રિયપ્રારંભ કરી બીજા જ સમયે મૃત્યુ પામનારને વૈ૦ મિશ્રનો જઘન્યકાળ ૧ સમય મળે.

(૫) આહારકશરીર બનાવનાર આહારકમિશ્રમાંથી આહારકમાં આવીને ૧ સમયમાં કાળ કરી જાય તો આહારકયોગનો જઘન્યકાળ ૧ સમય મળે. અથવા આહારક શરીરને ત્રણે યોગ પરાવર્તમાન હોય છે, તેથી મનોયોગમાંથી આહારકકાયયોગમાં આવે અને બીજા જ સમયે મૂળ શરીરમાં પ્રવેશે (ઔદા. કાયયોગી થાય) તો આહારકનો કાળ ૧ સમય મળે. આમાં મૂળશરીરમાં પ્રવેશવાનો મત ચોક્કસ છે. (વૈક્રિય માટે પણ આ રીતે પણ મળી શકે.)

(૬) આહા. પ્રારંભ કરનારો એક વગેરે સમયમાં કાળ કરતો નથી. તેથી જઘન્યકાળ ૧ સમય વગેરે ન મળે.

(૭) ૩ સમય વિગ્રહગતિ અપેક્ષયા પણ મળે કે કેવલિસમુદ્‌૦માં ૩,૪,૫માં સમયે પણ મળે. કેવળી સમુદ્‌૦માં ત્રીજા તથા પાંચમાં સમયે લોકના અસંખ્ય બહુભાગ વ્યાપ્ત છે. તેથી કાર્મણ કાયયોગ છે. જ્યારે ૪થા સમયે તો સંપૂર્ણ લોક વ્યાપ્ત છે. તેથી સુતરાં કાર્મણ કાયયોગ જ આવે. ૨/૬ ઠ્ઠા સમયે... ૨જાની જેમ ૬ઠ્ઠા સમયે ઔદા૦ મિશ્રયોગ આવે.. ૭મા સમયે યદ્યપિ દંડ છે.. છતાં અહીં કપાટને સંહરીને દંડસ્થ થાય છે. તેથી ઔદા૦ મિશ્ર આપણા ગ્રંથોમાં લીધો છે. જ્યારે દિગંબર ગ્રંથોમાં ૭ સમયનો જ સમુદ્‌૦ માન્યો છે. અને ૭મા સમયે દંડમાં ઔદા૦ કાયયોગ લીધો છે. ૮મા સમયે શરીરસ્થ છે. છતાં દંડને સંહરીને શરીરસ્થ થાય છે. તેથી તેને આપણા ગ્રંથોમાં સમુદ્‌૦માં ગણેલ છે. ત્યાં ઔદા૦ કાયયોગ સુતરાં સુગમ છે...

(૮) મન કે વચનયોગમાંથી કાયયોગમાં પ્રવેશ કરી ૧ સમયમાં કાળ કરે તો પણ કાયયોગ સામાન્યનો જઘન્યકાળ ૧ સમય મળી શકતો નથી, કારણ કે કાળ કરીને ભવાંતરમાં જનારને પણ ત્યાં કાર્મણ વગેરે કોઈક કાયયોગ જ હોવાથી કાયયોગ સામાન્ય ચાલુ જ હોય છે.


(૯) આ કાળ વ્યવહારરાશિની અપેક્ષાએ છે. એટલે કે એ જીવ એકેન્દ્રિયની આટલી કાયસ્થિતિ બાદ અવશ્ય ત્રસપણું પામે છે જ્યાં વચનાદિયોગ હોવાથી આનાથી અધિક કાળ મળી શકતો નથી.

કાર્મણકાયયોગ માટે **કેવલિસમુદ્ઘાત અને વક્રગતિની** કંઈક સમજ -

**કેવલિસમુદ્ઘાત**

| સમય | વિધાન | વ્યાપ્તક્ષેત્ર | યોગ |
|---|---|---|---|
| ૧ | દંડ | L/a | ઔદા૦ |
| ૨-૬ | કપાટ | L/a | ઔદા૦મિશ્ર |
| ૩-૫ | મંથાન | દેશોનલોક | કાર્મણ |
| ૪ | લોકવ્યાપી | સંપૂર્ણલોક | કાર્મણ |
| ૭ | દંડ | L/a | ઔદા૦ મિશ્ર |
| ૮ | શરીરસ્થ | L/a | ઔદા૦ |

પ્રથમસમયે ૧૪ રાજ ઊંચો અને સ્વશરીરની જાડાઈ-પહોળાઈ પ્રમાણ જાડો-પહોળો દંડ કરે છે. એમાંથી બીજા સમયે આત્મપ્રદેશોને પૂર્વપશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ દિશામાં વિસ્તારી ૧૪ રાજ ઊંચું સ્વશરીરની જાડાઈ કે પહોળાઈ જેટલી જાડાઈવાળું અને લોકનો જ્યાં જેટલો (૧-૫-૧-૭ વગેરે રાજ) વ્યાસ હોય એટલી પહોળાઈવાળું કપાટ બનાવે છે. એની જાડાઈ સ્વશરીરપ્રમાણ હોવાથી તિર્યક્પ્રતરજ્જુના અંસ૦માં ભાગ જેટલી જ હોવાના કારણે કપાટ દ્વારા કુલ વ્યાપ્ત-ક્ષેત્ર પણ L/a જ હોય છે.) પૂર્વ-પશ્ચિમ થયેલા આ સંપૂર્ણ કપાટમાંથી ત્રીજા સમયે ઉત્તર-દક્ષિણ દિશામાં (જો કપાટ ઉત્તર-દક્ષિણ દિશામાં થયું હોય તો પૂર્વ-પશ્ચિમ દિશામાં) આત્મપ્રદેશો જ્યાં જ્યાં લોકનો જેટલો (૧-૫-૧-૭ વગેરે રાજ) વ્યાસ હોય ત્યાં સુધી વિસ્તરે છે ને મન્થાન બને છે. લોકની ૧૪ રાજ ઊંચાઈના કોઈપણ એક બિન્દુ પર આડો છેદ કરવામાં આવે તો એ છેદ વૃત્તાકાર દેખાય છે. એમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય સમયે નીચે મુજબનો આકાર દેખાય.




પહેલો સમય શરીર પ્રમાણ જાડાઈ-પહોળાઈ ધરાવતો ૧૪ રાજ ઊંચો દંડ

બીજો સમય-શરીરની જાડાઈ જેટલી જાડાઈ ધરાવતું ભિન્ન ભિન્ન ઊંચાઈએ ભિન્ન ભિન્ન પહોળાઈ વાળું ૧૪ રાજ ઊંચું કપાટ

ત્રીજો સમય-મંથાન... પૂર્વ-પશ્ચિમ કપાટમાંથી ઉત્તર-દક્ષિણ આત્મપ્રદેશો નીકળવાથી થયેલો મંથાન. બંને બાજુ (૪)-(૪) લખેલ ક્ષેત્ર વ્યાપ્ત થવાનું બાકી છે. જે L/a જેટલું છે. આ ક્ષેત્ર તથા નિષ્કૂટ ૪થા સમયે ભરાય છે.

આમાં ત્રીજા સમયનો આકાર જોઈએ તો એ કાંઈ છાશને વલોવનાર રવૈયા જેવો નથી. તેથી મન્થાન એટલે રવૈયો એવો અર્થ કરી ઊભા ૪ પાંખિયા જેવો આકાર ત્રીજા સમયે થાય એવી કલ્પના સાચી નથી. પણ આ પ્રક્રિયા કર્મોને મથી નાખે છે માટે મન્થાન કહેવાય છે. બાકી ઊભા ૪ પાંખિયાનું તો ક્ષેત્ર L/a થાય, દેશોન લોક નહીં એ જાણવું. બીજા સમયે પૂર્વ-પશ્ચિમ થયેલા કપાટમાંથી ત્રીજા સમયે ઉત્તર-દક્ષિણમાં આત્મપ્રદેશો બહાર નીકળે છે અને લોકાન્ત સુધી જાય છે. એટલે માત્ર ૪ પાંખિયા જેટલા જ ક્ષેત્રમાં આત્મપ્રદેશો ફેલાય અને શેષમાં નહીં એમ કહી શકાય નહીં. વળી, બીજા સમયે થયેલા કપાટની પૂર્વ-પશ્ચિમ લંબાઈ સંપૂર્ણ વ્યાસ જેટલી હોતી નથી. (જો તિર્યક્પ્રતરના મધ્યભાગમાં રહીને સમુદ્ઘાત કરે તો જ સંપૂર્ણ વ્યાસ જેટલી લંબાઈ મળે.) એટલે કે ત્રીજા સમયે મન્થાન કરતી વખતે ઉત્તર-દક્ષિણમાં આત્મપ્રદેશોને લંબાવે છે ત્યારે આત્મપ્રદેશો ઋજુગતિથી વિસ્તરતા હોવાથી ચિત્રમાં દર્શાવ્યા મુજબના બંને બાજુએ થોડો થોડો ભાગ આત્મપ્રદેશોથી વ્યાપ્ત થવાનો બાકી રહે છે જેને ૪થા સમયે પૂરે છે. આ આંતરપૂરણ કહેવાય છે. સંપૂર્ણ લોકવ્યાપી થવાની આ પ્રક્રિયા દરમ્યાન આત્માના ૮ રુચકપ્રદેશો લોકના ૮ રુચકપ્રદેશો પર ગોઠવાઈ જાય એ જાણવું.

લોકમધ્યમાં આવી લોકના આઠ રુચક પ્રદેશો પર પોતાના આત્માના ૮ રુચકપ્રદેશો ગોઠવીને જ કેવલિસમુદ્૦નો પ્રારંભ કરે... એમ દિગંબરો માને છે.


એટલે તેઓના મતે ઉપર જણાવ્યા મુજબનો ભાગ મન્થાન સમયે બાકી રહેતો નથી. પણ તથા લોકસ્વભાવે જ ઘનવાતનું વલય ત્રીજા સમયે પૂરાતું નથી. અને ૪થા સમયે પૂરાય છે. તેઓએ આખા લોકની ફરતે ઘનવાતનું વલય માન્યું છે.)

**વિગ્રહગતિ** - સામાન્યથી જીવ અને પુદ્ગલ સમશ્રેણિમાં ગતિ કરે છે. એટલે મૃત્યુસ્થાનથી પરભવની ઉત્પત્તિનું સ્થાન સમશ્રેણિમાં હોય તો જીવ એક જ સમયમાં એ બે સ્થાન વચ્ચે જેટલું પણ અંતર હોય (ચાહે એક આકાશપ્રદેશનું હોય કે ૧૪ રાજનું હોય તે બધું) એક જ સમયમાં પસાર કરી પરભવના ઉત્પત્તિસ્થાને ઉત્પન્ન થઈ જાય છે. ધારો કે પૂર્વભવનો ચરમ સમય ૧૦૦મો સમય છે. તો ૧૦૧માં સમયે એ સમશ્રેણિમાં આવેલા વિવક્ષિત સ્થળે ઉત્પન્ન થઈ જાય છે. આને **ૠજુગતિ** કહે છે.

પણ જો જીવને વિશ્રેણિમાં ઉત્પન્ન થવાનું હોય તો એ એક સમયમાં ઉત્પન્ન થઈ શકતો નથી, કારણ કે એની ગતિ તો સમશ્રેણિમાં જ થતી હોવાના કારણે એને કાટખૂણે વળાંક લેવા પડતા હોય છે. આ વળાંક લેવાને વિગ્રહ અથવા વક્ર કહે છે. આવા જેટલા વિગ્રહ આવે એટલા સમય વધારે લાગે છે. મૂળ સ્થાન અને ઉત્પત્તિસ્થાનના સ્થાનની અપેક્ષાએ આવા ૧-૨-૩ કે ૪ વિગ્રહ કરવા પડે છે ને તેથી જીવને ઉત્પન્ન થવા માટે ક્રમશઃ ૨, ૩, ૪ કે ૫ સમયો લાગે છે. આ વાતને જરા વિસ્તારથી સમજીએ.

અધોલોકમાં જ્યાં લોકનો વ્યાસ ૩ રાજ છે એવા સ્થાન પર લોકનો આડછેદ કરી એ આડછેદને જોવામાં આવે તો નીચેનું દૃશ્ય દેખાય.

ચિત્ર નં. ૨





આમાં બહારનું વર્તુળ એ આખી એક પ્રતર છે જેનો વ્યાસ ૩ રાજ છે. અંદરનું વર્તુળ એ ત્રસનાડી છે જેનો વ્યાસ ૧ રાજ છે. મધ્યલોકમાં જ્યાં લોકનો વ્યાસ એક રાજ જેટલો જ છે ત્યાં આ બંને વર્તુળ અલગ-અલગ ન રહેતા એક જ થઈ જશે. એ જ રીતે ઉપર લોકાન્તે ૧ રાજ વ્યાસ છે ત્યાં પણ એક જ વર્તુળ જાણવું. આ સિવાય અન્યત્ર સર્વત્ર આવા બે વર્તુળો જાણવા. એમાં ત્રસનાડીને પૂર્વ-પશ્ચિમ, ઉત્તર-દક્ષિણ સમશ્રેણિમાં જે બે પટ્ટા બતાવ્યા છે એને આપણે દિશા


કહીશું અને એ સિવાયનો બહારના વર્તુળનો ખાલી ભાગ જે છે તેને વિદિશા કહીશું. લોકની ઊંચાઈના ૧૪ રાજના પ્રત્યેક આકાશપ્રદેશે આવી-એક-એક તિર્યક્પ્રતરો છે. એટલે કે ૧૪ રાજની શ્રેણિમાં જેટલા આકાશપ્રદેશો હોય એટલી તિર્યક્પ્રતરો હોય છે.

એક વાત એ ખ્યાલમાં રાખવા જેવી છે કે ઉર્ધ્વ કે અધોલોકમાં ત્રસનાડીની અંદર રહેલો જીવ ઉપર કે નીચે જ્યાં જવું હોય ત્યાં સીધો સમશ્રેણિમાં ઉપર-નીચે ગતિ કરી ઇષ્ટતિર્યક્પ્રતર સુધી પહોંચી શકે છે. પણ ત્રસનાડીની બહાર રહેલો જીવ ઉર્ધ્વમાંથી અધોલોકમાં કે અધોલોકમાંથી ઉર્ધ્વલોકમાં સમશ્રેણિગતિ કરીને એ રીતે જઈ શકતો નથી, કારણ કે એની ગતિ વચ્ચે અલોકથી વ્યાઘાત પામે છે.

ચિત્ર નં. 3




એટલે આવા જીવને અન્યલોકમાં જવું હોય ત્યારે પહેલાં ત્રસનાડીમાં પ્રવેશવું પડે છે. એ માટે પણ ચિત્ર નંબર ૨માં જોવાથી ખ્યાલ આવે છે કે દિશામાં રહેલો જીવ એક જ પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ સમશ્રેણિ ગતિથી ત્રસનાડીમાં પ્રવેશી શકે છે જ્યારે વિદિશામાં રહેલો જીવ પ્રથમ સમશ્રેણિ ગતિ કરે તો કદાચ લોકાન્ત સુધી પહોંચી જાય તો પણ એ ત્રસનાડીમાં પ્રવેશી શકતો નથી. એટલે એ પૂર્વ-પશ્ચિમ કે ઉત્તરદક્ષિણ સમશ્રેણિમાં લોકાન્ત સુધી ગતિ ન કરતાં દિશામાં યોગ્ય સ્થાને પહોંચાય એટલી જ ગતિ કરી પછી કાટખૂણે વળી (વિગ્રહ કરી) ઉત્તર-દક્ષિણ કે પૂર્વ-પશ્ચિમદિશામાં ગતિ કરે છે ને ત્રસનાડીમાં પ્રવેશ કરે છે. ત્યાં આવ્યા બાદ એ અન્યલોકની જે પ્રતરમાં પહોંચવું હોય એ પ્રતર સુધી પહોંચવા ઉર્ધ્વ કે અધો દિશામાં સમશ્રેણિ ગતિ કરે છે. ત્રસનાડીમાં વચ્ચે અલોક આવતો ન હોવાથી ગતિનો વ્યાઘાત થતો નથી. આમ પોતાના વિદિશામાં રહેલા મૂળ સ્થાનથી દિશામાં આવવાનો ૧ સમય, દિશામાંથી ત્રસનાડીમાં આવવાનો ૧ સમય, અને ત્રસનાડીમાં મૂળપ્રતરથી ઇષ્ટપ્રતર સુધી આવવાનો ૧ સમય. એમ ત્રણ સમય થયા.




ચિત્ર નં. ૪

હવે આ ઉપરની ઈષ્ટપ્રતરમાં પણ એને ત્રસનાડીની બહાર વિદિશામાં ઉત્પન્ન થવું છે. તો એ એક જ સમશ્રેણિ ગતિથી ઉત્પન્ન થઈ શકતો નથી પણ એ ગતિથી એ ત્રસનાડીની બહાર દિશામાં આવશે. ને પછી એક સમશ્રેણિ ગતિથી એ ઈષ્ટસ્થળે પહોંચી શકશે. એટલે આમ કુલ પાંચ સમય થશે ને એમાં ચારવાર વળવાનું આવવાથી ૪ વિગ્રહ થશે.

ટૂંકમાં નીચે પ્રમાણે ગતિઓ થશે.

૦-૧ અધોલોકમાં મૂળપ્રતરમાં મૂળસ્થાનથી પૂર્વદિશામાં સમશ્રેણિ ગતિ કરી દિશામાં આવ્યો.

૧-૨ અધોલોકમાં મૂળપ્રતરમાં ઉત્તરદિશામાં સમશ્રેણિ ગતિ કરી ત્રસનાડીમાં આવ્યો.

૨-૩ ઉર્ધ્વદિશામાં સમશ્રેણિ ગતિ કરી મૂળ પ્રતરથી ઈષ્ટપ્રતરમાં ત્રસનાડીમાં આવ્યો.

૩-૪ ઈષ્ટપ્રતરમાં પશ્ચિમ દિશામાં ગતિ કરી ત્રસનાડીની બહાર દિશામાં આવ્યો.

૪-૫ ઈષ્ટપ્રતરમાં ઉત્તર દિશામાં ગતિ કરી ત્રસનાડીની બહારના વિદિશાના ઉત્પત્તિસ્થાનમાં આવ્યો.


આમાં ૧,૨,૩ અને ૪થા સમયે વળાંક છે, માટે **૪ વિગ્રહ** અને **પાંચ સમય** થયા.

જો જીવ મૂળપ્રતરમાં દિશામાં જ હોય તો ૦-૧ ગતિ કરવી ન પડવાથી, અથવા ઈષ્ટપ્રતરમાં દિશામાં જ ઉત્પન્ન થવાનું હોત તો ૪-૫ ગતિ કરવી ન પડવાથી **૩ વિગ્રહ** ને **૪ સમય** થાય.

જો મૂળપ્રતરમાં દિશામાં હોય અને ઈષ્ટપ્રતરમાં પણ દિશામાં ઉત્પન્ન થવું હોય તો ૦-૧, ૪-૫ એમ બે ગતિ ન કરવી પડવાથી, અથવા મૂળપ્રતરમાં ત્રસનાડીમાં જ હોય ને ઈષ્ટપ્રતરમાં વિદિશામાં ઉત્પન્ન થવું હોય તો ૦-૧, ૧-૨ ગતિ ન કરવી પડવાથી, અથવા મૂળપ્રતરમાં વિદિશામાં હોય, પણ ઈષ્ટપ્રતરમાં ત્રસનાડીમાં જ ઉત્પન્ન થવું હોય તો ૩-૪ અને ૪-૫ ગતિ કરવી ન પડવાથી **૨ વિગ્રહ ને ૩ સમય** થાય. આ જ રીતે ત્રસનાડીમાંથી જ ભિન્નપ્રતરમાં ત્રસનાડીમાં

જ, પણ પૂર્વ-પશ્ચિમ અને ઉત્તર-પશ્ચિમ બંને વિષમશ્રેણિમાં ઉત્પન્ન થનારને પણ **૨ વિગ્રહ-૩ સમય** થાય.

પણ જો એને પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ આ બેમાંથી એક સમશ્રેણિમાં હોય એવા સ્થાનમાં ઉત્પન્ન થવું હોય તો, અથવા એ બંને વિષમશ્રેણિ હોવા છતાં, એની એ પ્રતરમાં જ ઉત્પન્ન થવું હોય તો **એક વિગ્રહ-૨ સમય** થાય.



ચિત્રનં.૫

એની એ જ પ્રતરમાં પૂર્વ-પશ્ચિમ કે ઉત્તર-દક્ષિણ સમશ્રેણિમાં જ ઉત્પન્ન થવું હોય તો ૦-૧ એમ એક જ ગતિ થાય, એક જ સમય લાગે.. આમાં ક્યાંય વળવાનું ન આવવાથી આ ઋજુગતિ કહેવાય છે.

કોઈપણ સ્થળેથી એક જીવને એ

| | | |
|---|---|---|
| ઋજુગતિથી ઉત્પન્ન થઈ શકે એવું ક્ષેત્ર | અલ્પ | L/a |
| એક વક્રથી ઉત્પન્ન થઈ શકે એવું ક્ષેત્ર | a | L/a |
| બે વક્રથી ઉત્પન્ન થઈ શકે એવું ક્ષેત્ર | a | |
| ત્રણ વક્રથી ઉત્પન્ન થઈ શકે એવું ક્ષેત્ર | s | |
| ચાર વક્રથી ઉત્પન્ન થઈ શકે એવું ક્ષેત્ર | s | |

આમ, લોકનું સંસ્થાન અને જીવોની ગતિનો વિચાર કરતાં વધુમાં વધુ પાંચ સમય ને ૪ વિગ્રહવાળી ગતિ મળી શકે છે. **શ્રી ભગવતીજીમાં** તથા **ભાષ્યકારરચિત શ્રી વિશેષણવતિ** ગ્રંથમાં એ પ્રમાણે બતાવેલ પણ છે. છતાં સૂત્રકારે તે કેમ નથી બતાવી ? એવી શંકાના સમાધાનમાં વૃત્તિકારે કહ્યું છે કે તથા લોકસ્વભાવે એવી ગતિ અલ્પ થતી હોય કે અસંભવિત હોય ને એના કારણે ન બતાવી હોય.

## અંતર

### એકજીવ

| યોગ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ઔદા૦ | [1]૬ સમય, અન્તર્મુ૦ ૧ સમય | [2]અન્તર્મુ૦ અધિક ૩૩ સાગરો૦ |
| ઔદા૦ મિશ્ર | [3]૧ સમય, ૩ સમય | [4]૩૩ સાગરો૦ + પૂર્વક્રોડ + ૨ સમય - અન્તર્મુ૦ |
| વૈક્રિય | [5]૧ સમય | આવલિકા/a પુદ્૦પરા૦ |
| વૈક્રિયમિશ્ર | [6]૧ સમય, સાધિક ૧૦૦૦૦ વર્ષ | આવલિકા/a પુદ્૦પરા૦ |
| આહારક | અન્તર્મુ૦, ૧ સમય. | દેશોન અર્ધપુદ્૦પરા૦ |
| આહારક મિશ્ર | અન્તર્મુ૦, ૧ સમય | દેશોન અર્ધપુદ્૦પરા૦ |
| કાર્મણ | [7]૩ સમયન્યૂન ક્ષુલ્લકભવ | અંગુલ/a (= અસં૦ કાળચક્ર) |
| કાયયોગ સામાન્ય | [8]૧ સમય | અન્તર્મુ૦ |

(૧) કેવલિસમુદ્૦માં ૧ લે - ૮ મે ઔદા૦ કાયયોગ હોય. એટલે ૬ સમયનું અંતર મળે. અન્યથા અન્તર્મુ૦ (શરીરપર્યાપ્તિએ પર્યાપ્ત થવા માટે લાગતું અન્તમુ૦) મનોયોગ-વચનયોગનો જઘ૦કાળ ૧ સમય છે એ અપેક્ષાએ ૧ સમય અંતર આવે.

(૨) અનુત્તરના ૩૩ સાગરો. + પછીના ભવમાં શરીરપર્યાપ્તિ થવામાં લાગતું અન્તર્મુ૦

(૩) લબ્ધિઅપર્યા૦ જીવ ઔદા૦મિશ્રમાં કાળ કરે. એક વિગ્રહ કરી ઉત્પન્ન થાય. ત્યાં પુનઃ ઔદા૦મિશ્ર હોય. કેવલિસમુદ્૦માં ૩-૪-૫ કાર્મણ હોવાથી એ ૩ સમયનું અંતર જાણવું.

(૪) પૂર્વક્રોડ આયુષ્યવાળો જીવ પ્રથમ અન્તર્મુ૦માં ઔદા૦ મિશ્ર... ત્યારબાદ શેષ પૂર્વક્રોડ + ૩૩ સાગરો૦ દેવ કે નરક... ને ત્યારબાદ ૨ વિગ્રહ કરી મનુષ્ય કે પંચે૦તિ૦માં ઉત્પન્ન થાય, પુનઃ ઔદા૦ મિશ્ર. ત્રસનાડીમાંથી ત્રસનાડીમાં ઉત્પન્ન થનારને બેથી વધુ સમય વિગ્રહગતિ ન મળે એ જાણવું.

(૫) દેવ, નારકી કે ઉ૦વૈ૦ વાળો જીવ ૧ સમય મનોયોગી થઈ પાછો વૈ૦ કાયયોગી થાય ત્યારે, આવું જ આહા૦ માટે જાણવું. આહા૦મિશ્ર હોય ત્યારે મન-વચનયોગ સંભવિત ન હોવાથી એવું જઘન્ય અંતર ૧ સમય ન મળે.

(૬) મનુ૦ કે તિર્યંચ ઉ૦વૈ૦ સંબંધી વૈક્રિયમિશ્રમાં કાળ કરી દેવલોક કે

નરકમાં ઉત્પન્ન થાય ત્યારે ત્યાં પુનઃ વૈક્રિયમિશ્ર મળે. વચ્ચે એક વિગ્રહ ગતિ કરી હોય તો એક સમય કાર્મણકાયયોગ આવવાથી એનું જઘન્ય અંતર મળે. ભવધારણીયસંબંધી લેવું હોય તો સાધિક ૧૦૦૦૦ વર્ષ. ૧૦૦૦૦ વર્ષાયુષ્ક દેવના ભવમાં પ્રથમ અન્તર્મુ.માં વૈ૦ મિશ્ર હોય, પછી વૈ૦... પછી મનુ૦ કે તિ૦ થાય અન્તર્મુ૦ પછી પુનઃકાળ કરી દેવ કે નરક. ત્યાં પુનઃ વૈ૦ મિશ્ર... તેથી સાધિક ૧૦૦૦૦ વર્ષ અંતર મળે.

(૭) ક્ષુલ્લકભવાયુષ્ક જીવ ૩ સમય વિગ્રહ કરી ૪થા સમયે ઉત્પન્ન થાય. એ ભવ પૂર્ણ થતાં પુનઃ વિગ્રહગતિથી અન્યત્ર જાય ત્યારે ૩ સમય ન્યૂનક્ષુલ્લક ભવનું અંતર મળે.

(૮) વચનયોગ તથા મનોયોગ એ બંનેમાં જુદો જુદો કાળ તથા ભેગોકાળ અન્તર્મુ૦ છે. તેથી એ કાળ પૂરો થતાં સંજ્ઞી પંચે૦ જીવને પણ કાયયોગ અવશ્ય આવે જ છે. માટે અન્તર્મુ૦થી અધિક અંતર ન મળે. વળી વચનયોગ-મનોયોગનો જઘન્ય કાળ ૧ સમય છે. માટે જઘ૦ અંતર ૧ સમય મળે છે.

**અનેકજીવ** - ★ આહા૦, આહા૦મિશ્ર — જઘ૦ ૧ સમય.

ઉત્કૃ૦ વર્ષપૃથક્ત્વ — **જીવસમાસ**

૬ મહિના — **ભગવતી**

★ વૈ૦ મિશ્ર - જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ ૧૨ મુહૂર્ત... આ ભવધારણીયની અપેક્ષાએ **જીવસમાસમાં** ૧૨ મુહૂર્ત બતાવ્યું છે. ઉ૦ વૈ૦ની અપેક્ષાએ પ્રાયઃ અંતર નહીં હોય. મનુ.તિ.ની અપેક્ષાએ વ૦ મિશ્રનું અંતર છે નહીં, એવું **પન્નવણા-**સૂત્રના ૧૬મા પ્રયોગપદમાં આપેલા ભાંગાઓ જોવાથી ખ્યાલમાં આવે છે.

મતાંતરે જઘ૦ ૧ સમય, ઉત્કૃ૦ અન્તર્મુ૦ હોવાનો ખ્યાલ છે. આ મતાંતર કયા ગ્રંથમાં ક્યાં આપ્યો છે એ સ્થાન ચોક્કસ ખ્યાલમાં નથી.

શેષ બધી માર્ગણાઓ ધ્રુવ હોવાથી અંતર નથી.

## ભાગ

**સર્વજીવાપેક્ષયા**

| | | |
|---|---|---|
| કાયયોગસામાન્ય | — | અનંતબહુભાગ |
| ઔદા૦ | — | સંખ્યાતબહુભાગ |
| ઔદા૦મિશ્ર | — | સંખ્યાતમો ભાગ |
| કાર્મણ | — | અસંખ્યાતમો ભાગ |
| શેષ-૪ | — | અનંતમો ભાગ |

**ભાવ**

બધી માર્ગણાઓ ઔદયિક સહકૃત ક્ષાયોપશમિકભાવે કે ક્ષાયિકભાવે છે.

**અલ્પબહુત્વ**

| | | | |
|---|---|---|---|
| આહા૦મિશ્ર | અલ્પ | મિશ્ર વચનયોગ | s |
| આહારક | s | વૈક્રિય કાયયોગ | s |
| વૈ૦ મિશ્ર | a | વ્યવહાર વચનયોગ | s |
| સત્ય મનોયોગ | s | વચનયોગ સામા૦ | v |
| અસત્ય મનોયોગ | s | પ્રતર | a |
| મિશ્ર મનોયોગ | s | લોક | a |
| વ્યવહાર મનોયોગ | s | અયોગી | A |
| મનોયોગ સામા૦ | v | કાર્મણ કાયયોગ | A |
| સત્ય વચનયોગ | s | ઔદા૦ મિશ્ર | a |
| અસત્ય વચનયોગ | s | ઔદા૦ | s |
| | | કાયયોગ સામા૦ | v |

**અયોગી**

**દ્રવ્યપ્રમાણ** - ભવસ્થ — શતપૃથક્ત્વ. સિદ્ધમાં — અનંતા..

**ક્ષેત્ર** — L/a. મનુષ્યમાંથી અનુત્તરમાં જનારને ઈલિકાગતિ હોવાથી ૭ રાજ આવી શકે. પણ મોક્ષમાં જનારને કન્દુકગતિ હોવાથી સૂચિથી પણ ૭ રાજ ન આવે.

**સ્પર્શના** — L/a

**કાળ** — સાદિ - અનંત

**અંતર** — નથી. (ઉત્પત્તિની અપેક્ષાએ ૬ મહિના)

**ભાગ** — સર્વજીવના અનંતમા ભાગે.

**ભાવ** — ક્ષાયિક

**અલ્પબહુત્વ** — પૂર્વે આવી ગયું.

## વેદ માર્ગણા

**સત્પદપ્રરૂપણા**

પુરુષવેદ- સ્ત્રીવેદ, નપુંસકવેદ અને અવેદ. એમ ૪ પેટામાર્ગણાઓ જાણવી.

વેદ ત્રણ રીતે છે.

| વેદ | સ્વરૂપ | કારણ | ગુણ૦ |
|---|---|---|---|
| નિર્વૃત્તિ | શરીરનો આકાર | અંગોપાંગનામકર્મોદય વગેરે | ૧ થી ૧૪ |
| ભાવ | આત્મપરિણામ | વેદમોહનીયોદય | ૧ થી ૯ |
| નૈપથ્ય | પહેરવેશ | કથંચિત્ બાહ્ય વ્યવહાર | દેવ-મનુ૦ને હોય. |

એકે૦ થી ચઉ૦ સુધી ભાવવેદ નપું૦ છે. દ્રવ્યવેદ પણ નપું૦ છે. છતાં વર્તમાન વિજ્ઞાનાનુસારે પુંકેસર, સ્ત્રીકેસર વગેરે હોવામાં કોઈ હરકત નથી. પર્યા૦ અસંજ્ઞી જીવોમાં દ્રવ્યથી ત્રણે વેદ છે. ભાવથી **સિદ્ધાન્તમતે** માત્ર નપુંસક વેદ છે. **કાર્મગ્રન્થિક** મતે **પંચસંગ્રહ** ૪થા દ્વારમાં ત્રણે વેદ બતાવ્યા છે. (પ્રસ્તુતમાં સિદ્ધાન્તમતાનુસારી પ્રરૂપણા જાણવી.) લબ્ધિ અપર્યા.માં માત્ર નપું. વેદ હોય છે. નારકીમાં પણ દ્રવ્ય-ભાવ ઉભય નપું૦ વેદ હોય છે. પંચે૦તિ૦ મનુ૦માં ત્રણ વેદ છે. દેવ-યુગલિકમાં માત્ર બે વેદ છે.

વેદના દૃષ્ટાંત તરીકે તૃણાગ્નિ, કારીષાગ્નિ અને નગરદાહની ઉપમા દર્શાવી છે. તદનુસાર મંદ ઉદયવાળાને પુ૦ વેદ, તીવ્ર દીર્ઘકાળસ્થાયી ઉદયવાળાને સ્ત્રીવેદ અને તીવ્રતમ-અતિદીર્ઘકાલીન ઉદયવાળાને નપુંસક વેદ કહેવાય. તેથી શબ્દાદિ પાંચે વિષયમાં સહેલાઈથી - શીઘ્ર તૃપ્ત થનારને પુ૦વેદ ગણાય. દીર્ઘ-દીર્ઘતમકાળે તૃપ્ત થનારને ક્રમશઃ સ્ત્રી-નપું૦વેદ ગણાય.

વેદોદયથી પુદ્ગલપરિણતિ ઊભી થાય છે જે શબ્દાદિ વિષયક હોય છે. તેથી અનુકૂળ-પ્રતિકૂળ બંને પ્રકારની પુદ્ગલપરિણતિમાં વેદમોહનીયકર્મ ભાગ ભજવે છે. ઈષ્ટ શબ્દાદિમાં જે રુચિપૂર્વકનો ઉપભોગ-ઉપયોગ તે જેમ પ્રવિચારણા છે તેમ અનિષ્ટ શબ્દાદિમાં અરુચિ રૂપ ઉપભોગ એ પ્રવિચારણા જાણવી.

પાંચમા ગુણઠાણે નવનોકષાયોનો જઘન્ય તરફનો અનંતમો ભાગ કે મતાંતરે અસંખ્યાતમો ભાગ ઉદયમાં હોય છે. બાકીના સ્પર્ધકો ઉદયમાં હોતા નથી. તેથી નવ નોકષાયોનો ક્ષયોપશમ હોય છે અને એ કારણે આ ગુણઠાણું ટકી શકે છે. છટ્ઠા ગુણઠાણે પણ શબ્દાદિમાં કંઈક રાગાદિપરિણતિ થતી હોવાથી વેદમોહનીયનો ઉદય બતાવેલ છે. જેની આલોચના - પ્રતિક્રમણ વગેરે દ્વારા શુદ્ધિ થાય છે. જેમ કે સારું ખાવાનું આવ્યું. ભાવવા રૂપે રાગ થયો તો આલોચના વગેરેથી એ રાગજન્ય અતિચાર નાશ પામે. સાતમા વગેરે ગુણઠાણે ઉપયોગરૂપ વેદ મોહનીય ન હોવા છતાં સૂક્ષ્મ અનાભોગજન્ય ઉદય હોય છે.

૭,૮,૯ મે ગુણઠાણે અનાભોગ ઉદય હોય છે.

૧ થી ૬ ગુણઠાણે આભોગ ઉદય હોય છે.

૧ થી ૫ ગુણઠાણે અટકાયત કે પ્રવૃત્તિ બંને સંભવે છે.

છઠ્ઠે ગુણઠાણે અટકાયત હોય છે.

પ્રવૃત્તિરૂપ વેદોદય ગુણઠાણાને મલિન કરે છે, ક્યારેક નાશ કરે છે. વેદ, કષાય, નોકષાય વગેરેના ઉદય બંને પ્રકારના હોય છે. એમાંથી અનાભોગ ઉદય મંદ કક્ષાનો હોય છે અને એને છદ્મસ્થજીવ સામાન્યથી પરખી શકતો નથી. આભોગ ઉદય મંદકોટિનો હોય ત્યારે સહજ રીતે નિષ્ફળ જેવો જ હોય છે. પણ જો એ તીવ્ર કે તીવ્રતર વગેરે હોય તો એને નિષ્ફળ કરવા માટે વિશેષ આત્મપ્રયત્ન આવશ્યક બને છે.

સામાન્યથી વેદોદય દીર્ઘકાલીન પણ હોય છે. તેથી આખા ભવ દરમ્યાન એક જ વેદ રહે એવું બને છે. પણ ક્યારેક એ બદલાય પણ છે. ક્યારેક વારંવાર પણ વેદપરાવૃત્તિ હોય છે. (તેથી કેટલાક આચાર્યો પરાવર્તમાન ભાવે એકેન્દ્રિયાદિ સુધીના જીવોમાં ત્રણે વેદ માને છે.) પરંતુ સામાન્યતયા આવી વાત હોતી નથી. તેથી વેદના દીર્ઘકાળ વગેરેના પ્રરૂપણને બાધ નથી. દ્રવ્યવેદ પણ નિમિત્ત પામીને બદલાય છે. તેથી પુરુષ વગેરે ઇન્દ્રિય છેદાદિથી 'સ્ત્રી' બની ગયા હોય એવા દૃષ્ટાંતો શાસ્ત્રોમાં પણ મળે છે ને આજે વિજ્ઞાન દ્વારા પણ એવું જોવા મળે છે. દ્રવ્યવેદ બદલાવાથી ભાવવેદ પણ બદલાઈ શકે છે. દેવ વગરેના શ્રાપ વગેરેથી પણ વેદપરાવર્તન થાય છે.

અપગતવેદ ૮મા ગુણઠાણાનો સંખ્યાત બહુભાગ કાળ પસાર થયા પછી તેમજ ૧૦-૧૧-૧૨ મે પણ હોય છે. છતાં એ અવસ્થા અન્તર્મુહૂર્તકાલીન હોવાથી અને ધ્યાનસ્થ હોવાથી અવ્યવહાર્ય છે. એટલે મુખ્યતયા કેવલી ભગવંતોનો અવેદી તરીકે વ્યવહાર થાય છે. તેઓ ભાવથી વેદશૂન્ય હોવા છતાં વ્યવહારમાર્ગનો ભંગ કરતા નથી. તેથી વિજાતીય સાથે રહેતા નથી, સ્નાન, વિભૂષા વગેરે કરતા નથી.

## દ્રવ્યપ્રમાણ

| | |
|---|---|
| પુ૰ વેદી | ૧જ્યોતિષ ÷ s |
| સ્ત્રીવેદી | જ્યોતિષના સંખ્યાત બહુભાગ |
| નપું૰ | સર્વજીવોના અનંતબહુભાગ |
| અવેદી | સર્વજીવોનો અનંતમો ભાગ. |

(૧) પુ. વેદી અને સ્ત્રી વેદી જીવો માત્ર સંજ્ઞી પંચેન્દ્રિયપર્યા૰ જ હોય છે. આ જીવોમાં સંખ્યાતબહુભાગ જીવો જ્યોતિષ દેવલોકમાં હોય છે, શેષજીવો સંખ્યાતમા ભાગે હોય છે. જ્યોતિષમાં ૩૩ માં ભાગે પુરુષ દેવો હોય છે ને ૩૨ ભાગ દેવીના હોય છે. નરક સિવાય શેષ સંજ્ઞી પંચે૰માં પણ પુરુષ વેદી જીવો

પોતપોતાના સંખ્યાતમા ભાગે હોય છે. તેથી તે પુરુષ વેદીજીવો જ્યોતિષના પુરુષ દેવો કરતાં સંખ્યાતમાં ભાગે હોય છે. એટલે કે પુ૰ વેદીજીવોમાં જ્યોતિષના પુરુષ દેવો જ મુખ્ય છે. તેથી કુલ પુ૰ વેદી જીવો જ્યોતિષના દેવો કરતાં સંખ્યાતમા ભાગે છે.

## ક્ષેત્ર

| માર્ગણા | ઘનરાજ | | સૂચિરાજ | |
|---|---|---|---|---|
| | એકજીવ | અનેકજીવ | એકજીવ | અનેકજીવ |
| પુ. વેદ- સ્ત્રી૰ | L/a | L/a | ૭ + ૨ = ૯ રાજ | ૧૪ રાજ |
| નપું૰ | L/a | સર્વલોક | ૧૪ રાજ | સર્વલોક |
| અવેદી | L/a | L/a | ૭ રાજ | ૭ રાજ |
| | કેવલિસમુદ્૰માં સર્વલોક વગેરે | | | |

(૧) ૧૧માં ગુણઠાણે કાળ કરી અનુત્તરમાં જનારને મરણસમુદ્૰થી ૭ રાજ મળે.

## સ્પર્શના

ત્રણે વેદમાં બધી રીતે — સર્વલોક

અવેદ - ઘનથી — L/a, સૂચિથી — ૭ રાજ

કેવલિસમુદ્૰માં — સર્વલોક.

## કાળ

**અનેકજીવ** - બધી માર્ગણા સર્વકાલીન છે.

**એકજીવ**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પુ૰ વેદ | અન્તર્મુ૰ | સાગરો૰ શતપૃથક્ત્વ |
| સ્ત્રી વેદ | ૧ સમય[૧] | [૨]પલ્યોપમશતપૃથક્ત્વ |
| નપું૰ વેદ | ૧ સમય | આવલિકા/a પુદ્૰પરા૰ |
| અવેદ | ૧ સમય | [૩]દેશોનપૂર્વક્રોડ |

(૧) સ્ત્રીવેદે ઉપશમ શ્રેણિ માંડનારો ઉતરતાં સવેદી બનવાના બીજા સમયે કાળ કરીને દેવલોકમાં પુરુષ થાય ત્યારે સવેદી તરીકેનો પૂર્વભવનો ૧ સમય સ્ત્રીવેદનો જઘન્યકાળ મળે. નપુ૰ વેદે શ્રેણિમાંડનારને આ જ રીતે નપું૰ વેદનો ૧ સમય મળે. પણ પુ૰ વેદ માટે આ રીતે ૧ સમય ન મળે, કારણ કે દેવલોકમાં પણ પુ૰ વેદ ચાલુ હોય છે.

(૨) સ્ત્રીવેદનો ઉત્કૃષ્ટકાળ પલ્યો૦ શતપૃથક્ત્વ જે કહ્યો તે **જીવસમાસનો** મત છે. **પન્નવણામાં** આ અંગે પાંચ મતો દર્શાવ્યા છે.

પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૩ પલ્યોપમ

પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૧૪ પલ્યોપમ

પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૧૮ પલ્યોપમ

પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૧૦૦ પલ્યોપમ

પૂર્વકોટિપૃથક્ત્વાધિક ૧૧૦ પલ્યોપમ

તિર્યંચસ્ત્રી, દેવી, મનુ૦ સ્ત્રી, દેવી, મનુ૦ સ્ત્રી, તિર્યંચ સ્ત્રી... આ રીતે સ્ત્રીવેદવાળા અનેક ભવો અનેક રીતે પરાવર્તમાનભાવે થવા દ્વારા, પુ૦ વેદના જેમ સાગરો૦ શતપૃથક્ત્વ થાય છે તેમ સ્ત્રીવેદના પલ્યોપમશતપૃથક્ત્વ થાય છે. સ્ત્રીવેદ તરીકેનું ઉત્કૃષ્ટ આયુષ્ય દેવીમાં મળે છે ને એ ૫૫ પલ્યોપમ હોય છે. તેથી બધા ભવોનો ભેગો કાળ પણ પલ્યો૦શતપૃથક્ત્વ થાય છે, પણ સાગરો૦ શતપૃથક્ત્વ થતો નથી એ જાણવું.

(૩) આ ભવસ્થ કેવળી અપેક્ષયા છે. સિદ્ધોને અવેદીપણાનો કાળ સાદિ અનંત છે.

★ નપુંસક વેદ પામ્યા વિના પુરુષ વેદ-સ્ત્રીવેદનો સમુદિતકાળ સાધિક સાગરો૦ શતપૃથક્ત્વ છે.

## અંતર

**અનેકજીવ** - બધી માર્ગણા ધ્રુવ હોવાથી અંતર નથી —

**એકજીવ**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| પુ૦ વેદ | ૧ સમય[1] | આવલિકા/a પુદ્૦ પરા૦ |
| સ્ત્રી વેદ | [2]ક્ષુલ્લકભવ | આવલિકા/a પુદ્૦ પરા૦ |
| નપુ૦ વેદ | અન્તર્મુ૦ | સાગરો૦ શતપૃથક્ત્વ |
| અવેદ | અન્તર્મુ૦ | દેશોનાર્ધ પુદ્૦ પરા૦ |

(૧) પુરુષ વેદે શ્રેણિ માંડનાર એક સમય માટે અવેદી બની કાળ કરે એટલે દેવલોકમાં પુનઃ પુ૦ વેદ હોવાથી ૧ સમયનું અંતર મળે. સ્ત્રી-નપું૦વેદીને દેવલોકમાં પુ૦ વેદ હોવાથી આ રીતે ૧ સમયનું અંતર મળતું નથી.

(૨) સ્ત્રીવેદે શ્રેણિ માંડી ક્રમશઃ નીચે ઉતરી પુનઃ સવેદી બને એમાં વચ્ચે

૧૦,૧૧, ૧૦મા ગુણઠાણાના કાળનું અંતર પડે જે ક્ષુલ્લકભવ કરતાં s હોય છે. તેથી જઘન્ય અંતર તરીકે એ કાળને ન લેતાં ક્ષુલ્લકભવને લીધો. ઉપશમશ્રેણિ સંબંધી ૯૯ બોલના અલ્પબહુત્વમાં ક્ષુલ્લકભવ કરતાં માત્ર ૧૧ મા ગુણઠાણાનો કાળ પણ દ્વિગુણ બતાવેલ છે.

## ભાગ

સર્વજીવાપેક્ષયા

★ સ્ત્રી, પુ૦, અવેદી.... અનંતમા ભાગે...

★ નપું૦ વેદી.... અનંત બહુભાગ....

## ભાવ

★ પુ૦ સ્ત્રી૦ નપું૦ વેદ... ઔદયિક ભાવે...

★ અવેદી... ઔપશમિક કે ક્ષાયિકભાવે...

## અલ્પબહુત્વ :

| | |
|---|---|
| પુ૦ વેદ .. | અલ્પ |
| સ્ત્રી વેદ... | s |
| અવેદ... | A |
| નપું૦ વેદ... | A |

| મોક્ષે જનારા | | તેમાં અંતર | એક સમયે |
|---|---|---|---|
| નપું૦ વેદી | અલ્પ | સંખ્યાતા હજાર વર્ષ | ૧૦ |
| સ્ત્રી વેદી | s | સંખ્યાતા હજાર વર્ષ | ૨૦ |
| પુ૦ વેદી | s | ૧ વર્ષ | ૧૦૮ |

નીચે આપેલ અલ્પબહુત્વ **દિગંબર** મતની અપેક્ષાએ તિર્યંચગતિની પ્રધાનતાએ સમજવું. **અલ્પબહુત્વ**

| | |
|---|---|
| ગર્ભજ સંજ્ઞી નપુંસક... | અલ્પ |
| ગર્ભજ સંજ્ઞી પુરુષ... | s |
| ગર્ભજ સંજ્ઞી સ્ત્રી... | s |
| પર્યા૦ સંમૂ૦ સંજ્ઞી નપું૦ | s |
| અપર્યા૦ સંમૂ૦ સંજ્ઞી નપું૦.... | a |

| | |
|---|---|
| અસંખ્ય વર્ષાયુ ગર્ભજ સંજ્ઞી સ્ત્રી-પુ૦... | a |
| ગર્ભજ અસંજ્ઞી નપું૦ | s |
| ગર્ભજ અસંજ્ઞી પુરુષ | s |
| ગર્ભજ અસંજ્ઞી સ્ત્રી. | s |
| પર્યા૦ સંમૂ૦ અસંજ્ઞી નપું૦ | s |
| અપર્યા૦ સંમૂ૦ અસંજ્ઞી નપું૦ | a |

જે કોઈ અસંજ્ઞી છે તે બધા સંમૂર્ચ્છિમ છે, જે સંમૂર્ચ્છિમ છે તે બધા અસંજ્ઞી છે. તેથી અસંજ્ઞી અને સંમૂર્ચ્છિમ એ બે પર્યાયવાચી જેવા શબ્દો છે એવો આમ્નાય પ્રચલિત છે. પણ ષટ્ખંડાગમમૂળમાં સંજ્ઞીના ગર્ભજ અને સંમૂર્ચ્છિમ એમ બે ભેદ જેમ બતાવ્યા છે એમ અસંજ્ઞીના પણ ગર્ભજ અને સંમૂર્ચ્છિમ એમ બે ભેદ બતાવ્યા છે. ગર્ભજ એટલે ગર્ભથી ઉત્પન્ન થયેલા. અને સંજ્ઞી એટલે મનવાળા. ગર્ભમાંથી ઉત્પન્ન ન થયા હોવા છતાં જેમ દેવ-નારકી મનવાળા હોય છે તેમ તેવા પ્રકારની યોનિથી ઉત્પન્ન થયેલા સંમૂર્ચ્છિમો પણ સંજ્ઞી હોય શકે છે. તંદુલિયો મત્સ્ય વગેરે આવા સંમૂર્ચ્છિમ સંજ્ઞી છે ને અન્તર્મુ૦માં સાતમી નરકે ચાલ્યા જાય છે. (આપણે ત્યાં પ્રચલિત મત પ્રમાણે અન્તર્મુ૦ કાળમાં ગર્ભનિષ્ક્રાન્તિ અને રૌદ્રધ્યાન દ્વારા સપ્તમનરકગમન જાણવું.) સંમૂર્ચ્છિમ જે હોય તે (સંજ્ઞી કે અસંજ્ઞી) એ બધામાં માત્ર નપુંસક વેદ હોય છે. જ્યારે ગર્ભજ જે હોય તે, સંજ્ઞી કે અસંજ્ઞી એ બંનેમાં ત્રણે પ્રકારના વેદ હોય છે. એટલે કે અસંજ્ઞીમાં પણ પુરુષ વેદ- સ્ત્રીવેદ સંભવિત છે. પ્રચલિત માન્યતામાં તત્ત્વાર્થસૂત્ર વગેરે મુજબ સંપ્રદાય ન હોવાથી આગમવિરોધ ગણાય. છતાં તત્ત્વ કેવલિગમ્ય કરવું પડે. છઠ્ઠા કર્મગ્રન્થ સપ્તતિકામાં અસંજ્ઞીને પણ ત્રણે ય વેદ માનેલા છે. જો કે વૃત્તિકાર ભગવંતે દ્રવ્યવેદની અપેક્ષાએ ત્રણવેદ જાણવા, ભાવવેદ તો નપું૦ જ હોય એમ સમાધાન આપવાનો પ્રયાસ કર્યો છે. પણ ચૂર્ણિમાં તો અસંજ્ઞી જીવોમાં પણ મોહનીયની ૩ વેદમાંથી અન્યતર વેદયુક્ત ચોવીશીઓ બતાવી છે.

લબ્ધિઅપર્યા૦ સંજ્ઞી કે અસંજ્ઞી બંનેને નપું૦ વેદ જ હોય. સંમૂ૦ જીવોને નપુંસકવેદ જ હોય. આ માન્યતા બંને પક્ષે સમાન છે.

યુગલિકતિર્યંચો અઢીદ્વીપની બહાર હોય છે એમ તત્ત્વાર્થભાષ્યની વૃત્તિમાં જણાવ્યું છે. છેલ્લા સ્વયંભૂરમણ દ્વીપમાં માનુષોત્તર પર્વતની જેમ વચ્ચે ફરતો વલયાકાર એક પર્વત છે. આ બે પર્વતોની વચમાં આવેલા દ્વીપમાં તિર્ચ્છાલોકમાં યુગલિક તિર્યંચો હોય છે કે જેઓનું આયુષ્ય ૧ પલ્યો૦ હોય છે. પ્રસ્તુત અલ્પબહુત્વમાં અસંખ્ય વર્ષાયુ ગર્ભજ સંજ્ઞી સ્ત્રી-પુરુષ વેદી અસંખ્યગુણ આ હિસાબે બતાવ્યા છે.

# કષાયમાર્ગણા

## સત્પદપ્રરૂપણા :

કષ - ખેડવું. ભૂમિને બીજારોપણ યોગ્ય બનાવવી. તેથી આત્મભૂમિને સંસારબીજની વાવણીને યોગ્ય બનાવે તે કષાય.

કષાયના બે ભેદ છે. કષાય અને નોકષાય. નોકષાયમાં વેદ સિવાયના બાકીના નોકષાય સ્થાયી હોતા નથી કે એના કોઈ ચિહ્નો સ્થાયી હોતા નથી. તેથી વેદમાર્ગણાની જેમ હાસ્ય વગેરેની માર્ગણાઓ કહી નથી.

અપ્રીતિ-અરુચિ પરિણામ એ ક્રોધ છે. જાતની મહત્તા લાગે એવો પરિણામ એ માન છે. વંચના પરિણામ એ માયા છે. મમત્વપરિણામ એ લોભ છે. સ્વરૂપે જુદા હોવા છતાં ચારે કષાયો ફળતઃ સમાન છે, અર્થાત્ સમાન ફળ આપનારા છે. પૌદ્ગલિક ચીજોની મમતા ઘટાડવાથી કષાયો ઘટે છે. પૌદ્ગલિક ચીજોથી જાતની મહત્તા માનતા અટકવું જોઈએ. ક્ષાયિક ભાવ પમાડનારા હોવાથી ક્ષાયોપશમિક ગુણો પ્રધાન છે. અન્યથા એ પણ નાશવંત હોવાથી અપ્રધાન છે એટલે ક્ષાયોપશમિક ગુણ પણ અપ્રધાન છે તો પૌદ્ગલિક વસ્તુની તો વાત જ શી ? આમ પુદ્ગલ અંગે અપ્રધાનદૃષ્ટિ કેળવાય તો કષાયો ઘટે છે.

ચારે કષાયોનો સામાન્યથી કાળ અન્તર્મુ૦ છે. આ અન્તર્મુ૦ કાળ પણ માન, ક્રોધ, માયા, લોભના ક્રમે ઉત્તરોત્તર વિશેષાધિક છે ને તેથી એ ચારેમાં જીવો પણ ઉત્તરોત્તર વિશેષાધિક છે. મનુષ્યગતિમાં માન, તિર્યંચમાં માયા, દેવમાં લોભ અને નરકમાં ક્રોધ કષાય પ્રધાન હોય છે.

અકષાય ત્રણ પ્રકારે કહેવાય છે, કષાયાભાવ, કષાયત્યાગ અને કષાયનિરોધ. કેવલજ્ઞાની વગેરેને કષાયાભાવ છે. અપ્રમત્ત-જાગૃત સાધુને કષાયો ઊઠતા નથી. આ કષાયત્યાગ રૂપ અકષાય છે. ઊઠેલા કષાયને જે રોકે છે. નિષ્ફળ કરે છે. થઈ ગયેલા કષાયને નિંદા-ગર્હા-પ્રાયશ્ચિત્તાદિ દ્વારા નિષ્ફળ બનાવે છે તે કષાયનિરોધરૂપ અકષાય છે.

પ્રસ્તુતમાં કષાયાભાવ રૂપ અકષાયની વિવક્ષા જાણવી.

ક્રોધાદિ ચારેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન એમ ચાર-ચાર ભેદ છે.

૧લે - ૨જે - ચારે પ્રકારે હોય.

ત્રીજે - ચોથે - અનંતાનુબંધી વિના ત્રણ હોય

પાંચમે - અપ્રત્યા૦ વિના બે હોય.

૬ થી ૧૦મે - માત્ર સંજ્વલન કષાય હોય છે.

૧૧ થી ૧૪ તથા સિદ્ધો - અકષાયી છે.

## દ્રવ્ય પ્રમાણ

ક્રોધ, માન, માયા, લોભ અને અકષાય બધામાં અનંતા જીવો છે.

| | | |
|---|---|---|
| સંજ્વલન — | અલ્પ | - ક્રોડસહસ્રપૃથક્ત્વ |
| પ્રત્યાખ્યાનાવરણ — | a | - P/a |
| અપ્રત્યાખ્યાનાવરણ — | a | - P/a |
| અકષાય — | A | - અનંતા |
| અનંતાનુબંધી — | A | - તિર્યંચગતિમાં અનંતા હોય, શેષ ૩માં અસંખ્ય |

## ક્ષેત્ર

**અનેકજીવ - ઘનરાજ** ★ ૧ લે - સર્વલોક

૨ થી ૧૦ - L/a

અકષાય - L/a તથા કેવલિસમુદ્૰વત્

**સૂચિરાજ** ★ ૧ લે - સર્વલોક

★ ૨ થી ૧૦-૧૨, ૮, ૧૨, ૬, ૭,૭,૭,૭,૭ યોજન

★ અકષાય - ૧૧ મે - ૭ રાજ

૧૨-૧૩-૧૪ - L/a તથા કેવલિસમુદ૦વત્

**એકજીવ - ઘનરાજ** બધે - L/a

**સૂચિરાજ** ★ ૧ લે - ૧૪ રાજ

★ ૨ થી ૧૦ - ૯, ૮, ૮, ૬, ૭, ૭, ૭, ૭, ૭ રાજ

★ અકષાય - અનેકજીવવત્

★ ૪થે ગુણઠાણે ૧ જીવ સૂચિરાજ

દેવને - ૮ રાજ, મનુ૰ ને - ૬ રાજ

નારક તિર્યંચને - ૫ રાજ

★ ૫ મે ગુણઠાણે ૧ જીવ સૂચિરાજ -

તિર્યંચને - ૫ રાજ, મનુ૰ ને - ૬ રાજ

## સ્પર્શના

ગુણઠાણામાં ઓઘવત્ જાણી લેવું.

## કાળ

| | જઘન્ય | | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| | પન્નવણા | મતાંતર | |
| ક્રોધાદિ ૩ | અન્તર્મુ૦ | ૧ સમય | અન્તર્મુ૦ |
| લોભ | ૧ સમય | ૧ સમય | અન્તર્મુ૦ |
| અકષાય | ૧ સમય | ૧ સમય | અન્તર્મુ૦ |
| | | | સાદિ-અનંત |

**ષટ્ખંડાગમમાં** ચારે કષાયોનો જઘન્યકાળ ૧ સમય બતાવ્યો છે. તે આ રીતે - દેવ, મનુષ્ય, તિર્યંચ અને નરકમાં પ્રથમ અન્તર્મુ૦માં ક્રમશઃ લોભ, માન, માયા અને ક્રોધનો ઉદય હોય છે. એટલે પૂર્વભવમાં ચરમ સમયે ક્રોધનો ઉદય થયો ને પછીના સમયે દેવલોકમાં જાય તો ત્યાં લોભોદય હોવાથી ક્રોધનો જઘન્ય કાળ ૧ સમય મળે. આ જ રીતે અન્ય કષાયો માટે જાણવું.

અથવા બીજી રીતે - કાયયોગ સામાન્ય છે. મનોયોગ શરુ થયો ને એક જ સમયમાં એનું પ્રવર્તન અટકી જાય તો કાયયોગ આવી જાય. એટલે મનોયોગનો કાળ ૧ સમય આવે. એમ દેવગતિમાં લોભકષાય સામાન્ય છે. એનો જઘ૦ કાળ પણ અન્તર્મુ૦ મળે. પણ શેષ ૩ ક્યારેક એક જ સમય પ્રવર્તીને અટકી જાય એવું પણ બને છે. એ વખતે શેષ ૩નો ૧ સમય કાળ મળે. એમ મનુષ્યમાં માનકષાય સામાન્ય છે. તેનો કાળ અન્તર્મુ૦ હોય જ. શેષ ૩નો ૧ સમય મળી શકે. આ જ રીતે શેષ બે ગતિમાં પણ યથાયોગ્ય જાણવું. સામાન્યથી ક્રોધ, માન, માયા, લોભના ક્રમે કષાયો પરિવર્તન થતા રહેતા હોય છે. છતાં જેમ ક્યારેક ક્રોધ પછી સીધી માયા કે લોભ પણ આવી શકે છે એમ ક્યારેક એક જ સમયમાં કષાયનું પરિવર્તન થઈ જાય એવું પણ બની શકે છે.

## અંતર

**અનેકજીવ** - અંતર નથી.

**એક જીવ** ★ ક્રોધાદિ ૪ - જઘ૦ ૧ સમય

ઉત્કૃ૦ અન્તર્મુ૦

★ અકષાય - જઘ૦ અન્તર્મુ૦ ઉત્કૃ૦ - દેશોનાર્ધ૦ પુદ્ગ૦ પરા૦

### ભાગ

★ ક્રોધ - માન - માયા - સર્વજીવોનો દેશોન ૪ થો ભાગ

★ લોભ - સાધિક ચોથો ભાગ

★ અકષાય - અનંતમો ભાગ

### ભાવ

★ ક્રોધાદિ ૪ - ઔદયિક

★ અકષાય - ઔપ૦ કે ક્ષાયિક

### અલ્પબહુત્વ

| | |
|---|---|
| અકષાય - | અલ્પ |
| માન - | A |
| ક્રોધ - | v |
| માયા - | v |
| લોભ - | v |

આ અલ્પબહુત્વ **કર્મગ્રન્થાનુસારે** જાણવું. સિદ્ધાંતમાં તો દેવોને લોભી અને નારકીને ક્રોધી તરીકે સ્વીકારાયા છે. તિર્યગતિમાં માયાની બહુલતા છે. પણ એ સંજ્ઞી પર્યા૦ તિ૦ ની અપેક્ષાએ હોય શકે. એકેન્દ્રિયાદિમાં તો માન, ક્રોધ, માયા, લોભનો ક્રમ જ જાણવો. અન્યથા અનંતબહુભાગ જીવો તિર્યંચ હોવાથી માયાવી સહુથી વધારે મળે.

**પન્નવણામાં** પણ માયાવાળા સૌથી વધારે હોવા બતાવ્યા નથી. નિગોદમાં અવ્યક્ત સંજ્ઞાની જેમ અવ્યક્ત ૪ કષાયો વારાફરતી ઉદયમાં આવ્યા જ કરે છે.

## જ્ઞાન માર્ગણા

### સત્પદપ્રરૂપણા

વસ્તુના વિશેષબોધાત્મક ઉપયોગ એ જ્ઞાન છે. એના બે પ્રકાર છે. જ્ઞાન અને અજ્ઞાન.

★ જ્ઞાનના પાંચ પ્રકાર - મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન અથવા

★ જ્ઞાનના બે પ્રકાર - છાદ્મસ્થિક, કૈવલિક

★ જ્ઞાનના બે પ્રકાર - પ્રત્યક્ષ, પરોક્ષ

★ પ્રત્યક્ષના ૩ પ્રકાર - અવધિ, મનઃપર્યવ, કેવલજ્ઞાન

★ પરોક્ષના ૨ પ્રકાર - મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન

★ પન્નવણાના મતે યુગલિકતિર્યંચમાં અવધિ કે વિભંગ હોતું નથી. ષટ્ખંડાગમમાં અવધિ જ્ઞાન માન્યું છે.

અજ્ઞાન બે રીતે હોય છે. જ્ઞાનાભાવરૂપ અને વિપરીતજ્ઞાનરૂપ.

પ્રસ્તુતમાં વિપરીતજ્ઞાનાત્મક અજ્ઞાનની વિવક્ષા છે. એના ૩ પ્રકાર છે - મતિઅજ્ઞાન, શ્રુતાજ્ઞાન, વિભંગજ્ઞાન

## દ્રવ્યપ્રમાણ

★ [૧]મતિ, શ્રુત, અવધિજ્ઞાન - P/a

★ [૨]મનઃપર્યવજ્ઞાની - સંખ્યાતા. (સહસ્રપૃથકત્વ કે લક્ષપૃથક્ત્વ)

★ કેવલજ્ઞાની - અનંત (ભવસ્થકેવલી - ક્રોડપૃથક્ત્વ)

★ મતિ - શ્રુત અજ્ઞાની - [૩]અનંત (દેશોનજીવરાશિ)

★ વિભંગજ્ઞાની - અસંખ્ય (સાધિકદેવરાશિ)

(૧) આ P/a માં પલ્યોપમ કયો લેવો ? આપણે ત્યાં સૂ૦ ક્ષેત્ર પલ્યો કહ્યો છે. દિગંબરો અદ્ધાપલ્યોપમ કહે છે. જો કે જેમ આનતાદિ દેવોની સંખ્યા સૂ. ક્ષેત્ર પલ્યો૦નો અસં૦મો ભાગ કહી હોવા છતાં એમાં ભાજક મોટો હોઈ એ રકમ અદ્ધા પલ્યો૦ના પણ અસં૦માં ભાગ જેટલા આવી શકે છે. એમ પ્રસ્તુતમાં પણ એ એટલી આવી શકે છે અથવા એનાથી વધુ પણ હોય શકે છે.

(૨) મનઃપર્યવજ્ઞાનના વિષયભૂત જઘ૦ક્ષેત્ર અંગુલ/a હોવાનું **નંદીસૂત્રમાં** બતાવ્યું છે. પણ એનું વિવરણ ઉપલબ્ધ થતું નથી. **ષટ્ખંડાગમમાં** એ યોજનપૃથક્ત્વ બતાવ્યું છે. ઋજુગતિ કરતાં વિપુલમતિનું ઉત્કૃષ્ટ ક્ષેત્ર અઢી અંગુલ જેટલું અધિક હોય છે. એમાં અંગુલ તરીકે ઉત્સેધાંગુલ લેવો એમ **શ્રીનન્દીસૂત્રની ટીપ્પણમાં** કહ્યું છે.

(૩) જેઓને વ્યવહારરાશિમાં આવ્યાને હજુ ઘણો દીર્ઘકાળ પસાર થયો નથી એવા જીવોને છોડી શેષ સર્વ વ્યવહારરાશિવાળા જીવો અક્ષરાદિ દ્રવ્યશ્રુત પામેલા છે. આ પ્રમાણે **શ્રીવિશેષાવશ્યકભાષ્યની** સ્વોપજ્ઞ ટીકામાં તેમજ શ્રી મલધારી હેમચન્દ્ર સૂ૦ મ૦સા૦ની ટીકામાં બતાવ્યું છે.

વળી, આગળ બતાવી ગયા મુજબ નિગોદનો એક અનંતમો ભાગ જ અતીતકાળમાં બેઈન્દ્રિયાદિપણું પામ્યો છે. એટલે નિગોદના બાકીના અનંતબહુભાગ જીવોને અવ્યવહારરાશિ કહેવા પડે. માટે 'વ્યવહારરાશિ'ના બે અર્થ કરવા જોઈએ.

(૧) લોકવ્યવહારમાં - દૃષ્ટિપથમાં આવે તે. આવા જીવો અસંખ્યાતી નિગોદ પ્રમાણ છે.

(૨) એકાદવાર પણ પ્રત્યેકપણું પામી ચૂકેલા જીવો. આવા જીવો એક નિગોદના અનંતમાં ભાગ પ્રમાણ છે.

વિવક્ષિત એક સમયે બેઈન્દ્રિયાદિપણું પામનારા જીવો પ્રતર ÷ a હોય છે. એટલે દ્રવ્યશ્રુતના પ્રતિપદ્યમાનજીવો પણ પ્રતર/a જેટલા મળે :

## ક્ષેત્ર

| માર્ગણા | એકજીવ | | અનેકજીવ | |
|---|---|---|---|---|
| | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ |
| [1]મતિ-શ્રુત-અવધિ | L/a | ૮ રાજ | L/a | ૧૨ રાજ |
| [2]મનઃપર્યવજ્ઞાન | L/a | ૭ રાજ | L/a | ૭ રાજ |
| કેવલજ્ઞાન | L/a તથા | કેવલિસમુદ્૦વત્ | | |
| મતિ-શ્રુતઅજ્ઞાન | L/a | ૧૪ રાજ | સર્વલોક | સર્વલોક |
| [3]વિભંગજ્ઞાન | L/a | ૯ રાજ | L/a | ૧૪ રાજ |

(૧) અવધિજ્ઞાની એકજીવને (દેવને) ગમનાગમનાપેક્ષયા ૮ સૂચિરાજ મળે. અનેકજીવમાં ૬ઠ્ઠી નરકથી અવધિજ્ઞાન લઈને આવનારને ૫ રાજ, મનુ૰માંથી અવધિ લઈને અનુત્તરમાં જનારને ૭ રાજ... કુલ ૧૨ રાજ... આટલું ક્ષેત્ર **પન્નવણા**ના મતે ઘટે છે. કારણ કે એ મતે ૭મી નરકથી વિભંગજ્ઞાન લઈને તિર્યંચમાં આવી શકાય છે તો છઠ્ઠીથી અવધિ લઈને પણ સુતરાં આવી શકાય. પણ **ભગવતીજી**ના મતે ચોથી વગેરે નરકથી અવધિજ્ઞાન લઈને આવી શકાતું નથી. વિભંગજ્ઞાન લઈને ય આવી શકાતું નથી. એટલે એ મતે ૨ + ૭ = ૯ સૂચિરાજ અનેકજીવનું ક્ષેત્ર જાણવું.

(૨) અનુત્તરમાં જનાર મનઃપર્યવજ્ઞાનીને ૭ રાજ મળે.

(૩) ત્રીજી નરકમાં ગયેલ મિથ્યાત્વી દેવ કાળ કરીને સિદ્ધશિલામાં ઉત્પન્ન થનાર હોય તેને ૨ + ૭ = ૯ સૂચિરાજ ક્ષેત્ર આવે.

## સ્પર્શના

| માર્ગણા | એકજીવ | | અનેકજીવ | |
|---|---|---|---|---|
| | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ |
| મતિ, શ્રુત, અવધિ | દેશોન ૮ રાજ | ૧૨ રાજ | L/a | ૧૨ રાજ |
| મનઃપર્યવજ્ઞાન | L/a | ૭ રાજ | L/a | ૭ રાજ |
| કેવલજ્ઞાન | L/a તથા | કેવલિસમુદ્૦વત્ | | |
| અજ્ઞાનત્રિક | સર્વલોક[1] | સર્વલોક | સર્વલોક | સર્વલોક |

(૧) વિભંગજ્ઞાની તિર્યંચો-મનુષ્યો સૂક્ષ્મમાં પણ ઉત્પન્ન થઈ શકે છે. માટે ઘનરાજથી સર્વલોક સ્પર્શના મળી શકે છે.

## કાળ

| માર્ગણા | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| મતિ-શ્રુત | અન્તર્મુ૦ | સાધિક ૬૬ સાગરો૦ |
| અવધિજ્ઞાન | ૧ સમય (અન્તર્મુ૦)[1] | સાધિક ૬૬ સાગરો૦ |
| મનઃપર્યવજ્ઞાન | ૧ સમય (અન્તર્મુ૦) | દેશોન પૂર્વક્રોડ |
| કેવલજ્ઞાન | અન્તર્મુ૦ | દેશોન પૂર્વક્રોડ |
| | | સાદિ અનંત |
| મતિ-શ્રુત અજ્ઞાન | ૧ સમય (અન્તર્મુ૦) | [2]દેશોન અર્ધપુદ્૦પરા૦ |
| વિભંગજ્ઞાન | [3]૧ સમય | [4]સાધિક૩૩ સાગરો૦ |

(૧) મિથ્યાત્વી દેવ ભવના ચરમસમયે સમ્યક્ત્વ પામી ૧ સમય અવધિજ્ઞાની રહી કાળ કરે ત્યારે જઘન્યકાળ ૧ સમય મળે. પણ આ ભાવના માત્ર જાણવી. કારણ કે ચારે ગતિમાં સમ્યક્ત્વનો જઘન્યકાળ અન્તર્મુ૦ છે, એમ **જીવસમાસ**માં કહ્યું છે. મનઃપર્યવજ્ઞાન આવીને એક સમયમાં આવરાઈ જાય એ અપેક્ષાએ એનો જઘન્યકાળ ૧ સમય મળે, મતાન્તરે અન્તર્મુ૦ જાણવો.

(૨) મતિ-શ્રુત અજ્ઞાન અનાદિ અનંત, અનાદિ સાન્ત અને સાદિ સાન્ત મળે. આ દર્શાવેલો કાળ સાદિ-સાન્તનો જાણવો.

(૩) ભવચરમસમયે સાસ્વાદને આવે તો ૧ સમય વિભંગજ્ઞાનનો મળે.

(૪) ક્રોડપૂર્વ આયુવાળો મનુ૦ કે તિ૦ વિભંગજ્ઞાન લઈને સાતમી નરકે જાય ત્યારે વિભંગજ્ઞાનનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૩૩ સાગરો૦ મળે.

બીજા મતે વિભંગજ્ઞાનનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૬૬ સાગરો૰ છે. અનેકજીવાપેક્ષયા સઘળી માર્ગણાઓ ધ્રુવ છે.

## અંતર

| | જ્ઞાન | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|
| એકજીવ | ૪ જ્ઞાન | [1]અન્તર્મુ૰ | દેશોન અર્ધપુદ્૰પરા૰ |
| | કેવલજ્ઞાન | અંતર નથી | |
| | મતિ-શ્રુતઅજ્ઞાન | અન્તર્મુ૰ | [2]સાધિક ૬૬ સાગરો૰ |
| | વિભંગજ્ઞાન | અન્તર્મુ૰ | આવલિકા/a પુદ્૰પરા૰ |

અનેકજીવ - સઘળી માર્ગણા ધ્રુવ હોવાથી અંતર નથી.

(૧) અવધિજ્ઞાનનું જઘન્યઅંતર એક સમયનું ઘટતું નથી. કેમ કે જો એ સંભવતું હોય તો આ રીતે સંભવે કે મનુષ્યમાં અવધિ હોય, ચરમસમયે અવધિ ચાલ્યું જાય ને પાછો દેવમાં સમ્યક્ત્વ સાથે ઉત્પન્ન થયો હોવાથી અવધિજ્ઞાન પામે. પણ મનુષ્યમાંથી સમ્યક્ત્વ સાથે દેવલોકમાં જનારને દ્વિચરમસમયે વિશુદ્ધિ હોવાથી ચરમસમયે એ અવધિજ્ઞાન ગુમાવે એવું બનતું નથી. માટે ૧ સમયનું અંતર સંભવતું નથી.

(૨) પહેલે- બીજે ગુણઠાણે જ અજ્ઞાન માનવાનું હોય તો વચ્ચે અંતર્મુ૰ માટે ત્રીજે આવી સાધિક ૧૩૨ સાગરો૰ નું અંતર મળે. પણ ત્રીજા ગુણઠાણે જ્ઞાન માન્યું નથી. તેથી અજ્ઞાન માનવાનું હોવાથી અંતર સાધિક ૬૬ સાગરો૰ જ આવે. બાકી જ્ઞાન ૪થા ગુણઠાણેથી જ માન્યું છે. તેથી જ્ઞાનનો જે ઉત્કૃષ્ટ કાળ એ જ અજ્ઞાનનું ઉત્કૃષ્ટ અંતર હોવાથી એ સાધિક ૬૬ સાગરો૰ જ જાણવું.

## ભાગ

બે અજ્ઞાન - સર્વજીવોનો અનંતબહુભાગ

શેષ ૬ - અનંતમો ભાગ

## ભાવ

કેવલજ્ઞાન-ક્ષાયિકભાવે

શેષ ૮- ક્ષાયોપશમિકભાવે

જ્ઞાનાભાવ રૂપ અજ્ઞાન - ઔદયિકભાવે

**અલ્પબહુત્વ**

| | | |
|---|---|---|
| મનઃપર્યવજ્ઞાની | અલ્પ.. | સંખ્યાતા |
| અવધિજ્ઞાની | a | P/a ભાગ જેટલા |
| મતિ-શ્રુત જ્ઞાની | [1]v | + અસંખ્યાતમો ભાગ... (સમકિતીમાં દેવરાશિ અસં૦ બહુભાગ છે.) |
| વિભંગજ્ઞાની | a | × અસંખ્ય સૂચિશ્રેણિ |
| કેવળજ્ઞાની | A | (સિદ્ધોની અપેક્ષાએ....) |
| [2]અજ્ઞાની... | A | (નિગોદની અપેક્ષાએ...) |

| મોક્ષે જનારા : | અલ્પબહુત્વ | ઉત્કૃષ્ટઅંતર | એક સાથે જનારા. |
|---|---|---|---|
| ૧-૨-૪ | અલ્પ | સંખ્યાતા હજાર વર્ષ | ૧૦ |
| ૧-૨ | s | [1]P/a | ૪ |
| ૧-૨-૩-૪ | s | સંખ્યાતા હજાર વર્ષ | ૧૦૮ |
| ૧-૨-૩ | s | સાધિકવર્ષ | ૧૦૮ |

(૧) આટલું ઉત્કૃષ્ટ અંતર ભાગ્યે જ પડતું હશે. સામાન્યથી સંખ્યાતા હજાર વર્ષ સુધીનું આંતરું પડતું હોય એમ સમજવું જોઈએ. તો જ ૧-૨-૪ જ્ઞાન સાથે કેવલ૦ પામનારા કરતાં ૧-૨ જ્ઞાન સાથે તે પામનારા s થઈ શકે.

**સ્વપર્યાયોની અપેક્ષાએ અલ્પબહુત્વ**

| | |
|---|---|
| મનઃપર્યવજ્ઞાનના પર્યાય | અલ્પ |
| વિભંગજ્ઞાનના પર્યાય | A |
| અવધિજ્ઞાનના પર્યાય | A |
| શ્રુતજ્ઞાનના પર્યાય | A |
| શ્રુતજ્ઞાનના પર્યાય | v |
| મતિઅજ્ઞાનના પર્યાય | A |
| મતિજ્ઞાનના પર્યાય | v |
| કેવલજ્ઞાનના પર્યાય | A |

(આ અલ્પબહુત્વ લોકપ્રકાશ વગેરેમાં છે.)

(૧) દેવ-નરકમાં અવધિજ્ઞાની P/a છે અને આઠમા અસંખ્યે છે. તિર્યંચમાં પણ સંભવતઃ આઠમા અસંખ્યે છે. મનુષ્યમાં અવધિજ્ઞાની કરતાં મતિ-શ્રુતજ્ઞાની સંખ્યાતગુણ હોય છે. જ્યારે તિર્યંચમાં તે અસંખ્યગુણ હોય છે. છતાં અવધિજ્ઞાનીની અસંખ્યબહુભાગ સંખ્યા દેવોની છે. તેથી અવધિજ્ઞાની કરતાં મતિ-શ્રુતજ્ઞાની v જ થાય છે.

## સંયમ માર્ગણા

### સત્પદપ્રરૂપણા

સંયમની સાત માર્ગણા છે. સામાયિક, છેદોપસ્થાપનીય, પરિહારવિશુદ્ધિ, સૂક્ષ્મસંપરાય, યથાખ્યાત, દેશવિરતિ અને અવિરતિ. આમાંથી પ્રથમ પાંચ સર્વવિરતિના પ્રકાર છે, છઠ્ઠી દેશવિરતિની છે અને સાતમી વિરતિની વિરોધી તરીકે અવિરતિની છે.

સામા૦ અને છેદોપ૦ બંનેના સંયમસ્થાનો અસંખ્ય-અસંખ્ય છે ને પરસ્પર તુલ્ય છે. તેથી તે બેનો ભેદ વ્યવહારકૃત છે, સ્થાનકૃત નથી. સર્વવિરતિના સ્વીકારની સાથે જ મહાવ્રતોનું આરોપણ હોય તે સામાયિક ચારિત્ર કહેવાય છે ને સર્વવિરતિના સ્વીકારની પછી યોગ્ય કાળે મહાવ્રતોનું આરોપણ થતું હોય તો એ આરોપણ પછીનું ચારિત્ર છેદોપસ્થાપનીય કહેવાય છે.

છેદોપ૦ ચારિત્ર પ્રથમ અને ચરમતીર્થંકર ના શાસનમાં હોય છે. આવ. નિર્યુક્તિ વગેરેમાં પ્રથમ અને ચરમતીર્થંકરને પણ છેદોપ૦ ચારિત્ર બતાવ્યું છે. પણ ત્યાં પાછળથી મહાવ્રત આરોપણ હોતું નથી. માત્ર એમના શાસનમાં છેદોપ૦ હોવાથી એમને પણ એ જણાવ્યું હોય એમ જણાય છે.

પરિહારવિશુદ્ધિ ચારિત્ર ૯ાા પૂર્વધરને - વિશિષ્ટ આચારસંપન્નને નવના ગણમાં હોય છે. તેથી એમના અધ્યવસાયો સામા૦ છેદોપ૦ના પ્રારંભિક અધ્યવસાયો કરતાં ઘણા ઊંચા હોય છે. માટે એ બેના પ્રારંભિક અસંખ્ય અધ્યવસાયો ઓળંગ્યા પછીના અધ્યવસાયો, પરિહાર વિશુદ્ધિના અને આ બેના સામાન્ય છે. આવા અસંખ્ય લોક જેટલા અધ્યવસાયો ગયા પછી પરિહાર વિશુદ્ધિના ઉત્કૃષ્ટ અધ્યવસાય સ્થાન આવી જાય છે. કારણ કે પરિહારવિશુદ્ધિ કલ્પ નિયમ સ્વરૂપવાળો હોવાથી વિશિષ્ટ સાધનાઓ ન હોવાને કારણે વિશિષ્ટ ભાવનાઓનો પ્રાદુર્ભાવ પણ એમાં થતો નથી. એટલે શ્રેણિના અધ્યવસાયો આવતા નથી અને તેથી શ્રેણિ આવતી નથી.

એ પછીના અસં૦ લોક જેટલા અધ્યવસાયો સામાયિક છેદોપસ્થાપનીયમાં હોય છે. છઠ્ઠા ગુણ૦ના પ્રથમ અધ્યવસાયથી માંડીને ૯મા ગુણ૦ના ચરમ અધ્યવસાય સુધી જેટલા અધ્યવસાયો છે તે બધા આ બંનેના હોય છે. તે પછીના અંતર્મુહૂર્તના સમય જેટલા અસંખ્ય અધ્યવસાયો સૂક્ષ્મસંપરાયના હોય છે. તે પછીનો ૧ અધ્યવસાય યથાખ્યાત સંયમનો હોય છે. એ મોહનીયના ઉદયાભાવરૂપ ૧ અધ્યવસાય હોય છે. જો કે જ્ઞાનાવરણ, દર્શનાવરણ, અંતરાયના ઉદયના ભેદોથી ૧૨મા ગુણના અસંખ્ય અધ્વસાયો જેમ કહ્યા છે તેમ ૧૩માં

ગુણ સ્થાનકે પણ નામ, ગોત્ર, વેદનીયની અપેક્ષાએ અસં૦ અધ્યવસાય બતાવ્યા છે. પ્રસ્તુતમાં મોહનીયની અ ...ક્ષાએ સંયમસ્થાન બતાવ્યું હોવાથી ૧ સંયમસ્થાન બતાવ્યું છે.

સર્વવિરતિથી નીચેના અસં૦ લોક જેટલા અધ્યવસાયો દેશવિરતિના છે. અહીં પણ ચારિત્રમોહનીય કર્મમાં નોકષાય મોહનીયનો ક્ષયોપશમ છે. દેશ-વિરતિની નીચેના અસં૦ અધ્યવસાય સ્થાનો અવિરતિના છે. એમાં પણ દેશ-વિરતિથી નીચેના શરુઆતના જે અધ્યવસાય સ્થાનો છે તે અપ્રત્યાખ્યાનાવરણના ઉદયવાળા હોવાથી અનંતાનુબંધીના અને દર્શનમોહનીયના ક્ષયોપશમથી વિશિષ્ટ હોય છે. તેથી અવિરતિના કહેવાવા છતાં વિરતિની પૂર્વભૂમિકારૂપ હોય છે. એવી રીતે મિથ્યાદૃષ્ટિમાં પણ મંદકષાયવાળા શરુઆતના અધ્યવસાયો પણ ધર્માભિમુખતાના કારણે વિશુદ્ધકોટિના અને સંયમયોગ્યતાના હોય છે. તેથી અપુનર્બંધકથી માંડીને મિથ્યાત્વનો ક્ષયોપશમ ગ્રન્થાન્તરોમાં બતાવ્યો છે. તે ક્ષયોપશમ એટલે સર્વઘાતી ઉદય હોવા છતાં ગુણ૦ને અનુકૂળ રીતે થયેલો મંદ ઉદય. પહેલે ગુણઠાણે પણ નોકષાયોના મંદ ઉદયથી ચાર દૃષ્ટિરૂપ ગુણ પ્રગટ થાય છે.

**દ્રવ્ય પ્રમાણ** ★ ઉત્કૃષ્ટ —

| | |
|---|---|
| સામા૦ ચારિત્ર - | સહસ્ર ક્રોડપૃથક્ત્વ |
| છેદોપસ્થાપનીય. - | શત ક્રોડપૃથક્ત્વ |
| પરિહારવિશુદ્ધિ - | સહસ્ર પૃથક્ત્વ |
| સૂ૦ સંપરાય - | શત પૃથક્ત્વ |
| યથાખ્યાત - | ક્રોડપૃથક્ત્વ |
| દેશવિરતિ - | P/a |
| અવિરતિ - | અનંત |
| સંયમસામાન્ય - | સહસ્રક્રોડપૃથક્ત્વ |

| | | |
|---|---|---|
| **★ જઘન્ય** - | સૂ૦ સંપરાય - | ૧ |
| | [1]છેદોપ૦ - | ૨૦ |
| | પરિહાર - | શતપૃથક્ત્વ. |
| | સામાયિક - | સહસ્રકોડપૃથક્ત્વ |
| | યથાખ્યાત - | ક્રોડપૃથક્ત્વ |

(૧) પાંચમાં આરાના અંતે પાંચ ભરત-પાંચ ઐરાવતમાં બબ્બે છેદોપ૦ ચારિત્રવાળા હોય છે. (એક સાધુ - એક સાધ્વી), તેથી કુલ ૨૦ છેદોપ૦વાળા મળે.

## ક્ષેત્ર

| | એકજીવ | | અનેકજીવ | |
|---|---|---|---|---|
| | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ |
| સામાયિકાદિ ૫ | L/a | ૭ રાજ | L/a | ૭ રાજ |
| સંયમસામા૦ | L/a | ૭ રાજ | L/a | ૭ રાજ |
| કેવલિસમુદ્દ૦માં | સર્વલોક | દેશોનલોક | | |
| [1]દેશવિરતિ | L/a | ૫/૬ રાજ | L/a | ૫/૬ રાજ |
| અવિરતિ | L/a | ૧૪ રાજ | સર્વલોક | સર્વલોક |

(૧) મનુષ્યને ૧૨મા દેવલોક સુધી ૬ રાજ, તિર્યંચને ૮માં દેવલોક સુધી ૫ રાજ.

## સ્પર્શના

★ દેશવિરતિ - ઘનરાજ - તિ૦ને અનેકજીવમાં ૫ રાજ

★ અવિરતિ - એકજીવ ઘનથી સર્વલોક

★ શેષ સઘળું ક્ષેત્રવત્

## કાળ

**એકજીવ**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| [1]સામાયિક, છેદોપ૦ | ૧ સમય, મતાંતરે-અન્તર્મુ૦ | દેશોન પૂર્વક્રોડ |
| [2]પરિહાર વિશુદ્ધ | અન્તર્મુ૦ | દેશોન પૂર્વક્રોડ |
| સૂ૦ સંપરાય | ૧ સમય | અન્તર્મુ૦ |
| યથાખ્યાત | ૧ સમય | દેશોન પૂર્વક્રોડ |
| દેશવિરતિ | અન્તર્મુ૦ | દેશોનપૂર્વક્રોડ |
| [3]અવિરતિ | અન્તર્મુ૦ | દેશોન અર્ધપુદ્દ૦પરા૦ |

(૧) ૧૦મેથી ઉતરીને ૯ મે ૧ સમય રહી કાળ કરે ત્યારે આ બેનો જઘન્ય કાળ ૧ સમય મળે.

(૨) મરણથી કે ઉપશમ શ્રેણિ માંડે ત્યારે પરિહારવિશુદ્ધિનો જઘન્યકાળ અન્તર્મુ૦ ઘટે.

**શંકા :** જો પરિહારવિશુદ્ધિમાં ઉપશમશ્રેણિ માંડે તો શ્રેણિમાં ૮મે - ૯મે ગુણઠાણે પણ પરિહારવિશુદ્ધિ રહેવાથી પરિહારવિશુદ્ધિમાં માત્ર છઠ્ઠું સાતમું ગુણઠાણું જ કેમ દર્શાવાય છે ?

**સમાધાન :** સામાન્યથી એ જીવોને પણ ૮મે-૯મે સામાયિક કે છેદો-પસ્થાપનીયચારિત્ર જ હોવું મનાય છે. માટે પરિહારવિશુદ્ધિને માત્ર છઠ્ઠું-સાતમું ગુણઠાણું જ દર્શાવાય છે. છતાં **બૃહત્કલ્પમાં** પરિહારવિશુદ્ધિને અપગતવેદ કહ્યા છે. જે ૯મે ગુણઠાણે સંભવિત હોવાથી એ અપેક્ષાએ ૮મે-૯મે પરિહારવિશુદ્ધિ કહી પણ શકાય. પણ સામાન્યથી પરિહારવિશુદ્ધિમાં શ્રેણિનો નિષેધ છે એ જાણવું. કલ્પસમાપ્તિ પછી આગળના ગુણઠાણા આવી શકે છે.

વળી પરિહારવિશુદ્ધિ બે પ્રકારે આવે છે. (1) **નવના ગણરૂપ -** સામાન્યથી પરિહારવિશુદ્ધિ તરીકે આ ચારિત્ર ગણાતું હોય છે. એનો સામાન્ય રીતે ઉત્કૃષ્ટકાળ ૧૮ મહિના હોય છે. પણ જો પુનઃ પુનઃ ૯ નો ગણ આ કલ્પ સ્વીકાર્યા કરે તો, અથવા આ કલ્પ પૂર્ણ થયા બાદ જિનકલ્પ સ્વીકારે તો દેશોન પૂર્વક્રોડ જેટલો ઉત્કૃષ્ટકાળ પણ મળી શકે છે. (2) **પ્રાયશ્ચિત્તરૂપ** - સંઘયણસંપન્ન પૂર્વધર મહાત્માને જે કાંઈ પ્રાયશ્ચિત્ત આવે તે પરિહારવિશુદ્ધિ ચારિત્રવાળો જે રીતે તપ કરે છે એ રીતે વહન કરે છે. આ તપવહન કરવાના કાળ દરમ્યાન એને પરિહારવિશુદ્ધિ ચારિત્ર માનવાની વિવક્ષા **ભગવતીસૂત્રમાં** બતાવેલ છે. આવું ચારિત્ર મહાવિદેહમાં પણ હોય છે. આ અપેક્ષાએ પરિ૦વિ૦નો અનેકજીવાપેક્ષયા કાળ સર્વાદ્ધા પણ આવે છે. આને સ્વીકારનાર એક યા અનેક હોય. એનો કાળ ૧ મહિનાથી ૬ મહિનાનો હોય છે. (૩) અવિરતિનો કાળ અનાદિ અનંત, અનાદિ સાન્ત ને સાદિ સાન્ત.. એમ ત્રણ પ્રકારે છે. સાદિસાન્તનો જઘ.કાળ અન્તર્મુ૦ ને ઉત્કૃ૦ કાળ દેશોન અર્ધ પુદ્૦પરા૦ છે.

| માર્ગણા | જઘન્યમાં ઉત્કૃષ્ટ | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ૧છેદોપસ્થાપનીય | ૨૧૦ વર્ષ, ૨૮૦ વર્ષ | ૫૦ લાખ ક્રોડ સાગરો૦ |
| ૨પરિહારવિશુદ્ધિ | ૧૪૨ વર્ષ | દેશોન ૨ પૂર્વક્રોડ |
| સૂ૦ સંપરાય | ૧ સમય | અન્તર્મુ૦ |
| શેષ માર્ગણાઓ | સર્વાદ્ધા | |

(૧) પ્રથમ અને ચરમ તીર્થપતિના શાસનમાં આ બે ચારિત્ર હોય છે. ઉત્સર્પિણીના પ્રથમ તીર્થપતિના નિર્વાણથી બીજા તીર્થપતિના નિર્વાણનો કાળ ૨૫૦ વર્ષ છે. બીજા તીર્થંકરનું તીર્થ સ્વનિર્વાણ પૂર્વે ૭૦ વર્ષથી ને પ્રથમ તીર્થંકરનું સ્વનિર્વાણ પૂર્વે ૩૦ વર્ષથી શરુ થાય છે. એટલે પ્રથમતીર્થંકરનું શાસન ૨૫૦ - ૭૦ + ૩૦ = ૨૧૦ વર્ષ ચાલે છે. માટે છેદોપ૰નો આ જઘન્યકાળ છે. પણ પ્રથમતીર્થંકરના તીર્થના સાધુઓ બીજા તીર્થંકરના નિર્વાણ સુધી વિદ્યમાન રહેતા હોય તો ૨૧૦ + ૭૦ = ૨૮૦ વર્ષ મળે અવસ. ના ચરમતીર્થપતિનું શાસન ૨૧૦૦૦ વર્ષ ચાલતું હોવાથી જઘન્યકાળ ન મળે. અવસ૰ના પ્રથમ તીર્થપતિનો કાળ ૫૦ લાખ ક્રોડ સાગરો. છે માટે ઉત્કૃ. કાળ એ મળે.

સામાયિક ચારિત્રવાળાને છેદ-મૂળ સિવાયના આઠ પ્રાયશ્ચિત્ત જ બતાવ્યા છે. એટલે મહાવિદેહમાં અતિચારસેવીને પણ સાતિચાર તરીકે પણ છેદોપ૰ નહીં આવતું હોય. જો કે **ગુણમાળા** ગ્રન્થમાં એ બતાવ્યું છે. તેથી એની વિવક્ષા નહીં હોય.... અથવા પર્યાય છેદીને પુનઃ સામાયિક જ અપાતું હોય.

(૨) પરિહારવિશુદ્ધિ ચારિત્ર પ્રભુ પછી બે પેઢી સુધી હોય છે. વળી આ ચારિત્ર વહેલામાં વહેલું ૨૯ વર્ષની ઉંમરે લેવાય છે. ૮ વર્ષે દીક્ષા, દીક્ષાના ૨૦માં વર્ષે પૂર્વનું અધ્યયન ચાલુ થાય, એક વર્ષમાં ભણી લે, પછી સ્વીકારે, એટલે બંને પેઢીના ૭૧ + ૭૧ = ૧૪૨ વર્ષ જઘન્યકાળ મળે. પ્રભુ પાસે આ કલ્પ સ્વીકારે યા પ્રભુ પાસે જેણે આ કલ્પ સ્વીકાર્યો હોય એની પાસે.. .. એટલે આટલો કાળ ઉત્કૃષ્ટથી જઘન્ય તરીકે મળે છે. આ જ કારણસર ઉત્કૃષ્ટ કાળ પણ દેશોન બે પૂર્વક્રોડથી વધુ મળતો નથી.

## અંતર

★ **એક જીવ** - બધે જઘ૰ અન્તર્મું૰ ઉ૰દેશોનઅર્ધ પુદ૰પરા૰

★ **અનેકજીવ :**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| છેદોપ૰ | [૧]૬૩૦૦૦ વર્ષ | ૧૮ કો૰ કો૰ સાગરો૰ (યુગલિકકાળ) |
| પરિહાર૰ | [૨]૮૪૦૦૦ વર્ષ | ૧૮ કો૰ કો૰ સાગરો૰ (યુગલિકકાળ) |
| સૂ૰ સંપરાય | ૧ સમય | ૬ મહિના |
| શેષમાં અંતર નથી | | |

(૧) અવસ૰નો ૬ઠ્ઠો + ઉત્સ૰નો ૧લો + બીજો આરો = ૨૧૦૦૦ × ૩ = ૬૩૦૦૦ વર્ષ

(૨) અવસ૰નો પાંચમો, છઠ્ઠો તથા ઉત્સ૰નો ૧લો, બીજો આરો = ૮૪૦૦૦ વર્ષ.

## ભાગ

અવિરત - સર્વજીવોનો અનંત બહુ ભાગ.

શેષમાં - અનંતમો ભાગ.

## ભાવ

યથાખ્યાત - ક્ષાયિક કે ઔપ૦

સંયમ સામાન્ય - ક્ષાયિક, ઔપ૦ કે ક્ષાયોપ૦

અસંયમ - ઔદયિક

શેષ ૫ - ક્ષાયોપ૦

## અલ્પબહુત્વ

| | |
|---|---|
| સૂ૦ સંપ૦ - | અલ્પ |
| પરિહાર૦ - | s |
| યથાખ્યાત - | s |
| છેદોપ૦ - | s |
| સામાયિક - | s |
| સંયમસામાન્ય - | v |
| દેશવિરતિ - | a |
| સિદ્ધો - | A |
| અવિરત - | A |

### સંયમપર્યાયોનું અલ્પબહુત્વ

| | | |
|---|---|---|
| સામા૦ છેદોપ૦ | જઘન્યલબ્ધિ | અલ્પ. |
| પરિહાર૦ | જઘન્યલબ્ધિ | A |
| પરિહાર૦ | ઉત્કૃષ્ટલબ્ધિ | A |
| સામા૦ છેદોપ૦ | ઉત્કૃષ્ટલબ્ધિ | A |
| સૂક્ષ્મ સંપ૦ | જઘન્યલબ્ધિ | A |
| સૂક્ષ્મ સંપ૦ | ઉત્કૃષ્ટલબ્ધિ | A |
| યથાખ્યાત૦ | અજઘન્ય-અનુત્કૃષ્ટલબ્ધિ | A |

જેમ રસબંધસ્થાનના ષટ્સ્થાનોથી ભેદ પડે છે તેમ ચારિત્ર મોહનીયના ક્ષયોપશમથી સંયમસ્થાનના જઘન્ય, મધ્યમ અને ઉત્કૃષ્ટ પર્યાય એમ ૩ ભેદ પડે છે. ૬ થી ૧૦ ગુણ૦ સુધી જેમ અધ્યવસાયો અસંખ્ય છે તેમ સંયમ સ્થાનો પણ અસંખ્ય છે. માટે પાંચેય સંયમના પર્યાયોનું પરસ્પર અલ્પબહુત્વ.. જઘન્ય-ઉત્કૃષ્ટ ભેદથી ઉપર બતાવ્યું છે.

| મોક્ષે જનારા | | તેમાં અંતર | ૧ સમયે |
|---|---|---|---|
| છે૦ પ૦ સૂ૦ ય૦ ચારિત્રી. | અલ્પ | દેશોન ૧૮કો૦ કો૦ સાગરો૦ | ૧૦ |
| સા૦છે૦પ૦સૂ૦ય૦ ચારિત્રી | s | દેશોન૧૮કો૦ કો૦ સાગરો૦ | ૧૦ |
| છે૦ સૂ૦ ય૦ ચારિત્રી | a | દેશોન૧૮કો૦ કો૦ સાગરો૦ | ૧૦ |
| સા૦છે૦ સૂ૦ ય૦ ચારિત્રી | s | દેશોન ૧૮કો૦ કો૦ સાગરો૦ | ૧૦૮ |
| સા૦ સૂ૦ ય૦ ચારિત્રી | s | સાધિક વર્ષ.. | ૧૦૮ |

છેદોપ૦ સામા૦ પછી હોય તે હકીકત છે. છતાં સામાયિક સિવાય છેદોપ૦ બતાવ્યું છે તે હકીકત છે. તે વિવક્ષાવિશેષ છે... તેથી અનુમાન થાય કે જેઓ વડીદીક્ષાપૂર્વક નિરતિચાર છેદોપ૦ પામે છે તેમને સામા૦ની વિવક્ષા કરી હોય અને જેમનો દોષસેવનના કારણે પર્યાય છેદ કરી ફરીથી વડીદિક્ષા કરી હોય તેમની અપેક્ષાએ સામા૦ની વિવક્ષા ન પણ કરી હોય એમ બને.

## દર્શન માર્ગણા

### સત્પદપ્રરૂપણા

**ચાર ભેદ :** ચક્ષુ, અચક્ષુ, અવધિ અને કેવળદર્શન. એક જીવમાં ત્રણ માર્ગણા હોવા છતાં પૃથક્ વિવક્ષા કરી પ્રરૂપણ સમજવું.

**અચક્ષુદર્શન :** ચાર ઇન્દ્રિય અને મનના ક્ષયોપશમથી થતું સામાન્ય જ્ઞાન

**ચક્ષુદર્શન :** ચક્ષુરિન્દ્રિયથી થતો સામાન્ય બોધ.

**અવધિદર્શન :** અવધિ દર્શનાવરણના ક્ષયોપશમથી થતો સામાન્ય બોધ.

આ ત્રણ ક્ષયોપશમ ભાવની માર્ગણા છે. અને કેવળદર્શન એ ક્ષાયિક ભાવની માર્ગણા છે. એકેન્દ્રિયને એક મતે પાંચે ઇન્દ્રિયનો ક્ષયોપશમ હોવા છતાં દ્રવ્યેન્દ્રિય (દ્રવ્યચક્ષુ) ન હોવાથી ચક્ષુદર્શન મનાતું નથી. એમ જેને જેટલી ઇન્દ્રિય હોય તેને તેટલાં દર્શન માનવાં.

બીજા મતે એકેન્દ્રિયને સ્પર્શનેન્દ્રિયનો ક્ષયોપશમ હોય છે. બાકીની ૪ ઇન્દ્રિય અને નોઇન્દ્રિયનો સર્વઘાતી ઉદય હોય છે. બેઇન્દ્રિયને બે ઇન્દ્રિયનો ક્ષયોપશમ હોય છે. બાકીનાનો સર્વઘાતી ઉદય હોય છે. એ જ રીતે જેને જેટલી દ્રવ્યેન્દ્રિયની યોગ્યતા હોય તેટલો ક્ષયોપશમ હોય છે, બાકીનાનો ઉદય. લબ્ધિઅપર્યાપ્ત એકે૦ વગેરેને અચક્ષુદર્શનાવરણનો ક્ષયોપશમ હોય છે. અપર્યા૦ ચઉરિન્દ્રિય વગેરેને ચક્ષુદર્શનાવરણનો પણ ક્ષયોપશમ હોય છે. છતાં ઉપયોગ નથી હોતો. અવધિદર્શનાવરણનો ક્ષયોપશમ લબ્ધિઅપર્યાપ્તને હોતો નથી. કરણઅપર્યાપ્તને ક્ષયોપશમ હોય તો પણ ઉપયોગ હોતો નથી. જેને જેનો ક્ષયોપશમ હોય તેને તેનો સર્વઘાતી ઉદય ન હોય. અવધિદર્શનાવરણનો ક્ષયોપશમ મિથ્યાદૃષ્ટિ જીવોને હોવા છતાં કાર્મગ્રંથિકો અવધિદર્શન માનતા નથી. કારણ કે વિભંગજ્ઞાન તુચ્છ, અલ્પ અને સાધારણ હોવાથી સામાન્યબોધાત્મક અવધિદર્શન જેવું હોવાના કારણે અન્ય સ્વતન્ત્ર અવધિદર્શન ગણાતું નથી. વાસ્તવમાં વિભંગજ્ઞાનીને અવધિદર્શન હોય છે. છતાં બહુધા એની વિવક્ષા કરી નથી. તેથી પ્રસ્તુતમાં ચોથા ગુણસ્થાનકથી અવધિદર્શન ગણાશે. ૩જા ગુણસ્થાનકે જ્ઞાન-અજ્ઞાનની મિશ્રતા હોવાથી ગણવામાં આવતું નથી. ૨ જે

ગુણઠાણે કાર્મગ્રંથિક મતે અજ્ઞાન ગણવામાં આવે છે. કારણ કે શુદ્ધ સમકિતીને જ જ્ઞાન હોય છે. સૈદ્ધાંતિક મતે જ્ઞાન ગણવામાં આવે છે. કારણ કે મિથ્યાત્વનો ઉદય નથી. પરંતુ જ્ઞાન મિથ્યાત્વના ઉદયથી જેમ અજ્ઞાન બને છે. એમ અનંતાનુબંધીના ઉદયથી પણ અજ્ઞાન સ્વરૂપ બને છે. તેથી કાર્મગ્રંથિકો એ વાત સ્વીકારતા નથી. આમ મતાંતરો છે.

૧૩મે ગુણઠાણે ચક્ષુ હોવા છતાં, હાથ-પગની જેમ ચક્ષુ આદિની હલનચલન ક્રિયા હોવા છતાં, આત્માનો ઉપયોગ કેવળજ્ઞાન-દર્શનથી પ્રવર્તતો હોવાથી ચક્ષુ દ્વારા જાણવાનું કાર્ય થતું નથી. તેથી ચક્ષુદર્શન નથી. પરંતુ આંખમાં કોઈ વિકૃતિ કે આંખની ક્રિયા બંધ થતી નથી. તેથી પરમાત્માનું શરીર ચક્ષુસંપન્ન હોવાથી મૂર્તિમાં ચક્ષુની અનિવાર્યતા હોય છે.

ચક્ષુદર્શન ૧૨મા ગુણઠાણા સુધીના સર્વ સંસારી જીવોને હોય છે. ૧૩મે ગુણઠાણે ચક્ષુથી જેમ જ્ઞાન કરવાનું પ્રયોજન નથી તેવી રીતે બાકીની ચાર ઈન્દ્રિયોથી પણ જ્ઞાન કરવાનું પ્રયોજન નથી. છતાં વ્યવહારથી બાકીની ઈન્દ્રિયો અખંડિતપણે વ્યવસ્થિત પ્રવર્તે છે. અવધિદર્શન ઈન્દ્રિય દ્વારા થતું નથી. તેથી કેવળજ્ઞાનીને મનાતું નથી. કારણ કે અવધિદર્શન પ્રત્યક્ષ હોવા છતાં અપૂર્ણ ક્ષાયોપશમિક છે.

### દ્રવ્યપ્રમાણ :

★ ચક્ષુદર્શન - પ્રતર ÷ અંગુલનો અસંખ્યાતમો ભાગ...

★ અચક્ષુદર્શન - અનંતાજીવો..

★ અવધિદર્શન - P/a, વિભંગજ્ઞાનીને ગણીએ તો સાધિક દેવરાશિ

★ કેવળ દર્શન - સંખ્યાતા... (સિદ્ધોને - અનંતા...)

### ક્ષેત્ર :

| માર્ગણા | એક જીવ | | અનેક જીવ | |
|---|---|---|---|---|
| | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ |
| ચક્ષુદર્શન | ૧૪ | L/a | ૧૪ | L/a |
| અચક્ષુદર્શન | ૧૪ | L/a | સર્વલોક | સર્વલોક |
| [1]અવધિદર્શન | ૮ રાજ | L/a | ૧૨ | L/a |
| કેવલદર્શન | L/a તથા કેવલિ સમુદ્‌ઘાતવત્ | | | |

(૧) અવધિદર્શનમાં એકજીવના ૮ રાજ ગમનાગમનાપેક્ષયા જાણવા. અનેક જીવમાં, છઠ્ઠી નરક અને અનુત્તરમાંથી મનુષ્યમાં અવધિ લઈને આવનારની અપેક્ષાએ કુલ ૧૨ રાજ મળે. વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનીએ તો એક જીવને ૯ રાજ (ત્રીજી નરકથી સિદ્ધશિલા) અને અનેકજીવમાં ૧૪ રાજ (સૂક્ષ્મમાં ઉત્પન્ન થનારને) જાણવા.

**સ્પર્શના :**

**ચક્ષુ - અચક્ષુ**... એક/અનેક.. ઘનથી સર્વલોક... સૂચિરાજ ૧૪ રાજ...

● ૧ લે ગુણ... સર્વલોક..

● ૨ થી ૧૨ ગુણ૦ ઓઘવત્

**અવધિદર્શન :**

**એકજીવ** - ઘનથી L/a, સૂચિથી - ૧૨ રાજ.

વર્તમાનકાલાપેક્ષયા ૭ રાજ

ગમનાગમનાપેક્ષયા.... ૮ રાજ..

તિર્યંચને .... ૫ રાજ

**અનેકજીવ :**

ઘનથી ૮ રાજ (દેવને ગમનાગમનથી.)

સૂચિથી ૧૨ રાજ (છઠ્ઠી નરકથી મનુ૦ના ૫ રાજ + મનુ૦થી અનુ૦ના ૭ રાજ)

વિભંગજ્ઞાનીને અવધિદર્શન માનતા

★ મનુ૦તિર્યંચને ઘનથી સર્વલોક... સૂચિથી ૧૪ રાજ (સર્વલોક..)

★ દેવતાને ઘનથી તથા સૂચિથી - ૯ રાજ.

★ નારકને ઘન/સૂચિ. ૬ રાજ.

(૭ મી નરકવાળો વિભંગજ્ઞાન લઈને તિર્યંચ થાય ત્યારે)

★ **કેવળદર્શન :** કેવલી સમુદ્૦ વત્.. (કેવળજ્ઞાનમાં ૪ જ્ઞાન નષ્ટ થાય છે. તેમ કેવળદર્શનમાં ૩ દર્શન નષ્ટ થાય એ ઠીક લાગે છે. પણ અક્ષર જાણમાં નથી.)

**કાળ :**

**૧ જીવ** - ★ ચક્ષુદર્શન - જઘ૦ અંતર્મુહૂર્ત...

ઉત્કૃ૦ : ૨૦૦૦ સાગરોપમ/સાગરો૦ શતપૃથક્ત્વ.

ચક્ષુદર્શન લબ્ધિપર્યા૦ને હોય... અને પન્નવણામાં પર્યાપ્તાનો કાળ સાગરો૦ શત પૃથક્ત્વ કહ્યો છે. તેથી તેટલો આવે. વળી એ જ ગ્રંથમાં

ચક્ષુદર્શનનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૧૦૦૦ સાગરો૦નો કહ્યો છે. ત્યાં પર્યાપ્તા, અપર્યા૦ બન્નેને તે માન્યું છે. જેમ પંચેન્દ્રિયની કાયસ્થિતિ ઉત્કૃષ્ટથી સાધિક ૧૦૦૦ સાગરોપમની છે. તેમ ચક્ષુદર્શનની પણ જાણવી. અહીં લબ્ધિ અપર્યા૦ને આશ્રીને પણ ચક્ષુદર્શન ગણીને લીધું છે. જે પર્યા૦ત્રસની ૨૦૦૦ સાગરોની કાયસ્થિતિ માને છે તે **જીવસમાસના** મતે ૨૦૦૦ સાગરો૦ ચક્ષુદર્શનની કાયસ્થિતિ આવે. આમાં ક્યાં તો બેઈ૦ તેઈ૦ના સંખ્યાતા હજાર વર્ષની અલ્પતાના કારણે વિવક્ષા નથી. ક્યાં તો બેઈ૦ તેઈ૦ વિના પણ આ કાયસ્થિતિ પૂર્ણ થતી હશે.

★ અચક્ષુદર્શન : અનાદિ અનંત, અનાદિસાન્ત..

★ અવધિદર્શન : જઘ૦ ૧ સમય મતાંતરે - અંતર્મુહૂર્ત

ઉત્કૃષ્ટ - વિભંગજ્ઞાનીને અવધિદર્શન સ્વીકારીએ તો વચલા અન્તર્મુ૦માં અવધિદર્શન મળવાથી અવધિદર્શનનો ઉત્કૃષ્ટકાળ સાધિક ૧૩૨ સાગરો૦ નો આવે.

★ કેવળદર્શન : સાદિ અનંત... ઉપયોગાપેક્ષયા કેવલદર્શનનો કાળ ૧ સમય... તે સિવાય સર્વનો ઉત્કૃષ્ટકાળ અન્તર્મુ૦

**અનેકજીવ :** બધી માર્ગણાઓ ધ્રુવ છે.

## અંતર :

૧ જીવ : ચક્ષુદર્શન : જઘ. - ક્ષુલ્લક ભવ..

ઉત્કૃ૦ આવલિકાના અસં૦માં ભાગના પુદ્૦ પરાવર્તો..

● અવધિદર્શન : જઘ૦અંતર્મુ૦ ઉત્કૃ૦ દેશોનાર્ઘ પુદ્૦પરાવર્તો...

● અચક્ષુ, કેવળદર્શનમાં અંતર નથી.

## ભાગ :

ચક્ષુદર્શન / અવધિદર્શન, કેવળદર્શન.. સર્વજીવોના અનંતમા ભાગે ...

અચક્ષુદર્શન... અનંત બહુભાગ.

## ભાવ :

ચક્ષુ. અચક્ષુ. અવધિદર્શન - ક્ષયોપશમભાવે.. કેવળદર્શન - ક્ષાયિકભાવે.

## અલ્પબહુત્વ :

અવધિદર્શન : અલ્પ.

ચક્ષુદર્શન : a

કેવળદર્શન : A

અચક્ષુદર્શન : A

## લેશ્યા માર્ગણા

### સત્પદપ્રરૂપણા

લેશ્યા ૨ પ્રકારે - દ્રવ્ય..ભાવ..

જે મતે દેવ-નરકમાં દ્રવ્યલેશ્યા અવસ્થિત અને ભાવલેશ્યા પરાવર્તમાન માની છે. તે મતે સાતમી નરકમાંય ભાવથી શુક્લલેશ્યા આવી શકે છે. બીજા મતે ભાવલેશ્યા પણ અવસ્થિત છે. ફક્ત તે વિશુદ્ધ અને સંક્લિષ્ટ બને છે. પૂ. હરિભદ્રસૂરિ મ૰ના અને પાછળના પૂજ્ય આચાર્ય ભગવંતોના મતે દ્રવ્યલેશ્યા અવસ્થિત છે. જ્યારે મૂળગ્રન્થો વગેરેમાં કે જ્યાં દેવ-નારકને લેશ્યાનો દીર્ઘકાળ બતાવ્યો છે, ત્યાં દ્રવ્યભાવ એવો ભેદ પાડ્યો નથી. વળી, અશુભ ૩ લેશ્યામાં પણ આવશ્યક ચૂર્ણિમાં સમ્યક્ત્વ અને શ્રુતસામા૰ની પ્રાપ્તિ માની છે.... તેથી આપણે ત્યાં અર્થથી ૨ મત છે.

दव्वलेसं पडुच्च छसु लेसासु चत्तारि वि सामाइया दुविहा वि होज्जा । भावलेसं पडुच्च छहिं लेसाहि चउहिं सामाइएहिं पुव्वपडिवण्णओ होज्जा, पडिवज्जमाणयं पडुच्च चत्तारि वि सुक्कलेसाए होज्जा ।

अहवा पुव्वपडिवण्णगं पडुच्च सव्वासु वि लेसासु होज्जा चउरो वि पडिवज्जमाणयं पडुच्च संमत्तसुयाइं सव्वासु, तेउपम्हसुक्काइसु चरित्तं, चरित्ताचरित्तं च पडिवज्जति ।

**ષટ્ખંડાગમ** - વગેરેમાં દ્રવ્યભાવલેશ્યાના ભેદ પાડ્યા વિના એક જ પ્રરૂપણા કરેલી છે. વળી, જે મતે ભાવલેશ્યા નિયત છે. તે મતે તે સંક્લિષ્ટ અને વિશુદ્ધ બને છે. પણ, અમુક ભૂમિકા સુધી તે સંક્લિષ્ટ કે વિશુદ્ધ બની શકે છે, સર્વથા નહીં. અને તેથી એ બદલાઈ પણ જતી નથી. હાલમાં ભાવલેશ્યા અવસ્થિત હોવાનો મત પ્રચલિત નથી. છતાં હોય તો અવસ્થિત ભાવલેશ્યા દેવ-નારકને હોય. મનુ૰-તિર્યંચને પરાવર્તમાન હોય. ફક્ત સયોગી કેવલીને જેમ દ્રવ્યથી શુક્લ લેશ્યા અવસ્થિત છે. તેમ યોગ્યતારૂપે ભાવથી પણ તે અવસ્થિત હોવી જોઈએ..

દ્રવ્યલેશ્યાને કેટલાક શરીરના વર્ણ રૂપ પણ માને છે. પ્રત્યેક લેશ્યાના અસંખ્ય સ્થાનો છે. એનું સ્વરૂપ પન્નવણા,ઉત્તરા૰ લેશ્યાપદ, શતકચૂર્ણિ-ટીપ્પણ તથા ષટ્ખંડાગમમાં બતાવેલું છે.

મનુ૰ તિર્યંચને લેશ્યા અન્તર્મુહૂર્તે પરાવર્તનશીલ હોય છે.

સંજ્ઞી-તિર્યંચ-મનુષ્યને છ લેશ્યા હોય છે. અસંજ્ઞી બધા જીવોને ત્રણ અશુભ લેશ્યાઓ હોય છે. ફક્ત દેવમાંથી ઉત્પન્ન થનાર એકે૦માં, પૃથ્વી, અપ્ અને વનસ્પતિમાં અપર્યાપ્ત અવસ્થાના આદ્ય અંતર્મુ૦માં તેજોલેશ્યા હોય છે.

દેવતાને - ભવનપતિ - વ્યંતરમાં - ચાર લેશ્યા,

જ્યોતિષ - ૧-૨ દેવલોકમાં તેજો લેશ્યા,

૩-૪-૫- દેવ૦માં પદ્મલેશ્યા મતાંતરે ૩ થી ૮ દેવલોકમાં પદ્મલેશ્યા

છઠ્ઠા કે ૯મા દેવ૦ થી અનુત્તરમાં શુક્લ લેશ્યા.

| | |
|---|---|
| ૧-૨ નરકમાં | કાપોત લેશ્યા |
| ૩-જી નરકમાં | ઉપરની પ્રથમ પ્રતરમાં કાપોત અને નીલ લેશ્યા<br>નીચેની બધી પ્રતરમાં નીલ લેશ્યા.<br>(મતાંતરે બધી પ્રતરમાં કાપોત અને નીલ લેશ્યા) |
| ચોથી નરકમાં | નીલ લેશ્યા |
| ૫મી નરકમાં | ત્રીજી નરકની જેમ નીલ અને કૃષ્ણ લેશ્યા |
| ૬-૭ નરકમાં | કૃષ્ણ લેશ્યા. |

**દ્રવ્યપ્રમાણ :**

★ તેજો-પદ્મ-શુક્લ : પ્રતર/a અલેશ્ય - અનંત

★ કૃષ્ણ - નીલ-કાપોત : ૮ મે અનંતે...

**ક્ષેત્ર :**

★ કૃષ્ણ-નીલ - કાપોત : એકજીવ - L/a, ૧૪ રાજ

અનેક જીવ - સર્વલોક, ૧૪ રાજ

★ તેજો - એકજીવ - અનેક જીવ ઘનઃ L/a, સૂચિથી ૯ રાજ (૩જી નરકમાં ગયેલ દેવ મરણ સમુદ્૦થી સિદ્ધશિલામાં ઉત્પન્ન થાય ત્યારે.)

★ પદ્મ : ઘન - L/a, સૂચિથી - ૮ રાજ (દેવતાના ગમનાગમન હિસાબે)

★ શુક્લ : ઘન -L/a, સૂચિ ૭ અથવા ૬ રાજ..

(મનુ૦ કાળ કરી અનુત્તરમાં અથવા અનુત્તરવાસી કાળ કરી મનુ૦થાય તો..)

(આનતાદિ દેવો નરકમાં જતાં નથી. માટે તિર્ચ્છાલોકથી અચ્યુત સુધીના ગમનાગમન અપેક્ષાએ ૬ રાજ)

**સ્પર્શના :**

★ એકજીવ અનેકજીવ - કૃષ્ણ-નીલ-કાપોતઃ ઘનથી-સર્વલોક. સૂચિથી - ૧૪ રાજ..

તેજો : ઘનથી - સૂચિથી - ૯ રાજ..

★ પદ્મ : ઘનથી - ૮ રાજ.. સૂચિથી - ૮ રાજ..

★ શુક્લ : ઘનથી - ૬ રાજ. સૂચિથી - ૭ રાજ..

**કાળ:**

કૃષ્ણ : શુક્લ : જઘ૰ અંતર્મુહૂર્ત..

ઉત્કૃ૰ : ૨ અંતર્મુ૰ અધિક ૩૩ સાગરોપમ..

(લેશ્યા આગલા ભવમાં છેલ્લા અંતર્મુ.માં લેવા જાય, પછીના ભવમાં મૂકવા આવે છે. તેથી બે અંતર્મુ૰ અધિક આવે.) દેવ-નરકમાં તે તે આયુ૰માં નિયત એક જ લેશ્યા હોય છે. તેથી તે લેવા-મુકવા જાય એમ કહેવાય. મનુ.માં અને તિર્યંચમાં અનેક લેશ્યા હોય છે. અને પરાવર્તમાન હોય છે... તેથી મનુ૰ તિર્યંચની લેશ્યા લેવા આવી તેમ ન કહેવાય. બીજું મનુ૰ તિર્યંચમાં જનારને પણ ભવના ચરમ અંતર્મુ૰માં જે લેશ્યા છે તે મનુ૰તિર્યંચ પ્રાયોગ્ય છે. અને તે જ લેશ્યા લઈને મનુ૰ તિર્યંચમાં ઉત્પન્ન થાય છે. અને અંતર્મુ૰ તે લેશ્યા નવા ભવમાં રહે છે. છતાં આખા ભવમાં એક જ લેશ્યા રહે તે લેશ્યા લેવા મૂકવા જાય એમ વ્યવહાર કરાય.

★ નીલ : જઘ૰ અન્તર્મુહૂર્ત... ઉત્કૃ. P/a + ૧૦ સાગરોપમ (૫મી નરકના ૧લા પાથડામાં નીલલેશ્યા હોય તે હિસાબે.) અથવા મતાંતરે ૧૭ સાગરોપમ. (૫મી નરકમાં બધે નીલલેશ્યા હોય તે મતે.)

★ કાપોત : જઘ૰ અંતર્મુહૂર્ત : ઉત્કૃ. P/a + ૩ સાગરોપમ ( ૩જી નરકના ૧લા પાથડામાં P/a + 3 સાગરોપમ સ્થિતિવાળાને) મતાંતરે ૭ સાગરોપમ...(૩જી નરકમાં બધે કાપોત હોય તે મતે) (એક મતે : અમુક સ્થિતિ સ્થાનોમાં બન્ને લેશ્યાવાળા જીવો હોય છે.)

★ તેજો : જઘ૰ અંતર્મુહૂર્ત. ઉત્કૃ. P/a + ૨ સાગરોપમ. (શ્રેણિમાં તે તે ગુણાઠાણે૧ સમય રહી કાળ કરનારને તે તે ગુણઠાણે લેશ્યાકાળ ૧ સમય મળે. પરંતુ તેની પહેલાં તથા દેવભવમાં પણ તે લેશ્યા હોવાથી લેશ્યાનો કાળ ૧ સમય ન મળે.. આવેલી લેશ્યા ૧ સમયથી યાવત્ સંખ્યાતા સમય સુધી બદલાતી નથી. તેથી છએ લેશ્યાનો જઘન્યકાળ અંતર્મુ૰થી ઓછો ન આવે.)

★ પદ્મ : જઘ૰ - અંતર્મુહૂર્ત...ઉત્કૃ૰ ૧૦/૧૮ સાગરોપમ. આગમ મતે પદ્મલેશ્યા ૫મા દેવલોક સુધી જ છે. જ્યારે કાર્મગ્રંથિક મતે ૮મા દેવલોક સુધી છે. તેથી ૨

અંતર્મુહૂર્ત અધિક ૧૦ અથવા ૧૮ સાગરોપમ આવે...

★ તિર્યંચ - મનુ૦ની અપેક્ષાએ શુક્લલેશ્યા ૧૩ મે ગુણઠાણે ઉત્કૃ૦થી દેશોન પૂર્વક્રોડ મળે, શેષ સર્વત્ર અન્તર્મુ૦

## અંતર :

૧ જીવ : કૃષ્ણાદિ ૩ - જઘ૦ અંતર્મુહૂર્ત..

ઉત્કૃ૦ સાધિક ૩૩ સાગરો૦

(૧ થી ૪ ગુણઠાણે મનુ૦ તિર્યંચને ૬એ લેશ્યાઓ અંતર્મુહૂર્તે પરાવર્તમાન છે. તિર્યંચને ૫મે ગુણઠાણે, મનુ૦ને ૫/૬ઠ્ઠે ૩ શુભલેશ્યા અંતર્મુહૂર્તે પરાવર્તમાન છે. તેથી દેવ-નરકના કાળ સિવાય છએ લેશ્યામાં અંતર્મુ૦થી વધુ અંતર આવે નહિ.)

★ તેજા-પદ્મ-શુકલ : જઘ૦ અંતર્મુહૂર્ત.

ઉત્કૃ૦ આવલિકા/a પુદ્ગ૦ પરા૦

**અનેકજીવ :** સઘળીય માર્ગણા ધ્રુવ છે. અંતર નથી. (આ વાત દ્રવ્ય-ભાવ બન્ને લેશ્યાને આશ્રીને છે.)

## ભાગ :

કૃષ્ણાદિ ૩ લેશ્યા ભેગી ગણો તો સર્વજીવના અનંત બહુભાગ..

જુદી જુદી ગણો તો કૃષ્ણમાં સાતિરેક ત્રીજો ભાગ..

નીલ-કાપોતમાં દેશોન ત્રીજો ભાગ

(મુખ્યતયા આ વાત તિર્યંચગતિમાં સમજવી.)

★ તેજો-પદ્મ-શુક્લ - અનંતમા ભાગે...

## ભાવ

છએ લેશ્યા ઔદયિક ભાવે... (કર્માષ્ટક કે શરીરનામ કર્મના ઉદયથી.)

## અલ્પ બહુત્વ :

| | |
|---|---|
| શુક્લ - | અલ્પ |
| પદ્મ - | S |
| તેજો - | S |
| અલેશ્ય - | A |
| કાપોત - | A |
| નીલ - | V |
| કૃષ્ણ - | V |

## ભવ્ય માર્ગણા

### સત્પદપ્રરૂપણા

ભવિતું યોગ્યઃ ભવ્યઃ સિદ્ધ થવાને યોગ્ય એ ભવ્ય. તદ્ભિન્ન અભવ્ય.

| ભવ્ય : | | અભવ્ય : |
|---|---|---|
| ૮મે અનંતે... | દ્રવ્યપ્રમાણ | ૪થે અનંતે. |
| સર્વલોક | ક્ષેત્ર | સર્વલોક |
| સર્વલોક | સ્પર્શના. | સર્વલોક. |
| અનાદિસાંત | કાળ | અનાદિઅનંત |
| નથી | અંતર | નથી |
| અનંતબહુભાગ | ભાગ | અનંતમોભાગ |
| પારિણામિક | ભાવ | પારિણામિક |

### અલ્પબહુત્વ

| | |
|---|---|
| અભવ્ય | અલ્પ |
| સમ્યક્ત્વપતિત - | A |
| સિદ્ધ - | A |
| ભવ્ય - | A |
| જાતિભવ્ય - | A |

## સમ્યક્ત્વ માર્ગણા

સમ્યક્ત્વ એટલે સિદ્ધાવસ્થાનું - શુદ્ધસ્વરૂપનું આંશિક સંવેદન. એટલે સંસારની બધી જ અવસ્થાઓમાં અપેક્ષાએ હેયપણાનું સંવેદન પણ આવે જ. તથા તપ-જ્ઞાન વગેરે મોક્ષના સાધન તરીકે ઉપાદેય હોવા છતાં જો એ, એમાં અજ્ઞાન, વિષય કે કષાયોના આવેશ ભળવાના કારણે સાધ્યભૂત મોક્ષના બાધક બનતા હોય તો એમાં હેયપણું સમજાય. માટે તપ-જ્ઞાન વગેરે સાધનભૂત હોવા છતાં આજ્ઞાનિરપેક્ષ બને ત્યારે તે બાધક થાય છે. એટલે એમાં સાધનપણાની કલ્પના એ સમ્યક્ત્વ નથી.

દ્રવ્યસમ્યક્ત્વ તરીકે - વ્યવહાર સમ્યક્ત્વ તરીકે - ભાવ સમ્યક્ત્વના કારણ તરીકે શાસ્ત્ર ઉપર અને પરમાત્માના વચન ઉપર શ્રદ્ધા ઉત્પન્ન કરવા અને અસ્થિમજ્જા કરવા માટે 'તમેવ સચ્ચં નિસ્સંકં જં જિણેહિં પવેઈયં' શબ્દથી સૂચિત ભાવના એ પણ સમ્યક્ત્વ કહેવાય છે. એ જ રીતે 'અરિહંતો મહ દેવો'

વગેરે ભાવના પણ ભાવસમ્યક્ત્વના કારણભૂત પ્રધાન દ્રવ્ય સમ્યક્ત્વના લક્ષણયુક્ત છે. જેવી રીતે ઉતમકોટિની સાધના કરનારને આ ભાવમાં જ્ઞાન ન હોય તો પણ ભવાંતરમાં વિશિષ્ટ જ્ઞાન મળે છે. તેવી રીતે ઉપરોક્ત બે ભાવનાઓ ભાવનારને કર્મના ક્ષયોપશમ દ્વારા, શુભ પુણ્યોદય દ્વારા વિશિષ્ટ સંયોગો, વિશિષ્ટ ક્ષયોપશમ અને સ્વાનુભવ ભવાંતરમાં થાય છે. પરંતુ એ ભાવના વગરનાને થયેલો અનુભવ પણ વિષયકષાયના ઝંઝાવાતથી ખસી જતાં વાર લાગતી નથી.

સમ્યક્ત્વના ત્રણ ભેદ છે. ઔપશમિક - ક્ષયોપશમિક - ક્ષાયિક.

ઉપશમ સમ્યક્ત્વ બે પ્રકારનું છે.

(૧) પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ, અને

(૨) શ્રેણિનું ઉપશમ સમ્યક્ત્વ.

પ્રથમ ઉપશમ સમ્યક્ત્વમાં અનંતાનુબંધી ચારનો ક્ષયોપશમ હોવા સાથે દર્શન ત્રિકનો ઉપશમ હોય છે. અને ઉપશમ શ્રેણિમાં અનંતાનુબંધી ચારની વિસંયોજના કે ઉપશમ સાથે દર્શન ત્રિકનો ઉપશમ હોય છે. ઉપશમ એટલે અંતર્મુ૦કાળ સુધી રસોદય કે પ્રદેશોદયથી તે તે કર્મ ઉદયમાં ન હોવું. કેટલાકના મતે અનંતાનુબંધીનો ઉપશમ માન્યો જ નથી. પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ સિદ્ધાંતિક મતે એકવાર પમાય છે, કેમકે એ મતે આત્મામાં સમ્ય. મોહ અને મિશ્રમોહની સત્તા ન હોય તો પણ બે કરણ દ્વારા જ ત્રણ પુંજ કરીને સીધુ ક્ષયોપશમ સમ્ય. પમાય છે. કાર્મગ્રંથિક મતે ઉપરોક્ત બે પ્રકૃતિની સત્તા ન હોય તો અવશ્ય ઉપશમ સમ્ય૦ પામવું પડે છે. તેથી આ બે પ્રકૃતિની ઉદ્વેલના કર્યા બાદ મિથ્યાત્વી આત્મા અવશ્ય ઉપશમ સમકિત પામે છે. તેથી આવું અનેકવાર થવાથી અનેક વખત ઉપશમ સમકિત પમાય છે. છતાં એને જાતિથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ જ કહેવાય છે. માટે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ જાતિ તરીકે એક હોવાથી એક ગણવું. બીજું ઉપશમ સમ્યક્ત્વ છઠ્ઠા-સાતમા ગુણસ્થાનકે પમાય છે, મતાંતરે ચોથે પમાય છે.

ઉપશમ શ્રેણિ માંડનાર સાધુને જે પરિણામ હોય તે પરિણામ ગૃહસ્થને પણ આવી શકે છે. અર્થાત્ સંયમસ્વીકારવાની ભાવનામાંથી સંયમ સ્વીકારેલાની ભાવનામાંય આવી જાય. તેથી ગૃહસ્થને ઉપશમ શ્રેણિ માંડવામાં હરકત જેવું નથી. છતાં તેના નિષેધના કે વિધાનના સ્પષ્ટ અક્ષરો જાણવામાં નથી.

ઉપશમ શ્રેણિ માંડનારે જો ક્ષાયિક સમકિત ન હોય તો તે શ્રેણિ માંડયા પહેલાં ઉપશમ સમકિત પામવું જ પડે. તે ઉપશમ સમકિત ક્ષયોપશમ સમકિતમાંથી જ પમાય. તે ઉપશમ સમકિતની પ્રાપ્તિ કાર્મગ્રંથિક મતે વધુમાં વધુ ૭માં ગુણ

સુધીમાં થઈ જાય. સિદ્ધાંત મતે ક્ષયોપશમ સમકિતી ઉપશમ સમકિત પામવાની શરૂઆત કરે. અને કાંઈક ઉપશમ બાકી હોય ત્યારે ૮મે જાય. અને પછી ૯મે સંપૂર્ણ ઉપશમ સમકિત પામે. કામગ્રંથિક મતે આ વાતનો વિરોધ છે. કેમકે ૮ મે સમ્યo મોહoનો ઉદય જ નથી. તેથી ૮મા ગુણo પહેલાં ઉપશમ સમ્યo પમાયેલ હોવું જોઈએ. સિદ્ધાંત મતે ૯મે ગુણે સમ્યo મોહo સંપૂર્ણ ઉપશમાવે. તે પણ માત્ર ચડતા જ...નહિ કે પડતા.. અહીં પ્રધાન મત ૭મે ઉપશમ સમ્યo પામી આગળ વધે તે જાણવો.

ઉપશમ શ્રેણિ ચડતાં ૮-૯-૧૦ મે ગુણઠાણે ગમે ત્યાં કાળ કરી શકે છે. ફક્ત કેટલાંકના મતે ચડતાં ૮ મે ગુણઠાણે નિદ્રાદ્વિકનો બંધ વિચ્છેદ ન થાય ત્યાં સુધી કાળ ન કરે આ એક મત છે. પણ પ્રધાન મત નથી. કાર્મગ્રંથિક મતે પ્રથમવાર ઉપશમ સમકિત જ પામે. બીજીવાર જેમને સમ્યo મોહoની સત્તા ન હોય. અર્થાત્ જે મિથ્યાત્વે જઈને P/a થી વધુ સમય મિથ્યાત્વે રહે, તેને સમ્યoમોહo ઉવેલાઈ જાય. તેથી તે ક્ષયોપશમ પામી ન શકે. તેને ઉપશમ સમકિત જ પામવું પડે. સિદ્ધાંતના મતે તો અનાદિ મિથ્યાત્વી પણ સીધું ક્ષાયોપo સમ્યક્ત્વ પણ પામી શકતો હોવાથી એકે વાર ઔપo ન પામે એવું પણ બને. ભવચક્રમાં ઉપશમશ્રેણિ ન જ માંડે, તો પણ કાર્મગ્રંથિક મતે એકવાર તો ઔપo પામવું પડે છે એ જાણવું .

ઉપશમ શ્રેણિથી ઉતરતા ચોથા સુધી ઉપશમ સમ્યક્ત્વ લઈને આવી શકે છે. પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ ચારે ગતિમાં પમાય છે, સાતમી નરકમાં પણ પમાય છે. પ્રથમ ઉપશમ સમ્યક્ત્વમાં કોઈ જીવ કાળ કરતો નથી. દ્વિતીય ઉપશમ સમ્યક્ત્વમાં કાળ કરે છે. પરંતુ એક મતે કાળ કરતાની સાથે જેમ ઉપશમ ચારિત્ર નષ્ટ થાય છે. તેમ ઉપશમ સમ્યક્ત્વ પણ નષ્ટ થાય છે. બીજા મતે ઉપશમ સમ્યo લઈને વૈમાo દેવલોકમાં જાય છે ત્યાં ફક્ત અપર્યાo અવસ્થામાં ઉપશમ સમ્યo હોય છે. પર્યાo અવસ્થા આવતા પહેલાં એ જતું રહે છે. એટલે વૈમાનિક સિવાયની દેવમાં અને બીજી ગતિઓમાં અપર્યાo અવસ્થામાં ઉપશમ સમ્યક્ત્વ ન હોય.

ઉપશમ સમ્યક્ત્વની વ્યાખ્યામાં અનંતાનુબંધી ૪ અને દર્શન ત્રિકનો ઉપશમ બતાવેલ હોવાથી પ્રથમ ઉપશમ સમ્યક્ત્વમાં કેટલાક અનંતાનુબંધી ૪નો ઉપશમ માને છે. પણ તે વ્યાજબી નથી, કેમ કે મિથ્યાદૃષ્ટિને અનિવૃત્તિકરણમાં દર્શન મોહનીય સિવાય ૨૫ની દેશોપશમના કર્મપ્રકૃતિમાં ઉપશમના કરણમાં બતાવેલી છે. ત્યાં જેમ મિથ્યાત્વની દેશોપશમના મિથ્યાત્વના કારણે નષ્ટ થાય છે તેમ જો અનંતાનુબંધીનો ઉપશમ થતો હોય તો તેનું પણ અનિવૃત્તિકરણ થતું હોવાથી તેની પણ દેશોપશમના નષ્ટ થવી જોઈએ અને તો પછી ૨૬-૫=૨૧ની

દેશોપશમના બતાવવી જોઈએ. પણ ૨૫ની બતાવી છે. બીજું અનંતાનુબંધીના જઘન્ય રસસંક્રમ તરીકે જો પ્રથમ ઉપશમ સમ્યક્ત્વ વખતે અનંતાનુબંધીની ઉપશમના માનવાની હોય તો અનિવૃત્તિકરણના છેલ્લા સમયે બાંધેલું જે દલિક સમયોન બે આવલિકા કાળમાં ઉપશમાવે છે અને સંક્રમાવે છે તેના ચરમ સમયે પુરુષવેદ અને સંજ્વલન ત્રણના ન્યાયથી જઘન્ય રસસંક્રમ આવે. પરંતુ અનંતાનુબંધી વિસંયોજના કરીને મિથ્યાત્વે ગયેલાને પ્રથમ સમયે બાંધીને આવલિકા બાદ પ્રથમ સમયે સંક્રમાવતા જઘન્ય રસસંક્રમ જે બતાવ્યો છે તે સૂચવે છે કે પ્રથમ ઉપશમ સમ્યક્ત્વમાં અનંતાનુબંધીનો ઉપશમ નથી.

**ક્ષાયિક સમ્યક્ત્વ** મનુષ્યમાં પમાય છે. પ્રારંભક મનુષ્ય હોય છે. પ્રથમ અનંતાનુબંધીની વિસંયોજના કરવી પડે છે. તે અનંતાનુબંધીની વિસંયોજના ચારે ગતિમાં થાય છે. સાતમી નરકથી માંડીને અનુત્તર સુધી વિસંયોજના થાય છે. પરંતુ દર્શન ત્રિકની ક્ષપણા પ્રથમ સંઘયણી મનુષ્ય કેવલીકાળમાં કરે છે. એ આઠ વર્ષથી પૂર્વકોટિના આયુષ્યવાળો હોય. આવા મનુષ્યનું યુગલિક ક્ષેત્રમાં સંહરણ થાય તો પણ ક્ષપણા કરી શકે છે. મિથ્યાત્વ અને મિશ્ર મોહનીય મનુષ્યપણામાં જ સંપૂર્ણ ખપાવે છે. સમકિત મોહનીય લગભગ ખપ્યા પછી અંતર્મુ૰ બાકી હોય ત્યારે જીવ કાળ કરીને વૈમાનિક દેવ, યુગલિક તિર્યંચ- મનુષ્ય, ૧લી નરક અને મતાંતરે પહેલી ત્રણ નરક સુધી જઈને ત્યાં ભોગવીને ક્ષાયિક સમકિત પામે છે. તેથી આટલી જગ્યાએ મોહનીયની ૨૨ની સત્તા મળે. આ સમ્યક્ત્વ ક્ષયોપશમ સમ્ય૰ કહેવાવા છતાં કૃતકરણ ક્ષયોપશમ સમ્યક્ત્વ કહેવાય. ત્યારબાદ અંતર્મુ૰ કાળમાં અવશિષ્ટ સમ્ય૰ મોહનીય ખપાવીને અવશ્ય ક્ષાયિક સમકિત પામે.

ક્ષાયિક સમકિત પામનાર જો આયુષ્ય ન બાંધ્યું હોય તો સામાન્યથી ક્ષાયિક સમકિત પામીને અંતર્મુ૰માં ક્ષપકશ્રેણિ માંડે છે. પરંતુ જો જિનનામકર્મ નિકાચિત કર્યું હોય તો આયુષ્ય બાંધ્યું ન હોવા છતાં ક્ષપકશ્રેણિ માંડી શકે નહીં, એટલે કે સાતનો ક્ષય કરીને અટકવું જ પડે. તેથી ક્ષાયિક સમકિતીને ત્રીજા ભવમાં દેશોન પૂર્વકોટિ કાળ ઘટી શકે છે અને ક્ષાયિક સમકિતી પ્રથમ ભવમાં ૪, ૫, ૬ ગુણઠાણે આયુષ્યબંધ પણ કરે છે. ક્ષાયિક સમ્યક્ત્વીને મુખ્યતયા તદ્ભવે મોક્ષ, દેવ-ભવનું આયુ૰ હોય તો ત્રણ ભવે મોક્ષ, અને યુગલિક આયુ૰ હોય તો ચાર ભવે મોક્ષ થાય છે. અપવાદ તરીકે દુપ્પસહ સૂરિની જેમ વચ્ચે ત્રીજા ભવમાં સામગ્રીના અભાવથી મોક્ષ ન થાય તો પાંચ ભવ થાય. બે ભવ કોઈને થતા નથી.

ક્ષાયિક સમ્યક્ત્વની વિશુદ્ધિ સમ્યક્ત્વની અપેક્ષાએ એકસરખી છે, કષાય - નોકષાયની અપેક્ષાએ વધ-ઘટ હોય છે. એ રીતે ઉપશમ સમ્યક્ત્વમાં પણ જાણવું.

**ક્ષાયોપશમિક સમ્યક્ત્વ** - ક્ષાયોપ૦ સમ્યક્ત્વને મોહનીયની સામાન્યથી ૨૮ કે ૨૪ની સત્તા હોય છે. આ સમ્ય૦ ચારે ગતિમાં હોય છે. એમાં ૪ અનંતા૦ મિથ્યાત્વ અને મિશ્રનો રસોદય હોતો નથી. માત્ર પ્રદેશોદય હોય છે. ઉદયનિષેકમાં રહેલા મિથ્યા૦- મિશ્રના દલિકો સમ્ય૦ મોહનીયનો જેટલો રસ ઉદયમાં હોય એટલા રસવાળા થઈને સમ્ય૦ મોહનીય રૂપે ઉદયમાં આવે છે. (૧) આ ક્ષય કહેવાય છે.

(૨) ઉદયાવલિકાની ઉપર રહેલા મિથ્યાત્વ અને મિશ્રના દલિકો સ્વ સ્વરૂપે ઉદીરણા દ્વારા ઉદયમાં ન આવી જાય એ રીતે દબાવેલા હોય છે. આ ઉપશમ કહેવાય છે.

(૩) સમ્યક્ત્વ મોહનીયનો અમુક માત્રા સુધીનો રસ ઉદયમાં હોય છે. આ ઔદયિક ભાવ છે. પણ ઉપરનો જેટલો રસ ઉદયમાં નથી હોતો એટલા અંશે ક્ષયોપશમ કહેવાય છે. આ ક્ષયોપ૦ તથા (૧) + (૨)થી થયેલ ક્ષયોપ૦... આ બધાનો ભેગો પરિણામ એ ક્ષાયોપ૦ સમ્ય૦ કહેવાય છે. (૩)માં ઉદયપ્રાપ્ત રસ જેટલો ઘટે એટલું સમ્ય૦ નિર્મળ થાય છે ને એ રસ જેટલો વધે એટલું સમ્ય૦ મલિન થાય છે.

શ્રેણિ માટેનું ઉપશમ સમ્ય૦ ક્ષાયોપ૦ સમ્ય૦માંથી પ્રાપ્ત થાય છે. એ માટે ૩ કરણ કરે છે. એમાં અનિવૃત્તિકરણે અંતરકરણ કરે છે. એમાં મિથ્યા૦ મિશ્રની પ્રથમ સ્થિતિ ૧ આવલિકા, જ્યારે સમ્ય૦ની અંતર્મુ૦ કરે છે. અંતરમાં પ્રવેશે ત્યારથી ઉપરોક્ત ૩ વાતોમાંથી પ્રથમ વાત હોતી નથી.

ક્ષાયિક પામનારને પણ માત્ર સમ્યક્ત્વની સત્તા રહે ત્યારે પણ ક્ષાયોપશમિક સમ્યક્ત્વી જ કહેવાય છે. એ વખતે માત્ર ત્રીજી વાત જ લાગુ પડતી હોય છે.

ક્ષાયોપશમિક સમ્યક્ત્વ ૪ થી ૭ ગુણઠાણે હોય છે. ક્ષાયોપ૦ સમ્યક્ત્વી પડીને જો મિથ્યાત્વે જાય તો સમ્ય૦ મોહનીય અને મિશ્ર મોહ૦ ને ઉવેલીને મિથ્યાત્વ રૂપ બનાવવા માંડે છે. કુલ P/a કાળમાં પાછો ૨૬ની સત્તાવાળો થઈ જાય છે.

એક જીવ ક્ષાયોપ૦ સમ્ય૦ આખા ભવચક્રમાં અસં૦ વાર પામી શકે છે.

**મિશ્રદૃષ્ટિ :** સમ્ય૦ મોહ૦ અને મિથ્યા૦ મોહની વચમાં રહેલા સ્પર્દ્ધકોને મિશ્રમોહનીય કહે છે. આ સ્પર્દ્ધકો સર્વઘાતી રસવાળા દ્વિસ્થાનિક હોય છે. આના ઉદયે ત્રીજું ગુણઠાણું આવે છે. મિથ્યા૦ના તીવ્ર રસવાળા સ્પર્દ્ધકો સમ્યક્ત્વની હાજરીમાં જ મંદ રસવાળા બની મિશ્ર મોહ૦ રૂપે પરિણમતા હોવાથી સમ્યક્ત્વની પ્રાપ્તિ પૂર્વે આ ગુણ૦ પામી શકાતું નથી. છઠ્ઠા-પાંચમાં-ચોથા અને પહેલા ગુણ૦થી ત્રીજે આવી શકાય છે. ત્રીજેથી માત્ર પહેલે કે ચોથે જઈ શકાય છે. અહીં મિશ્રમોહ૦નો સર્વઘાતી રસોદય હોવાથી ઔદયિકભાવ કહેવાય છે.

**સાસ્વાદન -** અહીં દર્શનમોહનીયનો ઉદય ન હોવાથી સમ્યક્ત્વ આવરાયેલું ન હોવાના કારણે સમ્યક્ત્વ કહેવાય છે. છતાં અનંતાનુ૦નો ઉદય હોવાથી ઊલટી

બાદના કંઈક આસ્વાદ જેવો જ સમ્યક્ત્વનો આસ્વાદ હોવાથી સાસ્વાદન કહેવાય છે. અથવા પ્રાપ્ત સમ્યક્ત્વ ગુણથી પડવાનું હોવાથી (આશાતન હોવાથી) સાસાતન કહેવાય છે. ૪, ૫ કે છટ્ઠે ગુણઠાણેથી અહીં અવાય છે ને અહીંથી માત્ર ૧લે જ જાય છે.

**મિથ્યાત્વ** - જીવ અનાદિકાળથી આ ગુણઠાણે હોય છે. અભવ્ય અને અચરમાવર્તવર્તી ભવ્ય જીવોનો અહીં ક્યારેય આંતરિક વિકાસ હોતો નથી. ભવ્ય જીવો ચરમાવર્તમાં આવ્યા બાદ મિથ્યાત્વની મદંતાના કારણે અપુનર્બન્ધકાદિ અવસ્થાઓ અને યોગની ૪ દૃષ્ટિઓ સુધીનો વિકાસ સાધી શકે છે. એટલે અન્ય ગ્રન્થકારોએ આ અવસ્થાઓમાં, મિથ્યાત્વ મોહ૦નો સર્વઘાતી ઉદય હોવા છતાં ક્ષયોપશમ માન્યો છે.

**દ્રવ્યપ્રમાણ :**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ઔપ૦ | ૧ | P/a | વેદક | ૧ | ૧૦૮ |
| ક્ષાયોપ૦ | P/a | P/a | સમ્ય૦ સામા૦ | ભવસ્થ P/a | સિદ્ધ-અનંતા |
| ક્ષાયિક | P/a | P/a (જઘન્યથી V) | મિશ્ર | ૧ | P/a |
| સિદ્ધો | અનંત | - | મિથ્યાત્વી | અનંત | અનંત |

**ક્ષેત્ર :**

**ઘનરાજ** - મિથ્યાત્વ - ૧ જીવ - L/a, અનેકજીવ - સર્વલોક
શેષ સર્વત્ર - L/a

**સૂચિરાજ**

| | એકજીવ | અનેકજીવ |
|---|---|---|
| ક્ષાયિક, ક્ષાયોપ૦, સમ્ય૦ સામાન્ય | ૮ રાજ | ૧૨ રાજ |
| ઔપશમિક | ૮ રાજ | ૯ રાજ |
| સાસ્વાદન | ૯ રાજ | ૧૨ રાજ |
| મિશ્ર | ૮ રાજ | ૮ રાજ |
| વેદક | L/a | L/a |
| મિથ્યાત્વ | ૧૪ રાજ | સર્વલોક. |
| ક્ષાયિકને કેવલિસમુદ્૦માં સર્વલોક-દેશોન લોક, ૧૪ રાજ... | | |

## સ્પર્શના

| | એકજીવ | | અનેકજીવ | |
|---|---|---|---|---|
| | સૂચિરાજ | ઘનરાજ | સૂચિરાજ | ઘનરાજ |
| ક્ષાયિક | ૭ રાજ | L/a | ૯ રાજ | ૮ રાજ |
| ક્ષાયોપ૦ સમ્ય૦ સામા૦ } | ૧૨ રાજ | L/a | ૧૨ રાજ | ૮ રાજ |
| ઔપ૦ | ૯ રાજ | L/a | ૯ રાજ | ૮ રાજ |
| ૧ વેદક | ૭ રાજ | L/a | ૧૨ રાજ | L/a |
| મિશ્ર | ૧૨ રાજ | L/a | ૧૨ રાજ | ૧૨ રાજ |
| સાસ્વાદન | ૧૨ રાજ | L/a | ૧૨ રાજ | ૧૨ રાજ |
| મિથ્યાત્વ | સર્વલોક | | | |

(૧) જેમ કૃતકરણમાં મૃત્યુ થાય છે એમ મરણસમુદ્૦માં પણ વેદક સમ્ય૦ પામી શકાય છે. તેથી તે ૧ સમયનું હોવા છતાં ૭, ૯ સૂચિરાજ સ્પર્શના મળી શકે છે.

## કાળ

**એકજીવ**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ | | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|---|---|---|
| ક્ષાયિક | અન્તર્મુ૦ | { સાધિક ૩૩ સાગરો૦ { સાદિ અનંત | સમ્ય૦ સામા૦ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ |
| મિશ્ર-ઔપ૦ | અન્તર્મુ૦ | અન્તર્મુ૦ | સાસ્વાદન | ૧ સમય | ૬ આવલિકા |
| ક્ષાયોપ૦ | અન્તર્મુ૦ | { સાધિક ૬૬ સાગરો૦ | મિથ્યાત્વ | અન્તર્મુ૦ અનાદિ - અનંત, સાન્ત | { દેશોન અર્ધ પુદ્૦ પરા૦ |
| વેદક | ૧ સમય | ૧ સમય | | | |

**અનેકજીવ**

| | જઘન્ય | ઉત્કૃષ્ટ |
|---|---|---|
| ઔપ૦ મિશ્ર | અન્તર્મુ૦ | P/a |
| સાસ્વાદન | ૧ સમય | P/a |
| વેદક | ૧ સમય | ૮ સમય |
| શેષ માર્ગણાઓ ધ્રુવ છે. | | |

## અંતર

| | એકજીવ | | અનેકજીવ | |
|---|---|---|---|---|
| | જઘન્ય | ઉત્કૃષ્ટ | જઘન્ય | ઉત્કૃષ્ટ |
| પ્રથમ ઔપ૦ | P/a | દેશોનાર્ધ પુદ્૦ પરા૦ | ૧ સમય | ૭ દિવસ |
| શ્રેણિનું ઔપ૦ | અન્તર્મુ૦ | દેશોનાર્ધ પુદ્૦ પરા૦ | ૧ સમય | વર્ષ પૃથક્ત્વ |
| ક્ષાયોપ૦ | અન્તર્મુ૦ | દેશોનાર્ધ પુદ્૦ પરા૦ | અંતર નથી. | |
| ક્ષાયિક | અંતર નથી | | અંતર નથી. | |
| મિશ્ર | અન્તર્મુ૦ | દેશોનાર્ધ પુદ્૦ પરા૦ | ૧ સમય | P/a |
| સાસ્વાદન | અન્તર્મુ;P/a | દેશોનાર્ધ પુદ્૦ પરા૦ | ૧ સમય | P/a |
| મિથ્યાત્વ | અન્તર્મુ૦ | સાધિક ૧૩૨ સાગરો૦ | અંતર નથી. | |

## ભાગ

મિથ્યાત્વ - અનંતબહુભાગ.... શેષ - અનંતમો ભાગ

## ભાવ

★ મિશ્ર - મિથ્યાત્વ - ઔદયિક ભાવ. ★ શેષ - સ્વ-સ્વભાવે.

★ [1]સાસ્વાદન - પારિણામિક - ઔદ૦ ★ સમ્ય૦ સામા૦ - ત્રણેય ભાવમાં.

(૧) સાસ્વાદનમાં અનંતા૦નો ઉદય તથા દર્શન ૩નો ઉપશમ આ બંને છે. કારણરૂપે તેમાં ઉપશમ ભાવ ૪થેથી બતાવ્યો છે. તથા ઉપશમથી આ ગુણ૦ પમાતું નથી. ઉપશમભાવ હોવા છતાં અનંતાનુ૦૪ના ઉદયથી આ ગુણ પમાય છે. તથા ઔદયિકભાવ હેતુ તરીકે છે. ગ્રંથાન્તરોમાં આ ગુણ પારિણામિક ભાવે પણ બતાવેલ છે...

## અલ્પબહુત્વ

| | |
|---|---|
| વેદક | અલ્પ |
| સાસ્વાદન.. | a |
| મિશ્ર.. | a |
| ક્ષાયિક... | a |
| ઉપશમ.. | a |
| ક્ષયોપશમ.. | a |
| સામાન્ય સમ્ય. | v |
| મિથ્યાત્વ | A |

★ જે મતે બધા સમ્યક્ત્વીઓને અદ્ધા P/a માન્યા છે. તે મતે સાસ્વા૦ કરતા ક્ષયિક a. જે મતે ક્ષાયિક ભિન્ન સમ્યક્ત્વીઓને ક્ષેત્ર P/a માન્યા છે એ મતે ક્ષાયિક કરતાં સાસ્વાદન a જાણવા.

★ પ્રથમ ગુણ૦થી ઉપશમ સમ્ય૦ પામતા જીવો સંસારી ક્ષાયિક સમ્યક્ત્વી કરતાં a ગુણ લાગે છે.

★ **ક્ષાયિક સમ્યક્ત્વી :** ક્ષાયિક સમકિતનો પ્રારંભક પર્યા૦ મનુ૦ જ છે. તથા છદ્મસ્થોને ક્ષાયિક સમ્યક્ત્વની કાયસ્થિતિ સાધિક ૩૩ સાગરો૦ની છે અને તેટલા કાળમાં પર્યા૦ મનુ૦ અદ્ધા P/a જેટલા જ થાય. તેથી સંસારમાં ગમે ત્યારે ક્ષાયિક સમ્યક્ત્વી અદ્ધા P/a જેટલા જ મળે. તેથી કદાચ કોઈ જગ્યાએ ક્ષેત્ર P/a બતાવ્યો હોય તો ત્યાં અદ્ધા P/a ભાગ જ સમજવો.

★ મનુષ્યમાં અલ્પ ... સંખ્યાતા મળે.

★ નરકમાં a... અસંખ્યાતા મળે.

★ તિર્યંચમાં s... અસંખ્યમળે, **કષાય પ્રાભૃત.. તત્ત્વાર્થભાષ્ય...**

★ દેવમાં... s... (અસંખ્ય મળે. અદ્ધા P/a..)

(દેવમાં ક્ષાયિક સમ્યક્ત્વ ભવન૦ વ્યંતર, જ્યો૦ ને ન હોય..)

(તિર્યંચગતિમાં ક્ષાયિક સમ્યક્ત્વ યુગલિકને જ હોય. તેથી સંખ્યાતા જ મળે. **ભગવતી...**)

★ **ઉપશમ સમ્યક્ત્વી**

મનુ૦ અલ્પ... સંખ્યાતા

નરક, તિર્યંચ, દેવમાં, ક્રમશઃ a-a

| મોક્ષે જનાર | ૧ સમયે | અંતર | અલ્પબહુત્વ |
|---|---|---|---|
| અપતિત સમ્ય૦ | ૪ | સાગરોપમ/a | અલ્પ |
| સંખ્યાતકાળ પતિત સમ્ય૦ | ૧૦. | સંખ્યાતા હજાર વર્ષ | a |
| અસં. કાળ પતિત સમ્ય૦ | ૧૦. | સંખ્યાતા હજાર વર્ષ | s |
| અનંતકાળ પતિત સમ્ય૦ | ૧૦૮. | સાધિક૧વર્ષ | s |

અસં૦ કાળ પતિત કરતાં અનંત કાળપતિતનું અંતર સંખ્યાતમા ભાગે છે. તેથી અનંતકાળપતિત જીવો પૂર્વજીવો કરતાં s આવે છે. સર્વત્ર પાઠ a છે. એ અશુદ્ધ જાણવો.

એક જ સમયમાં ૧૦૮ જીવો મોક્ષે જાય તો તેટલી સંખ્યા અપતિતની ન લેવી. ૧૦૮માં બધાય અનંતકાળ પતિત હોય અથવા અપ્રતિપતિત ૪; સંખ્યાત કાળ પતિત ૧૦; અસં૦ કાળપતિત ૧૦; અનંતકાળ પતિત ૮૪ હોવા ય સંભવે છે. આમ ૧૦૮ની સંખ્યા પૂર્ણ થાય.. પ્રથમ ૩ વિકલ્પમાં ૪ : ૧૦ : ૧૦ થી વધુ સંખ્યા ન હોય.. તેથી વધુ સંખ્યા અનંતકાળ પતિતની લેવી. તેથી જ ઋષભદેવ પ્રભુ સાથે ૧૦૮ જે મોક્ષે ગયા તેમાં ૮૪ તો અનંતકાળ પતિત હોવા જ જોઈએ.

સદાને માટે સમ્યક્ત્વથી પડેલા જીવો અભવીથી A હોય છે. તે વાત પણ

અનંતકાળ પતિત જીવો ઘણા છે તેને સિદ્ધ કરે છે. સમ્ય૦પ્રાપ્તિબાદ અનંતકાળ હોવા છતાં મોટાભાગના જીવોને અર્ધપુદ્૦પરા૦નો અનંતમો ભાગ જ હોય છે.

સમ્યક્ત્વથી પડેલા જીવો અભવીથી અનંતગુણ છે. તેથી દેશોનાર્ધ પુદ્૦ પરા૦ ના કાળચક્રોમાં પણ તેટલા જ જાણવા. અર્થાત્ ૧ કાળચક્રમાં અસંખ્ય જીવો જ સમ્યક્ત્વ પામે છે. સમકિતથી પડેલા જેટલા જીવો છે તેના અસં૦માં ભાગે કાળચક્ર ગણીએ તો ય તે અભવીથી A થાય. જો કે સમકિતથી પડેલ અને દેશોનાર્ધ પુદ્૦ પરા૦ ના અનંતમાં ભાગે અનંતકાળ રહીને મોક્ષે જનારા જ વધારે હોય છે... તેથી ઉપરોક્ત જવાબ કરતાં A કાળચક્રો સંભવે. પરંતુ અભવીથી અનંતગુણ અને સિદ્ધના અનંતમા ભાગે એ કાળચક્રો હોય તેમ સમજવું.

સિદ્ધના જીવો હંમેશાં અતીતકાળના અસંખ્યાતમાં ભાગે જ હોય છે. તેમાં પણ ભાજક રકમ ૬ માસના સમયના સંખ્યાતમાં ભાગે હોય છે.

અતીતકાળમાં અનંતપુદ્૦પરા૦ થયા છે. તે કુલ સમયને ૬ માસના સંખ્યાતમાં ભાગના સમયોથી ભાગતાં જે જવાબ આવે તેટલા સિદ્ધો છે. તેથી ૧ પુદ્૦ પરાવર્તના સમયો સિદ્ધના અનંતમાં ભાગે જ હોય છે. માટે અર્ધ પુદ્૦ પરાવર્તના કાળચક્રો, અર્ધ પુદ્૦ પરાવર્તના સમયો તથા સમકિતથી પડેલા જીવો આ ત્રણેય સિદ્ધના અનંતમાં ભાગે હોય છે.

## સંજ્ઞી માર્ગણા

### સત્પદપ્રરૂપણા

પંચેન્દ્રિયમાં બે ભેદ પડે છે. સંજ્ઞી અને અસંજ્ઞી. એનો અર્થ એ થાય છે કે પંચેન્દ્રિય સિવાયના અસંજ્ઞી છે. શ્રોત્રેન્દ્રિયની પ્રાપ્તિ બાદ દ્રવ્ય મનની પ્રાપ્તિ હોય છે. દ્રવ્ય મન ન મળે એને અસંજ્ઞી કહેવાય, દ્રવ્ય મન મળે એને સંજ્ઞી કહેવાય, દ્રવ્ય મન મળનારને પાંચે ઈન્દ્રિયો અવશ્ય હોય છે છતાં કર્મના ઉદયના કારણે ઉપહત વગેરે હોય એ વાત જુદી.

ગર્ભજ એટલે ગર્ભમાં ઉત્પન્ન થયેલા. સંમૂર્ચ્છિમ એટલે એમ જ ઉત્પન્ન થયેલા.

દેવતા - નારકી ઔપપાતિક હોવાથી શય્યામાં અને કુંભીમાં ઉત્પન્ન થવા છતાં, અને તેથી ગર્ભમાં નહીં ઉત્પન્ન થવા છતાં, મનવાળા હોવાથી સંજ્ઞી છે. છતાં એમને ગર્ભજ ન કહેવાય. મનુષ્યમાં ગર્ભમાં ઉત્પન્ન થનારા મનવાળા મનુષ્યો હોય છે, જ્યારે ૧૪ અશુચિ સ્થાનમાં ઉત્પન્ન થનારા સમ્મૂર્ચ્છિમ મનુષ્યો હોય છે. અને તે અપર્યાપ્ત હોય છે. તિર્યંચોમાં પર્યા૦ તિર્યંચો મનવાળા પણ હોય

છે. મન વગરના પણ હોય છે. ગર્ભજ પણ હોય છે. સંમૂ૦ પણ હોય છે. એની અંદર આપણી માન્યતા પ્રમાણે ગર્ભજ સંજ્ઞી જ હોય છે અને સંમૂ૦ અસંજ્ઞી જ હોય છે. તેથી ગર્ભજ અને સંજ્ઞી પર્યાયવાચી જેવા થાય છે, સંમૂ૦ અને અસંજ્ઞી પર્યાયવાચી જેવા થાય છે. (પરંતુ ષટ્ખંડાગમમાં ગર્ભજમાં સંજ્ઞી - અસંજ્ઞી અને સંમૂ૦માં સંજ્ઞી-અસંજ્ઞી એમ ૪ ભેદ પાડેલા છે.)

સંજ્ઞાના બીજા ત્રણ પ્રકાર પણ પડે છે. દીર્ઘકાલિકી, હેતુવાદોપદેશિકી, દૃષ્ટિવાદોપદેશિકી. **દૃષ્ટિવાદોપદેશિકી સંજ્ઞા** : દૃષ્ટિવાદ એટલે અનેક દૃષ્ટિકોણથી વસ્તુની વિચારણા. આવી વિચારણાનો ક્ષયોપશમ સમ્યક્ત્વીને હોય છે. માટે સમકિતીને એકાંગી - એકાંશિક પક્કડ ક્યારેય પણ હોય નહીં. પછી એ વિકસિત ન હોય તો પણ અનેક રીતે વિચારવાની યોગ્યતાવાળો હોય છે. બાકીનું ગ્રન્થાન્તરથી જાણી લેવું.

સંજ્ઞી જીવો વિગ્રહગતિમાં અને અપર્યાપ્તાવસ્થામાં પણ સંજ્ઞી કહેવાય. કેમ કે એનો ક્ષયોપશમ એમને થયેલો હોય છે અને ભવિષ્યમાં મન પ્રાપ્ત થાય છે. અપર્યા૦ જીવોમાં જો કે મન પ્રાપ્ત થતું નથી, છતાં મનઃપર્યાપ્તિ પ્રારંભ કરેલી હોવાથી સંજ્ઞી કહેવાય છે.

| સંજ્ઞી | | અસંજ્ઞી |
|---|---|---|
| સાતિરેક દેવરાશિ | દ્રવ્યપ્રમાણ | અનંતા.. |
| ઘનથી - L/a<br>સૂચિથી એક - ૯ રાજ<br>અનેક - ૧૪ રાજ | ક્ષેત્ર | { સર્વલોક<br>{ ૧૪ રાજ |
| ૧લે. સર્વલોક<br>૨ થી ૧૪ ઓઘવત્ | સ્પર્શના | સર્વલોક |
| જઘ૦ ક્ષુલ્લકભવ<br>ઉત્કૃ૦ સાગરો૦ શતપૃથક્ત્વ | કાળ | જઘ૦ ક્ષુલ્લકભવ..<br>ઉત્કૃ૦ આવલિકા/a<br>પુદ્૦ પરા૦ |
| અસંજ્ઞીના કાળ પ્રમાણ | અંતર | સંજ્ઞીના કાળપ્રમાણ |
| અનંતમા ભાગે. | ભાગ | અનંતબહુભાગ |
| ક્ષાયોપશમિકભાવે | ભાવ | ઔદયિક ભાવે |
| | અલ્પબહુત્વ | |
| સંજ્ઞી અલ્પ | સિદ્ધો A | અસંજ્ઞી A |

## અન્ય રીતે દ્રવ્ય પ્રમાણ

★ હેતુવાદોપદેશિકીઃ પ્રતર ÷ પ્રતરાંગુલ/ s ભાગ (પર્યા૦ બેઇન્દ્રિયાદિ..)

★ દીર્ઘકાલિકી : જ્યોતિષદેવ + જ્યો૦ દેવના સંખ્યાતમાં ભાગ જેટલી બાકીની બધી રાશિ (સંજ્ઞી પર્યા૦)

★ દૃષ્ટિવાદોપદેશિકી : P/a (ભાવ સમ્યક્ત્વી માત્રને.)
(અર્થથી દૃષ્ટિવાદ ભણનારાઓને)

## ક્ષેત્ર

**હેતુવાદોપદેશિકી**

★ **અનેકજીવ :** ઘનથી L/a... સૂચિથી ૧૪ રાજ..

★ **એકજીવ :** ઘનથી L/a... સૂચિથી ૭ રાજ..

(ત્રસનાડીમાં બધે ત્રસજીવો હોય તેવો કાયદો નહિ, પણ ત્રસમાંથી ત્રસમાં ઉત્પન્ન થનારનું જે બહુલ ભાગમાં ગમનાગમન થાય તે ત્રસનાડી. અનુત્તરવિમાનની ઉપર... સિદ્ધશિલાની બહાર ચારે બાજુ, ગ્રૈવેયકના છેલ્લા વિમાન બાદ જે અસંખ્ય યોજન ત્રસનાડીના છે.. ત્યાં. તિર્ચ્છાલોકના સમુદ્રના તળિયાથી, નીચે તથા ઉર્ધ્વલોકના પંડકવન કે મેરુચૂલિકા પછી વિકલેન્દ્રિયો છે જ નહિ. તેથી હેતુવાદો૦ સંજ્ઞામાં એક જીવની અપેક્ષાએ તિર્ચ્છાલોકથી સિદ્ધશિલામાં પૃથ્વીકાય તરીકે ઉત્પન્ન થનારને ૭ રાજ ક્ષેત્ર આવે)

★ **દીર્ઘકાલિકીઃ** ઘનથી - L/a ભાગ..

સૂચિથી - અનેકમાં ૧૪ રાજ.. એકમાં ૯ રાજ

(એક મનુ૦ સિદ્ધશિલામાં અને એક મનુ૦ નીચે સૂક્ષ્મ તરીકે ઉત્પન્ન થાય ત્યારે.)

★ **દૃષ્ટિવાદો.** ઘનથી L/a ભાગ..

સૂચિથી - અનેકમાં ૧૨ રાજ; એકમાં ૮ રાજ

## સ્પર્શના

હેતુવાદો૦ દીર્ઘકાલિકી..માં બધે સર્વલોક..

દૃષ્ટિવાદો૦માં સૂચિથી એક/અનેકજીવ - ૧૨ રાજ

ઘનથી ૧માં - L/a ભાગ.. અનેકમાં - ૮ ઘનરાજ

## કાળ

૧ જીવ - જઘન્યથી બધે અંતર્મુ૦

હેતુવાદો૦ - સંખ્યાતા વર્ષો...

દીર્ઘકાલિકી. - સાધિક સાગરો૦ શત પૃથક્ત્વ

દૃષ્ટિવાદો૦ - સાધિક ૬૬ સાગરો..

**અનેકજીવ :** બધી માર્ગણા ધ્રુવ છે..

## અંતર

**૧ જીવ**

હેતુ૦ દીર્ઘ૦ - જઘ૦ ક્ષુલ્લક ભવ.

ઉત્કૃ૦ આવલિકા/a પુદ્૦ પરાવર્ત.

દૃષ્ટિવાદો૦ - જઘ૦ - અંતર્મુ૦ ઉત્કૃ૦ - દેશોનાર્ધ પુદ્૦ પરાવર્ત.

**અનેકજીવ** - અંતર નથી.

## ભાગ

૩ સંજ્ઞાવાળા અનંતમાં ભાગે..

અસંજ્ઞી - અનંત બહુભાગ.

## ભાવ

સંજ્ઞામાં બે વસ્તુ હોય જ્ઞાન અને ઉદય... મુખ્યતયા ત્રણેય સંજ્ઞા ક્ષયોપશમ ભાવમાં આવે (પ્રથમ ૨ જ્ઞાનાવરણના ક્ષયોપ.થી ત્રીજી દર્શનમોહ.ના ક્ષય-ઉપશમ કે ક્ષયોપશમથી..) છતાં આહારાદિ સંજ્ઞામાં જેમ ઔદયિકભાવ પ્રધાન છે... તેમ આમાંય ઔદયિકભાવ કારણ છે..

હેતુવાદો૦નોઇન્દ્રિયનો - મતિજ્ઞાનાવરણનો ઔદયિકભાવ..

દીર્ઘ૦- દર્શન મોહ૦ સંબંધી ઔદયિક ભાવ..

દૃષ્ટિવાદો૦ - કેવળ જ્ઞાનાવરણનો ઔદયિક ભાવ

અથવા એકબીજા વ્યાપ્ય - વ્યાપક લેવા માટે પ્રધાનતયા ક્ષયોપ૦ ભાવ લેવો ઠીક છે.

## અલ્પબહુત્વ

| | |
|---|---|
| દૃષ્ટિવાદો૦.. | અલ્પ.. |
| દીર્ઘકાલિકી | a |
| હેતુવાદો૦ | a |
| અસંજ્ઞી | A |

# આહારીમાર્ગણા

ઔદારિક, વૈક્રિય, આહારક વર્ગણાને આહાર કહેવાય છે. જીવ આ ત્રણ વર્ગણામાંથી કોઈપણ વર્ગણાના પુદ્ગલ ગ્રહણ કરતો હોય ત્યારે આહારી હોય છે. વિગ્રહગતિમાં અણાહારી હોય છે. જગતમાં જેટલા જીવો છે. તેમાંના મોટા ભાગના જીવો અંતર્મુહૂર્તે અણાહારી થાય છે. આ વાત નિગોદના જીવની અપેક્ષાએ છે. નિગોદની સંખ્યાને અન્તર્મુ૦ના સમય વડે ભાગતાં ૧ ભાગ અણાહારી છે અને અસં૦ બહુભાગ આહારી છે. જીવ વિગ્રહગતિ સિવાય પ્રતિસમય આહાર કરે છે. જે દેશબંધ અને સર્વબંધ તરીકે ઓળખાય છે.

ત્રણ શરીરના પુદ્ગલો ન લે તે અણાહારી. તે ચાર પ્રકારે છે.

(૧) વિગ્રહગતિવાળા (૨) કેવલી સમુદ્ઘાતવાળા ૩, ૪, ૫ સમયે

(૩) અયોગી કેવળી (૪) સિદ્ધો.

વિગ્રહગતિનું સ્વરૂપ કાર્મણ કાયયોગમાં બતાવ્યું છે.

| આહારી | | અનાહારી |
|---|---|---|
| ૮મે અનંતે | દ્રવ્યપ્રમાણ | ૮મે અનંતે (સંસારીમાં) ૫મે અનંતે (સિદ્ધો.) |
| સર્વલોક | ક્ષેત્ર. સ્પર્શના. | સર્વલોક |
| જઘ૦ ૩ સમયોન ક્ષુલ્લકભવ. ઉત્કૃ૦ અંગુલ/a પ્રદેશ પ્રમાણ સમયો. | કાળ | જઘ૦ ૧ સમય ઉત્કૃ૦ ૩ સમય |
| જઘ૦ ૧ સમય.. ઉત્કૃ૦ ૩ સમય | અંતર.. | જઘ૦ ૩ સમયોન ક્ષુલ્લકભવ. ઉત્કૃ૦ અંગુલ/aના ભાગના પ્રદેશ પ્રમાણ સમયો[1] |
| અસંખ્ય બહુભાગ.. | ભાગ.. | અસંખ્યાતમા ભાગે... |
| ઔદયિક ભાવ (શરીર નામ કર્મના ઉદયથી આહાર ગ્રહણ થાય છે. | ભાવ.. | ઔદયિકભાવ (સંસારીને) (વિગ્રહગતિમાં આનુપૂર્વીનામ કર્મના ઉદયથી..) ક્ષાયિકભાવ.. (સિદ્ધોને..) |
| અલ્પબહુત્વ - સિદ્ધો અલ્પ<br>અનાહારી A<br>આહારી a | | |

(૧) વધુમાં વધુ આટલા કાળ સુધી વિગ્રહગતિ વિના જીવ ભવાંતરમાં જાય છે. પછી અવશ્ય વિગ્રહગતિથી જતા અણાહારી થાય છે..

## સિદ્ધિગતિ

### સત્પદપ્રરૂપણા

મોક્ષ છે, મોક્ષના ઉપાયો છે. સિદ્ધાવસ્થા એ નિર્મળ આત્મગુણ સ્વરૂપ છે. ત્યાં અવગાહનાની અપેક્ષાએ તરતમતા છે. આત્મગુણોની અપેક્ષાએ તરતમતા હોતી નથી. માટે સિદ્ધોને ગુણઠાણું હોતું નથી. કારણ કે ગુણઠાણું તો અપકૃષ્ટ ગુણોમાં આત્માની તરતમ અવસ્થાને કહેવાય છે.

સિદ્ધોનું ક્ષેત્ર સંકોચ-વિકાસ વગરનું છે. એક સિદ્ધાત્મા જ્યાં હોય ત્યાં તે જ અવગાહનામાં અનંતા સિદ્ધો છે અને એ સિદ્ધોને એકાદિ પ્રદેશન્યૂન પણે સ્પર્શીને રહેલા સિદ્ધો અસંખ્યગુણ છે.

### દ્રવ્યપ્રમાણ

અતીત કાળના અસંખ્યાતમા ભાગે - ૫મા અનંતે મતાંતરે ૮મા અનંતે

### ક્ષેત્ર

**૧ જીવ** જઘ૦ ૧ હાથ ૮ અંગુલ ઉત્કૃ૦ ૩૩૩ ૧/૩ ધનુષ્ય..

**અનેકજીવ :** ૪૫ લાખ યોજન વ્યાસ ... ૩૩૩ ૧/૩ ધનુષ્ય જાડાઈ

### સ્પર્શના

ક્ષેત્રથી વિશેષાધિક..

### કાળ

**એક જીવ** - સાદિ અનંત..

**અનેકજીવ** - અનાદિ અનંત..

### અંતર

**અનેકજીવ :** પૂર્વ પ્રતિપન્નમાં અંતર ન આવે.
પ્રતિપદ્યમાનઃ જઘ૦ ૧ સમય.. ઉત્કૃ૦ ૬ માસ..
**એકજીવ**માં અંતર ન આવે.

### ભાગ

સર્વજીવોના, એક સૂક્ષ્મ નિગોદના, એક બાદર નિગોદના અનંતમાં ભાગે. (ત્રિકાળના સિદ્ધના જીવો..)

## ભાવ

કર્મક્ષયથી થયેલો આત્માનો જે પરિણામ તે ક્ષાયિકભાવ.. અને આત્માનો દ્રવ્યાદિ રૂપ જે પરિણામ તે પારિણામિક ભાવ.

## અલ્પબહુત્વ

પ્રતિપદ્યમાન - અલ્પ, પૂર્વપ્રતિપન્ન - A

**અસ્પૃશદ્ગતિ** - ગતિશીલ દ્રવ્યો બે છે (૧) જીવ અને (૨) પુદ્ગલ. સર્વપુદ્ગલો સ્પર્શયુક્ત હોવાથી એની ગતિ સ્પૃશદ્ગતિ જ હોય છે. સંસારી સર્વ જીવો શરીરથી કથંચિદ્ અભિન્ન હોવાના કારણે સ્પર્શયુક્ત હોય છે. એટલે એમની ગતિ પણ સ્પૃશદ્ગતિ હોય છે. સર્વકર્મનો ક્ષય કરી, શરીરને અહીં જ છોડીને મુક્તાત્મા જે એક સમયની ગતિ કરે છે એ અસ્પૃશદ્ગતિ હોય છે, કારણ કે એ વખતે શુદ્ધ આત્મા સ્પર્શશૂન્ય હોય છે. સ્પર્શશૂન્ય દ્રવ્યની આ સિવાય બીજી કોઈ ગતિ હોતી નથી. સૂક્ષ્મજીવ કે પુદ્ગલ એક સમયમાં ૧૪ રાજની ગતિ કરે છે. પણ એ દ્રવ્ય સ્પર્શયુક્ત હોવાથી એ સ્પશૃદ્ગતિ જ કહેવાય છે. ૧૪ રાજના આકાશ પ્રદેશો ઓળંગાયા વિના આ ગતિ થતી નથી એ જાણવું. આ આકાશ પ્રદેશો ક્રમશઃ જ ઓળંગાય છે. પણ કાળની દૃષ્ટિએ એક આકાશપ્રદેશ કે અસંખ્ય આકાશપ્રદેશની ગતિ કરવી હોય તો પણ જઘન્યકાળ ૧ સમય લાગે જ છે. એનાથી અલ્પકાળમાં કોઈ જ ગતિ થઈ શકતી નથી. એટલે કાળની અપેક્ષાએ સમયનો વિભાગ થઈ શકતો નથી. કેવળજ્ઞાની પણ કરી શકતા નથી. પણ એક સમયમાં ૧૪ રાજના આકાશપ્રદેશો ક્રમશઃ ઓળંગાતા હોવાથી ક્ષેત્રની અપેક્ષાએ એક સમયનો વિભાગ થઈ શકે છે. જેમ ૧ પૈસાના ૧૦ ચણા કે ૧૦ સીંગદાણા મળતા હોય.. છતાં ૧ ચણો ખરીદવા માટે પણ ૧ પૈસો તો ચૂકવવો જ પડે છે. એટલે કે ૧/૧૦ પૈસા આપવા-લેવાના હોતા નથી. કારણ કે નાણાંની અપેક્ષાએ પૈસો એ અવિભાજ્ય નાણું હોવાથી એના વિભાગ થઈ શકતા નથી. પણ જો કોઈ એક પૈસો આપીને ૫ ચણા અને ૫ સીંગ ખરીદે તો એવો વ્યવહાર કરી શકે છે કે અડધા પૈસાના ચણા ને અડધા પૈસાની સીંગ ખરીદી... અર્થાત્ સીંગ-ચણાની અપેક્ષાએ પૈસાના વિભાગ થઈ શકે છે. એમ જીવ કે પુદ્ગલે એક આકાશપ્રદેશની પણ ગતિ કરવી હોય તો ૧ સમય લાગી જ જાય છે. એક સમયમાં ૧૪ રાજ જઈ શકતો હોવા માત્રથી ૧ આકાશપ્રદેશ જવા માટે ૧

સમય ÷ ૧૪ રાજના પ્રદેશો... જેટલો જ કાળ લાગે એવું બનતું નથી. પણ જ્યારે એક જ સમયમાં ૧૪ રાજ જાય છે, ને બધા આકાશપ્રદેશો ક્રમિક ઓળંગાય છે. એટલે એમ કહી શકાય છે કે અડધા સમયમાં ૭ રાજ ગયો. આમ કાળની અપેક્ષાએ સમયના વિભાગ નથી, પણ ક્ષેત્રની અપેક્ષાએ એના વિભાગ થઈ શકે છે. આ જ રીતે આકાશપ્રદેશના ક્ષેત્રની અપેક્ષાએ વિભાગ નથી. પણ દ્રવ્યની અપેક્ષાએ વિભાગ થઈ શકે છે. એમ પરમાણુના દ્રવ્યની અપેક્ષાએ વિભાગ નથી. પણ પર્યાયની અપેક્ષાએ વિભાગ થઈ શકે છે એમ જાણવું.

**અજીવ દ્રવ્યપ્રરૂપણા**

| | ધર્માસ્તિકાય | અધર્માસ્તિકાય | આકાશાસ્તિકાય |
|---|---|---|---|
| દ્રવ્ય પ્રમાણ | ૧ | ૧ | ૧ |
| ક્ષેત્ર | સર્વલોક | સર્વલોક | લોક/અલોક |
| સ્પર્શના | સર્વલોક | સર્વલોક | લોક/અલોક |
| કાળ | દ્રવ્યથી શાશ્વત<br>પર્યાયથી અશાશ્વત | શાશ્વત<br>અશાશ્વત | શાશ્વત<br>અશાશ્વત |
| અંતર | નથી. | નથી. | નથી. |
| ભાગ.. | સર્વ દ્રવ્યના<br>અનંતમા<br>ભાગે | સર્વદ્રવ્યના<br>અનંતમા<br>ભાગે | અલોકના<br>અનંતમા ભાગે<br>લોક |
| ભાવ.. | પારિણામિક | પારિણામિક | પારિણામિક |
| અલ્પ બહુત્વ | દ્રવ્યથી. ૧<br>પર્યાયથી A | દ્રવ્યથી. ૧<br>પર્યાયથી A | દ્રવ્યથી. ૧<br>પર્યાયથી A |

| દ્વાર | કાળ | પુદ્ગલાસ્તિકાય |
|---|---|---|
| દ્રવ્ય<br>પ્રમાણ | મૂળ મતે જીવ/અજીવના<br>પર્યાયરૂપ<br>મતાંતરે સ્વતંત્ર દ્રવ્ય રૂપ. | ૮મે અનંતે |
| ક્ષેત્ર | મનુષ્ય ક્ષેત્ર.. | ૧ દ્રવ્યની અપેક્ષાએ<br>પરમાણુ-૧ આકાશપ્રદેશ<br>અચિત્ત-મહાસ્કંધ<br>અંગુલ/aથી<br>યાવત્ સર્વલોક.<br>અનેક દ્રવ્યથી - સર્વલોક |
| સ્પર્શના | મનુષ્ય ક્ષેત્ર | ક્ષેત્રથી વિશેષાધિક |
| કાળ | વિદ્યમાનતાથી ૧ સમય..<br>પ્રવાહથી અનાદિઅનંત | છૂટા પરમાણુ કે સ્કન્ધ-સાદિસાન્ત<br>સામાન્યથી અનાદિઅનંત |
| અંતર | વર્તમાન સમયરૂપ<br>હોવાથી નથી. | ૧ દ્રવ્ય-દ્રવ્યથી નિત્ય.<br>પરમાણુ કે સ્કંધ તરીકે<br>અસંખ્ય લોક જેટલા કાળનું અંતર<br>અનેક દ્રવ્ય - અંતર નથી. |
| ભાગ | સર્વ દ્રવ્યનો<br>અનંતમો ભાગ. | સર્વ દ્રવ્યનો<br>અનંત બહુભાગ.<br>ભગવતીમાં યનું અલ્પબહુત્વ છે<br>ત્યાં આકાશ દ્રવ્યને ૧ દ્રવ્ય<br>બતાવેલ છે. તેથી પુદ્ગલ દ્રવ્ય<br>સર્વ દ્રવ્યના અનંત બહુભાગે છે<br>પણ સર્વ પ્રદેશોના અનંત<br>બહુભાગે નથી. |
| ભાવ | પારિણામિક. | ઔદયિક + પારિણામિક |
| અલ્પ<br>બહુત્વ | વર્તમાન સમય- અલ્પ<br>અતીત સમય- A<br>અનાગત સમય - A<br>તુલ્ય કે<br>૧ સમયાધિક | પરમાણુ - અલ્પ<br>સ્કંધ - A<br>સ્કંધના પ્રદેશો - A |

## પન્નવણા અન્તર્ગત મહાદંડક અલ્પબહુત્વ -

| | | |
|---|---|---|
| (૧) ગર્ભજ મનુષ્યો | અલ્પ | સંખ્યાતા |
| (૨) માનુષી | s | × ૨૭ |
| (૩) પર્યા૦ બા૦ તેઉ૦ | a | દેશોન ઘનાવલિકા |
| (૪) અનુત્તર | a | P/a |
| (૫) ઉવરિમ ગ્રૈવે૦ | s | |
| (૬) મજ્ઝિમ ગ્રૈવે૦ | s | |
| (૭) હિટ્ઠિમ ગ્રૈવે૦ | s | |
| (૮) ૧૨ મો દેવ૦ | s | |
| (૯) ૧૧મો દેવ૦ | s | |
| (૧૦) ૧૦મો દેવ૦ | s | |
| (૧૧) ૯મો દેવ૦ | s | P/a |
| (૧૨) ૭મી નરક | a | સૂ ÷ બીજું વર્ગમૂળ |
| (૧૩) ૬ઠ્ઠી નરક | a | સૂ ÷ ત્રીજું વર્ગમૂળ |
| (૧૪) ૮મો દેવ૦ | a | સૂ ÷ ચોથું વર્ગમૂળ |
| (૧૫) ૭મો દેવ૦ | a | સૂ ÷ પાંચમું વર્ગમૂળ |
| (૧૬) ૫મી નરક | a | સૂ ÷ ૬ઠ્ઠું વર્ગમૂળ |
| (૧૭) ૬ઠ્ઠો દેવ૦ | a | સૂ ÷ સાતમું વર્ગમૂળ |
| (૧૮) ૪થી નરક | a | સૂ ÷ આઠમું વર્ગમૂળ |
| (૧૯) ૫મો દેવ૦ | a | સૂ ÷ નવમું વર્ગમૂળ |
| (૨૦) ૩જી નરક | a | સૂ ÷ દસમું વર્ગમૂળ |
| (૨૧) ૪થો દેવ૦ | a | સૂ ÷ અગિયારમું વર્ગમૂળ |
| (૨૨) ૩જો દેવ. | ૧s | |
| (૨૩) બીજી નરક | a | સૂ ÷ બારમું વર્ગમૂળ |
| (૨૪) સંમૂ૦ મનુષ્યો | a | સૂ ÷ અંગુલનું બીજું વર્ગમૂળ × ત્રીજું વર્ગમૂળ |
| (૨૫) ઈશાન દેવો | a | અંગુલનું બીજું વર્ગમૂળ × ૩જું વર્ગમૂળ જેટલી શ્રેણિઓ |
| (૨૬) ઈશાન દેવી | s | |
| (૨૭) સૌધર્મ દેવો | s | અંગુલનું બીજું વર્ગમૂળ × ૩જું વર્ગમૂળ જેટલી |

| | | |
|---|---|---|
| | | શ્રેણિઓ |
| (૨૮) સૌધર્મ દેવી | s | |
| (૨૯) ભવનવાસી દેવ | ²a | અંગુલનું પહેલું × ત્રીજું વર્ગમૂળ જેટલી શ્રેણિઓ |
| (૩૦) ભવનવાસી દેવી | s | |
| (૩૧) પહેલી નરક | a | અંગુલનું પહેલું × બીજું વર્ગમૂળ જેટલી શ્રેણિઓ |
| (૩૨) ખેચર તિ૰ પુરુષો | a | પ્રતર ÷ સંખ્યાતા પ્રતર યોજન |
| (૩૩) ખેચર તિ૰ સ્ત્રી | s | |
| (૩૪) સ્થળચર તિ૰ પુરુષો | s | |
| (૩૫) સ્થળચર તિ૰ સ્ત્રી | s | |
| (૩૬) જળચર તિ૰ પુરુષો. | s | |
| (૩૭) જળચર તિ૰ સ્ત્રી | s | |
| (૩૮) વ્યંતરદેવો | s | અસં. ઘનાગુંલ જેટલી શ્રેણિઓ (= પ્રતર ÷ સંખ્યાતા પ્રતરયોજન) |
| (૩૯) વ્યંતર દેવી | s | |
| (૪૦) જ્યોતિષ દેવ | s | પ્રતર ÷ ૨૫૬ પ્રતરાંગુલ |
| (૪૧) જ્યોતિષ દેવી | s | |
| (૪૨) ખેચર તિ૰ નપુ૰ | s | |
| (૪૩) સ્થળચર તિ૰ નપું૰ | s | |
| (૪૪) જળચર તિ૰ નપું૰ | s | |
| (૪૫) પર્યા૰ ચઉ૰ | s | પ્રતર ÷ અંગુલ/s |
| (૪૬) પર્યા૰ પંચે૰ | v | |
| (૪૭) પર્યા૰ બેઈ૰ | v | |
| (૪૮) પર્યા૰ તેઈ૰ | v | |
| (૪૯) અપર્યા૰ પંચે૰ | a | પ્રતર ÷ અંગુલ/a |
| (૫૦) અપર્યા૰ ચઉ૰ | v | |
| (૫૧) અપર્યા૰ તેઈ૰ | v | |
| (૫૨) અપર્યા૰ બેઈ૰ | v | |
| (૫૩) પર્યા૰ પ્રત્યેક વન૰ | a | પ્રતર ÷ a |

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| (૫૪) | પર્યા૦ બા૦ નિગોદશરીર | a | પ્રતર ÷ a | (૭૭) | પર્યા૦ બાદર૦ વન૦ | A |
| (૫૫) | પર્યા૦ બા૦ પૃથ્વી૦ | a | પ્રતર ÷ a | (૭૮) | બાદર પર્યા૦ | v |
| (૫૬) | પર્યા૦ બા૦ અપ્૦ | a | પ્રતર ÷ a | (૭૯) | અપ૦ બા૦ વન૦ | a |
| (૫૭) | પર્યા૦ બા૦ વાઉ૦ | a | અસંખ્ય પ્રતર | (૮૦) | બાદર અપર્યા૦ | v |
| (૫૮) | અપ૦ બા૦ તેઉ૦ | a | અસંખ્ય લોક | (૮૧) | બાદર | v |
| (૫૯) | અપ૦ પ્રત્યેક૦ વન૦ | a | અસંખ્ય લોક | (૮૨) | સૂ૦ અપર્યા૦ વન૦ | a |
| (૬૦) | અપ૦ બા૦ નિગોદશરીર | a | અસંખ્ય લોક | (૮૩) | સૂક્ષ્મ અપર્યા૦ | v |
| (૬૧) | અપ૦ બા૦ પૃથ્વી૦ | a | અસંખ્ય લોક | (૮૪) | પર્યા૦ સૂ૦ વન૦ | s |
| (૬૨) | અપ૦ બા૦ અપ્૦ | a | અસંખ્ય લોક | (૮૫) | પર્યા૦ સૂક્ષ્મ | v |
| (૬૩) | અપ૦ બા૦ વાઉ૦ | a | અસંખ્ય લોક | (૮૬) | સૂક્ષ્મજીવો | v |
| (૬૪) | અપ૦ સૂ૦ તેઉ૦ | a | અસંખ્ય લોક | (૮૭) | ભવ્યજીવો | v |
| (૬૫) | અપ૦ સૂ૦ પૃથ્વી૦ | v | | (૮૮) | નિગોદજીવો | v |
| (૬૬) | અપ૦ સૂ૦ અપ્૦ | v | | (૮૯) | વન૦ જીવો | v |
| (૬૭) | અપ૦ સૂ૦ વાઉ૦ | v | | (૯૦) | એકે૦ જીવો | v |
| (૬૮) | પર્યા૦ સૂ૦ તેઉ૦ | s | | (૯૧) | તિર્યંચ જીવો | v |
| (૬૯) | પર્યા૦ સૂ૦ પૃથ્વી૦ | v | | (૯૨) | મિથ્યાત્વી | v |
| (૭૦) | પર્યા૦ સૂ૦ અપ્૦ | v | | (૯૩) | અવિરત | v |
| (૭૧) | પર્યા૦ સૂ૦ વાઉ૦ | v | | (૯૪) | સકષાય | v |
| (૭૨) | અપ૦ સૂ૦ નિગોદશરીર | a | | (૯૫) | છદ્મસ્થ | v |
| (૭૩) | પર્યા૦ સૂ૦ નિગોદશરીર | s | અસંખ્ય લોક | (૯૬) | સયોગી | v |
| (૭૪) | અભવ્ય | A | અનંત | (૯૭) | સંસારી | v |
| (૭૫) | સમ્યક્ત્વપતિત | A | | (૯૮) | સર્વજીવ | v |
| (૭૬) | સિદ્ધો | A | | | | |

(૧) **શ્રીપન્નવણાના** પ્રત-પુસ્તકમાં ચોથા દેવલોક કરતાં ત્રીજા દેવલોકના દેવો અસંખ્યગુણ હોય એમ મૂળ અને વૃત્તિમાં છપાયું છે. પણ એ અશુદ્ધિ જાણવી. કારણ કે ચોથો દેવલોક અને ત્રીજો દેવલોક બંનેમાં સૂચિશ્રેણિના ભાજક તરીકે અગિયારમું વર્ગમૂળ જ કહ્યું છે, ભિન્ન-ભિન્ન રકમ નહીં. માટે સંખ્યાતગુણ સંભવિત છે, અસં૦ગુણ નહીં.

(૨) અહીં ભવનવાસી કરતાં રત્નપ્રભાનારકી અસંખ્યગુણ બતાવ્યા છે. અન્યત્ર એ અસંખ્યાતમા ભાગે બતાવ્યા છે એ જાણવું.

જીવોની જુદી જુદી અવસ્થા એ શાસ્ત્રીય
પરિભાષામાં 'માર્ગણા' કહેવાય છે.
કોઈપણ ચીજના સ્પષ્ટ બોધ માટે વિચારવમાં
આવતા મુદા એ શાસ્ત્રીય પરિભાષામાં
'દ્વાર' કહેવાય છે.
જીવોની જુદી જુદી ૧૭૪ અવસ્થાઓનો
(માર્ગણાઓનો) સત્પદ વગેરે નવ દ્વારોથી
બોધ મેળવવા માટેનું અદ્દભુત પુસ્તક -
સત્પદાદિપ્રરૂપણા